महोपाध्याय यशोविजयविरचिता

# धर्म परीक्षा

भाग-२

चन्द्रशेखरीयावृत्ति-गुर्जरभाषान्तरसमन्विता

યુગપ્રધાન આચાર્યસમ પૂ.પં.શ્રી ચંદ્રશેખરવિજયજી મ.સા.

# ધર્મપરીક્ષા

## ભાગ-૨

## ❖ સમર્પણમ્ ❖

જેમની ભક્તિથી મને ચારિત્રનો રાગ પ્રગટ્યો, એ સુરત આગમમંદીરના પ્રભુ વીરને...
જેમની વાચનાઓથી + વાત્સલ્યથી મને ચારિત્રનો ભાવ પ્રગટ્યો, એ પૂ. ગુરુદેવશ્રીને...
જેમના દ્વારા મને પૂ. ગુરુદેવશ્રીની પ્રાપ્તિ થઇ, એ પૂ. શાસનરસાશ્રીજી મ.સા.ને...

ગુણહંસ વિજય.

॥ नमोऽस्तु तस्मै जिनशासनाय ॥

મહામહોપાધ્યાય યશોવિજયજી વિરચિતા

# ધર્મપરીક્ષા

## ભાગ-૨

(ચન્દ્રશેખરીયા ટીકા + વિવેચન સહિત)

❖ દિવ્યાશિષ ❖

સિદ્ધાન્તમહોદધિ, સચ્ચારિત્રચૂડામણિ,
સ્વ. પૂજ્યપાદ આ. ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના
વિનેય પૂજ્યપાદ પં. પ્રવર શ્રી ચંદ્રશેખરવિજયજી મ. સાહેબ

❖ શુભાશિષ ❖

ગચ્છાધિપતિ શ્રી જયઘોષસૂરીશ્વરજી મ. સાહેબ

❖ નિશ્રાદાતા ❖

યુગપ્રધાનાચાર્યસમ પૂ. પં. શ્રી ચન્દ્રશેખરવિજયજી મ. સા. ના પટ્ટાલંકાર
પૂ. આ. શ્રી હંસકીર્તિસૂરિજી મ.

❖ ચન્દ્ર. વૃત્તિકાર + ભાષાંતરકાર ❖

મુ. ગુણહંસ વિ.

❖ પ્રકાશક ❖

**કમલ પ્રકાશન ટ્રસ્ટ** : ૧૦૨-એ, ચંદનબાળા કોમ્પ્લેક્ષ, આનંદ નગર પોસ્ટ ઑફિસ
સામે, ભઠ્ઠા, પાલડી, અમદાવાદ-૭, ટેલી. (૦૭૯) ૨૬૬૦ ૫૩૫૫

# ધર્મપરીક્ષા

## ભાગ-૨

યુગપ્રધાનાચાર્યસમ

પૂ. પં. શ્રી ચન્દ્રશેખરવિજયજી મ. સા.

❊ પ્રાગટ્ય દિન ❊

વિ. સં. ૨૦૭૧

❊ સૌજન્ય ❊

શ્રી સરદારબાગ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, બારડોલી

❊ મૂલ્ય ❊

શાસ્ત્રાભ્યાસની કળામાં માહીર થવાનો મનોરથ કેળવવો

**આવૃત્તિ :** પ્રથમ સંસ્કરણ, **નકલ :** ૭૦૦

❊ મુદ્રક ❊

પાર્શ્વ ઓફસેટ - ક્રિએટીવ પ્રકાશન

"વિક્રમ", એમ.જી. રોડ, વેરાવળ - ૩૬૨૨૬૫, ફોન - ૦૨૮૭૬-૨૨૨૬૧૭

**ટાઈટલ ડીઝાઈન :** નેમ ગ્રાફીક્સ, મો. ૯૪૨૮૬૦૮૨૭૯

❖ પ્રકાશક ❖

કમલ પ્રકાશન ટ્રસ્ટ :

नमोऽस्तु तस्मै जिनशासनाय

### પ્રસ્તાવના

# ધર્મપરીક્ષા ભાગ-૨

આ બીજા વિભાગમાં જે ઉત્સૂત્રોનું મહોપાધ્યાયજીએ શાસ્ત્રાનુસારી ખંડન કરેલું છે, તે ઉત્સૂત્રો મુખ્યત્વે નીચે પ્રમાણે છે.

**(૧) ઉત્સૂત્ર :** અભવ્યોને અનાભોગિક મિથ્યાત્વ જ હોય.

**સૂત્ર :** અભવ્યોને અનાભોગિક અને આભિગ્રહિક એમ બે મિથ્યાત્વો હોઈ શકે.

**(૨) ઉત્સૂત્ર :** તમામ અભવ્યો અવ્યવહારી જ છે.

**સૂત્ર :** અનાદિસૂક્ષ્મનિગોદમાંથી બહાર નીકળેલા અભવ્યો વ્યવહારી છે.

**(૩) ઉત્સૂત્ર :** બાદર નિગોદ અવ્યવહારી જ છે.

**સૂત્ર :** બાદર નિગોદ વ્યવહારરાશિમાં છે, વ્યવહારી છે.

**(૪) ઉત્સૂત્ર :** સૂક્ષ્મપૃથ્વી, અપ્, તેજ વિગેરે પણ અવ્યવહારી છે.

**સૂત્ર :** માત્ર અનાદિ સૂક્ષ્મ નિગોદ જ અવ્યવહારી છે. સૂક્ષ્મપૃથ્વ્યાદિ વ્યવહારી છે.

આવા નાના-મોટા અનેક ઉત્સૂત્રો દેખાડી એનું યુક્તિ અને શાસ્ત્રપાઠો દ્વારા મહોપાધ્યાયજીએ ખંડન કરીને શાસ્ત્રીય પદાર્થને સ્થાપિત કર્યો છે.

આ બીજા ભાગની વિશેષતા એ છે કે અહીં આભિગ્રહિક, અનાભિગ્રહિકાદિ પાંચ મિથ્યાત્વોની જે સુંદર વ્યાખ્યાઓ આપવામાં આવેલ છે, તે પ્રાયઃ અન્યત્ર ક્યાંય આવી સ્પષ્ટ વ્યાખ્યાઓ જણાઈ નથી. તદ્દન નવા, અદ્ભુત પદાર્થો એ પાંચ મિથ્યાત્વોના નિરૂપણથી જાણવા મળે છે.

વધુ તો શું કહું ? આ અમૃતનાં ઘુંટડાઓ પીનારાઓ જ એનો રસાસ્વાદ માણી શકશે. એની વાતોથી શું વળે?

ચાલો, ત્યારે આ બીજા ભાગમાં આવેલા મહોપાધ્યાયજીના સુંદર વાક્યોને જોઈ લઈએ. જેથી આ ગ્રન્થ ભણવાનો ઉત્સાહ વધે.

# ધર્મપરીક્ષા ભાગ-૨ ના
# અમૃતબિંદુઓ

**(१) अशुभानुबन्धमूलं मिथ्यात्वं, उत्कटहिंसादिदोषानामपि मिथ्यात्वसहकृतानामेव तद्धेतुत्वात् । गाथा-८**

**અર્થ :** અશુભ અનુબંધોનું (પાપાનુબંધોનું) મૂલ મિથ્યાત્વ છે. કેમકે ઉત્કટ હિંસાદિ દોષો પણ મિથ્યાત્વની સહાયવાળા હોય તો જ પાપાનુબંધને ઉત્પન્ન કરે છે.

**(२) यस्तु नाम्ना जैनोऽपि स्वकुलाचारेणैवागमपरीक्षां बाधते, तस्याभिग्रहिकत्वमेव । सम्यग्दृशोऽपरीक्षितपक्षपातित्वायोगात् । गाथा-८**

**અર્થ :** જે આત્મા નામથી જૈન હોવા છતાં પણ પોતાના કુલાચાર વડે જ આગમપરીક્ષાને બાધિત કરે છે (એટલે કે "આ અમારો કુલાચાર છે, માટે કરવાના" એમાં આગમની = શાસ્ત્રની સંમતિ, અનુમતિ છે કે નહિ ? એવું જે ન વિચારે તે) તેને આભિગ્રહિક મિથ્યાત્વ જ હોય. કેમકે સમ્યક્દૃષ્ટિમાં અપરીક્ષિત = પરીક્ષા નહિ કરાયેલ પદાર્થને વિશે પક્ષપાત સંભવી શકતો નથી. (અર્થાત્ શાસ્ત્રદૃષ્ટિથી પરીક્ષિત થયેલ પદાર્થમાં જ સમ્યક્ત્વી શ્રદ્ધા કરે.)

**(३) शिष्यमतिविस्फारणरूपकारणं विनैकतरनयार्थनिर्द्धारणस्याऽशास्त्रार्थत्वात् । गाथा-८**

**અર્થ :** શિષ્યની બુદ્ધિને વિકસાવવા માટે એકાદ નયનું નિર્ધારણ = એકાન્ત નિરૂપણ કરાય. પણ એ સિવાય જ્ઞાન કે ક્રિયા, નિશ્ચય કે વ્યવહાર, ઉત્સર્ગ કે અપવાદ રૂપ નયોમાંથી એકાદ નયનું નિર્ધારણ કરવું એ શાસ્ત્રાર્થ નથી, શાસ્ત્રવિરુદ્ધ છે.

**(४) अनाभोगाद् गुरुनियोगाद् वा सम्यग्दृष्टेरपि वितथश्रद्धानसंभवात् । गाथा-८**

**અર્થ :** અનાભોગ = અનુપયોગ = અજ્ઞાન = અણસમજના કારણે કે ગુરુપારતન્ત્ર્યના કારણે સમકિતી આત્માને પણ શાસ્ત્રવિરુદ્ધ પદાર્થમાં શ્રદ્ધા હોઈ શકે. (પછી એ સમકિતી દિગંબરાદિ પણ હોઈ શકે.)

**(५) सिद्धसेनादयश्च स्वस्वाभ्युपगतमर्थं शास्त्रतात्पर्यबाधं प्रतिसन्धायाऽपि पक्षपातेन न प्रतिपन्नवन्तः, किन्त्वविच्छिन्नप्रावचनिकपरम्परया शास्त्रतात्पर्यमेव स्वाभ्युपगतार्थानुकूलत्वेन प्रतिसन्धायेति न तेऽभिनिवेशिनः । गाथा-८**

**અર્થ :** શ્રીસિદ્ધસેનસૂરિ શ્રીજિનભદ્રગણિજી વિગેરેએ પોતપોતાએ સ્વીકારેલો અર્થ "શાસ્ત્રતાત્પર્યના બાધવાળો છે. (શાસ્ત્રવિરૂદ્ધ છે)" એવું જાણ્યા પછી પણ એ અર્થને પકડી રાખ્યો હતો એવું નથી. પરંતુ અવિચ્છિન્ન એવી પ્રાવચનિક = ગીતાર્થશાસનપ્રભાવકોની પરંપરા વડે-શાસ્ત્રતાત્પર્ય જ પોતાના સ્વીકારેલા અર્થને અનુકૂળ છે - એમ જાણીને પોતાના અર્થને પકડી રાખ્યો હતો. માટે તેઓ આભિનિવેષિક મિથ્યાત્વી ન કહેવાય.

**(૬) सूक्ष्मार्थादिसंशये सति "तमेव सच्चं णीसंकं जं जिणेहिं पवेइयं" इत्याद्यागमोदितभगवद्वचनप्रामाण्यपुरस्कारेण तदुद्धारस्यैव साध्वाचारत्वात् । या तु शङ्का साधूनामपि स्वरसवाहितया न निवर्तते, सा सांशयिकमिथ्यात्वरूपा सत्यनाचारापादिकैव । गाथा-८**

**અર્થ :** સૂક્ષ્મ પદાર્થ વિગેરેમાં શંકા પડે ત્યારે - તે જ નિઃશંકપણે સાચું છે કે જે જિનેશ્વરોએ કહેલું છે - એ વિગેરે આગમમાં કહેલી પ્રભુવચનની પ્રામાણિકતાને આગળ કરીને શંકા દૂર કરવી એ જ સાધુનો આચાર છે. જે શંકા સ્વરસવાહી હોવાના કારણે સાધુઓની પણ દૂર ન થાય, તે સાંશયિકમિથ્યાત્વ રૂપ ગણાય. અને તે સમ્યક્ત્વમાં અનાચારને લાવનારી બને. (અર્થાત્ મિથ્યાત્વનું કારણ બને)

**(૭) अनाभिग्रहिकस्य विच्छिन्नपक्षपाततया मलाल्पतानिमित्तकत्वात् । गाथा-८**

**અર્થ :** અનાભિગ્રહિક મિથ્યાત્વમાં ("બધા મત સારા" એ સ્વરૂપ મિથ્યાત્વમાં) ખરાબ મતો ઉપરનો પક્ષપાત વિચ્છેદ પામેલો હોય છે. અને માટે આ મિથ્યાત્વ આત્માના મલની અલ્પતાથી જ પ્રાપ્ત થાય છે. (તેથી જ તે અભવ્યને ન હોય.)

**(૮) आभिनिवेशिकस्य च व्यापन्नदर्शननियतत्वात् । गाथा-८**

**અર્થ :** અભિનિવેશિક મિથ્યાત્વ ભ્રષ્ટસમ્યક્ત્વીને જ આધીન છે.

**(૯) सांशयिकस्य च सकम्पप्रवृत्तिनिबन्धनत्वात्, अभव्यानां च बाधितार्थे निष्कम्पमेव प्रवृत्तेः । अत एव भव्याभव्यत्वशङ्काऽपि तेषां निषिद्धा । गाथा-८**

**અર્થ :** સાંશયિક મિથ્યાત્વ (પૃથ્વી વિગેરે જીવ હશે કે નહિ ? ઈત્યાદિ જિનવચન શંકા) કંપવાળી = ધ્રુજારીવાળી = ભયવાળી પ્રવૃત્તિનું કારણ છે. જ્યારે અભવ્યોને શાસ્ત્રવિરૂદ્ધ પદાર્થમાં કંપવિનાની = નિષ્ઠુરતાવાળી જ પ્રવૃત્તિ હોય છે. માટે જ તેઓને ભવ્ય-અભવ્યની શંકા હોવાનો નિષેધ છે.

**(૧૦) यदनाभिग्रहिकमभव्यानां प्रतिषिध्यते, तदादिधर्मभूमिकारूपमेवेति । गाथा-९**

**અર્થ :** જે અભવ્યોને અનાભિગ્રહિક મિથ્યાત્વ હોવાનો નિષેધ કર્યો છે, તે આદિધર્મભૂમિકા રૂપ અનાભિગ્રહિકનો જ નિષેધ છે.

**(૧૧) आभिनिवेशिकमपि तेषु सम्यक्त्वपूर्वकमेव प्रतिषिध्यते । गाथा-९**

**અર્થ :** અભવ્યોને વિશે અભિનિવેશિક મિથ્યાત્વ પણ સમ્યક્ત્વપૂર્વક હોવામાં જ નિષેધ કરાયેલો છે.

**(૧૨) अनादिवनस्पतय इति च सूक्ष्मनिगोदानामेवाभिधानं, न तु बादरनिगोदानामिति । गाथा-९**

**અર્થ :** અનાદિ વનસ્પતિ એ સૂક્ષ્મનિગોદનું જ નામ છે, પણ બાદર નિગોદનું નહિ.

**(૧૩) अभिप्रायमज्ञात्वा प्राचीनप्रकरणविलोपे महाशातनाप्रसङ्गात् । गाथा-९**

**અર્થ :** પ્રાચીનપ્રકરણકારોનો અભિપ્રાય જાણ્યા વિના એ પ્રાચીનપ્રકરણોનો વિલોપ કરવામાં (આ શાસ્ત્રની વાત બરાબર નથી, ભુલ છે...ઇત્યાદિ) મોટી આશાતના લાગે.

આ ગ્રન્થ ભણતા પૂર્વે નીચેની બાબતો બરાબર ધ્યાનમાં રાખવી.

**કાયસ્થિતિ :** એક જ કાયમાં સતત જેટલો કાળ રહી શકાય તે કાળ કાયસ્થિતિ કહેવાય.

તેમાં નીચે પ્રમાણે કાયસ્થિતિ છે.

**અનાદિ સૂક્ષ્મનિગોદ :** અનાદિ-અનંત (જાતિભવ્યોને), અનાદિ-સાંત (ભવ્ય, અભવ્યાદિને)

**નિગોદ** (સૂક્ષ્મ-બાદર) : અસંખ્ય પુ. પરાવર્તકાળ.

**સૂક્ષ્મનિગોદ :** અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણી.

**બાદર નિગોદ :** ૭૦ કો. કો. સાગરોપમ.

**વનસ્પતિ :** (સૂક્ષ્મનિગોદ + બાદર નિગોદ + પ્રત્યેક વનસ્પતિ..) :અસંખ્ય પુદ્ગલપરાવર્તકાળ.

**બાદર પૃથ્વી :** ૭૦ કો. કો. સાગરોપમ. (એ પ્રમાણે બાદર જલ, બાદર તેજ, બાદર વાયુમાં)

**સૂક્ષ્મપૃથ્વી :** (અસંખ્ય લોકાકાશ પ્રદેશ પ્રમાણ) અસંખ્ય ઉત્સર્પિણી...(એમ સૂક્ષ્મજલ, સૂક્ષ્મતેજ, સૂક્ષ્મવાયુમાં)

**બેઈન્દ્રિય :** સંખ્યાતો કાળ.

**તેઈન્દ્રિય :** સંખ્યાતો કાળ.

**ચઉરિન્દ્રિય :** સંખ્યાતો કાળ.

**બાદર :** (અંગુલના અસંખ્યાતમા ભાગમાં રહેલા પ્રદેશ જેટલી) અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણી.

ટુંકમાં કાયસ્થિતિ વિગેરે કર્મગ્રન્થના પદાર્થોથી જે માહિતગાર હશે, તેઓ જ આ ભાગ સારી રીતે ભણી શકશે. બીજાઓને પદાર્થની જલ્દી સમજણ નહિ પડે.

**ચન્દ્રશેખરીયા ટીકાની પદ્ધતિ :** આ ટીકા અને વિવેચનનો મુખ્ય આશય એક જ છે કે સંયમીઓ મહોપાધ્યાયજી મ.ના આ ગ્રન્થને ભણવા, સમજવા સમર્થ બને. એટલે જ બને એટલું સરળ લખાણ કરવાનો પ્રયત્ન કર્યો છે. ઉપાધ્યાયજી મ. ની ટીકાના સરળ શબ્દોના અર્થો **ચન્દ્ર.** ટીકામાં નથી આપ્યા. પણ એનો અર્થ વિવેચનમાં આપ્યો છે. એટલે **ચન્દ્ર.** ટીકા પર દૃષ્ટિપાત કરો, ત્યારે એ ખાસ ખ્યાલ રાખવો કે ઉપાધ્યાયજીની ટીકાના બધા જ શબ્દોના અર્થો એમાં નથી. એટલે તેવા સ્થાને બે ટીકાને સાથે જોઈને અર્થ કરવો.

જિનાજ્ઞા વિરૂદ્ધ કંઈપણ લખાયું હોય તો ક્ષમાપના ચાહું છું.

**યુગપ્રધાનઆચાર્યસમ**
**પૂ.પં.ચન્દ્રશેખરવિજયજી મ. સાહેબના વિનેય**
**મુ. ગુણહંસ વિ.**
**જેઠ સુદ-૧૪ - ૨૦૬૧**
**ગાંધીનગર.**

# નવી પ્રસ્તાવના

આજથી બરાબર દસ વર્ષ પૂર્વે આ ટીકા લખેલી, જૂની પ્રસ્તાવનાની તિથિ જોતા એ ખ્યાલ આવ્યો. છપાવવાનું છેક હવે કામ પૂર્ણ થાય છે.

મહોપાધ્યાયજીનો ગ્રન્થ એટલે એને ન્યાય આપવો અત્યંત અઘરો...

એમાં પાછી નવી સંસ્કૃત ટીકા લખવી, એટલે વધુ અઘરું કામ...

આમાં કાળજી તો ઘણી કરી છે...

છતાં પ્રિન્ટીંગની ભૂલો ય રહેવાની,

ક્યાંક પદાર્થની ભૂલો ય રહેવાની...

તમે સૌ એની ક્ષમા આપશો, અને મારી મહેનત માટે, મારી ભાવના માટે મારી અનુમોદના કરીને, ઉપબૃંહણા-આચાર પાળવા દ્વારા તમારું સમ્યક્ત્વ નિર્મળ બનાવજો...

બસ વધારે કશું જ કહેવાનું નથી.

**યુગપ્રધાનઆચાર્યસમ**
**પૂ.પં.ચન્દ્રશેખરવિજયજી મ. સાહેબના વિનેય**
**મુ. ગુણહંસ વિજય**
**આસો સુદ બીજ-૨૦૭૧, બારડોલી સ્ટેશન**
**સરદારબાગ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ**
**નિશ્રા : શ્રી કુંથુનાથ ભગવાન.**

# अनुक्रमणिका



| क्र. | विषय | पृष्ठ |
|---|---|---|
| **१** | **अष्टमी गाथा** | **१** |
| २ | अनन्तसंसारहेत्वशुभानुबन्धस्य मूलं मिथ्यात्वम् | ४ |
| ३ | मिथ्यात्वं पञ्चविधं आभिग्रहिकमनाभिग्रहिकमाभिनिवेशिकं सांशयिकमनाभोगं च | ४ |
| **४** | **आभिग्रहिकमिथ्यात्वव्याख्या** | **५** |
| ५ | सम्यक्तया पदार्थश्रद्धानं नाभिग्रहिकम् | ७ |
| ६ | जैनस्यापि आभिग्रहिकमिथ्यात्वसंभवः | ८ |
| ७ | सम्यग्दृष्टौ परीक्षां कृत्वा पक्षपातं करोति | ८ |
| ८ | माषतुषादिसदृशानां न आभिग्रहिकमिथ्यात्वापत्तिः | १० |
| **९** | **अनाभिग्रहिकमिथ्यात्वव्याख्या** | **१२** |
| १० | निश्चयपरिकर्मितमतीनां सम्यग्दृशां स्वस्वस्थाने सर्वनयश्रद्धानम् | १२ |
| ११ | सिद्धसेनसूरीणां नयसम्बन्धी पाठः | १४ |
| **१२** | **आभिनिवेशिकमिथ्यात्वव्याख्या** | **१६** |
| १३ | अनाभोगाद् गुरुनियोगाद् वा सम्यग्दृष्टेरपि वितथश्रद्धानसंभवः | २० |
| १४ | मुग्धश्राद्धादीनां अनाभोगजनितं वितथश्रद्धानं सम्यग्वक्तृवचननिवर्तनीयमेव | २३ |
| १५ | जिनभद्रगणिसिद्धसेनप्रभृतीनां आभिनिवेशिकमिथ्यात्वापत्तिः | २६ |
| १६ | प्रकृतापत्तिनिवारणम् | २८ |
| १७ | गोष्ठामाहिलादीनां आभिनिवेशिकत्वम् | २९ |
| **१८** | **सांशयिकमिथ्यात्वव्याख्या** | **३१** |
| १९ | सूक्ष्मार्थसंशयवतां साधूनां सांशयिकमिथ्यात्वापत्तिस्तन्निवारणं च | ३१ |
| २० | 'तमेव सच्चं...' इत्यादिना संशयविच्छेदकरणमेव साध्वाचारः | ३३ |
| २१ | साधूनामपि सांशयिकमिथ्यात्वसंभवप्रतिपादनम् | ३४ |
| **२२** | **अनाभोगमिथ्यात्वव्याख्या** | **३६** |
| २३ | माषतुषादीनां अनाभोगमिथ्यात्वापत्तिस्तन्निराकरणं च | ३७ |
| २४ | अनाभोगसांशयिकयोरभेदापत्तिस्तन्निराकरणं च | ३८ |
| २५ | भव्यानां पञ्चप्रकारमपि मिथ्यात्वं सम्भवति, अभव्यानां तु द्वे एव, आभिग्रहिकमनाभोगो वा | ३९ |

| क्र. | विषय | पृष्ठ |
|---|---|---|
| २६ | अनाभिग्रहिकं मलाल्पतानिमित्तकमेव, तस्मादभव्यानां न | ३९ |
| २७ | आभिनिवेशिकं सम्यक्त्वभ्रष्टानामेव, तस्मादभव्यानां न | ४१ |
| २८ | सांशयिकं सकम्पप्रवृत्तिनिबन्धनं, अभव्यानां तु बाधितार्थे निष्कम्पमेव प्रवृत्तिः | ४१ |
| २९ | अभव्यानां भव्याभव्यत्वशङ्का न भवति | ४२ |
| ३० | अभव्यानामाभिग्राहिकं कथं सम्भवेत् इत्याशङ्का | ४५ |
| **३१** | **नवमी गाथा** | **४६** |
| ३२ | 'नास्ति आत्मा' इत्यादिषड्विकल्पानां संभवादभव्यानामपि आभिग्रहिकसंभवः | ४६ |
| ३३ | नवीनकल्पनानिरासः | ४८ |
| ३४ | गुणस्थानक्रमारोहपाठेनाभव्यानां आभिग्रहिकसिद्धिः | ४९ |
| ३५ | स्थानाङ्गपाठेन तत्सिद्धिः | ५० |
| ३६ | अभव्यानां अनाभिग्रहिकमिथ्यात्वापत्तिः | ५२ |
| ३७ | आपत्तिनिरासः | ५३ |
| ३८ | अभव्यानां आदिधार्मिकभूमिकारूपमेवानाभिग्रहिकं न भवति, अन्यस्वरूपं तु तद् भवत्यपि | ५६ |
| ३९ | अभव्यानां द्रव्यलिंगसत्त्वे आभिग्रहिकमपि आभिनिवेशिकं क्वचिदुच्यते, स तु केवलमुपचारः | ५८ |
| ४० | पालकसंगमकादीनां अभव्यानां आभिग्रहिकमिथ्यात्वसाधका नानाविधाः कुविकल्पाः श्रूयन्ते | ५९ |
| ४१ | अभव्यानां प्रकारान्तरेणापि व्यक्तमिथ्यात्वसिद्धिः | ६० |
| ४२ | अभव्यानां निश्चयेनानाभोगाभ्युपगमे आभिग्रहिकस्यापि आपत्तिः | ६१ |
| ४३ | उपयोगद्वयोऽपसिद्धान्तकलङ्कितः | ६२ |
| ४४ | एकपुद्गलपरावर्त्तविशेषसंसारस्यैव व्यक्तं मिथ्यात्वं, तस्माद् अभव्यस्य तन्नेति पूर्वपक्षः | ६३ |
| ४५ | एवं सति चरमपुद्गलपरावर्त्ताधिकसंसाराणां भव्यानां आभिग्रहिकं न सम्भवेदिति उत्तरपक्षः | ६४ |
| ४६ | शाक्यादीनां उन्मार्गगामित्वाभावापत्तिः पूर्वपक्षस्य | ६५ |
| ४७ | अचरमावर्त्ते हिंसकत्वस्याप्यभावापत्तिः पूर्वपक्षस्य | ६७ |
| ४८ | अभव्या अव्यवहारिण इति पूर्वपक्षः | ६९ |

| क्र. | विषय | पृष्ठ |
|---|---|---|
| ४९ | व्यवहारिणामुत्कृष्टः संसार आवलिकाऽसंख्येयभागपुद्गलपरावर्तप्रमाण एवेति पूर्वपक्षः | ७० |
| ५० | कायस्थितिस्तोत्रपाठः | ७१ |
| ५१ | वनस्पतिकालस्य उत्कृष्टस्य निरूपणम् | ७२ |
| ५२ | व्यवहारिणामपि अनन्तपुद्गलपरावर्त्तसंसारसम्भव इति समाधानम् | ७४ |
| ५३ | व्यवहारिणां नानन्तपुद्गलपरावर्त्तसंसारसम्भव इति पुनरपि पूर्वपक्षः | ७६ |
| ५४ | भुवनभानुकेवलिचरित्रादिग्रन्थेन व्यवहारिणामनन्तपुद्गलपरावर्त्तसंसारसिद्धिः | ७७ |
| ५५ | व्यवहारिणां अनन्तपुद्गलपरावर्त्तसम्भवे योगबिन्दुपाठः | ७९ |
| ५६ | व्यवहारिणां आवलिकाऽसंख्येयभागप्रमाणपुद्गलपरावर्त्तानन्तरमवश्यं सिद्धिरुक्तेतिप्रज्ञापनावृत्तौ पूर्वपक्षः | ८२ |
| ५७ | वनस्पतीनां निर्लेपनापत्तिः, अर्थात् सर्वथाऽभावभवनापत्तिरिति प्रज्ञापनावृत्तौ पूर्वपक्षः | ८४ |
| ५८ | सर्वेषां भव्यानां सिद्धिगमनापत्तिरिति प्रज्ञापनावृत्तौ पूर्वपक्षः | ८६ |
| ५९ | प्रज्ञापनावृत्तिगतं पूर्वपक्षं प्रति समाधानदानं प्रज्ञापनावृत्तावेव | ८८ |
| ६० | प्रज्ञापनावृत्तिगतं मलयगिरिसूरिप्रतिपादितं समाधानं सम्पूर्णम् | ९१ |
| ६१ | अभव्यानामव्यवहारित्वेऽसंख्येयपुद्गलपरावर्त्तानन्तरं तेषां सिद्धिगमनस्या-व्यवहारित्वस्य वा प्रसंग इति मूलपूर्वपक्षः | ९२ |
| ६२ | बादरनिगोदजीवा अपि अव्यवहारराशौ स्वीकर्त्तव्या इति मूलपूर्वपक्षः | ९७ |
| ६३ | बादरनिगोदजीवानां व्यवहारित्वे तु सिद्धानां बादरनिगोदजीवेभ्योऽनन्त-गुणत्वापत्तिः इति मूलपूर्वपक्षः | ९९ |
| ६४ | अल्पबहुत्वप्रतिपादकः प्रज्ञापनापाठः | १०० |
| ६५ | बादरनिगोदजीवानां अव्यवहारित्वसाधनार्थं अनुमानद्वयं पूर्वपक्षेण प्रतिपादितम् | १०१ |
| ६६ | व्यवहारिणो जीवाः सिद्ध्यन्त्येवेति अनुमानं पूर्वपक्षेण प्रतिपादितम् | १०३ |
| ६७ | बादरनिगोदजीवानां योगशास्त्रवृत्तिपाठाद् व्यवहारित्वमेवेति पूर्वपक्षं प्रति प्रश्नः | १०३ |
| ६८ | पाठान्तरग्रहणेन बादरनिगोदजीवानां अव्यवहारित्वमिति पूर्वपक्षः | १०४ |
| ६९ | प्रज्ञापनावृत्त्यनुसारेण सूक्ष्मपृथ्व्यादीनामव्यवहारित्वं स्फुटमेवेति पूर्वपक्षः | १०५ |
| ७० | अव्यवहारिणो जीवाः सूक्ष्मपृथ्व्यादिषु निगोदेषु च सर्वकालं गत्यागतीः कुर्वन्तीति पूर्वपक्षः | १०८ |

| क्र. | विषय | पृष्ठ |
|---|---|---|
| ७१ | प्रवचनसारोद्धारवृत्तिपाठः, ८२ पत्रांकप्रारब्धस्य मूलपूर्वपक्षस्य समाप्तिश्च | १०८ |
| ७२ | पूर्वपक्षं प्रति विकल्पद्वयनिरूपणम् | ११० |
| ७३ | प्रथमविकल्पखण्डनम् | ११२ |
| ७४ | अभव्या अनन्तद्रव्यक्रियाग्रहणपरित्यागवन्त इति उपदेशपदे प्रसिद्धम् | ११३ |
| ७५ | उपदेशपदपाठः | ११४ |
| ७६ | परिभाषात्मकद्वितीयविकल्पखण्डनम् | ११६ |
| ७७ | परिभाषा वस्तुतत्त्वं न त्याजयति इति निरूपणम् | ११९ |
| ७८ | पृथिव्यादिविविधव्यवहारयोगित्वं व्यवहारित्वलक्षणम् | ११९ |
| ७९ | चक्षुर्ग्राह्यशरीरत्वं न व्यवहारित्वलक्षणम् | १२१ |
| ८० | प्रज्ञापनावृत्त्यनुसारेणापि बादरनिगोदजीवानां व्यवहारित्वसिद्धिः | १२३ |
| ८१ | अनादिवनस्पतय इति च सूक्ष्मनिगोदानामेवाभिधानं, न तु बादरनिगोदानाम् | १२६ |
| ८२ | लघूपमितभवप्रपञ्चग्रन्थपाठः | १२६ |
| ८३ | वृद्धोपमितभवप्रपञ्चग्रन्थपाठः | १२९ |
| ८४ | समयसारसूत्रवृत्तिपाठः | १३१ |
| ८५ | भवभावनाग्रन्थपाठः | १३३ |
| ८६ | श्रावकदिनकृत्यग्रन्थपाठः | १३८ |
| ८७ | पुष्पमालाबृहद्वृत्तिपाठः | १३९ |
| ८८ | पुष्पमालालघुवृत्तिपाठः | १४० |
| ८९ | धर्मरत्नप्रकरणपाठः | १४१ |
| ९० | संस्कृतनवतत्त्वसूत्रपाठः | १४२ |
| ९१ | सिद्धानां व्यवहारराशितोऽनन्तगुणत्वापत्तेर्निरासः | १४३ |
| ९२ | सर्वेषां व्यवहारिणां सिद्ध्यापत्तेर्निरासः | १४७ |
| ९३ | सूत्राभिप्रायगवेषणाग्रहप्रतिपादनम् | १४९ |
| ९४ | आधुनिकेषु भवभावनादिग्रन्थेषु प्रज्ञापनाद्यागमविरुद्धानि वचनानि अनाभोगजन्यानीति पूर्वपक्षः | १५० |
| ९५ | अभिप्रायमज्ञात्वा प्राचीनप्रकरणलोपे महाशातनाप्रसङ्ग इति समाधानम् | १५१ |
| ९६ | यादृच्छिककल्पनाऽयुक्ता | १५३ |

॥ णमोऽत्थु णं समणस्स भगवओ महावीरस्स ॥

મહામહોપાધ્યાય શ્રી લઘુહરિભદ્રબિરુદ્ધારી યશોવિજયજી મહારાજ વિરચિત

# ધર્મપરીક્ષા ભાગ-૨

## ગ્રન્થ ૩૫૨

## चन्द्रशेखरीया ટીકા અને ગુજરાતી વિવેચન.

---

**यशोविजय० : अनन्तसंसारिताऽशुभानुबन्धयोगादित्युक्तं, अथाशुभानुबन्धस्य किं मूलम्? के च तद्भेदाः? इत्याह –**

---

**चन्द्रशेखरीया : नमोऽस्तु वर्धमानाय, स्पर्धमानाय कर्मणा ।**
**तज्जयावाप्तमोक्षाय, परोक्षाय कुतीर्थिनाम् ॥**

उत्सूत्रप्ररूपकाणामुत्सूत्राणि खण्डयितुं महोपाध्यायैर्धर्मपरीक्षानामको ग्रन्थो विरचितः, तत्र च 'उत्सूत्रभाषिणामेकान्तेनानन्तसंसारः' इति उत्सूत्रं प्रथमं खण्डितम् । एतच्च प्रथमभागेऽस्माभिर्निरूपितम् । अधुना "अभव्यस्यानाभोगिकमेव मिथ्यात्वं भवति" इत्याद्युत्सूत्राणां खण्डनाय भूमिकामारचयति ग्रन्थकृत् - **अनन्तसंसारिता** इत्यादि । **तद्भेदाः** = अशुभानुबन्धमूलभेदाः ?

**ચન્દ્રશેખરીયા :** "અનંતસંસારિતા અશુભાનુબંધથી થાય છે" એ વાત કરી. હવે એ અશુભાનુબંધનું મૂળ કોણ છે ? તેના ભેદો કયા છે ? એ કહે છે.

---

**यशो० : तम्मूलं मिच्छत्तं आभिग्गहिआइ तं च पंचविहं ।**
**भव्वाणमभव्वाणं आभिग्गहिअं वणाभोगो ।।८।।**

तन्मूलं मिथ्यात्वमाभिग्रहिकादि तच्च पञ्चविधम् ।
भव्यानामभव्यानामाभिग्रहिकं वाऽनाभोगः ।।८।।

---

**चन्द्र० :** तन्मूलं मिथ्यात्वं तच्च भव्यानामाभिग्रहिकादि पञ्चविधं, अभव्यानां आभिग्रहिकं

अनाभोगो वा इति **गाथार्थः** ।

**ચન્દ્ર૦** : તેનું મૂળ મિથ્યાત્વ છે. તે ભવ્યોને આભિગ્રહિકાદિ પાંચ પ્રકારે હોય છે. અભવ્યોને આભિગ્રહિક કે અનાભોગ હોય છે.

---

**यशो०** : **तम्मूलं ति । तस्य=अनन्तसंसारहेत्वशुभानुबन्धस्य मूलं मिथ्यात्वं, उत्कटहिंसादिदोषानामपि मिथ्यात्वसहकृतानामेव तद्धेतुत्वाद्,**

---

**चन्द्र० : ननु** कथं मिथ्यात्वं अशुभानुबन्धमूलं, कथं नु हिंसादयस्तन्मूलानि न भवन्ति? इत्यत्र कारणमाह - **उत्कटहिंसादिदोषानामपि** = मन्दहिंसादिदोषानां तावदशुभानुबन्धहेतुत्वं नास्त्येव, किन्तु य उत्कटहिंसादिदोषाः, तेषामपि **इत्यपि**शब्दार्थः । **मिथ्यात्वसहकृतानामेव** = मिथ्यात्वसहाय्ययुक्तानामेव, न तु तद्रहितानामि**त्येव**कारार्थः । **तद्धेतुत्वात्** = अशुभानुबन्धहेतुत्वात् । तथा च मिथ्यात्वाभावकाल उत्कटहिंसादिसत्त्वेऽपि अशुभानुबन्धो न भवतीति अन्वयव्यभिचारसत्त्वान्न उत्कटहिंसादिदोषानां अशुभानुबन्धहेतुत्वमिति तात्पर्यार्थः । कारणसत्त्वेऽपि कार्याभावः = अन्वयव्यभिचारः । एवं उत्कटहिंसाद्यभावेऽपि मिथ्यात्व-मात्रादशुभानुबन्धः सम्भवतीत्येवं व्यतिरेकव्यभिचारः ।

**ચન્દ્ર૦** : **(પ્રશ્ન** : "મિથ્યાત્વ એ જ અશુભાનુબંધનું મૂળ છે" એમ શી રીતે કહી શકાય ? શું હિંસા વિગેરે દોષો અશુભાનુબંધના કારણ નથી ? મૂળ નથી ?)

**ઉત્તર** : ના. એનુ કારણ એ છે કે સામાન્ય હિંસાદિ તો અશુભાનુબંધનું કારણ ન જ બને. પણ જે ઉત્કટહિંસાદિ દોષો છે ને ? તે પણ મિથ્યાત્વની સહાયવાળા હોય તો જ અશુભાનુબંધનું કારણ બને છે. (એટલે જો મિથ્યાત્વ ન હોય તો ઉત્કટહિંસાદિ હોવા છતાં પણ અશુભાનુબંધ પડતો નથી. માટે અન્વયવ્યભિચાર આવવાથી ઉત્કટહિંસાદિ એ અશુભાનુબંધનું મૂળ ન બને.

એમ ઉત્કટહિંસાદિના અભાવમાં પણ મિથ્યાત્વમાત્રથી પાપાનુબંધ સંભવે છે એટલે એ પ્રમાણે વ્યતિરેક વ્યભિચાર પણ આવે.)

---

**यशो०** : **अन्यथा दोषव्यामूढताऽनुपपत्तेः।**

---

**चन्द्र० : ननु** "मिथ्यात्वसहाय्यरहिता हिंसादयोऽशुभानुबन्धहेतवो न भवन्ति" इत्यत्रैव

किं प्रमाणं ? न हि वचनविलासमात्रात्तत्त्वसिद्धिरित्यतस्तत्र युक्तिमाह - **अन्यथा** = मिथ्यात्वाऽभावे **दोषव्यामूढताऽनुपपत्तेः** = हिंसादिदोषेषु उपादेयत्वबुद्ध्यात्मिका या व्यामूढता, तदघटनापत्तेः। सम्यग्दृष्ट्यादिगुणस्थानेषु वर्तमाना जीवाः पुष्टालम्बनादिवशात् पञ्चेन्द्रिय-घातादिकं कुर्वन्त्यपि, तथापि तेषां तेषु दोषेषु हेयत्वबुद्धिसद्भावादशुभानुबन्धो न भवति इति तु सर्वेषामपि सम्मतमेव। तथा च न केवलं हिंसादयोऽशुभानुबन्धहेतवो भवन्ति, परन्तु "हिंसादिकं करणीयमेव, न तत्र कश्चिद् दोषः" इत्यादिरूपा उपादेयत्वबुद्ध्यात्मिका या व्यामूढता, तद्युक्ता एव हिंसादयो-ऽशुभानुबन्धहेतवो भवन्ति । एतदपि सर्वेषामभिमतमेव । एषा च व्यामूढता मिथ्यात्वं विना नैव सम्भवति, यत उपादेयेषु हेयत्वबुद्धिः, हेयेषु चोपादेयत्वबुद्धिर्मिथ्यात्वस्यैव कार्यम्। तथा च सिद्धमेतद् यदुत हिंसादयो दोषव्यामूढतां विनाऽशुभानुबन्धं न जनयन्ति, दोषव्यामूढता च मिथ्यात्वं विना न सम्भवति, ततश्च "मिथ्यात्वसहकृता एव हिंसादयोऽशुभानुबन्धहेतवः" इति ।

**ચન્દ્ર૦ : (પ્રશ્ન :** "મિથ્યાત્વની સહાયવાળા જ હિંસાદિ અશુભાનુબંધજનક છે, તે વિના નહિ" એ વાત તમે કરી ખરી, પણ એમાં પ્રમાણ શું ? બોલવા માત્રથી કંઈ પદાર્થની સિદ્ધિ ન થઈ જાય.)

**ઉત્તર :** મિથ્યાત્વ વિના દોષવ્યામૂઢતા ઘટે જ નહિ. માટે માનવું પડે કે મિથ્યાત્વની સહાયવાળા એવા જ હિંસાદિદોષો અશુભાનુબંધજનક છે.

(આશય એ છે કે ચોથા વિગેરે ગુણસ્થાનકોમાં રહેલા જીવો પુષ્ટાલંબન, પ્રમાદાદિ કારણસર પંચેન્દ્રિયઘાતાદિ કરે પણ ખરા. છતાં તે હિંસા તેઓને અશુભાનુબંધનું કારણ બનતી નથી. કેમકે તેઓને તે દોષોમાં ઉપાદેયતાની બુદ્ધિ હોતી નથી. આ વાત બધાને માન્ય જ છે એટલે એ નક્કી છે કે માત્ર હિંસાદિ તો અશુભાનુબંધનુ કારણ ન જ બને. પણ "એ હિંસાદિ ખૂબ સારા છે, કરવા જ જોઈએ" એવી હિંસા વિગેરે દોષોમાં ઉપાદેયતાની બુદ્ધિ રૂપ વ્યામૂઢતા હોય તો જ એ દોષો અશુભાનુબંધના કારણ બને.

હવે આ વ્યામૂઢતા મિથ્યાત્વ વિના સંભવતી નથી. કેમકે હેય વસ્તુમાં ઉપાદેયત્વની બુદ્ધિ અને ઉપાદેયવસ્તુમાં હેયત્વની બુદ્ધિ એ મિથ્યાત્વનું જ કાર્ય છે. આ રીતે હિંસાદિ દોષો વ્યામૂઢતા વિના અશુભાનુબંધને ઉત્પન્ન ન જ કરે અને વ્યામૂઢતા મિથ્યાત્વ વિના ન હોય માટે મિથ્યાત્વની સહાયવાળા જ હિંસાદિદોષો અશુભાનુબંધજનક છે એમ માનવું જ પડે.)

**यशो० : तच्चाभिग्रहिकादिकं पञ्चविधं=आभिग्रहिकमनाभिग्रहिकमाभिनिवेशिकं सांशयिकमनाभोगं चेति पञ्चप्रकारम्। यद्यपि जीवादिपदार्थेषु तत्त्वमिति निश्चयात्मकस्य सम्यक्त्वस्य प्रतिपक्षभूतं मिथ्यात्वं द्विविधमेव पर्यवस्यति–(१) जीवादयो न तत्त्वमिति विपर्यासात्मकं, (२) जीवादयस्तत्त्वमिति निश्चयाभावरूपानधिगमात्मकं च । तदाह वाचकमुख्यः**-'अनधिगमविपर्ययौ च मिथ्यात्वं' **() इति,**

---

**चन्द्र० :** ननु 'तत्त्वार्थश्रद्धानं सम्यक्त्वम्' इति व्याख्याबलाज्ज्ञायते यदुत 'सम्यक्त्व-विपरीतं मिथ्यात्वं अतत्त्वार्थश्रद्धानं तत्त्वार्थाश्रद्धानं वा' इत्येवं द्विविधमेव भवति । ततश्च तस्य पञ्च प्रकाराः कथं घटन्ते ? इत्यत आह - **यद्यपि** इत्यादि । "मिथ्यात्वं द्विविधमेवास्ति" इत्यत्र साक्षिपाठमाह - **तदाह वाचकमुख्यः =** उमास्वातिवाचकाः ।

**ચન્દ્ર૦ :** તે મિથ્યાત્વ પાંચ પ્રકારે છે - (૧) આભિગ્રહિક (૨) અનાભિગ્રહિક (૩) આભિનિવેશિક (૪) સાંશયિક (૫) અનાભોગ. (**પ્રશ્ન :** "તત્ત્વાર્થ ઉપર શ્રદ્ધા એ સમ્યગ્દર્શન છે" આ પ્રમાણે સમ્યગ્દર્શનની વ્યાખ્યા છે. આનો અર્થ એ કે સમ્યક્ત્વથી વિપરીત એવું મિથ્યાત્વ બે પ્રકારનું હોઈ શકે - (૧) અતત્ત્વાર્થ ઉપર = ખોટા પદાર્થ ઉપર શ્રદ્ધા (૨) તત્ત્વાર્થ = સાચા પદાર્થ ઉપર શ્રદ્ધાનો અભાવ. આમાં પહેલો પ્રકાર વિપર્યય કહેવાય, બીજો પ્રકાર અનધિગમ - બોધાભાવ કહેવાય.

હવે તમે તો સમ્યક્ત્વના પાંચ પ્રકાર કહો છો એ શી રીતે ઘટે ?)

**ઉત્તર :** જો કે જીવાદિ પદાર્થોને વિશે "આ જીવાદિ તત્ત્વ છે" એ પ્રમાણેના નિશ્ચય સ્વરૂપ જે સમ્યક્ત્વ છે તેના પ્રતિપક્ષભૂત એવું મિથ્યાત્વ બે જ પ્રકારનું સિદ્ધ થાય છે. (૧) "જીવાદિ તત્ત્વ નથી" એવું ખોટા જ્ઞાન સ્વરૂપ મિથ્યાત્વ. (૨) "જીવાદિ તત્ત્વ છે" એવા નિશ્ચયના અભાવ રૂપ જે અનધિગમ, તત્સ્વરૂપ મિથ્યાત્વ. અને આ વાત ઉમાસ્વાતિમહારાજે **તત્ત્વાર્થ**સૂત્રમાં કરી જ છે કે "અનધિગમ અને વિપર્યય મિથ્યાત્વ છે." એટલે આ દૃષ્ટિએ તમારી વાત સાચી છે.

---

**यशो० : तथापि 'धर्मेऽधर्मसंज्ञा' इत्येवमादयो दश भेदा इवोपाधिभेदात्पञ्चैते भेदाः शास्त्रप्रसिद्धाः ।**

---

**चन्द्र० :** एवं पूर्वपक्षाभिप्रायं स्वीकृत्याधुना "मिथ्यात्वस्य पञ्च प्रकारा अपि घटन्ते"

इति स्थापनार्थमाह - **तथापि** = तत्त्वार्थसूत्राद्यनुसारेण मिथ्यात्वस्य प्रकारद्वयमात्रसत्त्वेऽपि '**धर्मऽधर्मसंज्ञा**' इत्यादि । **उपाधिभेदात्** = विवक्षाभेदाद् इति तात्पर्यार्थः । यथाहि - एकमपि स्फटिकं पार्श्ववर्तिभिर्नीलरक्तपीतश्वेतश्यामवर्णकैर्वस्त्रैः पञ्चवर्णकं दृश्यते । ततश्च एकस्यापि स्फटिकस्य पञ्च भेदा व्यवह्रीयन्ते, यथा-नीलः स्फटिकः, रक्तः स्फटिक इत्यादि। एवं मिथ्यात्वमोहनीयविपाकोदयजन्य आत्मपरिणामविशेष एव मिथ्यात्वं, तच्चैकमपि यथा अनधिगम-विपर्ययाभ्यां उपाधिभेदाभ्यां द्विविधं, यथा च "धर्मेऽधर्मसंज्ञा..." इत्यादि-दशोपाधिभिर्दशविधं, तथैव आभिग्रहिकानाभोगिकत्वादिभिः पञ्चोपाधिभिः पञ्चविधं वक्तुं युक्तमिति ।

**चन्द्र०** : (આ રીતે પૂર્વપક્ષની વાતને સ્વીકારી લઈને હવે પોતાના તરફથી સમાધાન આપે છે કે) આ રીતે મિથ્યાત્વ બે પ્રકારનું હોય તો પણ જેમ "ધર્મમાં અધર્મસંજ્ઞા..." ઈત્યાદિ દશભેદો પણ મિથ્યાત્વના બતાવેલા છે, તેમ આભિગ્રહિકત્વ વિગેરે પાંચ ઉપાધિઓને લઈને મિથ્યાત્વના પણ પાંચ પ્રકારો શાસ્ત્રપ્રસિદ્ધ છે.

(ખરેખર તો મિથ્યાત્વમોહનીયના વિપાકોદયથી જન્ય આત્માનો તેવા પ્રકારનો અધ્યવસાય એ જ મિથ્યાત્વ છે. અને એ તો એક જ છે. છતાં જેમ એક જ સ્ફટિકમાં આજુબાજુમાં પડેલા નીલ, પીત, રક્ત, શ્વેત, શ્યામ વર્ણવાળા વસ્ત્રોને લીધે પાંચ વર્ણો દેખાય અને એટલે એક જ સ્ફટિક નીલ સ્ફટિક, પીત સ્ફટિક... એમ પાંચ પ્રકારનું કહી શકાય. એ જ રીતે એક જ મિથ્યાત્વ વિપર્યય-અનધિગમની અપેક્ષાએ બે પ્રકારનું, ધર્મમાં અધર્મની સંજ્ઞા વિગેરેની અપેક્ષાએ ૧૦ પ્રકારનું અને આભિગ્રહિકત્વાદિની અપેક્ષાએ પાંચ પ્રકારનું કહી શકાય છે.)

---

**यशो० : तत्राभिग्रहिकम्-अनाकलिततत्त्वस्याप्रज्ञापनीयताप्रयोजकस्वस्वाभ्युपगतार्थ-श्रद्धानम्, यथा बौद्धसाङ्ख्यादीनां स्वस्वदर्शनप्रक्रियावादिनाम्।**

---

**चन्द्र०** : **१. तत्र** = पञ्चप्रकारेषु मिथ्यात्वेषु **आभिग्रहिकं** = प्रथमं मिथ्यात्वं **अनाकलिततत्त्वस्येति,** न आकलितानि = ज्ञातानि तत्त्वानि = जीवादिरूपाणि येन स, तस्य **अप्रज्ञापनीयतेत्यादि,** अप्रज्ञापनीयतायाः = गीतार्थसंविग्नमध्यस्थपुरुषैः सम्यक् पदार्थान् प्रज्ञापयितुं अयोग्या ये, ते अप्रज्ञापनीयाः, तेषु या अप्रज्ञापनीयता, तस्याः प्रयोजकं यत् **स्वस्वाभ्युपगतार्थानां** = "आत्मा नित्य एव", "आत्मा अनित्य एव" इत्यादिरूपाणां निजनिजमतपदार्थानां यत् **श्रद्धानं** = अभिरुचिः, तदाभिग्रहिकं मिथ्यात्वं भवतीति अक्षरार्थः।

अज्ञानिनस्तादृशप्रकारेण या निजमताभिरुचिः, येन मध्यस्था न तं सम्यग्बोधं कारयितुं समर्था भवन्ति, सा आभिग्रहिकमिथ्यात्वमिति संक्षेपार्थः । स्पष्टार्थस्तु प्रदर्शयिष्यमाणात् पदकृत्याद् ज्ञास्यत एवेति ।

दृष्टान्तमाह – **यथा** इत्यादि । **स्वस्वदर्शनप्रक्रियावादिनां =** 'आत्माऽनित्य एव'इत्यादिरूपा या निजनिजदर्शनस्य प्रक्रिया, तत्प्ररूपकाणामिति ।

**ચન્દ્ર૦ :** ૧. આ પાંચ મિથ્યાત્વોમાં પ્રથમ આભિગ્રહિક મિથ્યાત્વનો અર્થ આ પ્રમાણે છે કે જેણે જીવાદિ તત્ત્વો નથી જાણ્યા, તે વ્યક્તિઓની પોતપોતાના સ્વીકારેલા અર્થોની શ્રદ્ધા કે જે શ્રદ્ધા એ વ્યક્તિઓમાં અપ્રજ્ઞાપનીયતાને સ્થાપિત કરનાર હોય તે શ્રદ્ધા જ આભિગ્રહિક મિથ્યાત્વ કહેવાય. (અહીં "આત્મા નિત્ય જ છે, આત્મા અનિત્ય જ છે" ઈત્યાદિ સ્વસ્વાભ્યુપગત અર્થો કહેવાય. તથા ગીતાર્થસંવિગ્નો પણ જેમને સાચો પદાર્થ સારી રીતે સમજાવે, છતાં જેઓ ન સ્વીકારે તેઓ અપ્રજ્ઞાપનીય કહેવાય. તેઓમાં અપ્રજ્ઞાપનીયતા કહેવાય.)

**દા.ત.** પોતપોતાના દર્શનની પ્રક્રિયાને બોલનારા બૌદ્ધ-સાંખ્ય વિગેરેને આભિગ્રહિક મિથ્યાત્વ છે. કેમકે તેઓ તત્ત્વ જાણતા નથી અને તેઓએ પોતાના પદાર્થો ઉપર એવી તો શ્રદ્ધા કરી છે કે ગીતાર્થસંવિગ્નો ગમે તેટલું સમજાવે છતાં તેઓ સમજતા જ નથી, અપ્રજ્ઞાપનીય બન્યા છે.

---

**यशो० : यद्यपि वैतण्डिको न किमपि दर्शनमभ्युपगच्छति तथाऽपि तस्य स्वाभ्युपगतवितण्डावादार्थमेव निबिडाग्रहवत्त्वादाभिग्रहिकत्वमिति नाव्याप्तिः ।**

---

**चन्द्र० : ननु** कुतर्कैः सर्वेषां दर्शनानां खण्डनकरणं वितण्डा, तत्कारी वैतण्डिको न किमपि दर्शनं स्वीकरोति, ततश्च स सर्वदर्शनप्रक्रियावादी नास्ति । ततश्च तस्मिन्प्रकृतलक्षणं न घटते । एवं च स आभिग्रहिकमिथ्यात्वी न स्यात् इत्याशङ्कायामाह–**यद्यपि वैतण्डिकः** = कुतर्कैः सर्वेषां दर्शनानां खण्डनकरणलीनः, **न किमपि** = सांख्यं जैनं बौद्धं अन्यद् वा प्रसिद्धं **दर्शनं अभ्युपगच्छति** = स्वीकरोति । तथा च हे पूर्वपक्ष ! एतावत्त्वद्वचनं सत्यं, **तथापि** = परन्तु **तस्य** = वैतण्डिकस्य **स्वाभ्युपगतवितण्डावादार्थमेव** = स्वेनाभ्युपगतो यो वितण्डावादः = कुतर्कैः सर्वेषां दर्शनानां खण्डनरूपस्तदर्थं एव, 'किं यस्य कस्यचित् दर्शनस्य श्रद्धानस्य वैतण्डिके अन्वेषणया प्रयोजनम् ? स्वाभ्युपगतस्य वितण्डावादस्यैव

श्रद्धानं तस्य स्पष्टमेव प्राप्यते' इति **एव**कारतात्पर्यार्थः । **निबिडाग्रहवत्त्वात् =** अनिग्राह्यकदाग्रहवत्त्वात् **इति** = हेतोः **नाव्याप्तिः** = न वैतण्डिकेऽनाभिग्रहिक-मिथ्यात्वानुपपत्तिः । लक्षणे हि "स्वस्वदर्शनार्थश्रद्धानम्" इति नोक्तं, किन्तु "स्वस्वाभ्यु-पगतार्थश्रद्धानं" इत्येवोक्तम् । ततश्च वैतण्डिकस्य यद्यपि स्वदर्शनार्थश्रद्धानं न घटते, तस्य दर्शनस्यैव अभावात्, तथापि स्वाभ्युपगतो यो वितण्डात्मकोऽर्थस्तस्य श्रद्धानं अस्त्येवेति तस्य आभिग्रहिकमिथ्यात्वं घटतैव इत्याशयः ।

**चन्द्र०** : (**પ્રશ્ન** : કુતર્કો વડે તમામ દર્શનોનું ખંડન કરવું એ વિતણ્ડા કહેવાય. વિતણ્ડા કરનાર વૈતણ્ડિક કહેવાય. હવે આ વૈતણ્ડિક ખરેખર આભિગ્રહિક મિથ્યાત્વી જ છે. પણ એમાં લક્ષણ નહિ જતા અવ્યાપ્તિ આવશે. લક્ષણ નહિ જવાનું કારણ એ કે એ વૈતણ્ડિક કોઈપણ દર્શનને સ્વીકારતો જ નથી. એટલે સ્વ-અભ્યુપગત દર્શનનું શ્રદ્ધાન એને શી રીતે સંભવે ?)

**ઉત્તર** : જો કે વૈતણ્ડિક કોઈપણ દર્શનને સ્વીકારતો નથી, એ વાત સાચી તો પણ તેને પોતે સ્વીકારેલ જે કુતર્કાદિ રૂપ વિતણ્ડા છે, તે વિતણ્ડાવાદને માટે જ ગાઢ આગ્રહવાળો તો છે જ. એટલે કે એને બીજા કોઈ દર્શનની શ્રદ્ધા છે કે નહિ ? એ શોધવાની કોઈ જરૂર નથી. એને પોતાના વિતણ્ડાવાદ ઉપર જ શ્રદ્ધા છે અને એ શ્રદ્ધા અપ્રજ્ઞાપનીયતાની પ્રયોજક એવી જોરદાર શ્રદ્ધા છે. આમ એમાં અવ્યાપ્તિ નહિ આવે.

(ખ્યાલ રાખવો કે લક્ષણમાં "स्वस्वदर्शनार्थश्रद्धानम्" એમ લખેલ નથી. પરંતુ "स्वस्वाभ्युपगतार्थश्रद्धानम्" લખેલ છે. એટલે વૈતણ્ડિકમાં સ્વદર્શનાર્થશ્રદ્ધાન ભલે ન હોય, (કેમકે એનું પોતાનું કોઈ દર્શન જ નથી. બધા દર્શનોનું ખંડન એ જ એનો મુખ્ય આચાર છે.) પણ ઈતરદર્શનોનાં ખંડન રૂપ સ્વાભ્યુપગતાર્થ ઉપર તો તેને શ્રદ્ધા છે જ. (સ્વાભ્યુપગતાર્થ = પોતે સ્વીકારેલો એવો અર્થ)

---

**यशो० : 'अनाकलिततत्त्वस्य' इति विशेषणाद् यो जैन एव धर्मवादेन परीक्षापूर्वं तत्त्वमाकलय्य स्वाभ्युपगतार्थं श्रद्धत्ते तत्र नातिव्याप्तिः,**

---

**चन्द्र०** : "अनाकलिततत्त्वस्य" इति पदस्य प्रयोजनमाह-"**अनाकलिततत्त्वस्य**" **इति विशेषणात्** = इति पदग्रहणात् । "**नातिव्याप्तिः**" इत्यनेन सहास्यान्वयः । अयमाशयः- यदि हीदं पदं न गृह्येत, तर्हि "अप्रज्ञापनीयताप्रयोजकस्वस्वाभ्युपगतार्थश्रद्धानम्" इति

आभिग्रहिकमिथ्यात्वलक्षणं भवेत् । एवं च यो जैनो धर्मवादेन सम्यक्तत्त्वं ज्ञात्वा तत्र श्रद्धानं करोति, तत्श्रद्धानं तस्मिन्नप्रज्ञापनीयताप्रयोजकं भवति । यतो न हि जिनवचनरहस्यज्ञाता जैनः केनापि स्वभ्युपगताज्जिनमताच्च्यावयितुं शक्यते । एवं च स परैरप्रज्ञापनीय एव दृश्यते । तथा च तत्र तादृशश्रद्धानसद्भावाद् भवति तत्रातिव्याप्तिः ।

"अनाकलिततत्त्वस्य" इति पदग्रहणे तु न दोषः, यतोऽयं जैनो न अनाकलिततत्त्वः, किन्तु जिनप्रवचनरहस्यज्ञाताऽस्ति । ततश्च तत्र लक्षणागमनान्नातिव्याप्तिः ।

**ચન્દ્ર૦** : "અનાકલિતતત્ત્વસ્ય" આ પદ જો ન લખે તો જે જૈન ધર્મવાદ દ્વારા સારી રીતે પરીક્ષા કરવા પૂર્વક જિનપ્રવચનને = તત્ત્વને જાણનારો બન્યો હોય અને એના ઉપર દૃઢ શ્રદ્ધાવાળો બન્યો હોય (કારણ કે એની શ્રદ્ધા એવી હોય કે કોઈપણ એને એણે સ્વીકારેલા તત્ત્વમાંથી ચલિત ન કરી શકે. અર્થાત્ એ જૈનમાં અપ્રજ્ઞાપનીયતાની પ્રયોજક એવી એ શ્રદ્ધા હોય, તો આ જૈનમાં અપ્રજ્ઞાપનીયતાની પ્રયોજક એવી સ્વાભ્યુપગતાર્થની શ્રદ્ધા હોવાથી લક્ષણ ઘટી જતા અતિવ્યાપ્તિ આવે.

પરંતુ "अनाकलिततत्त्वस्य" પદ લખવાથી) ત્યાં અતિવ્યાપ્તિ નહિ આવે. (કેમકે આ જૈન તો તત્ત્વને સારી રીતે પરીક્ષાપૂર્વક જાણી ચૂકેલો છે, અનાકલિતતત્ત્વ નથી. એટલે એમાં આ લક્ષણ ન જાય.)

(આમ તો અપ્રજ્ઞાપનીયતા એ દોષ છે. પણ ખોટી વસ્તુ સ્વીકારી લીધા બાદ એ કોઈની પણ સમજાવટ થવાં છતાં ન છોડવા રૂપ અપ્રજ્ઞાપનીયતા એ જ દોષ છે. જ્યારે પરીક્ષાપૂર્વક સારી-સાચી વસ્તુ જાણી લીધા બાદ ગમે તેની ઉંધી-ચત્તી સમજાવટોથી પણ એ તત્ત્વ ન છોડવા રૂપ અપ્રજ્ઞાપનીયતા એ સારી છે.)

---

**यशो० : यस्तु नाम्ना जैनोऽपि स्वकुलाचारेणैवागमपरीक्षां बाधते तस्याभिग्रहिकत्वमेव, सम्यग्दृशोऽपरीक्षितपक्षपातित्वायोगात् ।**

---

**चन्द्र०** : **ननु** एवं सर्वेषां जैनानां जिनवचनरहस्यज्ञातृत्वाद् आभिग्रहिकमिथ्यात्वं नैव स्यादिति शङ्कायामाह-**यस्तु नाम्ना जैनोऽपि** = योऽजैनः, तस्य तावदाभिग्रहिकत्वं सम्भवत्येव, किन्तु यो नाम्ना जैनः, सोऽपि इति **अपिशब्दार्थः** । **स्वकुलाचारेणैव** = आस्तामन्येन केनचित्प्रकारेण, किन्तु स्वकुलाचारेणैवेति **एव**कारार्थः, **आगमपरीक्षां** = जिनवचनस्य प्रमाणत्वादिगवेषणात्मिकां परीक्षां **बाधते** = न करोति, उपेक्षत इति यावत् । स हि नाम्नैव

जैनः, न तु स्याद्वादबोधादिभावेन जैनः, ततश्च स निजकुलाचारं श्रेयो मन्यते, वदति च "योऽस्माकं कुलदेवीपूजनादिरूपः कुलाचारः, स श्रेयान्। तत्र जिनागमो यद् वदतु, तद् वदतु, न तेनास्माभिः किञ्चित्प्रयोजनम्" इति। एवं च स जिनागमप्रतिपादितान् निजकुलाचारविरूद्धान् पदार्थान् दृष्ट्वाऽपि तत्र सम्यक्चिन्तनं नैव करोति, निजकुलाचारमेव च बहु मन्यते करोति चेति। **तस्य आभिग्रहिकत्वमेव,** न तु जैनस्याभिग्रहिकत्वं न सम्भवति इति शङ्कनीयं, किन्तु एतादृशस्याभिग्रहिकत्वमेवेति **एव**कारार्थः।

**ननु** नाम्ना जैनोऽपि सम्यग्दृष्टिरेव स्यात्, वीतरागदेवाद्याश्रयणात्। कथं तस्य मिथ्यात्वम्? इत्यत आह-**सम्यग्दृशो** = चतुर्थादिगुणस्थानवर्तिनः, **अपरीक्षितपक्षपातित्वायोगा**दिति, आगमयुक्तिभ्यां अपरीक्षितः = योग्यायोग्यत्वादिरूपेणानिश्चितो यो पक्षः = निजकुलाचारादिरूपः, तस्मिन् यो पातः = दृढश्रद्धानं, तदस्ति अस्येति अपरीक्षितपक्षपाती, तादृशपक्षपातित्वस्यासम्भवात्। 'यत्र सम्यग्दर्शनं तत्र परीक्षितपक्षपातित्वं, यत्रापरीक्षितपक्षपातित्वं तत्र सम्यग्दर्शनाभावः' इति व्याप्तिरत्र पदार्थे सम्यग्योजनीया।

**ચન્દ્ર૦ : (પ્રશ્ન :** આ પ્રમાણે તો બધા જ જૈનો જિનવચનરહસ્યના જ્ઞાતા હોવાથી તેઓને આભિગ્રહિક મિથ્યાત્વ નહિ જ હોય ને ?

**ઉત્તર :** અરે ભાઈ ! જૈનો બધા જિનવચનરહસ્યજ્ઞાતા હોય જ એવું તને કહ્યું કોણે ?) જે નામથી જૈન હોવા છતાં પોતાના કુલાચારાદિમાં જ દઢ શ્રદ્ધાવાળો હોય અને એટલે જ એ કુલાચાર વડે જ આગમપરીક્ષાને અવગણતો હોય, બાધિત કરતો હોય. (અર્થાત્ "અમારો કુલદેવની પૂજા... વિગેરે રૂપ જે કુલાચાર છે એ બધો બરાબર છે. આગમમાં ભલે ગમે તે લખ્યું હોય. આ કુલાચારમાં કોઈપણ ભેદ પાડવાનો નથી." આ રીતે આગમની વાતોને વિચારવા સુદ્ધા તૈયાર ન હોય તો એમાં પણ આ લક્ષણ ઘટી જતું હોવાથી) એ પણ આભિગ્રહિક મિથ્યાત્વી જ કહેવાય. (આ જૈન અનાકલિતતત્ત્વવાળો છે અને એનામાં અપ્રજ્ઞાપનીયતાપ્રયોજક એવી સ્વાભ્યુપગત કુલાચારાદિમાં શ્રદ્ધા છે. માટે એમાં લક્ષણ ઘટે છે.)

**(પ્રશ્ન :** પણ જૈનો તો સમ્યક્ત્વી જ હોય ને ? એમને વળી મિથ્યાત્વ હોય ?)

**ઉત્તર :** સમ્યગ્દૃષ્ટિમાં અપરીક્ષિતપક્ષપાતિત્વ ન ઘટે. (આશય એ છે કે પક્ષ = પદાર્થની આગમ-તર્કાદિ વડે પરીક્ષા કરાયેલી હોય અને એના દ્વારા જે પદાર્થ સાચો સાબિત થયો હોય એવા પરીક્ષિતપક્ષમાં જ સમ્યક્ત્વીનો પાત = શ્રદ્ધાન હોય. પણ

આગમતર્કો આદિ દ્વારા સાચા સાબિત ન થયેલા એવા પદાર્થમાં સમ્યગ્દૃષ્ટિની શ્રદ્ધા ન જ હોય.

આ નામનો જૈન તો અપરીક્ષિત કુલાચારાદિમાં શ્રદ્ધાવાળો બનેલો છે, એની આગમાદિ વડે પરીક્ષા કરવા જ તૈયાર નથી એટલે આ જૈન સમ્યક્ત્વી ન કહેવાય.)

**यशो० : तदुक्तं हरिभद्रसूरिभिः (लोकतत्त्वनिर्णय १३२) –**

पक्षपातो न मे वीरे, न द्वेषः कपिलादिषु । युक्तिमद्वचनं यस्य, तस्य कार्यः परिग्रहः ।। **इति ।**

**चन्द्र०** : "सम्यग्दृष्टिः परीक्षितपक्षपात्येव भवति, कोऽपि पदार्थः परीक्षां कृत्वैव श्रद्धेयः" इत्यादि प्रतिपादितपदार्थेषु साक्षिपाठमाह-**तदुक्तं** इत्यादि । **परिग्रहः** = "आप्तोऽयं" इतिस्वरूपेण स्वीकारः ।

**ચન્દ્ર૦** : ("સમ્યગ્દૃષ્ટિ પરીક્ષિત પક્ષપાતી જ હોય, કોઈપણ પદાર્થ પરીક્ષા કરીને જ શ્રદ્ધા કરવા યોગ્ય છે" એ વાતમાં સાક્ષિપાઠ આપતા કહે છે કે) હરિભદ્રસૂરિજીએ કહ્યું છે કે "મને વીરમાં પક્ષપાત નથી કે કપિલ વિગેરે ઉપર દ્વેષ નથી. જેનું વચન યુક્તિયુક્ત હોય તેનો (આપ્ત તરીકે) સ્વીકાર કરવો."

**यशो० : यश्चागीतार्थो गीतार्थनिश्रितो माषतुषादिकल्पः प्रज्ञापाटवाभावादनाकलिततत्त्व एव स्वाभिमतार्थं जैनक्रियाकदम्बकरूपं श्रद्धत्ते तस्य स्वाभ्युपगतार्थश्रद्धानं नाऽप्रज्ञापनीयताप्रयोजकं, असद्ग्रहशक्त्यभावात्,**

**चन्द्र०** : "अप्रज्ञापनीयताप्रयोजक"पदस्य कृत्यमाह-**यश्चागीतार्थो** इत्यादि । **गीतार्थनिश्रितः** = गीतार्थनिश्रावर्ती, अनेनास्य साधोः प्रज्ञापनीयत्वं निगदितम् । यतो गीतार्थनिश्रावर्ती प्रज्ञापनीयो भवति । **माषतुषादिकल्पः** = अत्यन्तमन्दबुद्धिर्यो माषतुषः, तदादिमुनिसदृशः । **अनाकलिततत्त्व एव** = न तु आकलिततत्त्व इति **एव**कारार्थः । **जैनक्रियाकदम्बकरूपं** = ओघसामाचारी-दशविधसामाचारी-प्रवचनमात्रादिरूपं **श्रद्धत्ते** । यद्यपि **तस्य स्वाभ्युपगतार्थश्रद्धानं** अस्ति, तथापि तद् **नाप्रज्ञानीयताप्रयोजकम्** । तत्र कारणमाह-**असद्ग्रहशक्त्यभावात्** = कदाग्रहस्य या शक्तिः = स्वरूपयोग्यता = तीव्रमिथ्यात्वोदयरुपा, तदभावात् ।

**ચન્દ્ર૦** : ("અપ્રજ્ઞાપનીયતાપ્રયોજક" એ પદનો લાભ શું છે ? એ બતાવે છે કે) જે અગીતાર્થ હોય પણ ગીતાર્થનિશ્રિત હોય, માષતુષ વિગેરે મુનિની જેમ અત્યંત મંદ ક્ષયોપશમવાળો હોય, તેની પાસે બુદ્ધિની પટુતા = તીવ્રતા ન હોવાથી એ જિનપ્રવચનના તત્ત્વોને જાણી ન શક્યો હોય. અને એવો તત્ત્વજ્ઞાન વિનાનો છતાં જ પોતાને ઈષ્ટ અર્થ રૂપ જે જૈનક્રિયાસમૂહ હોય, (ઓઘસામાચારી, દશવિધસામાચારી,...) તેની શ્રદ્ધા કરતો હોય, તે સાધુને જો કે પોતાના વડે સ્વીકારાયેલ જૈનક્રિયાસમૂહ રૂપી અર્થનું શ્રદ્ધાન છે. પરંતુ એ શ્રદ્ધાન તેનામાં અપ્રજ્ઞાપનીયતાનું પ્રયોજક નથી. કેમકે આ સાધુ ગીતાર્થનિશ્રિત છે, માષતુષ જેવો સરળ છે, એટલે તેમાં કદાગ્રહની શક્તિ = તીવ્રમિથ્યાત્વોદયાદિ નથી. અને એટલે જૈનક્રિયાસમૂહની શ્રદ્ધા હોવા છતાં અપ્રજ્ઞાપનીયતા તેમાં આવતી નથી.

(આશય એ છે કે આ સાધુને કોઈ એમ સમજાવે કે "માત્ર બાહ્યક્રિયાથી મોક્ષ નથી. જ્ઞાનાદિ પણ જોઈએ..." તો આ સાધુઓ એ વાત સ્વીકારી લે, એવા સરળ છે. "મારી શુદ્ધચારિત્રક્રિયાથી જ મારો મોક્ષ થઈ જશે, જ્ઞાનાદિની શી જરૂર છે ?" આવો કદાગ્રહ તેમનામાં ન આવે. આવી ભૂમિકા હોવાને લીધે એમ કહી શકાય કે એમનામાં રહેલી શ્રદ્ધા અપ્રજ્ઞાપનીયતાની પ્રયોજક નથી.)

---

**यशो० : किन्तु गुणवदाज्ञाप्रामाण्यमूलत्वेन गुणवत्पारतन्त्र्यप्रयोजकमित्यप्रज्ञापनीयताप्रयोजकत्वविशेषणान्न तत्रातिव्याप्तिः । १ ।।**

---

**चन्द्र०** : तर्हि तच्छ्रद्धानं कीदृशम् ? इति जिज्ञासायामाह-**किन्तु गुणवदाज्ञाप्रामाण्यमूलत्वेन** = गुणवतां = सद्गुरुणां या आज्ञा, तस्यां यत्प्रामाण्यं, तन्मूलत्वेन = "गुणवतामाज्ञा प्रमाणमेव, न तत्र काचिच्छङ्का कर्त्तव्या" इति ज्ञानमूलत्वेनेति भावः । **गुणवत्पारतन्त्र्यप्रयोजकमिति**, माषतुषसदृशस्य जैनक्रियासमूहश्रद्धानं "गुणवतामाज्ञा प्रमाणमेव" इति गुणवदाज्ञायां प्रामाण्यं ग्राहयति, ततश्च "यदि गुणवदाज्ञा प्रमाणं, तर्हि गुणवन्तो यत्कथयन्ति, तत्कर्त्तव्यमेव" इत्यादिरूपं गुणवत्पारतन्त्र्यं उत्पादयति । एवं च प्रकृतं श्रद्धानं गुणवदाज्ञाप्रामाण्यमूलत्वेन गुणवत्पारतन्त्र्यप्रयोजकं भवतीति ।

ततश्च **अप्रज्ञापनीयताप्रयोजकत्वे**त्यादि स्पष्टमेव ।

यद्वा गुणवदाज्ञायाः प्रामाण्यं एव मूलं यस्य तद् गुणवदाज्ञाप्रामाण्यमूलं, तत्त्वेन

गुणवत्पारतन्त्र्यप्रयोजकमिति । गुणवद्भिराज्ञा कृता यथा "ओघसामाचार्यादिरूपं साधुक्रियाकदम्बकं समादरणीयम्" इति, एतस्यामाज्ञायां विद्यमानं प्रामाण्यं माषतुषादिसदृशेषु साधुषु तादृशश्रद्धानं जनयति । ततश्च तादृशश्रद्धानसद्भावात् ते गुणवत्परतन्त्रा भवन्तीति ।

**ચન્દ્ર૦** : એ શ્રદ્ધા અપ્રજ્ઞાપનીયતા પ્રયોજક નથી, પરંતુ ગુણવાનોની આજ્ઞામાં જે પ્રામાણ્ય છે, તેનું મૂલ છે અને એટલે એ શ્રદ્ધા ગુણવત્પારતન્ત્ર્યને લાવી આપે છે. આમ લક્ષણમાં "અપ્રજ્ઞાપનીયતાપ્રયોજક" વિશેષણ મૂકવાના કારણે હવે આવા માષતુષસદૃશ સાધુઓમાં અતિવ્યાપ્તિ નહિ આવે.

(ક્રિયાકદંબકનું શ્રદ્ધાન હોય એટલે "ગુણવાનો જે કહે તે બધું પ્રમાણ છે" એવી ગુણવદાજ્ઞામાં પ્રામાણ્યની પ્રતીતિ થાય અને એ થાય એટલે એ ગુણવાનોનું પારતન્ત્ર્ય કેળવાય જ એ સ્વાભાવિક છે. **અથવા** ગુણવાનોની આજ્ઞામાં જે પ્રામાણ્ય રહેલું છે તે જ માષતુષાદિમાં તાદૃશશ્રદ્ધા કરી દે છે કે જે શ્રદ્ધા તે સાધુઓમાં ગુણવત્પારતન્ત્ર્યને જન્મ આપે. અને આ અનુભવસિદ્ધ હકીકત છે કે જેમના વચન પ્રામાણિક હોય, તેમાં તરત શ્રદ્ધા ઉત્પન્ન થાય અને એ શ્રદ્ધા થાય એટલે પછી તે વ્યક્તિઓ પ્રત્યેનું પારતન્ત્ર્ય ઉત્પન્ન થાય.)

---

**यशो० : स्वपराभ्युपगतार्थयोरविशेषेण श्रद्धानमनाभिग्रहिकम् , यथा सर्वाणि दर्शनानि शोभनानि इति प्रतिज्ञावतां मुग्धलोकानाम् ।**

---

**चन्द्र०** : २. अनाभिग्रहिकमिथ्यात्वलक्षणमाह-**स्वपराभ्युपगतार्थयोः** = स्वाभ्यु-पगतेऽर्थे पराभ्युपगतेऽर्थे च **अविशेषेण** = समानताबुद्ध्या **श्रद्धानं अनाभिग्रहिकम्** ।

श्रद्धानस्याकारमेव दर्शयति-**यथा सर्वाणि** इत्यादि । **मुग्धलोकानां** = प्राज्ञपुरुषाणां तु काचमणिविवेको भवत्येवेति मुग्धग्रहणं कृतं, अविवेकिनामिति भावः ।

**ચન્દ્ર૦** : (૨) પોતે સ્વીકારેલા અર્થમાં અને બીજાએ સ્વીકારેલા અર્થમાં એક સરખી રીતે શ્રદ્ધા એ અનાભિગ્રહિક મિથ્યાત્વ છે. **દા.ત.** "બધા જ દર્શનો સારા છે" એ પ્રમાણે પ્રતિજ્ઞાવાળા મુગ્ધલોકોને અનાભિગ્રહિક મિથ્યાત્વ કહેવાય.

---

**यशो० : यद्यपि परमोपेक्षावतां निश्चयपरिकर्मितमतीनां सम्यग्दृष्टीनां स्वस्वस्थाने सर्वनयश्रद्धानमस्ति, शिष्यमतिविस्फारणरूपकारणं विनैकतरनयार्थनिर्द्धारणस्या-**

**शास्त्रार्थत्वात् ।**

<u>चन्द्र०</u> : "अविशेषेण" इति पदस्य कृत्यं दर्शयितुं प्रथममतिव्याप्तिस्थानप्रदर्शनार्थमाह- **यद्यपि परमोपेक्षावतां** = परममाध्यस्थ्यवतां, कस्मिंश्चिदपि पदार्थे अकदाग्रहिणां **निश्चयपरिकर्मितमतीनां** = निश्चयनयेन परिकर्मिता = परिपक्वीभूता मतिर्येषां ते, तेषां **सम्यग्दृष्टीनां स्वस्वस्थाने** = तस्य तस्य नयस्य स्थाने **सर्वनयश्रद्धानं** = तस्य तस्य नयस्य श्रद्धानं अस्ति । ते हि व्यवहारनयस्थाने व्यवहारनयश्रद्धानवन्तो निश्चयनयस्थाने च निश्चयनयश्रद्धानवन्तो भवन्त्येव । यथा "आरोग्यदशायां शक्तौ सत्यां एकाशनकं कर्त्तव्यमेव" इत्यत्र व्यवहारश्रद्धानवन्तो भवन्ति । रोगदशायान्तु "सांवत्सरिकदिनेऽपि नमस्कारसहितादिकं क्रियतां, न तत्र कोऽपि दोषः, रागद्वेषहानिरेव जिनाज्ञा" इत्यादि निश्चयश्रद्धानवन्तो भवन्ति।

**ननु** सर्वनयश्रद्धानं शास्त्रविरूद्धम् ? इति चेत्, न, **शिष्यमतिविस्फारणरूपकारणं** = शिष्यमतेर्यद् विशदीकरणं तद्रूपकारणं **विना एकतरनयार्थनिर्द्धारणस्य** = निश्चयस्य व्यवहारस्य वा, ज्ञानस्य क्रियाया वा, द्रव्यार्थिकस्य पर्यायार्थिकस्य वा यद् निर्द्धारणं = एकान्तेन श्रद्धानं, तस्य **अशास्त्रार्थत्वात्** = शास्त्रार्थभिन्नत्वात् ।

अयं भावः-ज्ञाननयपरिकर्मितमतिं शिष्यं क्रियानयस्यापि प्राधान्यं ग्राहयितुं तत्र ज्ञाननयखण्डनं कृत्वा क्रियात्मकस्यैकस्यैव नयस्य यन्मण्डनं "क्रियैव श्रेयसी, न तां विना परमपदप्राप्तिः" इत्यादिरूपं, तच्छास्त्रानुसारि । एवं क्रियामुग्धमतिं शिष्यं निश्चयं ग्राहयितुं क्रियानयखण्डनयुक्तं ज्ञाननयमण्डनमपि शास्त्रानुसारि ।

किन्तु एतादृशं पुष्टकारणं विना क्रियामात्रस्य ज्ञानमात्रस्य वा निर्द्धारणं तु शास्त्रविरुद्धमेव। तत्र त्वेतावदेव वक्तव्यं यदुत "क्रियानयस्थाने क्रिया प्रधाना, ज्ञाननयस्थाने तु ज्ञानम्" इत्यादि ।

<u>ચન્દ્ર૦</u> : ("अविशेषेण" એ પદનું પ્રયોજન શું છે ? એ બતાવવા માટે સૌ પ્રથમ અતિવ્યાપ્તિનું સ્થાન બતાવી રહ્યા છે કે) જો કે પરમ ઉપેક્ષાવાળા = કોઈપણ પદાર્થમાં ખોટા આગ્રહ વિનાના, નિશ્ચયથી ઘડાયેલી બુદ્ધિવાળા એવા સમ્યગ્દૃષ્ટિઓને તો દરેક નયના પોતપોતાના સ્થાનમાં તે તે દરેક નય ઉપર શ્રદ્ધા હોય જ છે. (અર્થાત જ્યાં ક્રિયાનયનું સ્થાન હોય ત્યાં આ મહાત્માઓને ક્રિયાનયમાં શ્રદ્ધા હોય જ. જ્યાં જ્ઞાનનયનું સ્થાન હોય ત્યાં આ મહાત્માઓને જ્ઞાનનયમાં શ્રદ્ધા હોય જ. **દા.ત.** નિરોગી, શક્તિમાન સાધુ હોય તો આ મહાત્માઓ તેને "એકાસણું કરવું જ જોઈએ" એમ ક્રિયાનો ઉપદેશ

(વ્યવહારનો) આપે અને જો સાધુ પુષ્કળ માંદો હોય તો "સંવત્સરીના દિવસે પણ નવકારશી કરી શકાય, એમાં કોઈ દોષ નથી, રાગદ્વેષની હાનિ એ જ જિનાજ્ઞા છે" એ રીતે નિશ્ચયની શ્રદ્ધાવાળા હોય.

**પ્રશ્ન :** આ રીતે સર્વનયોની શ્રદ્ધા એ શાસ્ત્રવિરુદ્ધ ન ગણાય ? એકાદ નયની શ્રદ્ધા જ શાસ્ત્રાનુસારી ગણાય ને ?

**ઉત્તર :** અરે ભાઈ ! જ્ઞાનનયે ઘડાયેલી બુદ્ધિવાળા શિષ્યને ક્રિયાનયની પણ પ્રધાનતા છે એ દર્શાવવા ત્યાં જ્ઞાનનયખંડન અને ક્રિયાનયમંડન કરાય અને એ રીતે એકાદ નયની શ્રદ્ધા = નિર્ધારણ = નિશ્ચય કરાય તો એ હજી ચાલે.

એમ ક્રિયાનયમાં મુગ્ધ બનેલાને નિશ્ચયનો બોધ કરાવવા ક્રિયા ખંડન અને જ્ઞાનમંડન કરાય તો એ ય ચાલે.)

પાત્રશિષ્યમતિને વિસ્તારવા રૂપ પુષ્ટ કારણ વિના જો માત્ર જ્ઞાન કે માત્ર ક્રિયા રૂપ એકાદ નયનું નિર્ધારણ કરીએ તો અશાસ્ત્રાર્થ ગણાય, શાસ્ત્રવિરુદ્ધ ગણાય. માટે આ ઉપર્યુક્ત મહાત્માઓને સર્વનયોની શ્રદ્ધા હોય.

---

**यशो० : तदाह सम्मतौ सिद्धसेनः (१-२८)–**

णिययवयणिज्जसच्चा सव्वणया परवियालणे मोहा । ते पुण न दिट्ठसमयो विभयइ सच्चेव अलिए वा ।।

---

**चन्द्र० :** "सम्यग्दृष्टयः स्वस्वस्थाने सर्वनयश्रद्धानं कुर्वन्त्येव" इत्यत्र साक्षिपाठमाह– **तदाह** इत्यादि । गाथार्थस्त्वयम्–**निजकवचनीयसत्याः** = स्वविषयनिरूपणे सत्याः **सर्वनयाः परविचारणे** = परनयविषयनिरूपण इति भावः, **मोहा** = मिथ्या । तान् नयान् जिनप्रवचनरहस्यविन्न विभजेत् "एते सत्या एते वा मिथ्या" इति । यथा हि वैद्यो वैद्यकविषयनिरूपणे सत्यो भवति, वाणिज्यविषयनिरूपणे मिथ्या भवति । एवं वणिग्वाणिज्यविषयनिरूपणे सत्यः, वैद्यकविषयनिरूपणे च मिथ्या भवति । अनुभवी तु न "वैद्य एव असत्यः" इति वा "वणिग् एव असत्यः" इति वा "वैद्य एव सत्यः" इति वा "वणिग् एव सत्यः" इति वा विभागं करोति । किन्तु "वैद्यकविषये वैद्यः सत्यः, वणिगसत्यः, वाणिज्यविषये च वैद्यरसत्यः, वणिक् सत्यः" इति सम्यग्विवेचयति । एवमत्रापि बोध्यम् ।

**ચન્દ્ર૦** : (સમ્યગ્દૃષ્ટિઓ પોતપોતાના સ્થાનમાં સર્વનયોની શ્રદ્ધા કરે. આ વિષયમાં સાક્ષીપાઠ આપે છે કે) સન્મતિતર્કમાં સિદ્ધસેન દિવાકરસૂરિએ કહ્યું છે કે "બધા નયો પોતાના વિષયના નિરૂપણમાં સાચા છે. અને બીજા નયના વિષયની વિચારણામાં ખોટા પડે છે. જે દૃષ્ટસમય = સિદ્ધાન્તજ્ઞાની હોય તે આવો વિભાગ ન કરે કે "આ નયો ખોટા છે" અથવા "આ નયો સાચા છે."

(વૈદ્ય વૈદ્યકવિષયનું નિરૂપણ કરે ત્યારે સાચો હોય પણ એ વેપારસંબંધી નિરૂપણ કરે તો ખોટો પડે. એમ વાણિયો વાણિજ્યવિષયનું નિરૂપણ કરે ત્યારે સાચો. પરંતુ એ વૈદ્યકવિષયનું નિરૂપણ કરે તો ખોટો પડે. એટલે બેમાંથી એકેયને એકાંતે ખોટો કે સાચો ન કહેવાય. "વૈદકવિષયમાં વૈદ્ય સાચો અને વાણિજ્યવિષયમાં વાણિયો સાચો" આમ જ કહેવું પડે.)

---

**यशो० : तथाऽपि स्वस्वस्थानविनियोगलक्षणेन विशेषेण तेषां सर्वनयश्रद्धानमस्तीति नातिव्याप्तिः २।।**

---

**चन्द्र० :** इत्थञ्च "तेषां सम्यग्दृष्टीनां स्वपराभ्युपगतार्थयोः श्रद्धानमस्ती"ति तत्र लक्षणगमनाद् अतिव्याप्तिः संभवति **तथापि स्वस्वस्थानविनियोगलक्षणेन** = व्यवहारस्थाने व्यवहारस्य निश्चयस्थाने निश्चयस्य यो विनियोगः = सम्यक्प्रकारेण योजनं, तद्रूपेण **विशेषेण तेषां** = सम्यग्दृशां **सर्वनयश्रद्धानमस्तीति** अविशेषेण स्वपराभ्युपगतार्थयोः श्रद्धानाभावात् **नातिव्याप्तिः**।

मुग्धा हि "ज्ञानं वा क्रिया वा, निश्चयो वा व्यवहारो वा, सर्वं वा शोभनम्" इत्येवं श्रद्दधते। सम्यग्दृष्टिस्तु "ज्ञाननयस्थाने ज्ञानं प्रधानं, क्रियानयस्थाने क्रिया प्रधाना" इत्येवं तत्तन्नयस्थानात्मकेन विशेषेण सर्वेषु नयेषु श्रद्धानं कुर्वन्तीति तेषु न अनाभिग्रहिकमिथ्यात्व-लक्षणातिव्याप्तिरिति भावः।

**ચન્દ્ર૦** : (આ પ્રમાણે નક્કી થયું કે "સમ્યગ્દૃષ્ટીઓને પોતે સ્વીકારેલા અને બીજાઓએ સ્વીકારેલા બધા પદાર્થોમાં શ્રદ્ધા છે" અને એટલે (જો "अविशेषेण" પદ ન હોય તો) સર્વ અર્થોમાં શ્રદ્ધા રૂપ લક્ષણની અતિવ્યાપ્તિ સંભવે.)

તો પણ સમ્યગ્દૃષ્ટિઓ અવિશેષથી સર્વ નયની શ્રદ્ધાવાળા નથી. પણ વ્યવહારનયના સ્થાને વ્યવહારનયની શ્રદ્ધાવાળા, નિશ્ચયનયના સ્થાને નિશ્ચયની શ્રદ્ધાવાળા છે. માટે તેઓમાં "અવિશેષ"થી શ્રદ્ધા ન હોવાથી તેઓમાં અનાભિગ્રહિક મિથ્યાત્વનું લક્ષણ

અતિવ્યાપ્ત ન બને.

(**દા.ત.** ભરવાડ ચકમકતા મણિ અને એવા જ ચકમકતા પત્થરને એક સરખા ગણે છે. બેય ઉપર સરખો બોધ કરે છે. માટે જ તો ટોળામાંથી નીકળેલી બકરીને ટોળામાં લાવવા માટે મણિ કે પત્થર બેયનો ઉપયોગ કરવા તૈયાર હોય છે.

વેપારી આ બે ય પદાર્થને અપેક્ષાએ સારા ગણે. ઘરમાં આવેલા કુતરાને ભગાડવાના અવસરે પત્થરને સારો ગણે અને વેપાર કરવાના અવસરે મણિને સારો ગણે. એટલે વેપારી બેયની ઉપર શ્રદ્ધાવાળો હોવા છતાં એ વિશેષતઃ શ્રદ્ધા છે, સામાન્યથી નહિ.)

**यशो० : विदुषोऽपि स्वरसवाहिभगवत्प्रणीतशास्त्रबाधितार्थश्रद्धानमाभिनिवेशिकम्।**

**चन्द्र० :** ३. तृतीयस्याभिनिवेशिकमिथ्यात्वस्य लक्षणं निगदति-**विदुषोऽपि** = 'मदभिमतः पदार्थः शास्त्रबाधितः' इति ज्ञानवतोऽपि, **स्वरसवाहि** इत्यादि, स्वरसवाहि यद् **भगवत्प्रणीतेन शास्त्रेण बाधितस्यार्थस्य श्रद्धानं** तद् **आभिनिवेशिकं** मिथ्यात्वमिति ।

**ચન્દ્ર૦ :** (૩) **આભિનિવેશિક :** "મારો પદાર્થ શાસ્ત્રબાધિત છે" એવાં ભાનવાળાને પણ પોતાના રસથી થયેલી જે પરમાત્માએ બનાવેલા શાસ્ત્રો વડે બાધિત થતા અર્થોની શ્રદ્ધા એ આભિનિવેશિક મિથ્યાત્વ કહેવાય. (અર્થાત્ જેને એમ ચોક્ખું સમજાય છે કે મારા પદાર્થો શાસ્ત્રબાધિત છે, છતાં જે એ જિનશાસ્ત્રોથી બાધિત થયેલા અર્થોમાં શ્રદ્ધા કરે, અને એ શ્રદ્ધા પણ કોઈની ચકાસણીથી, બળજબરીથી નહિ પરંતુ પોતાના રસપૂર્વક કરે તો એ આભિનિવેશિક મિથ્યાત્વ કહેવાય.)

**यशो० : स्वस्वशास्त्रबाधितार्थश्रद्धानं विपर्यस्तशाक्यादेरपीति तत्रातिव्याप्तिवारणाय भगवत्प्रणीतत्वं शास्त्रविशेषणम्।**

**चन्द्र० :** "भगवत्प्रणीत"पदस्य प्रयोजनमाह-**स्वस्वशास्त्रे**त्यादि । अयं भावः- यो बौद्धभिक्षुर्बुद्धशास्त्रविरूद्धे पदार्थे श्रद्धावान् भवति, स बुद्धमतापेक्षया विपरीतबोधवान् भिक्षुः "मत्पदार्थो बुद्धशास्त्रबाधितः" इति ज्ञानवानपि स्वशास्त्रबाधितार्थश्रद्धावान् यदि भवेत्, तर्हि तत्र लक्षणगमनादतिव्याप्तिः । किन्तु 'भगवत्प्रणीत'पदं एतामतिव्याप्तिं निवारयति । तथाहि-न हि विपर्यस्तबुद्धभिक्षोर्भगवत्प्रणीतशास्त्रेण बाधितेऽर्थे श्रद्धानं अस्ति, किन्तु बुद्धप्रणीतशास्त्रेण बाधितार्थे श्रद्धानमस्तीति तत्र लक्षणगमनाभावान्नातिव्याप्तिः ।

अक्षरार्थस्त्वयम्-**स्वस्वे**त्यादि । बुद्धस्य बौद्धशास्त्रं साङ्ख्यस्य साङ्ख्यशास्त्रं...इत्येवं यानि स्वस्वशास्त्राणि, तैर्बाधितस्यार्थस्य श्रद्धानं **विपर्यस्तशाक्यादेरपि,** न केवलं आभिनिवेशिकजमाल्यादीनां, किन्तु य आभिनिवेशिकमिथ्यात्ववान्नास्ति, तस्यापि **इत्यपि**शब्दार्थः। **इति** = यतो विपर्यस्तशाक्यादेरपि आभिनिवेशिकमिथ्यात्वापत्तिः, तस्मात्कारणात् **तत्र** = विपर्यस्तशाक्यादौ **अतिव्याप्तिवारणाय** = याऽतिव्याप्तिः सम्भवति, तद्वारणाय ।

**शास्त्रविशेषणमि**ति, 'भगवत्प्रणीतं' इतिपदं शास्त्रपदस्य विशेषणं कृतमिति भावः ।

**ચન્દ્ર૦ :** ("ભગવત્પ્રણીત" એ પદનું શુ કામ છે ? એ બતાવે છે કે જો આ પદ ન મૂકીએ તો બૌદ્ધભિક્ષુ વિગેરેમાં અતિવ્યાપ્તિ આવે. "જિનમતમાં જ રહેલા જેઓ નિહ્નવોની માફક જિનવચન વિરૂદ્ધ પ્રરૂપણો કરે, કદાગ્રહી બને તેઓને જ આભિનિવેશિક મિથ્યાત્વ માનેલું છે. અજૈન સંન્યાસી વિગેરેને આભિગ્રહિક મિથ્યાત્વ માનેલું છે, એટલે આપણું લક્ષ્ય તો અહીં નિહ્નવાદિ જૈનો જ છે, અજૈનો નહિ.)

પરંતુ જો "ભગવત્પ્રણીત" પદ વિનાનું આ લક્ષણ બનાવીએ તો આ લક્ષણ બૌદ્ધભિક્ષુ વિગેરેમાં પણ જાય. કેમકે જેમ જૈનોમાં ય જિનમતવિરૂદ્ધ પ્રરૂપણાદિ કરનારા નિહ્નવો હોય છે, તેમ પોત-પોતાના શાસ્ત્રો વડે બાધિત એવા અર્થો ઉપર શ્રદ્ધા કરનારા સ્વશાસ્ત્રથી વિપર્યાસને પામેલા (વિપર્યસ્ત) એવા ભિક્ષુઓ પણ હોવાના જ. હવે આવા જે ભિક્ષુઓ છે, તેઓ તો જાણે જ છે કે "મારો પદાર્થ બૌદ્ધશાસ્ત્રથી વિરૂદ્ધ છે" એટલે 'विदुष' શબ્દની વ્યાખ્યા પ્રમાણે તેઓ પણ વિદુષ કહેવાય. અને એવા પણ તેઓ બૌદ્ધશાસ્ત્રથી બાધિત એવા અર્થમાં શ્રદ્ધાવાળા હોય તો એમાં આ આખું લક્ષણ જતા અતિવ્યાપ્તિ આવે.

આ આપત્તિ દૂર કરવા માટે "ભગવત્પ્રણીત" પદ મૂકેલ છે. તેઓ અરિહંતદેવ વડે રચાયેલા જૈનશાસ્ત્રોથી બાધિત એવા અર્થમાં શ્રદ્ધાવાળા નથી. પણ બુદ્ધરચિતશાસ્ત્રોથી બાધિત એવા પદાર્થમાં શ્રદ્ધાવાળા છે. માટે તેઓમાં આ વ્યાખ્યા ન જવાથી અતિવ્યાપ્તિ ન આવે.

(ટુંકમાં આપણામાં નિહ્નવો જેવા પ્રકારના હોય છે, તેવા જ પ્રકારના ભિક્ષુઓ, સંન્યાસીઓ બૌદ્ધાદિ દર્શનમાં પણ હોવાના જ. તેઓને મિથ્યાત્વ હોવા છતાં તેઓમાં આભિનિવેશિક મિથ્યાત્વ માનવાનું નથી. આ મિથ્યાત્વ ઉત્સૂત્ર પ્રરૂપકાદિ જૈનો માટેનું

જ છે. એટલે અજૈનોમાં આવતી અતિવ્યાપ્તિ દૂર કરવા આ વિશેષણ આવશ્યક છે.)

**यशो० : भगवत्प्रणीतशास्त्रे बाधितार्थश्रद्धानमिति सप्तमीगर्भसमासान्नाति-व्याप्तितादवस्थ्यम्।**

**चन्द्र० : ननु** तथाप्यतिव्याप्तिर्भवत्येव । यतस्तेन भिक्षुणा बोद्धमतविरूद्धो यः पदार्थः परिकल्पितः, स भगवत्प्रणीतशास्त्रेनापि बाधित एव । न हि तेन बौद्धमतं त्यक्त्वा जैनमतं स्वीकृतं, येन तत्पदार्थो भगवत्प्रणीतशास्त्रानुसारी भवेत् । तथाहि-केनचिद् भिक्षुणा "सर्वं क्षणिकं" इति बौद्धमतमवगणय्य "आत्मानं विना सर्वं क्षणिकं" इति यदि स्वीकृतं भवेत्, तदापि स पदार्थो बौद्धशास्त्रेणेव भगवत्प्रणीतशास्त्रेणापि बाधित एव । न हि भगवत्प्रणीतशास्त्राणि "आत्मभिन्नं सर्वं क्षणिकं" इति स्वीकुर्वन्ति । तथा च तदवस्थैवाति-व्याप्तिरित्यत आह- **भगवत्प्रणीतशास्त्रे** = जिनागम इत्यादि । तथा च लक्षणगतं यत् "भगवत्प्रणीतशास्त्र-बाधितार्थश्रद्धानं" इति पदं, तत्र "भगवत्प्रणीतशास्त्रेण बाधितार्थश्रद्धानं" इति समासो न कर्त्तव्यः, किन्तु "भगवत्प्रणीत्शास्त्रे बाधितार्थश्रद्धानं" इति सप्तमीतत्पुरुषसमासः समादरणीयः ।

तथा च भगवत्प्रणीतशास्त्रे योऽर्थोऽस्ति, यः कदाग्रहादिना बाधितो भवति, तत्र श्रद्धानं आभिनिवेशिकमिथ्यात्वं इति फलितम् । 'सर्वं क्षणिकं' इति अर्थो भगवत्प्रणीतशास्त्रे नास्ति, किन्तु बौद्धशास्त्रेऽस्ति । ततश्च स बौद्धमतेन बाधितो वा जैनमतेन बाधितो वा, तथापि स भगवत्प्रणीतशास्त्रे बाधितोऽर्थो न भवति, किन्तु बौद्धशास्त्रे बाधितोऽर्थो भवति, ततश्च तच्छ्रद्धानं नाभिनिवेशिकमिथ्यात्वं इति नातिव्याप्तिः । पूर्वं हि अस्माभिरपि टीकायां तृतीयातत्पुरुषसमास एव लिखितः, किन्तु पूर्वं तृतीयासमासकरणे हि एतादृशी पूर्वपक्षाशङ्का सम्भवतीति पूर्वं तृतीयातत्पुरुषसमासः कृत इति बोध्यम् ।

**ચન્દ્ર૦ : (પ્રશ્ન :** તો પણ અતિવ્યાપ્તિ આવશે જ, કેમકે ભિક્ષુએ બૌદ્ધમતવિરૂદ્ધ જે પદાર્થ કલ્પ્યો છે, તે પદાર્થ ભગવત્પ્રણીતશાસ્ત્ર **વડે** પણ બાધિત જ છે. એ ભિક્ષુએ કંઈ બૌદ્ધ મતનો ત્યાગ કરીને જૈનમત નથી સ્વીકાર્યો કે જેથી તેનો પદાર્થ જિનાગમને અનુસરનારો બને. દા.ત. કોઈક ભિક્ષુએ **"સર્વં ક્ષણિકં"** એ બૌદ્ધમતને અવગણીને **"આત્મા વિના બધું ક્ષણિક છે"** એવું સ્વીકાર્યું હોય, તો પણ તે પદાર્થ બૌદ્ધશાસ્ત્ર વડે જેમ બાધિત છે, તેમ જૈનશાસ્ત્ર વડે પણ બાધિત જ છે. જૈનશાસ્ત્રો "આત્મભિન્ન બધું ક્ષણિક" આવું સ્વીકારતા નથી. અને એટલે પૂર્વની જેમ જ અતિવ્યાપ્તિ આવશે.)

**ઉત્તર :** લક્ષણમાં "भगवत्प्रणीतशास्त्रबाधितार्थश्रद्धानं" એ જે ભાગ છે તેમાં ભગવત્પ્રણીતશાસ્ત્ર વડે બાધિત એવા જે અર્થો.... એમ તૃતીયાતત્પુરુષ સમાસ ન કરવો. પરંતુ "भगवत्प्रणीतशास्त्रे बाधितार्थश्रद्धानं" એમ સપ્તમી તત્પુરુષ સમાસ કરવો. (સપ્તમી વિભક્તિ ગર્ભમાં છે જેને એવો સમાસ કરવો.) આમ કરવાથી પૂર્વની જેમ જ અતિવ્યાપ્તિ આવવાની વાત ઉડી જશે. (કેમકે ભગવત્પ્રણીત શાસ્ત્રમાં જે અર્થ હોય કે જે અર્થ કદાગ્રહ, કુતર્કાદિને લીધે બાધિત થયેલો હોય, ખોટો કરાતો હોય તેવા અર્થનું શ્રદ્ધાન એ આ મિથ્યાત્વ છે. એટલે એ બાધિત થયેલો અર્થ ભલે ગમે તેનાથી બાધિત થયેલો હોય પણ એ અર્થ ભગવત્પ્રણીતશાસ્ત્રમાં હોવો જોઈએ. હવે "सर्वं क्षणिकं" એ પદાર્થ ભગવત્પ્રણીતશાસ્ત્રમાં નથી. પણ બૌદ્ધશાસ્ત્રમાં છે. એટલે "આત્મા વિના બધું ક્ષણિક" આ અર્થ બાધિત અર્થ છે. પરંતુ આ અર્થ ભગવત્પ્રણીતશાસ્ત્રમાં ન હોવાથી તે અર્થ ઉપરની શ્રદ્ધા આ મિથ્યાત્વ ન બને. માટે એ ભિક્ષુમાં અતિવ્યાપ્તિ ન આવે.

જ્યારે "क्रियमाणं कृतं" એ અર્થ ભગવત્પ્રણીતશાસ્ત્રમાં છે. એટલે "कृतं कृतं" એ જમાલિએ માનેલો અર્થ ભગવત્પ્રણીતશાસ્ત્રમાં બાધિત અર્થ છે. એટલે તેની શ્રદ્ધા એ આ મિથ્યાત્વ બને અને માટે જમાલિ વિગેરે આભિનિવેશિક કહી શકાય.)

**चन्द्र० :** "जिनागमे ये पदार्था दृश्यन्ते, तत्रैव विपरीतबोधं कृत्वा विपरीतपदार्थे श्रद्धानं आभिनिवेशिकमिथ्यात्वमिति" तात्पर्यार्थः । "सर्वं क्षणिकं" इति पदार्थो न जिनागमे दृश्यते, ततश्च तत्रैव "आत्मानं विना सर्वं क्षणिकं" इति विपरीतबोधं कृत्वा तत्र विपरीतपदार्थे श्रद्धानं कुर्वाणस्य भिक्षोर्नाभिनिवेशिकमिथ्यात्वमिति ।

**ચન્દ્ર૦ :** ("જિનાગમોમાં જે પદાર્થો દેખાય છે, તેમાં જ ઉંધો બોધ કરીને ઉંધા પદાર્થ ઉપર શ્રદ્ધા કરવી એ આભિનિવેશિક મિથ્યાત્વ કહેવાય"એ તાત્પર્ય છે. "સર્વં ક્ષણિકં" આ પ્રમાણેનો પદાર્થ જિનાગમમાં દેખાતો નથી. તેથી તે પદાર્થમાં "આત્મા વિના બધું ક્ષણિક" એમ વિપરીત બોધ કરીને તે વિપરીત પદાર્થમાં શ્રદ્ધા કરનારા ભિક્ષુને આ મિથ્યાત્વ ન લાગે.)

**यशो० : तथाप्यनाभोगात् प्रज्ञापकदोषाद्वा वितथश्रद्धानवति सम्यग्दृष्टावतिव्याप्तिः,**

**चन्द्र० :** "स्वरसवाहि" इतिपदस्य कृत्यं प्रदर्शयितुं प्रथमं तत्पदाभावे सम्भवन्तीमतिव्याप्तिं प्रदर्शयति-**तथाऽपि** = भिक्ष्वादौ अतिव्याप्तिनिरासेऽपि **अनाभोगात्** = प्रज्ञापकेन सम्यक्

पदार्थे निरूप्यमाणेऽपि विचित्रज्ञानावरणीयोदयप्रभावाद् विपरीतबोधाद् अबोधाद् वा, **प्रज्ञापकदोषाद्वा** = प्रज्ञापकस्यैव विचित्रज्ञानावरणीयादिप्रभावाद् यो विपरीतबोधः, तत्समुत्थाद् विपरीतप्रज्ञापनारूपाद् दोषाद् वा **वितथश्रद्धानवति** = भगवत्प्रणीतशास्त्रबाधितार्थश्रद्धानवति **सम्यग्दृष्टौ** = प्रकृतमिथ्यात्वाभाववति, **अतिव्याप्तिः** = लक्षणगमनादाभिनिवेशिकमिथ्यात्वापत्तिरिति ।

अयं भावः-सद्गुरुणा सम्यक्प्रकारेण कश्चित्पदार्थो निरूपितः, तथापि शिष्यस्य क्षयोपशममान्द्याद् अनुपयोगाद् अन्यस्माद् वा कारणात् तत्र विपरीतपदार्थज्ञानं अभूत् । स तु शिष्य एवमेव मन्यते यदुत, 'यः पदार्थो मया ज्ञातः, स सम्यगेव । गुरुणा एष एव पदार्थः कथितः' इति । एवं च विदुषोऽपि तस्य भगवत्प्रणीतशास्त्रे बाधितार्थश्रद्धानं भवति, ततश्च तस्यापि प्रकृतमिथ्यात्वं मन्तव्यं भवेत् ।

एवं गुरुरेव कदाचिदनुपयोगादिना विपरीतां प्रज्ञापनां कुर्यात्, गुरुपरतन्त्रस्तु शिष्यस्तमेव विपरीतं पदार्थं सम्यग् मत्वा श्रद्धत्ते । एवं तत्रापि प्रकृतमिथ्यात्वापत्तिः ।

<u>ચન્દ્ર</u>૦ : ("સ્વરસવાહી" આ પદનું કાર્ય શું છે ? એ બતાવવા માટે સૌ પ્રથમ તો આ પદ ન મૂકવામાં જે અતિવ્યાપ્તિ સંભવે છે તેને દેખાડે છે કે) જો કે ઉપર મુજબ ભિક્ષુ વિગેરેમાં તો અતિવ્યાપ્તિ દૂર થઈ જાય છે તો પણ અનાભોગના લીધે કે પ્રજ્ઞાપકદોષના લીધે ખોટી શ્રદ્ધાવાળા બનેલા એવા સમ્યગ્દૃષ્ટિમાં અતિવ્યાપ્તિ આવે છે.

(ગુરુએ તો સારી રીતે પદાર્થ સમજાવ્યો હોય, પરંતુ શિષ્યને અનુપયોગના કારણે કે જ્ઞાનાવરણીયના વિચિત્ર ઉદયના કારણે એ પદાર્થ કંઈક ઉંધો જ સમજાય એ શક્ય છે.

અથવા તો ગુરુ પોતે જ અનુપયોગાદિના કારણે ઉંધો જ પદાર્થ નિરૂપી દે અને ગુરુપરતંત્ર શિષ્ય તો એ પદાર્થ સાચો જ માની લે. આમ આ બે રીતે શિષ્યને ભગવત્પ્રણીતશાસ્ત્રમાં બાધિત અર્થની શ્રદ્ધા સંભવે છે. પ્રથમ રીતમાં અનાભોગ છે, જ્યારે બીજી રીતમાં પ્રજ્ઞાપક એવા ગુર્વાદિનો દોષ છે. આ બે કારણસર ખોટા પદાર્થમાં સમ્યગ્દૃષ્ટિ શ્રદ્ધા કરી બેસે એટલે તેમાં આ લક્ષણ જવાની આપત્તિ આવે.)

---

**यशो० : अनाभोगाद् गुरुनियोगाद्वा सम्यग्दृष्टेरपि वितथश्रद्धानभणनात् । तथा चोक्तमुत्तराध्ययननिर्युक्तौ (१६३) –**

सम्मद्दिट्ठी जीवो उवइट्ठं पवयणं तु सद्दहइ । सद्दहइ असब्भावं अणाभोगा गुरुणिओगा वा ।। इति ।।

---

**चन्द्र०** : **ननु** अनाभोगादिना मिथ्यात्विनो विपरीतश्रद्धानं भवतु नाम, सम्यग्दृष्टिस्तु सम्यग्दर्शनवान् कथं अनाभोगादिनाऽपि विपरीतपदार्थे श्रद्धावान् भवेत् ? नैव भवेदित्यत आह-**अनाभोगाद्** = स्वनिष्ठानुपयोगादिदोषाद् **गुरुनियोगात्** = गुरुपारतन्त्र्यात् **सम्यग्दृष्टेरपि** = न केवलं मिथ्यात्विन एव, किन्तु सम्यग्दृष्टेरपि इति **अपि**शब्दार्थः ।

**ननु** कुत्रैतद् भणितं यदुत सम्यग्दृष्टेरपि एवं वितथश्रद्धानं भवति ? इत्यतः शास्त्रपाठमाह- **तथा चोक्त**मित्यादि ।

उत्तराध्ययननिर्युक्तिगाथालेशार्थस्त्वयम् - सम्यग्दृष्टिर्जीव उपदिष्टं प्रवचनं श्रद्धत्ते । (तथा) अनाभोगाद् गुरुनियोगाद् वा असद्भावं = विपरीतपदार्थं श्रद्धत्ते ।

**ચન્દ્ર૦** : (**પ્રશ્ન** : અનાભોગાદિ વડે મિથ્યાત્વીને વિપરીતશ્રદ્ધા ભલે હોય, પણ સમ્યગ્દૃષ્ટિ તો સમ્યગ્દર્શનવાળો છે. તે અનાભોગાદિ વડે પણ વિપરીત શ્રદ્ધાવાળો શી રીતે બની શકે ? ન જ બને.)

**ઉત્તર** : અનાભોગથી કે ગુરુનિયોગથી = ગુર્વાજ્ઞાથી = ગુરુપારતન્ત્ર્યથી સમ્યગ્દૃષ્ટિને પણ વિપરીતપદાર્થમાં શ્રદ્ધા હોઈ શકે છે એવું શાસ્ત્રમાં કહેલું જ છે.

(**પ્રશ્ન** : કયા શાસ્ત્રમાં આવી વાત કરી છે ?)

**ઉત્તર** : ઉત્તરાધ્યયનસૂત્રની નિર્યુક્તિમાં કહ્યું છે કે "સમ્યગ્દૃષ્ટિ જીવ ઉપદેશેલા પ્રવચનની શ્રદ્ધા કરે છે, તથા અનાભોગથી કે ગુરુનિયોગથી અસદ્ભાવને = ખોટા પદાર્થને પણ શ્રદ્દહે છે, માને છે."

**चन्द्र०** : इदन्तु बोध्यम् – "इदं जिनवचनं, तस्मात्सम्यग्" इति जिनवचनत्वज्ञानाद् यच्छ्रद्धानं क्रियते, तद् असत्ये पदार्थे भवदपि न सम्यक्त्वं बाधते । ज्ञानावरणीयादेरेवायं दोषो यदुत अजिनवचनेऽपि जिनवचनत्वबोधः सञ्जातः, न तु मिथ्यात्वमोहनीयस्य । ततश्च तत्र मिथ्यात्वमोहनीयोदयाभावान्न सम्यक्त्वस्य बाधः, प्रत्युत कस्मिंश्चिज्जिनोक्ते पदार्थेऽपि "इदं न जिनोक्तं" इति मिथ्याज्ञानानन्तरमपि यदि तत्र श्रद्धानं कश्चित्कुर्यात्, तर्हि तस्य परमार्थतो जिनवचने श्रद्धानमपि मिथ्यात्वमेव भवति । अजिनोक्तत्वं ज्ञात्वाऽपि श्रद्धानकरणात् ।

अत्र दृष्टान्तः - "सिद्धा नित्या एव, न केनापि प्रकारेणानित्याः" इति कश्चिद् गुरुः "उत्पादव्ययध्रौव्ययुक्तं सत्" इति जिनवचनरहस्यानभिज्ञः प्ररूपितवान् । ततश्च तच्छिष्यः "इदं जिनवचनं, तस्मात् सम्यग्" इति परमार्थतोऽजिनवचनेऽपि जिनवचनत्वं ज्ञात्वा तत् श्रद्धत्ते । ततश्च तस्य जिनवचनत्वधर्मं पुरस्कृत्य श्रद्धानं इति तज्ज्ञानस्य वैपरीत्येऽपि सम्यक्त्वं निराबाधम् ।

एवं कश्चिद् गुरुः कञ्चित्शास्त्रविरूद्धमपि पदार्थं सम्यग् ज्ञात्वा प्रभूतयुक्तिभिस्तत्पदार्थं प्रतिपादयति, तत्र च शिष्यस्ता युक्तीः खण्डयितुमसमर्थोऽपि गुरूपरि प्रद्वेषमात्रादेव तं पदार्थं न स्वीकरोति, तत्र "इदं जिनवचनं" इति मिथ्याज्ञाने सत्यपि तच्छ्रद्धानाभावात् तस्य परमार्थतोऽजिनवचनेऽश्रद्धानेऽपि मिथ्यात्वम् । यदि च स तत्र श्रद्धानं कुर्यात्, तर्हि परमार्थतोऽजिनवचने श्रद्धानमपि तत्सम्यक्त्वं, जिनवचनत्वं पुरस्कृत्य श्रद्धानात् ।

अतिगहनमिदं तत्त्वं सूक्ष्मबुद्ध्या विभावनीयम् । अत एव उत्सूत्रभाषकशिष्याणां सरलानां गुरुप्ररूपितमुत्सूत्रमपि जिनवचनं मत्वा श्रद्दधानानां सम्यक्त्वं निराबाधमित्यपि विचिन्त्यम् । जिनवचनत्वं ज्ञात्वा तत्र श्रद्धानं सम्यक्त्वं, जिनवचनत्वं ज्ञात्वाऽपि तत्राश्रद्धानं मिथ्यात्वं इति गूढाभिप्रायः । जिनवचनत्वज्ञानं तु सम्यग् मिथ्या वा भवतु, न तेन परमार्थबाधः ।

**ચન્દ્ર૦ :** (અહીં આ ધ્યાનમાં લેવું કે "આ જિનવચન છે" એમ જાણીને ખરેખર જિનવચનમાં કે બીજા વચનમાં શ્રદ્ધા કરીએ તો એમાં સમ્યક્ત્વનો ઘાત ન થાય. જે ખરેખર જિનવચન નથી, એમાં અનાભોગાદિ કારણસર જિનવચનત્વનો બોધ થાય તો એમાં જીવના જ્ઞાનાવરણનો ઉદય વિગેરે કારણોનો જ આ દોષ છે. પણ એમાં મિથ્યાત્વમોહનીયનો ઉદય ન હોવાથી સમ્યક્ત્વનો ઘાત ન થાય.

એનાથી ઉંધુ એ કે જે ખરેખર જિનવચન હોય, છતાં ગમે તે કારણસર "આ જિનવચન નથી" એવો એમાં બોધ થાય. અને તેમ છતાં એને એ સાચું માને તો પરમાર્થથી તો એ જિનવચનમાં શ્રદ્ધાવાળો હોવા છતાં એને મિથ્યાત્વ લાગે છે. કેમકે "આ જિનવચન નથી" એમ જાણીને પણ એ તેમાં શ્રદ્ધા કરે છે.

**દા.ત.** "જેટલી સત્ વસ્તુ છે, એ તમામ ઉત્પાદ, વિનાશ, સ્થિરતાવાળી છે" આવા પ્રવચનના રહસ્યને ન જાણનાર કોઈ ગુરુ શિષ્યોને ઉપદેશ આપે કે "સિદ્ધો નિત્ય જ છે. એ કદિ નાશ ન પામે" તો ગુરુપરતંત્ર શિષ્ય એને જિનવચન સમજી લઈ તેમાં શ્રદ્ધા કરે જ અને તેમ છતાં એના સમ્યક્ત્વનો ઘાત ન થાય.

હવે કોઈક અજૈન ગ્રન્થમાં જૈનગ્રન્થનું જ વાક્ય લખ્યું હોય એ વાંચીને કોઈ સાધુ "આ જૈનવચન નથી" એમ સમજે અને તેમ છતાં એની શ્રદ્ધા કરે તો એને મિથ્યાત્વ લાગે. (કોઈક અપેક્ષાએ આ જૈનવચન જ છે એમ સમજીને શ્રદ્ધા કરવામાં કઈ વાંધો નથી પણ "જિનવચન નથી" એમ સમજીને પણ એમાં શ્રદ્ધા કરે તો એ ખરેખર જૈનવચનમાં જ શ્રદ્ધા કરતો હોવા છતાં એને મિથ્યાત્વ લાગે.)

ટુંકમાં જિનવચનત્વ જ્યાં જ્યાં જણાય, ત્યાં ત્યાં સર્વત્ર શ્રદ્ધા કરનાર અને જ્યાં જ્યાં જિનવચનભિન્નત્વ જણાય, ત્યાં ત્યાં સર્વત્ર શ્રદ્ધા ન કરનારનું સમ્યક્ત્વ ટકે. એ જિનવચનત્વ કે જિનવચનભિન્નત્વનું જ્ઞાન સાચું હોય કે ખોટું તો ય એમાં સમ્યક્ત્વને કોઈ વાંધો ન આવે.

અતિ ઉંડુ આ તત્ત્વ સૂક્ષ્મબુદ્ધિથી વિચારવું. આ કારણસર જ ઉત્સૂત્રભાષકો સરળ શિષ્યો કે જેઓ ગુરુપ્રરૂપિત અર્થ ઉત્સૂત્ર હોવા છતાં અનાભોગાદિના કારણે તેને જિનવચન માની લઈ તેમાં શ્રદ્ધા કરે, તો તેમને સમ્યક્ત્વ માનવામાં કોઈ વાંધો નથી.)

---

**<u>यशो०</u> : तद्वारणाय स्वरसवाहीति, सम्यग्वक्तृवचनाऽनिवर्त्तनीयत्वं तदर्थः, अनाभोगादिजनितं मुग्धश्राद्धादीनां वितथश्रद्धानं तु सम्यग्वक्तृवचननिवर्त्तनीयमिति न दोषः।**

---

**<u>चन्द्र०</u> : तद्वारणाय** = अतिव्याप्तिवारणाय **स्वरसवाहीति** । **ननु** अस्य पदस्य कोऽर्थ? इत्यत आह - **सम्यग्वक्तृवचनाऽनिवर्त्तनीयत्वं** = सम्यग् = समीचीनं, युक्तियुक्तं यद् **वक्तुः** = प्रज्ञापकस्य वचनं, तेन अनिवर्त्तनीयत्वं = अविनाशनीयत्वं **तदर्थः** = 'स्वरसवाही'- पदस्यार्थः ।

**<u>ચન્દ્ર</u>૦** આ અતિવ્યાપ્તિ દૂર કરવા માટે **સ્વરસવાહી** એ પદ લખેલ છે. આ પદનો અર્થ એ છે કે વક્તાના સારા = યુક્તિયુક્ત વચન વડે પણ જે ભગવત્પ્રણીતશાસ્ત્ર-બાધિતાર્થશ્રદ્ધાન દૂર ન થાય તે શ્રદ્ધાન સ્વરસવાહી કહેવાય.

(હવે ગુરુપારતન્ત્ર્યદિના લીધે જે સાધુઓ ખોટા પદાર્થમાં શ્રદ્ધા ધરાવે છે તેમની તે શ્રદ્ધા તો કોઈ ગીતાર્થ ગુરુની સમ્યક્ સમજણથી તરત દૂર થઈ જાય તેવી છે એટલે સ્વરસવાહી નથી. એટલે તેઓમાં સ્વરસવાહી એવી તાદશશ્રદ્ધા ન હોવાથી લક્ષણ ન ઘટતા અતિવ્યાપ્તિ ન આવે.)

**चन्द्र०** : **ननु** स्वरसवाहिपदाभावेऽपि नातिव्याप्तिः, यतो "विदुषोऽपि" इतिपदस्य "शास्त्रतात्पर्यबाधप्रतिसन्धानवतोऽपि" इत्यर्थोऽनन्तरमेव ग्रन्थकृद् दर्शयिष्यति । गुरुपारतन्त्र्यादिना भगवत्प्रणीतशास्त्रबाधितार्थश्रद्धानवन्तोऽपि शिष्याः "एष अर्थः शास्त्रतात्पर्यबाधवान्" इति प्रतिसन्धानवन्तो न सन्त्येव । तादृशप्रतिसन्धानसत्त्वे तु ते तादृशं श्रद्धानं परित्यजेयुरेव, अन्यथा तेषां श्रद्धानं स्वरसवाहि = सम्यग्वक्तृवचनानिवर्त्तनीयमेव परिगणनीयं स्यात् । इत्थञ्च 'विदुषोऽपि' इति पदेनैवातिव्याप्तिनिराससम्भवात्स्वरसवाहिपदमनर्थकमिति **चेत्**, अत्रास्माकमयमभिप्रायो यदुत गुरुपरतन्त्रा अगीतार्थाः शिष्याः "गुरुप्रतिपादितमर्थं शास्त्रतात्पर्यबाधितम्" इति ज्ञानसत्त्वेऽपि "गीतार्थैर्गुरुभिर्द्रव्यक्षेत्रादीन् परिभाव्यैवायमर्थः प्रतिपादितः सम्भवति । ततश्च यद्यपि तत्र शास्त्रतात्पर्यबाधो ज्ञायते, तथापि द्रव्यक्षेत्रादिज्ञातृभिर्गुरुभिः प्रतिपादितमेवास्माकं हितकरम्" इति चिन्तयन्ति । एवं च शास्त्रतात्पर्यबाधवन्तोऽपि ते तादृशश्रद्धानं न परित्यजन्ति । न च तावन्मात्रेण तेषां मिथ्यात्वं, गुरुप्रतिपादिते शास्त्रतात्पर्यबाधितेऽपि अर्थे गीतार्थताश्रद्धानप्रयुक्तश्रद्धानत्वात् । ततश्च यदि 'स्वरसवाहि' इति पदं नोपादीयते, तर्हि तत्रातिव्याप्तिः स्यात् तद्वारणाय तत्पदमावश्यकम् ।

यदि कश्चिद् वक्ता सम्यक्प्रकारेण प्रज्ञापयेद् यदुत यद्यपि भवतां गुरवो गीतार्थाः, तथापि अनाभोगादिना तैर्विपरीतं प्ररूपणं कृतम् । यतस्तेषां निरूपणे वर्तमानद्रव्यादीनपेक्ष्यापि बहवो दोषाः सम्पद्यन्ते..." इत्यादि तर्हि ते शिष्या विपरीतश्रद्धानं त्यजेयुः । इत्थं च तेषां श्रद्धानस्य स्वरसवाहित्वाभावान्नातिव्याप्तिरिति ।

अयं अन्यो वा कश्चिन्महोपाध्यायानामाशय इति तु न सम्यग् जानीमः, बहुश्रुता एवात्रार्थे प्रमाणम् ।

**ચન્દ્ર૦** : **(પ્રશ્ન** : સ્વરસવાહિ પદ ન મૂકો તો પણ અતિવ્યાપ્તિ ન આવે. કેમકે લક્ષણમાં "વિદુષોઽપિ" જે પદ છે તેનો અર્થ ગ્રન્થકાર હમણા જ કહેશે કે "શાસ્ત્રતાત્પર્યના બાધના પ્રતિસંધાનવાળાની પણ..."

હવે ગુરુપારતન્ત્ર્યાદિના કારણે ભગવત્પ્રણીતશાસ્ત્રબાધિતાર્થમાં શ્રદ્ધાવાળા બનેલા શિષ્યો "આ પદાર્થ શાસ્ત્રતાત્પર્યના બાધવાળો છે." એવા પ્રતિસંધાન = બોધવાળા નથી કેમકે જો તેવું પ્રતિસંધાન હોય તો તેઓ તેવા પ્રકારની શ્રદ્ધાને છોડી જ દે. જો ન છોડે તો તેમની શ્રદ્ધા સ્વરસવાહી = વક્તાના સમ્યગ્વચનથી પણ દૂર ન થાય તેવી જ બની રહે.

આમ "વિદુષોઽપિ" એ પદ વડે જ અતિવ્યાપ્તિ દૂર થઈ જતી હોવાથી "સ્વરસવાહિ" પદ નકામું છે.

**ઉત્તર :** મારો અભિપ્રાય આ પ્રમાણે છે કે 'ગુરુપરતંત્ર શિષ્યોને ખબર પડે કે "અમારા ગુરુનો અમુક પદાર્થ શાસ્ત્રતાત્પર્યબાધવાળો છે" તો પણ તેઓ વિચારે કે "જો કે આ પદાર્થ શાસ્ત્રતાત્પર્યના બાધવાળો જણાય છે, છતાં અમારા ગુરુ ગીતાર્થ હતા, એટલે એમણે દ્રવ્યક્ષેત્રાદિ જોઈને જ આ પદાર્થ કહ્યો હશે. એટલે એ શાસ્ત્રબાધિત જણાય છતાં, દ્રવ્યક્ષેત્રાદિ વિચાર્યા બાદ અમણે એમને જે પદાર્થ કહ્યો એ જ અમારા માટે હિતકારી હશે."

આમ વિચારી તેઓ તે શ્રદ્ધાને ન પણ છોડે એટલે જો સ્વરસવાહી પદ ન મૂકો તો બાકીનું લક્ષણ આ લોકોમાં જતું રહે. આ સાધુઓ મિથ્યાત્વી ન કહેવાય. કેમકે ગુરુકથિત પદાર્થમાં શાસ્ત્રતાત્પર્યબાધનું જ્ઞાન હોવા છતાંય ગુરુની ગીતાર્થતામાં શ્રદ્ધા મૂકીને એ પદાર્થ ઉપર શ્રદ્ધા રાખી રહ્યા છે. એટલે એમના મનમાં વ્યક્તિરાગ નહિ, પરંતુ ગીતાર્થતાની મહત્તા અંકાયેલી હોવાથી તેઓ મિથ્યાત્વી ન મનાય પણ લક્ષણ જતાં અતિવ્યાપ્તિ આવે.

"સ્વરસવાહી" પદથી આ આપત્તિ નીકળી જાય. કેમકે શિષ્યોને કોઈ પરિપક્વ બીજો ગીતાર્થ સમજાવે કે "તમારા ગુરુ ગીતાર્થ હતા, એ વાત સંપૂર્ણ સાચી ! પણ આ પદાર્થમાં છદ્મસ્થતાદિને લીધે તેમનાથી ખોટું પ્રરૂપણ થઈ ગયું છે. વર્તમાન દ્રવ્ય, ક્ષેત્રાદિની અપેક્ષાએ પણ આ પદાર્થમાં ઘણા દોષો જણાય છે..."

આવી સમ્યક્ સમજણ પામીને તેઓ તે શ્રદ્ધાને છોડી દે. આમ તેઓની તે શ્રદ્ધા સ્વરસવાહી ન હોવાથી અતિવ્યાપ્તિ ન આવે.

મહોપાધ્યાયજીનો આ જ અભિપ્રાય હતો કે બીજો કોઈક ? એનો મને ખ્યાલ આવતો નથી ! આ પદાર્થમાં બહુશ્રુત જે કહે છે એ જ પ્રમાણ.'

એમ ગુરુના વચન સાંભળતી વખતે પણ અગીતાર્થ ગુરુપરતન્ત્ર શિષ્યોને એક બાજુ શાસ્ત્રતાત્પર્યબાધનું પ્રતિસંધાન હોય, જ્યારે બીજી બાજુ ગીતાર્થગુરુ પરની શ્રદ્ધાના કારણે તેમના વચન ઉપર શ્રદ્ધા પણ હોય, પણ પાછળથી કોઈક વક્તા સારી રીતે સમજાવી દે તો એ શ્રદ્ધાને છોડી દે એવી કક્ષાની એ શ્રદ્ધા હોય.)

**यशो० : तथापि जिनभद्रसिद्धसेनादिप्रावचनिकप्रधानविप्रतिपत्तिविषयपक्षद्वयान्यतरस्य वस्तुतः शास्त्रबाधितत्वात्तदन्यतरश्रद्धानवतोऽभिनिवेशित्वप्रसङ्ग इति तद्वारणार्थं विदुषोऽपीति=शास्त्रतात्पर्यबाधप्रतिसन्धानवत इत्यर्थः।**

**चन्द्र०** : "विदुषोऽपि" इति पदस्य कृत्यमाह - **तथाऽपि** = 'स्वरसवाही' पदेनातिव्याप्तिवारणेऽपि यदि 'विदुषोऽपि' इति पदं नोपादीयते तर्हि **जिनभद्रसिद्धसेने**त्यादि, प्रावचनिकाः = शासनप्रभावकप्रथमभेदस्वरूपास्तत्तत्कालीनश्रुतार्थपारगामिनो गुणभाजः, तेषु प्रधाना इति **प्रावचनिकप्रधानाः** । जिनभद्रसिद्धसेनादयश्चामी प्रावचनिकप्रधानाश्च इति जिनभद्रसिद्धसेनादिप्रावचनिकप्रधानाः । "प्रावचनिकप्रधान"पदेन जिनभद्रादीनां सम्यग्दृष्टित्वं निवेदितं भवति । न मिथ्यादृष्टयः प्रावचनिका अपि भवितुमर्हन्ति, तर्हि प्रावचनिकप्रधानास्तु कथं भवितुमर्हन्ति ।

एतेषां प्रावचनिकप्रधानानां या **विप्रतिपत्तिः** = 'केवलिनां क्रमशो ज्ञानदर्शनोपयोगौ भवतः' इति जिनभद्रक्षमाश्रमणानां मतं, 'केवलिनामनवरतं ज्ञानोपयोग एवे'ति सिद्धसेन-दिवाकरसूरीणां मतम् । ततश्च केवल्युपयोगविषये या तेषां परस्परं विरुद्धा प्रतिपत्तिः, तस्या **विषय**भूतं यत् **पक्षद्वयं** = क्रमशो ज्ञानदर्शनोपयोग-सततज्ञानोपयोगात्मकं, तस्माद् **अन्यतरस्य** = क्रमशो ज्ञानदर्शनोपयोगस्य सततं ज्ञानोपयोगस्य वा **वस्तुतः** = परमार्थतः सर्वज्ञदृष्ट्या इति यावत्, **शास्त्रबाधितत्वात्** = जिनमतविरूद्धत्वात् **तदन्यतरश्रद्धानवतो** = तस्मात्पक्षद्वयाद् यदन्यतरः पक्षः = क्रमशो ज्ञानदर्शनोपयोगः सततं ज्ञानोपयोगो वा, तच्छ्रद्धानवतः = जिनभद्रक्षमाश्रमणस्य सिद्धसेनदिवाकरस्य वा **अभिनिवेशित्वप्रसङ्गः** = अभिनिवेशिक-मिथ्यात्वापत्तिः । **इति** = एतस्मात्कारणात् **तद्वारणार्थं** = जिनभद्रादीनां अभिनिवेशित्व-प्रसङ्गवारणार्थं **विदुषोऽपीति** = **शास्त्रतात्पर्यबाधप्रतिसन्धानवतः** "ममेदं मतं शास्त्रतात्पर्यबाधवान्" इति बोधवान् अत्र "विदुषोऽपि" इति पदेन ग्राह्य इति भावः ।

इदमत्र तात्पर्यम्-जिनभद्रगणिक्षमाश्रमणाः "केवलिनां क्रमशो ज्ञानदर्शनोपयोगौ भवतः" इति भगवत्याद्यागमबलात्प्राहुः, सिद्धसेनदिवाकरसूरयस्तु "केवलिनामनवरतं ज्ञानोपयोग एव भवति" इति सूक्ष्मयुक्तिबलात्प्राहुः । अत्र जिनभद्रगणिनः सिद्धसेनाश्च उभयेऽपि निजाभिप्रायं शास्त्रानुसारिणमेव मन्यन्ते, प्रतिपादयन्ति च । किन्तु केवलिज्ञानेन तु कस्यापि एकस्य मतं शास्त्रबाधितमस्त्येव । ततश्च यस्य मतं केवलिदृष्ट्या शास्त्रबाधितं, तस्य स्वपदार्थश्रद्धानं भगवत्प्रणीतशास्त्रबाधितार्थश्रद्धानं सञ्जातम् । तथा वक्तृभिः सम्यग्वचनैः प्रज्ञाप्यमाना अपि ते

उभयेऽपि न निजमतं अपरित्यजन् । किन्तु स्वमतमेवामन्यन्त । तथा च तेषां तच्छ्रद्धानं "स्वरसवाहि" अपि । एवं च यदि "विदुषोऽपि" पदं न गृह्यते, तर्हि अन्यतरस्य स्वरसवाहि-भगवत्प्रणीतशास्त्रबाधितार्थश्रद्धानवत्त्वादाभिनिवेशिकत्वापत्तिर्दुर्वारैव । "विदुषोऽपि" इति पदोपादाने तु न इयमापत्तिः ।

**ચન્દ્ર૦** : (આ રીતે અનાભોગાદિથી ખોટા પદાર્થમાં શ્રદ્ધા કરનારા ગુરુપરતન્ત્રાદિ શિષ્યોમાં આવતી અતિવ્યાપ્તિ 'સ્વરસવાહિ' પદથી દૂર થઈ જવા છતાં જો "વિદુષોઽપિ" એ પદ ન મૂકીએ તો પાછી અતિવ્યાપ્તિ આવે. તે આ પ્રમાણે -

જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ અને સિદ્ધસેન દિવાકરસૂરિ એ પ્રાવચનિક નામના પ્રથમ શાસનપ્રભાવકોમાં શ્રેષ્ઠ કક્ષાના ગણાય છે. પ્રાવચનિક એટલે તે તે કાળના સૂત્ર-અર્થનો પાર પામેલા, ગુણભંડાર મહાત્માઓ. શાસનપ્રભાવક નિયમથી સમ્યગ્દૃષ્ટિ હોય. મિથ્યાત્વીઓ પ્રાવચનિક પણ ન બને તો પ્રાવચનિકપ્રધાન તો બને જ શી રીતે? [વ્યવહારથી ભલે મિથ્યાત્વીઓ પણ શાસનપ્રભાવક કહેવાય. પણ પરમાર્થ એ છે કે જે સમ્યક્ત્વી હોય તે જ શાસનપ્રભાવક ગણી શકાય. માટે જ સમકિતના ૬૭ બોલમાં જ આ શાસનપ્રભાવકો ગણ્યા છે.] હવે આ મહાત્માઓ સમ્યગ્દૃષ્ટિ હોવા છતાં એમાં આ લક્ષણ જતું રહેવાથી અતિવ્યાપ્તિ આવે.

**લક્ષણ આ રીતે જશે.)**

(શ્રીજિનભદ્રજી માને છે કે "કેવલીઓને ક્રમશઃ = વારાફરતી જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગ હોય." આ પદાર્થ તેઓ ભગવતીસૂત્ર વિગેરે આગમના આધારે માને છે. જ્યારે શ્રીસિદ્ધસેનસૂરિજી માને છે કે "કેવલીઓને સતત એકમાત્ર જ્ઞાનોપયોગ જ હોય" આ વાત તેઓ મુખ્યત્વે સૂક્ષ્મયુક્તિના આધારે માને છે.)

એટલે કેવલીઓને ઉપયોગ કેવી રીતે હોય એ બાબતમાં બેયની વિરૂદ્ધ માન્યતા (વિપ્રતિપત્તિ) છે. આ વિપ્રતિપત્તિનો વિષય બે પક્ષ બને. (૧) ક્રમશઃ જ્ઞાન-દર્શન બે ઉપયોગ. (૨) સતત માત્ર જ્ઞાનોપયોગ. હવે તેઓ તો પોતપોતાના પદાર્થને શાસ્ત્રાનુસારી જ માને છે, છતાં એક હકીકત છે કે પરમાર્થથી = કેવલીની દૃષ્ટિએ તો એ બે પક્ષમાંથી કોઈપણ એક પક્ષ તો શાસ્ત્રબાધિત હોવાનો જ અને એટલે એ બે પક્ષમાંથી જે પક્ષ ખોટો હશે, તેની શ્રદ્ધાવાળા મહાત્મા અભિનિવેશી માનવા પડશે. કેમકે તેઓ ભગવત્પ્રણીતશાસ્ત્રબાધિતઅર્થમાં શ્રદ્ધાવાળા બન્યા.

(વળી આ બે ય મહાત્માઓને જુદા જુદા વક્તાઓએ સમ્યગ્વચનો વડે સમજાવ્યા જ હશે. રે ! બે ય જણે પરસ્પર તો એકબીજાના પદાર્થોને ખોટા સાબિત કરનારી યુક્તિઓ આપી જ હશે. છતાં બેમાંથી એકેય મહાત્માએ પોતાનો પદાર્થ = પદાર્થશ્રદ્ધાન છોડી નથી, એટલે એ બે ય મહાત્માની શ્રદ્ધા વક્તાના સમ્યગ્વચનોથી અનિવર્તનીય અર્થાત્ સ્વરસવાહી પણ હતી જ. આમ લક્ષણ ઘટી જતાં બેમાંથી કોઈક એક મહાત્માને તો અભિનિવેશી માનવા જ પડશે. પણ મહાન પ્રવચનપ્રભાવક બે ય નિયમથી સમ્યગ્દૃષ્ટિ હોવાથી કોઈને પણ અભિનિવેશી મિથ્યાત્વી ન જ માની શકાય.)

એટલે આ અતિવ્યાપ્તિ દૂર કરવા માટે **વિદુષોઽપિ** શબ્દ લક્ષણમાં લીધો છે. શાસ્ત્રતાત્પર્યના બાધના પ્રતિસંધાનવાળા જે હોય, એટલે કે "મારો પદાર્થ શાસ્ત્રતાત્પર્યથી બાધિત છે" આવા બોધવાળા જે હોય તે વિદ્વાન તરીકે અહીં લેવાના છે. આ પદ લેવાથી હવે અતિવ્યાપ્તિ નહિ આવે. (શી રીતે ન આવે ? તે હવે આગળ બતાવશે.)

**यशो० : सिद्धसेनादयश्च स्वस्वाभ्युपगतमर्थं शास्त्रतात्पर्यबाधं प्रतिसन्धायापि पक्षपातेन न प्रतिपन्नवन्तः, किन्त्वविच्छिन्नप्रावचनिकपरम्परया शास्त्रतात्पर्यमेव स्वाभ्युपगतार्थानुकूलत्वेन प्रतिसन्धायेति न तेऽभिनिवेशिनः,**

**चन्द्र० : कथं** "विदुषोऽपि" पदग्रहणात्सिद्धसेनादौ नातिव्याप्तिः ? इत्याह- **सिद्धसेनादयश्च, शास्त्रतात्पर्यबाधं प्रतिसन्धायापि पक्षपातेन न प्रतिपन्नवन्तः** = किन्तु शास्त्रतात्पर्यबाधं अप्रतिसन्धायैव स्वाभ्युपगतमर्थं प्रतिपन्नवन्त इति भावार्थः । तथा च न ते "विदुषोऽपि" पदेन गृह्यन्त इति नातिव्याप्तिः ।

**ननु** तर्हि कथं ते तमर्थं प्रतिपन्नवन्तः ? इत्यत आह - **किन्तु अविच्छिन्नप्रावचनिकपरम्परया** = अविच्छिन्ना या प्रावचनिकां = तत्तत्कालीनश्रुतार्थपारगामिनां स्वगुरूणां परम्परा तया । प्रावचनिकपरम्परापदेन अगीतार्थपरम्परानिषेधो व्यक्तीकृतः, अगीतार्थपरम्परया समागतोऽर्थस्तु शास्त्रतात्पर्यबाधितः सम्भवत्येवेति । **शास्त्रतात्पर्यमेव स्वाभ्युपगतार्थानुकूलत्वेन प्रतिसन्धाय** = "मया योऽर्थोऽभ्युपगतः, तदनुसारि एव शास्त्रतात्पर्यं, न तु तद्विपरीतम्" इति ज्ञात्वैव **इति** = यत एवं, तस्मात्कारणात् **न तेऽभिनिवेशिनः** ।

**ચન્દ્ર૦ :** સિદ્ધસેનસૂરિજી વિગેરેએ પોતે સ્વીકારેલા અર્થમાં શાસ્ત્રતાત્પર્યનો બાધ આવે છે એવું જાણ્યા પછી પણ માત્ર પક્ષપાતના કારણે અર્થ પકડી રાખ્યો હતો એવું તો નથી

જ, પરંતુ આવા પ્રતિસંધાન વિના જ એમણે સ્વાભ્યુપગત અર્થને પકડી રાખેલો હતો.

એમાં કારણ એ કે તત્તત્કાલીનશ્રુત-અર્થના પારગામી, ગીતાર્થ એવા પોતપોતાના ગુરુઓની જે અવિચ્છિન્ન પરંપરા ચાલી આવતી હતી એ પરંપરા વડે તે બે ય મહાત્માઓ એમ જ સમજતા હતા કે "અમે જે પદાર્થ માનીએ છીએ, તેને અનુકૂલ જ શાસ્ત્રતાત્પર્ય છે. તેનાથી વિરૂદ્ધ નથી." આમ સમજીને જ તેઓએ સ્વપદાર્થની શ્રદ્ધા પકડી રાખેલી છે. એટલે તેઓ **શાસ્ત્રતાત્પર્યબાધાનુસંધાનવાન્** ન હોવાથી "વિદુષોઽપિ" પદ દ્વારા એમનું ગ્રહણ થઈ શકે નહિ. એટલે અતિવ્યાપ્તિ ન આવે.

(અહીં "અવિચ્છિન્નપ્રાવચનિકપરંપરા" શબ્દ લખ્યો છે, એ ગંભીર અર્થવાળો છે. પ્રાવચનિક એટલે ગીતાર્થ જ હોય. જો અગીતાર્થની પરંપરા ચાલી આવતી હોય તો એનો અર્થ સ્વીકારી ન શકાય. કેમકે એ અર્થ તો શાસ્ત્રતાત્પર્યબાધવાળો હોવાની પાકી શક્યતા છે જ. એટલે **પ્રાવચનિકપરંપરા** જ લીધી.

અને પ્રાવચનિક પરંપરા પણ જો વિચ્છિન્ન હોય તો પછી પૂર્વના પ્રાવચનિક પાસે રહેલા શાસ્ત્રાર્થો વચ્ચે પરંપરા વિચ્છેદ થવાથી પછીના પ્રાવચનિક પાસે સંપૂર્ણરૂપે ન જ પહોંચ્યા હોય. **દા.ત.** ચોથી પેઢી સુધી પ્રાવચનિકો થયા, પછી ૪થી ૭માં કોઈ પ્રાવચનિક ન થયું. અને ૮મી પેઢીમાં વળી કોઈ શક્તિસંપન્ન આત્મા પ્રાવચનિક બને તો એ પ્રાવચનિક બનેલો હોવા છતાં ૪થી પેઢી સુધીના પ્રાવચનિકો પાસે રહેલા ઘણા મહત્ત્વના શાસ્ત્રાર્થો આની પાસે ન જ હોય. અને એટલે આ પ્રાવચનિકના અર્થ પણ શાસ્ત્રતાત્પર્યબાધવાળા હોવાની પાકી સંભાવના રહે જ છે. માટે જ એ પદાર્થોનો સ્વીકાર કરવામાં વિચાર કરવો પડે. પરંતુ આ બેય મહાત્માઓને તો અવિચ્છિન્ન ગીતાર્થ ગુરુની પરંપરા દ્વારા તે તે પદાર્થો મળેલા એટલે જ તે બેય મહાત્માઓ આમ જ વિચારે કે "અવિચ્છિન્નગીતાર્થગુરુની પરંપરાથી આવેલો આ પદાર્થ છે, માટે શાસ્ત્રતાત્પર્ય આ પદાર્થને અનુકૂલ જ હોય, વિપરીત નહિ." એ સ્વાભાવિક બાબત છે.)

---

**यशो० : गोष्ठामाहिलादयस्तु शास्त्रतात्पर्यबाधं प्रतिसन्धायैवान्यथा श्रद्धते इति न दोषः ३।।**

---

चन्द्र० : एवमतिव्याप्तिं निराकृत्याधुना लक्ष्ये लक्षणं योजयति-**गोष्ठामाहिलादयस्तु** = गोष्ठामाहिलप्रभृतिनिह्नवास्तु । **प्रतिसन्धायैव** = न तु अप्रतिसन्धाय इत्येवकारार्थः, **अन्यथा**

= शास्त्रतात्पर्यबाधितार्थं **श्रद्धत्ते इति न दोषः** = न तत्र लक्षणस्याव्याप्तिरिति ।

**ચન્દ્ર૦ :** (આ પ્રમાણે અતિવ્યાપ્તિને દૂર કરીને હવે લક્ષ્યમાં લક્ષણને જોડે છે કે) ગોષ્ઠામાહિલ વગેરે નિહ્નવો તો પોતાના પદાર્થમાં શાસ્ત્રતાત્પર્યના બાધને જાણીને જ ખોટા પદાર્થની શ્રદ્ધા કરનારા હતા, નહિ કે જાણ્યા વિના. એટલે તેઓમાં આ લક્ષણ ઘટી જતા અવ્યાપ્તિ ન આવે.

**चन्द्र० : ननु** "विदुषोऽपि" इत्यत्र "अपि"शब्दस्य कोऽर्थः ? "न केवलं शास्त्रतात्पर्यबाधप्रतिसन्धानाभाववतः, किन्तु शास्त्रतात्पर्यबाधप्रतिसन्धानवतोऽपि" - इत्यर्थो यदि गृह्यते, तर्हि अयं लक्षणार्थः पर्यवसन्नो यदुत शास्त्रतात्पर्यबाधप्रतिसन्धानाभाववतः तत्प्रतिसन्धानवतो वा तादृशश्रद्धानमाभिनिवेशिकम् । ततश्च जिनभद्रादयोऽपि आभिनिवेशिका भवेयुरिति **चेत्** न, न हि अत्र "अपि"शब्दः शास्त्रतात्पर्यबाधप्रतिसन्धानाभाववतः समुच्चायकः, किन्तु सम्यग्दर्शनदशायां शास्त्रतात्पर्यबाधप्रतिसन्धानवत्त्वं तादृशश्रद्धानं च परस्परमत्यन्तं विरोधि । ततश्च यदि तादृशप्रतिसन्धानेऽपि तादृशश्रद्धानं भवेत्, तर्हि तत्र सम्यग्दर्शनं नास्त्येवेति निश्चीयत इति भावः । तथा च लक्षणे शास्त्रतात्पर्यबाधप्रतिसन्धानवन्त एव "विदुषोऽपि" पदेन ग्राह्याः, "अपि" शब्दार्थश्चानन्तरोक्तरीत्या बोध्य इति ।

**ચન્દ્ર૦ : (પ્રશ્ન :** "વિદ્વાનને પણ" આમાં **પણ** શબ્દનો શું અર્થ છે ? જો તમે એવો અર્થ કરો કે "માત્ર શાસ્ત્રતાત્પર્યબાધપ્રતિસંધાન વિનાનાને નહિ, પણ શાસ્ત્રતાત્પર્યબાધપ્રતિસંધાનવાળાને **પણ** ..." તો પછી લક્ષણનો અર્થ આ પ્રમાણે થશે કે, "તાદશપ્રતિસંધાનના અભાવવાળા કે તાદશપ્રતિસંધાનવાળા...બેયનું તાદશશ્રદ્ધાન એ અભિનિવેશિત્વ કહેવાય." અને જો આ અર્થ થાય તો પછી શ્રીજિનભદ્રગણિ વિગેર પણ અભિનિવેશી માનવા પડે.

**ઉત્તર :** અહીં **પણ** શબ્દ તાદશપ્રતિસંધાનાભાવવાળાને પણ લક્ષણમાં લઈ લેવા માટે નથી મૂક્યો, પરંતુ - સમ્યક્ત્વની હાજરી હોય એ વખતે તાદશપ્રતિસંધાન અને તાદશશ્રદ્ધા એ બે અત્યંત વિરોધી છે. એટલે હવે જો આ પ્રતિસંધાન હોવા છતાં તાદશશ્રદ્ધાન હોય તો પછી ત્યાં સમ્યક્ત્વની હાજરી ન જ હોય. આવા અર્થને જણાવવા માટે **પણ** પદ છે. એટલે "વિદુષોઽપિ" પદથી માત્ર તાદશપ્રતિસંધાનવાળા જ ગ્રહણ કરવા.

**यशो० : भगवद्वचनप्रामाण्यसंशयप्रयुक्तः शास्त्रार्थसंशयः सांशयिकम्, यथा 'सर्वाणि दर्शनानि प्रमाणं कानिचिद्वा', 'इदं भगवद्वचनं प्रमाणं न वा' इत्यादि संशयानानाम्।**

चन्द्र० : ४. चतुर्थं सांशयिकमिथ्यात्वं आह - **भगवद्वचने**त्यादि, जिनवचने यः प्रामाण्यस्य संशयः "अस्मिन्वचने प्रामाण्यमस्ति न वा" इत्यादिरूपः, तादृशसंशयप्रयुक्तो यः **शास्त्रार्थसंशयः** = जैनशास्त्रस्यार्थे संशयः "किमयं प्रमाणं न वा ?" इत्यादिरूपः, स **सांशयिकं** = तन्नामकं मिथ्यात्वम् ।

भगवद्वचने प्रामाण्यसंशयो द्विविधः-सर्वसंशयो देशसंशयश्च । तत्र सर्वसंशयाकारमाह- **सर्वाणि दर्शनानि** इत्यादि, अत्र हि सर्वदर्शनेषु जैनदर्शनमपि प्रविष्टमेव । ततश्च "जैनदर्शनं प्रमाणं न वा" इत्यपि प्रकृतसंशयान्तर्गत आकारः । ततश्च सकलजैनदर्शने प्रामाण्यस्य संशयभूतोऽयं संशयः सर्वसंशयः । **इदं भगवद् वचनं** इत्यादि, अत्र हि न सर्वेषु जिनवचनेषु प्रामाण्यसंशयः, किन्तु विवक्षितजिनवचन एव, ततश्च सर्वजिनवचनैकदेशभूते जिनवचने प्रामाण्यसंशयभूतोऽयं संशयो देशसंशयरूपः । **संशयानानां** = संशयं कुर्वाणानां ।

ચન્દ્ર૦ : (૪) **સાંશયિકમિથ્યાત્વ** = પરમાત્માના વચનમાં પ્રામાણિકતાનો સંશય થવાથી પ્રગટેલો જે શાસ્ત્રાર્થોમાં સંશય તે સાંશયિકમિથ્યાત્વ કહેવાય. (એના બે ભેદ છે - (૧) સર્વસંશય (૨) દેશસંશય. એમાં સર્વસંશયનો આકાર બતાવે છે કે) **દા.ત.** "બધા દર્શનો સાચા છે ? કે કોઈક જ ?" (અહીં બધા દર્શનોમાં જૈનદર્શન છે જ. એટલે આ શંકાની અંદર આવો આકાર પણ સમાયેલો જ છે કે "જૈનદર્શન સાચું છે કે નહિ ?" આ તો આખાય જૈનદર્શનમાં પ્રામાણ્યની શંકા છે માટે સર્વસંશય કહેવાય.)

(દેશસંશયનો આકાર બતાવે છે કે) "આ જિનવચન પ્રમાણ છે કે નહિ ?" (અહીં સકલ જિનવચનોના દેશભૂત એકાદ જિનવચનમાં સંશય છે એટલે એ દેશસંશય કહેવાય. આવી શંકા કરનારાઓ સાંશયિક મિથ્યાત્વી કહેવાય. [સં ઉપસર્ગ - शी ધાતુ - आन (आनश्) પ્રત્યય, છટ્ઠી વિભક્તિ બહુવચનનું રૂપ **સંશયાનાનાં**])

**यशो० : मिथ्यात्वप्रदेशोदयनिष्पन्नानां साधूनामपि सूक्ष्मार्थसंशयानां मिथ्यात्वभावो मा प्रासाङ्क्षीदिति भगवद्वचनप्रामाण्यसंशयप्रयुक्तत्वं विशेषणम्,**

चन्द्र० : "भगवद्वचनप्रामाण्यसंशयप्रयुक्त"पदस्य कृत्यं दर्शयितुं प्रथमं तदभावे

सम्भवन्तीमतिव्याप्तिमाह-**मिथ्यात्वप्रदेशोदयनिष्पन्नानां** = सम्यक्त्वमोहनीयोदयेनोत्पन्नानां, "**सूक्ष्मार्थसंशयानां**" इति पदस्येदं विशेषणं, न तु "**साधूनां**" इति पदस्येति बोध्यम् । सम्यग्दर्शनकरः सम्यक्त्वमोहनीयोदयो मिथ्यात्वप्रदेशोदयश्च वर्तेते । तत्र सम्यक्त्व-मोहनीयोदयोऽपि परमार्थतो मिथ्यात्वप्रदेशोदयरूप एव । ततश्च मिथ्यात्वदलिकानामेव विपाकरहित उदयोऽत्र न ग्राह्यः, यतो न स किमपि संशयोत्पादनादिकार्यं कर्तुं प्रभवति । किन्तु सम्यक्त्वमोहनीयरूपा ये मिथ्यात्वपुद्गलाः, तदुदयरूपोऽत्र मिथ्यात्वप्रदेशोदयो ग्राह्यः । सम्यक्त्वमोहनीयोदयस्तु संशयोत्पादनादिकार्यं कर्तुं प्रभवति । अत एवात्र 'मिथ्यात्व-प्रदेशोदयपदस्य' "सम्यक्त्वमोहनीयोदयः" इति व्याख्यानमस्माभिः कृतम् ।

**साधूनामपि** = न केवलं श्रावकाणां, मिथ्यादृशां वा किन्तु भावसाधूनामपि **इत्यपि** शब्दार्थः । **सूक्ष्मार्थसंशयानां** = सूक्ष्मार्थविषयकानां संशयानां, स्थूलेऽर्थे तु प्रायः साधूनां संशयो न सम्भवति, मार्गानुसारिप्रज्ञत्वात् । **मिथ्यात्वभावः** = सांशयिकमिथ्यात्वत्वं **मा प्रासाङ्क्षीत्** = मा भूद् इति भावः, **इति** = एतस्मात्कारणात् ।

साधूनां हि जिनवचने प्रामाण्यस्य संशयो न भवति, किन्तु सूक्ष्मार्थेऽगम्यमाने सम्यक्त्वमोहनीयोदयात् "किमयं सूक्ष्मार्थः सम्यगेव, यदि वा ममैवायं दोषो यदुत अयं पदार्थः सम्यग् न ज्ञायते ?" इत्यादिरूपः संशयः, सूक्ष्मार्थज्ञानेऽपि वा तादृशपदार्थाननु-भवादिकारणात् "किमयं पदार्थः सत्यो न वा ? यदि सत्यः, किं तर्हि नानुभूयते ?" इत्यादिरूपो वा संशयः सम्भवति । स च न जिनवचनप्रामाण्यसंशयप्रयुक्तः, किन्तु सम्यक्त्वमोहनीयोदयप्रयुक्त इति न तत्रातिव्याप्तिरिति ।

<u>ચન્દ્ર</u>૦ : ("भगवद्वचनप्रामाण्यसंशयप्रयुक्त" આ પદનું કાર્ય બતાવવા માટે સૌ પ્રથમ તો આ પદના અભાવમાં જે અતિવ્યાપ્તિ સંભવે છે, તેને દેખાડે છે કે) માત્ર શ્રાવકાદિને નહિ, પણ સાધુઓને પણ મિથ્યાત્વના પ્રદેશોદયથી ઉત્પન્ન થયેલા એવા સૂક્ષ્મપદાર્થ સંબંધી સંશયો સાંશયિક મિથ્યાત્વ માનવાની આપત્તિ ન આવે એ કારણસર "ભગવદ્...પ્રયુક્ત" વિશેષણ આપેલ છે.

(અહીં મિથ્યાત્વનો પ્રદેશોદય બે રીતે કહેવાય. ક્ષાયોપશમિક સમ્યક્ત્વની હાજરીમાં મિથ્યાત્વના દલિકો પોતાનો વિપાક આપ્યા વિના એમને એમ ઉદયમાં આવી જાય તે પણ મિથ્યાત્વનો પ્રદેશોદય કહેવાય. અને મિથ્યાત્વના જ પુદ્ગલોમાંથી રસ ઘટી જવાથી જે પુદ્ગલો સમ્યક્ત્વમોહનીય રૂપ બન્યા છે, તેનો વિપાકોદય પણ મિથ્યાત્વનો પ્રદેશોદય

જ કહેવાય. મિથ્યાત્વનો વિપાકોદય તો મિથ્યાત્વ જ લાવે. સમ્યક્ત્વમોહનીયના દલિકો મિથ્યાત્વના દલિકો જ હોવા છતાં તેઓ મિથ્યાત્વ લાવી દેવા રૂપ વિપાકને આપતા નથી, એટલે એ મિથ્યાત્વનો પ્રદેશોદય જ ગણાય.

પ્રસ્તુતમાં મિથ્યાત્વપ્રદેશોદય બીજા પ્રકારનો લેવો. કેમકે પ્રથમપ્રકારનો પ્રદેશોદય તો સંશય-ઉત્પાદનાદિ કોઈપણ કામ કરી શકે નહિ. જ્યારે સમ્યક્ત્વમોહનીયના વિપાકોદય રૂપ મિ.નો પ્રદેશોદય તો આ સંશયોત્પાદનાદિ કાર્યો કરી શકે.

સાધુઓને શાસ્ત્રના સૂક્ષ્મ અર્થો ન સમજાય ત્યારે અથવા સમજાવા છતાં એ પદાર્થો પ્રત્યક્ષ અનુભવમાં ન આવેલા હોવાના કારણે સમકિતમોહનીયના ઉદયથી એ સૂક્ષ્મ અર્થોમાં શંકા થાય ખરી કે "આ આમ જ હશે કે કેમ ?" પણ આ સાધુઓને ભગવાનના વચનમાં પ્રામાણ્યનો સંશય નથી. ભગવાનના વચનોને તો તેઓ પ્રમાણ જ માને છે. માત્ર પદાર્થોની અતિસૂક્ષ્મતાદિને લીધે સમ્યક્ત્વમોહના ઉદયથી શંકા થાય છે. એમાં અતિચાર જ ગણાય, મિથ્યાત્વ નહિ.

હવે જો માત્ર "શાસ્ત્રાર્થસંશય" ને જ સાંશયિક મિથ્યાત્વ કહીએ તો ઉપર બતાવેલા સુસાધુઓને થયેલા સંશયો પણ મિથ્યાત્વ માનવાની જ આપત્તિ આવે. પરંતુ વિવક્ષિત વિશેષણ મૂકવાથી આ આપત્તિ ન આવે. કેમકે આ સંશયો સમ.મોહોદય જન્ય છે જિનવચનપ્રામાણ્યશંકા જન્ય નથી.)

---

**यशो० : ते च नैवंभूताः, किन्तु भगवद्वचनप्रामाण्यज्ञाननिवर्त्तनीयाः, सूक्ष्मार्थादिसंशये सति** 'तमेव सच्चं णीसंकं जं जिणेहिं पवेइयं' **इत्याद्यागमोदितभगवद्वचनप्रामाण्यपुरस्कारेण तदुद्धारस्यैव साध्वाचारत्वात्।**

---

**चन्द्र० : ते च** = साधूनां सूक्ष्मार्थसंशयाश्च **नैवंभूताः** = न भगवद्वचनप्रामाण्यसंशयप्रयुक्ताः, **किन्तु** = प्रत्युत **भगवद्वचने**त्यादि । ते संशया न भगवद्वचनप्रामाण्यसंशयप्रयुक्ताः, प्रत्युत तादृशप्रामाण्यज्ञाननिवर्त्तनीया इति भावः ।

**ननु** कथं साधूनां सूक्ष्मार्थसंशया भगवद्वचनप्रामाण्यज्ञाननिवर्त्तनीयाः ? इति चेत्, **सूक्ष्मार्थादिसंशये सति** = यदा सम्यक्त्वमोहनीयोदयादिवशात् सूक्ष्मार्थादिविषयः संशयो भवेत् तदा "**तमेव सच्चं**" इत्यादि, तदेव निःशङ्कं सत्यं, यज्जिनैः प्रवेदितं - **इत्याद्यागमोदिते**त्यादि, "तमेव सच्चं..." इत्यादिरूपेण आगमे उदितं = कथितं यज्जिनवचनस्य

प्रामाण्यं, तत् पुरस्कृत्य **तदुद्धारस्यैव** = जिनवचनार्थशङ्कोद्धरणस्यैव, न तु शङ्कादार्ढ्य-करणादेरिति **एवकारार्थः** । **साध्वाचारत्वात्** = भावसाध्वाचारत्वात् ।

तथा च साधवः सूक्ष्मार्थादिसंशये सति "तमेव सच्चं..." इत्याद्यागमं स्मृत्वा "इदं जिनवचनं, तस्मान्नात्र शङ्का करणीया, सत्यमेवेदं" इति जिनवचनप्रामाण्यं पुरस्कृत्य सूक्ष्मार्थसंशयान् दूरीकुर्वन्त्येव । एवं च युक्तमुक्तं "ते भगवद्वचनाप्रामाण्यज्ञाननिवर्त्तनीयाः" इति ।

**ચન્દ્ર૦** : સાધુઓને જે સૂક્ષ્મ અર્થોને વિશે સંશયો ઉત્પન્ન થાય છે એ પરમાત્માના વચનમાં અપ્રામાણ્યની શંકાથી ઉત્પન્ન થયેલા હોતા નથી. અર્થાત્ "ભગવાનના વચનો ખોટા હશે તો ?" એવી શંકાને કારણે આવો સંશય નથી થતો કે "આ પદાર્થ ખોટો હશે તો ?" ઉલ્ટું એ શંકા તો પરમાત્માના વચનમાં પ્રામાણ્યના જ્ઞાન વડે દૂર કરવા યોગ્ય હોય છે.

(**પ્રશ્ન** : "સૂક્ષ્માર્થસંશયો પ્રભુવચનમાં પ્રામાણ્યના જ્ઞાન વડે દૂર કરી શકાય એમ છે" એવું તમે શા આધારે કહો છો ?)

**ઉત્તર** : અરે ભાઈ ! આ પ્રમાણે સાધ્વાચાર જ છે કે જ્યારે પણ સમ્યક્ત્વમોહનીયનો ઉદય થવા વિગેરે રૂપ કારણસર સૂક્ષ્માર્થાદિના સંશય પડે ત્યારે શાસ્ત્રમાં જે જિનવચનપ્રામાણ્ય બતાવેલ છે કે "તે જ નિઃશંક પણે સત્ય છે, કે જે જિનવરોએ કહેલ છે" તેવા પ્રામાણ્યને આગળ કરીને, મનમાં લાવીને ઉત્પન્ન થયેલી શંકાને દૂર કરવી.

આમ શાસ્ત્રમાં કહેલા પ્રભુવચનના પ્રામાણ્યનો પુરસ્કાર કરવા દ્વારા ઉત્પન્ન શંકાનો ઉદ્ધાર કરવો એ જ સાધુઓના આચાર છે. (એટલે અમે જે વાત કરી છે કે આ સાધુઓને થનારી શંકાઓ પ્રભુવચનમાં પ્રામાણ્યનું જ્ઞાન કરવા દ્વારા દૂર થનારી છે એ વાત એકદમ યોગ્ય છે. કેમકે શાસ્ત્રવચન પ્રમાણે શંકોદ્ધાર એ સાધ્વાચાર છે અને સાધુઓ એ આચાર પાળે એ સ્વાભાવિક છે.)

---

**यशो० : या तु शङ्का साधूनामपि स्वरसवाहितया न निवर्त्तते सा सांशयिकमिथ्यात्वरूपा सत्यनाचारापादिकैव, अत एव काङ्क्षामोहोदयादाकर्षप्रसिद्धिः । ४ ।।**

---

**चन्द्र०** : ननु साधूनामपि केषाञ्चित् तादृशी सूक्ष्मार्थविषयकशङ्का दृश्यते, या न भवदुक्तरीत्या

निवर्तेत, ततश्च तत्र किं तेषां सम्यक्त्वं सम्भवति ? इत्याशङ्कायामाह - **या तु शङ्का साधूनामपि** = न केवलं मुग्धश्रावकादीनामित्यपिशब्दार्थः । **स्वरसवाहितया** = सम्यग्वक्तृवचनानिवर्त्तनीयस्वभावत्वेन, कदाग्रहादिप्रेरितत्वेनेति यावत् **न निवर्तेत** । **अनाचारापादिकैव** = मिथ्यात्वगुणस्थानप्राप्त्यात्मको यः सम्यग्दर्शनव्रतस्यानाचारस्त-त्प्रयोजिकैव, न तु सम्यक्त्वे मलिनतामात्रसंपादको योऽतिचारः, तत्प्रयोजिका इति **एव**-शब्दार्थः । स्वरसवाहिन्या जिनवचनशङ्कायाः सद्भावे साधूनामपि सम्यक्त्वविनाशो मिथ्यात्व-प्राप्तिश्च भवत्येवेति भावः ।

"स्वरसवाहिनी जिनवचनशङ्का मिथ्यात्वप्रयोजिका" इति यत्कथितं, तत्र प्रमाणमाह- **अत एव** = यतः "स्वरसवाहिनी जिनवचनशङ्का मिथ्यात्वप्रयोजिकैव" इति पदार्थः, तस्मादेव कारणात् **काङ्क्षामोहोदयात्** = स्वरसवाहिजिनवचनशङ्काप्रयोजकात् कर्मविशेषोदयरूपात् **आकर्षप्रसिद्धिः** = सम्यक्त्वभङ्गप्रसिद्धिः ।

एकस्मिन्भवे हि सम्यक्त्वात्भ्रंशः सहस्रपृथक्त्वप्रमाणं आगमे प्रतिपादितः, स च भ्रंश एवाकर्षशब्देन प्रोच्यते । स च भ्रंशः काङ्क्षामोहोदयादपि सम्भवतीति प्रसिद्धिः । काङ्क्षामोहोदयश्च स्वरसवाहिजिनवचनशङ्काजननद्वारैव सम्यक्त्वाकर्षकारीति । यदि च स्वरसवाहिनी जिनवचनशङ्का सम्यक्त्वानाचारापादिका न स्यात्, तर्हि काङ्क्षामोहोदये सत्यपि सम्यक्त्वभ्रंशो न स्यात्, केवलं सम्यक्त्वातिचार एव स्यात् । यतः स उदयस्तादृशशङ्कामेव जनयति, सा च शङ्का अनाचारापादिका नास्ति, ततश्च तादृशशङ्काया अनाचारानापादकत्वे काङ्क्षामोहोदयादाकर्षप्रसिद्धिर्न स्यात् । किन्तु यतस्तादृशी शङ्का सम्यक्त्वानाचारापादिका, तत एव काङ्क्षामोहोदयादाकर्षप्रसिद्धिः ।

काङ्क्षामोहोदयश्च मिथ्यात्वमोहनीयविशेषोदयरूप एवेति सूक्ष्ममुह्यम् ।

**<u>ચન્દ્ર</u>૦ : (પ્રશ્નઃ** કેટલાક સાધુઓને પણ તેવા પ્રકારની સૂક્ષ્માર્થવિષયક શંકા દેખાય છે, કે જે શંકા તમે કહ્યા પ્રમાણે દૂર થતી નથી. પણ કાયમ ટકી રહે છે. તો પછી શું તેઓમાં સમ્યક્ત્વ માનવું ? શંકા દૂર થાય તેવી હોય તો તો સમ્યકત્વ મનાય, પણ દૂર ન થાય તેવી દેખાય તો ?)

**ઉત્તર :** જે શંકા સ્વરસવાહી = વક્તાની સમ્યક્ સમજણથી પણ દૂર ન થાય તેવી = કદાગ્રહાદિ પ્રેરિત હોય અને એટલે "तदेव सत्यं" વિગેરે રૂપ જિનવચનપ્રામાણ્યજ્ઞાનના પુરસ્કાર દ્વારા દૂર થાય તેવી ન હોય તો તો એ શંકા સાંશયિકમિથ્યાત્વરૂપ જ ગણાય

અને એટલે એ સમ્યક્ત્વમાં અનાચાર લાવનારી જ ગણાય. સમ્યક્ત્વમોહનીયોદયની જેમ માત્ર સમ્યક્ત્વને અતિચાર લગાડનારી ન ગણાય.

આવી શંકા અનાચારપ્રયોજક છે માટે જ તો કાંક્ષામોહોદયથી આકર્ષની પ્રસિદ્ધિ છે. [આશય એ છે કે કાંક્ષામોહોદય દ્વારા સ્વરસવાહિ એવી જિનવચનશંકા ઉત્પન્ન થાય છે. હવે કાંક્ષામોહોદય સમ્યક્ત્વના આકર્ષનું કારણ માનેલ છે. સમ્યક્ત્વનો આકર્ષ એટલે સમ્યક્ત્વથી પતન પામી મિથ્યાત્વે જવું તે. એકભવમાં ૨૦૦૦ થી ૯૦૦૦ વખત સમ્યક્ત્વના આકર્ષ થઈ શકે એમ શાસ્ત્રવચન છે. અર્થાત્ એક ભવમાં ૨ થી ૯ હજાર વાર સમ્યક્ત્વથી પડવાનું અને ચડવાનું થાય. (૨ થી ૯ વાર પતન ત્યારે જ થાય ને? કે એટલીવાર પાછો ઉપર ચડેલો હોય એટલે એ દૃષ્ટિએ આકર્ષનો અર્થ "ચડવું-પડવું" બેય થાય. બાકી સામાન્યથી તો આકર્ષ એટલે પતન એ અર્થ અત્રે સમજવો.)]

(હવે જો કાંક્ષામોહોદયથી થનારી સ્વરસવાહિ શંકા અનાચાર આપાદક ન હોય તો મિથ્યાત્વ ન આવે અને તો પછી કાંક્ષામોહોદયથી આકર્ષની વાત ન ઘટે. પણ આ શંકા અનાચાર-આપાદક છે એ હકીકત છે અને એ શંકા લાવનાર કાંક્ષામોહોદય છે માટે જ તેવી શંકાને લાવનારા કાંક્ષામોહોદયથી આકર્ષ થાય છે એ વાત પ્રસિદ્ધ બની છે.)

---

**<u>यशो०</u> : साक्षात्परम्परया च तत्त्वाऽप्रतिपत्तिरनाभोगम्, यथैकेन्द्रियादीनां तत्त्वातत्त्वानध्यवसायवतां मुग्धलोकानां च।**

---

<u>**चन्द्र०**</u> **:** ५. पञ्चममनाभोगमिथ्यात्वमाह-**साक्षात्** = स्वयं तत्त्वज्ञानद्वारा **परम्परया च** = गुरुगततत्त्वज्ञाने श्रद्धया **तत्त्वाप्रतिपत्तिः** = "इदं तत्त्वं" इति स्वीकाराभावः, **अनाभोगं** = अनाभोगनामकं पञ्चमं मिथ्यात्वम् ।

यस्य हि स्वयं तत्त्वज्ञानं नास्ति, ततश्च तद्द्वारा "इदं तत्त्वं" इति प्रतिपत्तिर्नास्ति, तथा यस्य "अहं तु अज्ञानी, किन्तु मम गुरवो गीतार्थास्तत्त्ववेदिनः, ततश्च यत्ते प्ररूपयन्ति, तत् सम्यगेव, न तत्र शङ्कादिकं करणीयम्" इत्यादिरूपं गीतार्थपरिज्ञानश्रद्धानं अपि नास्ति, तदभावे गुरुगततत्त्वप्रतिपत्तिः श्रद्धानरूपया परंपरया नास्ति तस्यानाभोगमिथ्यात्वमिति । अत्र दृष्टान्तमाह - **यथैकेन्द्रियादीनां** = मनःपर्याप्तिरहितानां **तत्त्वातत्त्वानध्यवसायवतां** = "इदं तत्त्वं इदं चातत्त्वं" इत्यादिपरिज्ञानविरहितानां **मुग्धलोकानां च** = मनःपर्याप्तियुक्तानामपि तत्त्वातत्त्वविवेकरहितानाम् ।

**ચન્દ્ર૦ : (૫) અનાભોગમિથ્યાત્વ :** સાક્ષાત્ કે પરંપરાએ તત્ત્વની અપ્રતિપત્તિ= અસ્વીકાર એ અનાભોગમિથ્યાત્વ કહેવાય. (જેને સ્વયં તત્ત્વજ્ઞાન હોય અને એ રીતે "આ તત્ત્વ છે" એવો સમ્યક્ સ્વીકાર હોય તેને તો સમ્યક્ત્વ મનાય. પણ આવું જેને ન હોય તથા પોતે ભલે તત્ત્વજ્ઞાની ન હોય પણ "મારા ગુરુ તત્ત્વજ્ઞાની છે, માટે તે જે કહે એ બધું સાચું હોય અને એ વાત મારે માનવી જ." આ રીતે જેને ગુરુજ્ઞાન ઉપર શ્રદ્ધા હોય અને એ દ્વારા ગુરુનું તત્ત્વજ્ઞાન પરંપરાએ શિષ્યમાં હોય તો એને પરંપરાએ તત્ત્વ પ્રતિપત્તિ કહેવાય. આ પણ જેને ન હોય તેને અનાભોગ મિથ્યાત્વ કહેવાય.)

**દા.ત :** જે એકેન્દ્રિય વિગેરે મનઃપર્યાપ્તિ વિનાના જીવો છે તેઓને તથા મનઃપર્યાપ્તિવાળા હોવા છતાં પણ "આ તત્ત્વ અને આ અતત્ત્વ" એ પ્રમાણે અધ્યવસાય વિનાના મુગ્ધજીવોને આ અનાભોગ મિથ્યાત્વ હોય છે.

---

**यशो० : यद्यपि माषतुषादिकल्पानां साधूनामपि साक्षात्तत्त्वाऽप्रतिपत्तिरस्ति, तथापि तेषां गीतार्थनिश्रितत्वात्तद्गततत्त्वप्रतिपत्तेः परंपरया तेष्वपि सत्त्वान्न तत्रातिव्याप्तिः।**

---

**चन्द्र० :** 'परम्परया' पदस्य प्रयोजनमाह - **यद्यपि माषतुषादिकल्पानां** = अतीवमन्द-क्षयोपशमवतां तत्त्वबोधकरणासमर्थानां **साधूनामपि** = न केवलं एकेन्द्रियादीनामित्य**पि**शब्दार्थः । **साक्षात्तत्त्वाप्रतिपत्तिरस्ति** = साक्षात्तत्त्वप्रतिपत्तिर्नास्तीति भावः । तथा च यदि "परम्परया" इति पदं नोपादीयते, तर्हि तेषु लक्षणसमन्वयाद् भवति अतिव्याप्तिरित्याशयः ।

**तथापि** = "परम्परया"पदानुपादानेऽतिव्याप्तिसम्भवेऽपि **तेषां** = माषतुषकल्पानां **गीतार्थनिश्रितत्वात्** = गीतार्थतत्त्वज्ञानश्रद्धानयुक्तत्वात् **तद्गततत्त्वप्रतिपत्तिः** = गीतार्थे गता = स्थिता या तत्त्वप्रतिपत्तिः, सा **परंपरया** = शिष्यनिष्ठगुरुवचनश्रद्धानद्वारा **तेष्वपि** = माषतुषकल्पेष्वपि **सत्त्वान्न तत्रातिव्याप्तिः** ।

प्रकृते हि "परंपरया" इति पदं उपात्तमेवास्माभिः । तथा च मा भवतु माषतुषकल्पेषु साक्षात्तत्त्वप्रतिपत्तिः, किन्तु गुरुगततत्त्वप्रतिपत्तौ तेषां श्रद्धानमस्ति, अतो सा तत्त्वप्रतिपत्तिः स्वविषयकश्रद्धानसम्बन्धेन शिष्येऽपि वर्तत इति शिष्याणां परम्परया तत्त्वप्रतिपत्तिमत्वान्न तत्र लक्षणसमन्वय इति नातिव्याप्तिरिति भावः ।

**ચન્દ્ર૦ :** ("પરમ્પરયા" શબ્દનો શું ફાયદો છે એ બતાવવા કહે છે કે) જો કે માષતુષ વિગેરે જેવા અત્યંત અલ્પ ક્ષયોપશમવાળા સાધુઓને પણ સાક્ષાત્ તત્ત્વજ્ઞાન નથી હોતું

(એકેન્દ્રિયાદિને તો નથી જ હોતું, પણ આવા જૈન સાધુઓને પણ નથી હોતુ એ "अपि" શબ્દનો અર્થ છે.)

(એટલે જો લક્ષણમાં 'પરંપરયા' શબ્દ ન હોય તો પછી આવા સાધુઓમાં લક્ષણ જતું હોવાથી અતિવ્યાપ્તિ આવે.)

પરંતુ અહીં તો એ પદ લીધેલુ જ છે એટલે આ વાંધો નહિ આવે. કેમકે આ માષતુષસદશ સાધુઓ ગીતાર્થની નિશ્રામાં છે. (ગીતાર્થના જ્ઞાનમાં પૂર્ણશ્રદ્ધાવાળા છે. માટે જ ગીતાર્થ જેમ કહે એ પ્રમાણે કરનારા છે.) આમ તેઓ ગીતાર્થનિશ્રિત હોવાથી ગીતાર્થોમાં રહેલ તત્ત્વપ્રતિપત્તિ = તત્ત્વજ્ઞાન એ પરંપરાથી = આ શિષ્યની તાદશજ્ઞાન ઉપરની શ્રદ્ધાસ્વરૂપ સંબંધ દ્વારા તે માષતુષકલ્પ સાધુઓમાં પણ રહી જાય છે એટલે તેઓમાં પરંપરાએ તત્ત્વપ્રતિપત્તિનો અભાવ ન હોવાથી લક્ષણ ન ઘટતા અતિવ્યાપ્તિ ન આવે.

**यशो० : तत्त्वाप्रतिपत्तिश्चात्र संशयनिश्चयसाधारणतत्त्वज्ञानसामान्याभाव इति न सांशयिकेऽतिव्याप्तिरिति दिक्। ५।।**

**चन्द्र० : ननु** जिनवचने स्वरसवाहिशङ्कावतां साधूनां साक्षात्परम्परया च तत्त्वप्रतिपत्तिर्नास्त्येव। ततश्च तेष्वपि लक्षणगमनात्तत्रातिव्याप्तिरित्यत आह - **तत्त्वप्रतिपत्तिश्च अत्र** = अनाभोगमिथ्यात्वलक्षणविचारणायां **संशयनिश्चये**त्यादि, "जीवादयः पदार्थास्तत्त्वं न वा" इत्यादिरूपाणि संशयात्मकानि यानि तत्त्वज्ञानानि, "जीवादयस्तत्त्वमेव" इत्यादिरूपाणि च निश्चयात्मकानि यानि तत्त्वज्ञानानि, तेषां सर्वेषां ज्ञानानां अभावः ।

यद्यपि सांशयिकमिथ्यात्विनां तत्त्वाप्रतिपत्तिरस्त्येव । तथाऽपि प्रकृतलक्षणगतं तत्त्वाप्रतिपत्तिपदं संशयनिश्चयोभयतत्त्वज्ञानाभावप्रतिपादकमभिप्रेतम् । सांशयिकमिथ्यात्विनां च संशयात्मकतत्त्वज्ञानसत्त्वात् तादृशतत्त्वज्ञानसामान्याभावरूपा तत्त्वप्रतिपत्तिस्तत्र नास्ति **इति** = एतस्मात्कारणाद् **न सांशयिकेऽतिव्याप्तिः** ।

**ननु** सम्यग्दृशामपि स्वापदशायां तत्त्वाप्रतिपत्तिसत्त्वात्तत्रातिव्याप्तिर्भविष्यतीति आह-**दिक्**। "तथा चैतादृशानां बहुतरसंशयानां संभवात् तन्निराकरणाय गीतार्थशरणमङ्गीकर्तव्यं, अत्र तु विस्तारभयान्न तत्समाधानं प्रतिपाद्यते" इति ज्ञापकं **दिक्पदं** पूज्यैरुपात्तमिति बोध्यम् ।

**ચન્દ્ર૦ : (પ્રશ્ન :** જે તત્ત્વમાં સ્વરસવાહિ સંશયવાળા છે, તેઓમાં પણ સાક્ષાત્ કે પરંપરાએ તત્ત્વપ્રતિપત્તિ તો નથી જ ને ? તો આ અનાભોગનું લક્ષણ એ સાંશયિક મિથ્યાત્વીમાં અતિવ્યાપ્ત બનશે.)

**ઉત્તર :** અનાભોગમિથ્યાત્વ (કે મિથ્યાત્વી) ના લક્ષણની વિચારણામાં સમજવું કે આ લક્ષણમાં જે **તત્ત્વાપ્રતિપત્તિ** પદ છે, તેનો અર્થ - સંશયસ્વરૂપ તત્ત્વજ્ઞાનો અને નિશ્ચયસ્વરૂપ તત્ત્વજ્ઞાનો એ તમામ પ્રકારના જ્ઞાનોનો અભાવ - એમ કરવો અર્થાત્ "જીવાદિ તત્ત્વ છે કે નહિ ?" એવા સંશયાત્મક તત્ત્વજ્ઞાનો અને "જીવાદિપદાર્થો તત્ત્વ છે" એવા નિશ્ચયાત્મક તત્ત્વજ્ઞાનો એ સઘળાયનો અભાવ એ જ તત્ત્વ-અપ્રતિપત્તિનો અર્થ અત્રે લેવો.

એટલે સાંશયિક મિથ્યાત્વીઓમાં તો સંશયાત્મક તત્ત્વજ્ઞાન હોવાથી સર્વતત્ત્વોનો અભાવ ન મળે અને માટે એમાં લક્ષણ ન ઘટતા અતિવ્યાપ્તિ ન આવે.

**(પ્રશ્ન :** સમ્યગ્દૃષ્ટિ વિગેરે મહાત્માઓને પણ ઉંઘની દશામાં સાક્ષાત્ કે પરંપરાએ તત્ત્વની પ્રતિપત્તિ નથી જ હોતી તો એમનામાં પણ આ લક્ષણ અતિવ્યાપ્ત થશે.

**ઉત્તર :** આવી ઘણી બધી શંકાઓ ઉભી થવાની શક્યતા છે જ. એ બધાયનો ઉત્તર આપવામાં ઘણો વિસ્તાર થઈ જાય... આવા જ કોઈક કારણસર ઉપાધ્યાયજીએ **દિગ્** પદ ગ્રહણ કરેલ છે. તેઓશ્રી કહેવા માંગે છે કે આવી જે કોઈ શંકાઓ ઉત્પન્ન થાય, તે બધાયનું સમાધાન ગીતાર્થનું શરણ સ્વીકારીને મેળવી લેવું.)

---

**यशो० : एतच्च पञ्चप्रकारमपि मिथ्यात्वं भव्यानां भवति। अभव्यानां त्वाभिग्रहिकमनाभोगो वेति द्वे एव मिथ्यात्वे स्याताम्, न त्वनाभिग्रहिकादीनि त्रीणि, अनाभिग्रहिकस्य विच्छिन्नपक्षपाततया मलाल्पतानिमित्तकत्वाद्,**

---

**चन्द्र० :** एवं पञ्चप्रकारं मिथ्यात्वं वर्णयित्वाऽधुना "तत्स्वामिनः के भवन्ति" इत्याह- **एतच्च** = अनन्तरमेव प्रतिपादितं **पञ्चप्रकारमपि** = न केवलं एकद्वयादिप्रकारमेवेति अपिशब्दार्थः, **मिथ्यात्वम्** ।

**ननु** भव्यानां पञ्चप्रकारमपि यदि भवति, तर्हि अभव्यानां कियत्प्रकारं भवति ? इत्याशङ्कायामाह - **अभव्यानां** इत्यादि । "**द्वे एव**" इत्यत्र य एवकारः, तत्फलमाह - **न**

**त्वनाभिग्रहिकादीनि** इत्यादि ।

**ननु** अभव्यानां अनाभिग्रहिकसांशयिकाभिनिवेशिकमिथ्यात्वानि कस्मात्कारणान्न भवन्ति ? इत्यत आह - **अनाभिग्रहिकस्य** = मिथ्यात्वस्य **विच्छिन्नपक्षपातता** = विच्छिन्नः - आत्मा नित्य एव, अनित्य एव - इत्यादिरूपोऽतत्त्वपक्षपातो यस्मिन् तद् विच्छिन्नपक्षपातं, तत्तया । अस्मिन्मिथ्यात्वे "सर्वाणि दर्शनानि शोभनानि" इत्येवंरूपा प्रतिपत्तिरस्ति । ततश्चायं मिथ्यात्वी तत्त्वमपि शोभनं मन्यत इति कृत्वा **मलाल्पतानिमित्तकत्वात्** = मलाल्पता = अपुनर्बंधकताप्रयोजिका आत्मशुद्धिरेव निमित्तं यस्मिन्मिथ्यात्वे, तन्मलाल्पतानिमित्तकं, तत्त्वात् । न हि मलाल्पतां विना "तत्त्वमपि शोभनं" इति प्रतिपत्तिः सम्भवति । अनल्पमलो हि अतत्त्वमेव शोभनं मन्यत इति अभव्यानां सदैव मलबहुलानां मलाल्पताऽसम्भवादेव नानाभिग्रहिकं मिथ्यात्वमिति भावः ।

**ચન્દ્ર૦** : (આ પ્રમાણે પાંચ પ્રકારના મિથ્યાત્વોનું વર્ણન કરીને હવે કોને કેટલા મિથ્યાત્વ હોઈ શકે ? એ બતાવે છે કે) આ પાંચેય પ્રકારના મિથ્યાત્વ ભવ્યોને સંભવે છે. અર્થાત્ ભવ્યોને આમાંથી અમુક જ સંભવે એવું નથી. પણ અધ્યવસાય મુજબ પાંચેયની સંભાવના છે.

જ્યારે અભવ્યોને તો આભિગ્રહિક અને અનાભોગ એમ બે જ મિથ્યાત્વ હોય. પણ બાકીના ત્રણ મિથ્યાત્વ ન હોય.

(**પ્રશ્ન** : અભવ્યને અનાભિગ્રહિક, સાંશયિક અને આભિગ્રહિક મિથ્યાત્વ કેમ ન હોય ?)

**ઉત્તર** : અનાભિગ્રહિક મિથ્યાત્વ ન હોવાનું કારણ એ છે કે એ મિથ્યાત્વમાં અતત્ત્વ ઉપરનો પક્ષપાત = કદાગ્રહ ખતમ થઈ ચૂક્યો હોય છે. (આ મિથ્યાત્વવાળાઓ બધા દર્શનો સારા એમ માનનારા હોય છે. અને એટલે તેઓ જેમ ખોટા પદાર્થોને સારા-સાચા માને છે, તેમ સારા-પદાર્થોને પણ સારા-સાચા માને છે. એટલે માત્ર અતત્ત્વમાં જ કદાગ્રહ = પક્ષપાત તેઓને ખતમ થઈ ગયો હોય છે.)

અને આવું હોવાથી એમ માનવું જ પડે કે આ મિથ્યાત્વનું નિમિત્ત મલની અલ્પતા છે. (એટલે કે અપુનર્બંધકતાને લાવનાર એવી આત્મશુદ્ધિ રૂપ મલાલ્પતા જ આ મિથ્યાત્વનું કારણ છે એમ માનવું પડે. કેમકે અતત્ત્વમાં પક્ષપાતનો વિચ્છેદ મલની અલ્પતા વિના

ન જ થાય અને આ મિથ્યાત્વમાં અતત્ત્વમાં પક્ષપાતનો વિચ્છેદ છે. માટે આ મિથ્યાત્વનું કારણ મલાલ્પતા માનવી જ પડે.

હવે કાયમ માટે બહુમલવાળા જ રહેનારા અભવ્યોને મલાલ્પતા સંભવતી જ નથી માટે તેઓને તેનાથી ઉત્પન્ન થનાર આ મિથ્યાત્વ પણ ન જ સંભવે.)

**यशो० : आभिनिवेशिकस्य च व्यापन्नदर्शननियतत्वाद्,**

**चन्द्र० : ननु** मा भवतु अनाभिग्रहिकमिथ्यात्वं, आभिनिवेशिकं तु तेषां कथं न सम्भवेत्? इत्यत आह - **आभिनिवेशिकस्य च व्यापन्नदर्शननियतत्वात्** = व्यापन्नं = अपगतं सम्यग्दर्शनं येषां ते, तदाधीनत्वात्। सम्यक्त्वप्राप्त्यनन्तरं सम्यक्त्वभ्रष्टानामेव एतन्मिथ्यात्वं भवतीति नियमः। अभव्यास्तु सम्यक्त्वमेव नाप्नुवन्तीति न व्यापन्नदर्शनास्ते, ततश्च न तेषां आभिनिवेशिकम्।

**ચન્દ્ર० : (પ્રશ્ન :** ભલે, તેઓને અનાભિગ્રહિક મિથ્યાત્વ ન માનો, પણ આભિનિવેશિક તો તેઓને હોઈ શકે ને?)

**ઉત્તર :** આભિનિવેશિક તો વ્યાપન્નદર્શનોને નિયત = આધીન = વ્યાપ્ત છે, અર્થાત્ જેઓ સમ્યક્ત્વ પામ્યા બાદ સમ્યક્ત્વથી ભ્રષ્ટ થયેલા હોય તેઓને જ આ મિથ્યાત્વ હોઈ શકે. (આ મિથ્યાત્વવાળાઓ અવશ્ય સમ્યક્ત્વભ્રષ્ટ જીવો જ હોય. હવે આ અભવ્યો તો સમ્યક્ત્વ પામ્યા જ ન હોવાથી તેઓ સમ્યક્ત્વભ્રષ્ટ ન બને અને એટલે તેમને આ મિથ્યાત્વ ન ઘટે.)

**यशो० : सांशयिकस्य च सकम्पप्रवृत्तिनिबन्धनत्वात्, अभव्यानां च बाधितार्थे निष्कम्पमेव प्रवृत्तेः,**

**चन्द्र०** : **ननु** तर्हि अचरमावर्त्तिनां भव्यानामपि अनाभोगमेकमेव मिथ्यात्वं भवतु, नाभिग्रहिकं को दोषः ? इत्येवं यदि पूर्वपक्षो वदेत्, तर्हि तस्यान्यामापत्तिं ददातुमाह - **किञ्च, एवं** यदि "अचरमावर्त्तिनोऽव्यक्तमेव मिथ्यात्वं" इति कदाग्रहो भवतां, तर्हि **अनाभोगमिथ्यात्वे** इति पदादारभ्य **मोक्षं प्रत्युन्मार्गभूतत्वात्** इतिपदं यावत्पूर्वपक्षीयः पाठो ग्रन्थकृता प्रदर्शितः। तदनन्तरं तत्रापत्तिर्दत्ता ग्रन्थकृता । तत्र पूर्वपक्षीयः पाठस्तु सुबोध एवेति न विव्रीयते । नवरं- अनादिकालादनाभोगमिथ्यात्वी न मार्गगामी न वोन्मार्गगामी । चरमावर्त्तं प्राप्यानाभोगाद् निर्गतो यदि जैनमार्गं आश्रयते तर्हि मार्गगामी, अन्यमार्गाश्रयणे तु उन्मार्गगामी इत्येषा तेषां परिकल्पना इति बोध्यम् ।

अधुना तत्खण्डनं क्रियते - **स्वकल्पिते**त्यादि, पूर्वपक्षेण कल्पिता या प्रक्रिया, तदपेक्षया **अचरमे**त्यादि ।

**ननु** मा भवतु शाक्यादयोऽपि उन्मार्गगामिनः, को दोषः ? नहि ते मार्गगामिनः, येन काचिद् बाधाऽस्माकं स्याद् इत्यत आह - **इति** = यतः "शाक्यादयोऽपि उन्मार्गगामिनो न भवन्ति" इति भवदुक्तरीत्या सिद्धं, तस्मात्कारणात् **कुप्पवयण** इत्यादि, "कुप्रवचनपाखण्डिनः सर्वे उन्मार्गप्रस्थिताः" **इत्यादिप्रवचनविरोधः** = इत्याद्युत्तराध्ययनसूत्रविरोधः । तत्र हि सर्वे कुप्रावचनिका उन्मार्गप्रस्थिता उक्ताः, भवता तु अचरमावर्त्तिनः कुप्रावचनिका उन्मार्गगामिनो न स्वीक्रियन्त इति स्पष्टमेव विरोधः ।

**ચન્દ્ર૦** : (**પૂર્વપક્ષ** : ભલે, અચરમાવર્તી ભવ્યોને પણ અનાભોગ જ રહો. આભિગ્રહિક ન રહો. એમાં વાંધો શું છે ?)

**ઉત્તરપક્ષ** : જો આ રીતે તમામ અચરમાવર્તીઓને અનાભોગ જ માનશો તો પછી તમે જે વાત કરી છે કે, "અનાભોગમિથ્યાત્વમાં વર્તનારા જીવો માર્ગગામી પણ ન કહેવાય કે ઉન્માર્ગ ગામી પણ ન કહેવાય. કેમકે અનાભોગ મિથ્યાત્વ તો અનાદિવાળું = આદિ વિનાનું હોવાથી બધા ય જીવો માટે તે પોતાના ઘર જેવું જ ગણાય. લોક પણ પોતાના ઘરમાં લાંબો કાળ રહેનાર હોય તો ય એ "માર્ગગામી કે ઉન્માર્ગગામી" તરીકે ઓળખાતો નથી. પરંતુ ઘરમાંથી નીકળેલો લોક જો પોતાના ઈષ્ટનગરને અભિમુખ જતો

હોય તો માર્ગગામી કહેવાય અને બીજા કોઈ રસ્તે જાય તો ઉન્માર્ગગામી તરીકે વ્યવહાર કરાય.

એ જ રીતે તથાભવ્યત્વના યોગથી અનાદિમિથ્યાત્વમાંથી નીકળેલો જીવ જો જૈનમાર્ગનો આશરો લે તો એ માર્ગગામી કહેવાય. કેમકે "જૈનમાર્ગ જ મોક્ષમાર્ગ છે," પણ જો શાક્ય વિગેરેના દર્શનનો કે જમાલિ વિગેરેના દર્શનનો આશરો લે તો પછી એ ઉન્માર્ગગામી તરીકે વ્યવહાર કરાય. કેમકે તેઓનું દર્શન સંસારનો માર્ગ હોવાથી અપેક્ષાએ તો એ ઉન્માર્ગ જ છે. (સંસારની અપેક્ષાએ ભલે ને માર્ગ હોય)" તો તમે કલ્પેલી પ્રક્રિયામાં તો અચરમાવર્તી એવા શાક્ય વિગેરે પણ ઉન્માર્ગગામી નહિ થાય. કેમકે તેઓ અનાદિ અનાભોગમાં પડેલા છે.

(**પૂર્વપક્ષ :** ભલે, તો એમને પણ અનાભોગ જ માનો.)

**ઉત્તરપક્ષ :** ના, એમ માની ન શકાય. કેમકે ઉત્તરાધ્યયનસૂત્રમાં કહ્યું છે કે "કુપ્રવચનપાંખડીઓ = કુપ્રાવચનિકો = શાક્યાદિના પાખંડ = વ્રતનો સ્વીકાર કરનારાઓ બધા જ ઉન્માર્ગપ્રસ્થિત = ઉન્માર્ગગામી છે."

તમારા કહ્યા પ્રમાણે તેમને ઉન્માર્ગગામી ન માનવામાં તો ઉત્તરાધ્યયનના પાઠની સાથે ચોક્ખો વિરોધ આવે.

---

**यशो० : किञ्च, एवं धर्मधिया विरुद्धक्रियाकरणादुन्मार्गगामित्वं यथा व्यक्तमिथ्यात्वोपष्टम्भाच्चरमपुद्गलपरावर्त्त एव तथा धर्मधिया हिंसाकरणाद्धिंसकत्वमपि तदैवेत्यचरमपुद्गलपरावर्त्तेषु हिंसकत्वादिकमपि न स्यादिति सर्वत्र त्रैराशिकमतानुसरणे जैनप्रक्रियाया मूलत एव विलोपापत्तेर्महदसमञ्जसम्।**

---

**चन्द्र० : ननु** उत्तराध्ययनवचनं चरमावर्तिकुप्रावचनिकानपेक्ष्यैव मन्तव्यम् । तथा च न कश्चिद् दोष इत्यत एतादृशस्य सूत्रार्थपरावर्त्तनस्यायुक्तियुक्तत्वेऽपि तदुपेक्ष्यान्यामपत्तिमाह - **किञ्च, एवं** = भवदुक्तरीत्या **धर्मधिया** = "अयं धर्मः" इति बुद्ध्या **विरूद्धक्रियाकरणात्** = हिंसकयज्ञादिरूपा या जिनप्रवचनविरूद्धक्रिया, तत्करणाद् **उन्मार्गगामित्वं यथा** = दृष्टान्तार्थमिदं पदं, अनेन दृष्टान्तेन दार्ष्टान्तिकं साधयिष्यति ग्रन्थकृद् इति । **व्यक्तमिथ्यात्वोपष्टम्भात्** = व्यक्तमिथ्यात्वसाहाय्यात् **चरमपुद्गलपरावर्त्त एव** = न तु अचरमपुद्गलपरावर्त्त इत्येवकारार्थः । अचरमावर्त्ते तु व्यक्तमिथ्यात्वाभावात् तत्साहाय्यं विना सत्यपि धर्मधिया

विरूद्धक्रियाकरणे न उन्मार्गगामित्वम् । एतच्च सर्वं पूर्वपक्षाभिप्रायमनुसृत्योच्यते ।

**तथा** = दार्ष्टान्तिकार्थमिदं पदम् । **धर्मधिया** = "अयं प्राणिवधो धर्मः" इति बुद्ध्या **हिंसाकरणाद्** = जीवघातकरणाद् **हिंसकत्वमपि** = न केवलमुन्मार्गगामित्वमेवेत्यपिशब्दार्थः **तदैव** = अचरमावर्त्त एव, युक्तेः समानत्वात् । यदि हि अचरमावर्त्ते व्यक्तमिथ्यात्वाभावाद् धर्मधिया विरुद्धक्रियाकरणे सत्यपि उन्मार्गगामित्वं न गण्यते, तर्हि अचरमावर्त्ते व्यक्त-मिथ्यात्वाभावाद् धर्मधिया हिंसादिकरणे सत्यपि हिंसकत्वं न स्यादेवेति प्रतिबन्धिः । **इति** = एतस्या युक्तेः अनुसाराद् **अचरमे**त्यादि । **हिंसकत्वमपि** = न केवलमुन्मार्गगामित्वं न स्यादित्य**पि**शब्दार्थः ।

ननु भवतु एवं, को दोषः ? इत्यत आह - **इति** = अनेन प्रकारेण **सर्वत्र** = न केवलं उन्मार्गगामित्वस्थले, किन्तु हिंसकत्वमृषावादित्वस्तेनत्वमैथुनकारित्वपरिग्रहित्वादिषु सर्वेषु स्थानेषु **त्रैराशिकमतानुसरणे** = "अचरमावर्त्ती कोऽपि न मार्गगामी नोन्मार्गगामी, चरमावर्त्ती जैनमार्गानुसारी मार्गगामी, अन्यस्तु उन्मार्गगामी" एवं "अचरमावर्त्ती कोऽपि न हिंसको न अहिंसकः, चरमावर्त्ती हिंसाकर्ता हिंसकः, अन्यस्तु अहिंसकः ...." इत्येवंरीत्या जीवाजीवनोजीवरूपत्रैराशिकाभ्युपगन्तृरोहगुप्तमतानुसरणे कृते सति **जैनप्रक्रियायाः** = प्रायः सर्वत्र राशिद्वयाभ्युपगमरूपायाः । सम्यक्त्विमिथ्यात्विमिश्रगुणस्थानरूपस्य संयतासंयतसंयता-संयतरूपस्य राशित्रयस्य जैनैरपि अभ्युपगमाद् अस्माभिः प्रायः पदमुपात्तमिति बोध्यम् ।

**मूलत एव विलोपापतेः** कारणाद् **महदसमञ्जसं** = महद् असङ्गतत्वम् ।

**<u>ચન્દ્ર</u>૦ : (પ્રશ્ન :** ઉત્તરાધ્યયનમાં જે વાત કરી છે, તે ચરમાવર્તી કુપ્રાવચનિકોની અપેક્ષાએ જ છે. અચરમાવર્તી કુપ્રાવચનિકોની અપેક્ષાએ નહિ.

**ઉત્તર :** આ રીતે સૂત્રનો આપણી ઈચ્છા મુજબ અર્થ કરવો યોગ્ય નથી જ. છતાં આ વાતની ઉપેક્ષા કરીને બીજી આપત્તિ આપતા કહે છે કે)

**ઉત્તરપક્ષ :** તમારી પદ્ધતિ પ્રમાણે તો જેમ "આ ધર્મ છે" એવી બુદ્ધિથી જૈનમત વિરૂદ્ધ ક્રિયા કરવા દ્વારા ઉન્માર્ગગામિતા ન હોવાથી તાદશક્રિયા કરવા છતાં ઉન્માર્ગગામિત્વ ન ગણાય. તે જ પ્રમાણે "આ ધર્મ છે" એવી બુદ્ધિથી જીવઘાતાદિ કરવા દ્વારા હિંસકતા પણ વ્યક્તમિથ્યાત્વની સહાયથી ચરમપુદ્ગલાવર્તમાં જ થાય. અચરમાવર્તમાં વ્યક્તમિથ્યાત્વની સહાય ન મળવાથી તે હિંસા કરવા છતાં પણ હિંસકત્વ ન મનાય.

અને આ રીતે તો અચરમાવર્તમાં માત્ર ઉન્માર્ગગામિત્વ જ નહિ, પણ હિંસકત્વાદિ પણ નહિ ઘટે.

આમ (ઉન્માર્ગગામિત્વ, હિંસકત્વ, મૃષાવાદિત્વ, ચોરી, મૈથુન, પરિગ્રહ વિગેરે) બધા જ સ્થલે જો ત્રૈરાશિકમતને અનુસરશો, (એટલે કે અચરમાવર્તીમાં કોઈપણ જીવ ઉન્માર્ગગામી, હિંસક, મૃષાવાદ...પણ નહિ કે માર્ગગામી, અહિંસક, અમૃષાવાદી... પણ નહિ. જ્યારે ચરમાવર્તી જીવો ઉન્માર્ગગામી, હિંસક, મૃષાવાદી...પણ બની શકે અને માર્ગગામી, અહિંસક...વિગેરે પણ ઘટી શકે.) તો બધે જ પેલા જીવ-અજીવ રૂપ જૈનક્રિયાનો મૂલથી જ વિલોપ થવાની આપત્તિ આવે અને એ રીતે તો મોટી ગુંચવણ ઉભી થાય. (જૈનો પણ સમ્યક્ત્વ + મિથ્યાત્વ + મિશ્ર, સંયત + અસંયત + સંયતાસંયત = એમ અમુક સ્થળે તો રાશિત્રય માને જ છે. પણ પ્રાયઃ બધે રાશિદ્વય માને છે.)

---

**यशो० : तस्मादभव्यानामपि दूरभव्यानामिव योग्यताऽनुसारेणाभिग्रहिकव्यक्त-मिथ्यात्वोपगमे न दोष इति मन्तव्यम् ।**

---

**चन्द्र० : तस्माद्** = यत एवं भवदुक्तरीत्या महत्कष्टं भवति, तस्मात्कारणाद् **अभव्यानामपि** = न केवलं भव्यानामित्यपि शब्दार्थः, **दूरभव्यानामिव** = अचरमावर्त्तिभव्यानामिव **योग्यतानुसारेण** = व्यक्तकुविकल्पादिरूपा या आभिग्रहिकमिथ्यात्वयोग्यता, तदनुसारेण **आभिग्रहिकव्यक्तमिथ्यात्वोपगमे** = आभिग्रहिकरूपं यद् व्यक्तमिथ्यात्वं, तत्स्वीकारे न कोऽपि **दोषः** ।

**ચન્દ્ર૦ :** આમ તમારા કહ્યા પ્રમાણે માનવામાં તો ઘણી મોટી મુશ્કેલી પડે છે. માટે જેમ આ બધી આપત્તિઓ દૂર કરવા અચરમાવર્તી ભવ્યોને વ્યક્તકુવિકલ્પો વિગેરે રૂપ યોગ્યતાને અનુસારે આભિગ્રહિક મિથ્યાત્વ (ઉન્માર્ગગામિત્વ) માનીએ છીએ, તેમ અભવ્યોને પણ વ્યક્તકુવિકલ્પાદિ રૂપ યોગ્યતાને અનુસારે આભિગ્રહિક વ્યક્તમિથ્યાત્વ માનવું જ જોઈએ. અને એમ માનવામાં કોઈ દોષ નથી.

(અચરમાવર્તીને વ્યક્તમિથ્યાત્વ માનવાથી ત્યાં ઉન્માર્ગગામિત્વ પણ ઘટે, એટલે ત્રૈરાશિકમતમાં પ્રવેશ થવાની આપત્તિ રહેતી નથી.)

---

**यशो० : अथ 'अभव्या अव्यक्तमिथ्यात्ववन्तः, अव्यवहारित्वात्, संप्रतिपन्ननिगोदजीववद्'**

**इत्यनुमानात्तेषामव्यक्तमिथ्यात्वसिद्धिः। अव्यवहारित्वं च तेषामनन्तपुद्गलपरावर्त्तकालस्थायित्वात्सिध्यति, व्यावहारिकाणामुत्कृष्टसंसारस्यावलिकाऽसंख्येयभागपुद्गलपरावर्त्तमानत्वात् ।**

---

**चन्द्र०** : पूर्वपक्षः "अभव्यानामव्यक्तमिथ्यात्वमेव" इति साधनार्थं पुनः प्रयतते - **अथ अभव्याः** इत्यादि । **संप्रतिपन्ननिगोदजीववत् =** संप्रतिपन्नः = दृष्टान्ततया गृहीतो योऽनादिकालीनो निगोदजीवः, तद्वत् । न हि सर्वे निगोदजीवा अव्यवहारिणः, किन्तु अनादिकालीना निगोदजीवा एव । ये च निगोदादुधृत्य पुनरपि निगोदे गताः, ते निगोदजीवा न अव्यवहारिणः । ततश्च "निगोदजीववत्" इत्येतावन्मात्रे दृष्टान्ते गृह्यमाणे सादिनिगोदजीवोऽपि गृह्यते, तत्र चाव्यवहारित्वाभावाद् दृष्टान्त एव न घटते । तस्मात् "सम्प्रतिपन्न" पदमुपात्तमिति बोध्यम् ।

**ननु** अभव्येषु अव्यवहारित्वहेतुरेवासिद्धः, यतोऽभव्याः पालकादयस्तु मनुष्यदेवादयः । न च मनुष्यदेवादयोऽव्यवहारिणो भवन्तीति शङ्कायां पूर्वपक्षः प्राह - **अव्यवहारित्वं च तेषां** = सर्वेषां अभव्यानां **अनन्ते**त्यादि । तथा च सर्वेऽभव्याः अव्यवहारिणः अनन्तपुद्गलपरावर्त्तस्थायित्वात्, विवक्षितनिगोदजीववदित्यनुमानात्तेषां देवमनुष्यादिरूपाणामपि अव्यवहारित्वं सिद्ध्यति ।

**ननु** अस्तु अनन्तपुद्गलपरावर्त्तकालस्थायित्वं, मास्तु अव्यवहारित्वं को दोषः ? इति व्यभिचारशङ्कायाः प्रकृतानुमानव्याप्तिविध्वंसकारिण्या निवारकोऽनुकूलस्तर्क एवं भवतां समीपेऽस्ति ? इत्यतः पूर्वपक्षः प्राह - **व्यावहारिकाणा**मित्यादि । **आवलिके**त्यादि । आवलिकाया असङ्ख्येये भागे यावन्तोऽसंख्याः समयाः, तावन्तः पुद्गलपरावर्त्ता व्यावहारिकाणामुत्कृष्टः संसारः । तथा च यदि अभव्या व्यावहारिकाः स्युः, तर्हि तेषु असंख्येयपुद्गलपरावर्त्तकालस्थायित्वमेव स्यात्, न तु अनन्तपुद्गलपरावर्त्तकालस्थायित्वं, किन्तु तदस्ति । तस्मात्तेषामव्यावहारिकत्वमेवेति अनुकूलस्तर्कोऽत्र व्यभिचारशङ्काविघटको बोध्यः ।

**ચન્દ્ર૦ : પૂર્વપક્ષ :** અભવ્યો (પક્ષ) અવ્યક્તમિથ્યાત્વવાળા છે (સાધ્ય) અવ્યવહારિ હોવાથી (હેતુ) **સંપ્રતિપન્ન = વિવક્ષિત = અનાદિકાલીનનિગોદ જીવની જેમ.** (દૃષ્ટાન્ત)

આ પ્રમાણે અનુમાન દ્વારા તે અભવ્યોને અવ્યક્તમિથ્યાત્વની સિદ્ધિ થાય છે. (માત્ર નિગોદજીવને દૃષ્ટાન્ત બનાવીએ તો નિગોદમાંથી બહાર નીકળીને પાછો નિગોદમાં ગયેલો સાદિ નિગોદજીવ પણ દૃષ્ટાન્ત તરીકે લેવાય. એમાં તો અવ્યવહારિત્વ હેતુ છે જ નહિ. એટલે દૃષ્ટાન્ત ન ઘટે માટે **સંપ્રતિપન્ન** પદ લીધું છે.)

**(પ્રશ્ન :** અભવ્યોમાં અવ્યવહારિત્વ હેતુ જ અસિદ્ધ છે. કેમકે અભવ્ય પાલક વિગેરે તો મનુષ્ય-દેવ વિગેરે છે. અને મનુષ્ય, દેવ વિગેરે તો વ્યાવહારિક જ ગણાય. એટલે બધા અભવ્યોમાં આ હેતુ રહેતો જ નથી.)

**પૂર્વપક્ષ :** અભવ્યો (પક્ષ) અવ્યવહારી છે (સાધ્ય) અનંતપુદ્ગલપરાવર્તકાળ (સંસારમાં) રહેનારા હોવાથી (હેતુ) વિવક્ષિત નિગોદ જીવની જેમ (દૃષ્ટાંત) આ અનુમાન દ્વારા તેઓ બધાયમાં અવ્યવહારિત્વ હેતુની સિદ્ધિ થઈ જશે.

**(પ્રશ્ન :** ભલે અનંત પુ. પ. કાળસ્થાયિત્વ હોય પણ અવ્યવહારિત્વ ન હોય તો શું વાંધો ? આવી તમારા અનુમાનની વ્યાપ્તિને તોડનારી વ્યભિચારશંકા કોઈ કરે તો એને દૂર કરનાર કોઈ અનુકૂલ તર્ક તમારી પાસે છે ?)

**પૂર્વપક્ષ :** છે. વ્યાવહારિકજીવોનો ઉત્કૃષ્ટસંસાર આવલિકાના અસંખ્યાતમાં ભાગમાં જેટલા સમયો છે, તેટલા પુદ્ગલપરાવર્ત જેટલો (અસંખ્ય પુ. પ.) કહેલો છે. એટલે હવે જો અભવ્યો વ્યાવહારિક હોત, તો તેઓ અસંખ્ય પુ. પ. સ્થાયી જ હોત, (પછી મોક્ષ જ થાત.) અનંતપુ.પ.સ્થાયી નહિ. પણ તેઓ અનંત પુ. પ. સ્થાયી છે માટે તેમને અવ્યવહારી જ માનવા પડે.

---

**यशो० : तदुक्तं कायस्थितिस्तोत्रे –**

अव्ववहारियमज्झे भमिऊण अणंतपुग्गलपरट्टे । कह वि ववहाररासिं संपत्तो नाह तत्थ वि य ।।

उक्कोसं तिरियगईअसण्णिएगिंदिवणणपुंसेसु । भमिओ आवलिअअसंखभागसमपुग्गलपरट्टो ।।

---

**चन्द्र० : ननु** "व्यावहारिकाणामुत्कृष्टः संसार आवलिकाऽसंख्येयभागपुद्गलपरावर्तप्रमाण एव" इति कुत्र शास्त्र उक्तम् ? इत्यतः पूर्वपक्षः शास्त्रपाठं प्रदर्शयति – **तदुक्तं कायस्थितिस्तोत्रे**

इति । कायस्थितिस्तोत्रगाथाद्वयसंक्षेपार्थस्त्वयम् – अव्यवहारिमध्येऽनन्तान् पुद्गलपरावर्त्तान् भ्रान्त्वा हे नाथ ! कथमपि व्यवहारराशिं प्राप्तः, तत्रापि च तिर्यग्गत्यसंज्ञि-एकेन्द्रियवनस्पतिनपुंसकेषु आवलिकाऽसंख्यभागसमान् पुद्गलपरावर्त्तान् भ्रान्तः । –

अत्र हि व्यवहारराशौ आवलिकाऽसंख्येयभागपुद्गलपरावर्त्ता एवोत्कृष्टः संसारः प्रतिपादितो दृश्यते । तथा च मदुक्तं युक्तमेव ।

**ચન્દ્ર૦ : (પ્રશ્ન :** "વ્યાવહારિકોનો ઉત્કૃષ્ટ સંસાર આવલિકાના અસંખ્યાતમાં ભાગના સમય જેટલા પુદ્ગલ પરાવર્ત પ્રમાણ છે" આ વાત કયા શાસ્ત્રમાં કરેલી છે ?)

**પૂર્વપક્ષ :** કાયસ્થિતિસ્તોત્રમાં કહ્યું છે કે, "હે નાથ ! અવ્યવહારીઓની મધ્યમાં અનંત પુદ્ગલપરાવર્તો ભમીને કોઈપણ રીતે વ્યવહારરાશિને પામ્યો. અને ત્યાં પણ તિર્યંચગતિ + અસંજ્ઞી + એકેન્દ્રિય + વનસ્પતિનપુંસકોમાં આવલિકાના અસંખ્યાતમાં ભાગસમાન પુદ્ગલપરાવર્તો ભમ્યો.

(અહીં વ્યાવહારિકોનો ઉત્કૃષ્ટ સંસાર અસંખ્ય પુ. પ. જ બતાવેલો છે. એટલે મારી વાત યોગ્ય જ છે.)

---

**यशो० : अत एवोत्कृष्टो वनस्पतिकालोऽपि प्रवचने व्यावहारिकापेक्षयैवोक्तः । तथाहि (प्रज्ञापना १८ पद) –**

'वणस्सइकाइआणं पुच्छा, जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं अणंतकालं-अणंता उस्सप्पिणिओसप्पिणीओ कालओ, खित्तओ अणंता लोगा=असंखेज्जा पुग्गलपरिअट्टा' **इति । इदमेव चाभिप्रेत्यास्माभिरुक्तं –**

ववहारीणं णियमा संसारो जेसिं हुज्ज उक्कोसो । तेसिं आवलिअअसंखभागसमपोग्गलपरट्टा ।।

**इत्यस्मन्मतमदुष्टमिति चेत् ?**

---

**चन्द्र० : अत एव** = यतो व्यावहारिकाणामुत्कृष्टः संसारकालोऽसंख्येयपुद्गलपरावर्त्तप्रमाण एव, तस्मादेव कारणाद् **उत्कृष्टो वनस्पतिकालोऽपि** = न केवलं व्यावहारिककाल इत्यपिशब्दार्थः, **प्रवचने** = प्रज्ञापनारूपे **व्यावहारिकापेक्षयैव** = न त्वव्यावहारिकाद्य-पेक्षयेत्येवकारार्थः ।

एतदेवाह - **तथाहि** इत्यादि । शास्त्रपाठसंक्षेपार्थस्त्वयम् — **वनस्पतिकायिकानां पृच्छा** = भदन्त ! वनस्पतिकायिकानां कियती कायस्थितिः प्रज्ञप्ता ? इत्यादिरूपा । तत्र समाधानमाह- जघन्येनान्तर्मुहूर्तं, उत्कर्षेणानन्तकालं, अनन्ता उत्सर्पिण्यवसर्पिण्यः कालतः, **क्षेत्रतोऽनन्ता लोकाः** = अनन्तलोकप्रमाणक्षेत्रे यावन्त आकाशप्रदेशाः, तावत्समयप्रमाणा इति यावत् । कायस्थितिमेव पुद्गलपरावर्त्तप्रमाणतो निरूपयति - **असंख्येयाः पुद्गलपरावर्त्ताः** — इति ।

अत्र हि अव्यावहारिकापेक्षया तु वनस्पतिकालोऽनाद्यनन्तो भवेत्, न च स उक्तः । किन्तु निगोदादुद्धृत्य बहिर्निर्गतस्य पुनर्निगोदे गत्वा स्थितस्य व्यावहारिकस्यैवेयं कायस्थिति- रुक्ता।

**इदमेव च** = प्रकृतपाठमेव **अभिप्रेत्य** = अनुसृत्य । पूर्वपक्षरचितशास्त्रपाठार्थस्त्वयम् — व्यवहारिणां येषां उत्कृष्टः संसारो भवेत्, तेषां नियमाद् आवलिकाऽसंख्येयभाग- समपुद्गलपरावर्त्ताः (भवन्ति) — इति ।

**<u>ચન્દ્ર</u>૦ :** વ્યાવહારિકોનો કાળ અસંખ્ય પુ.પ. કાળ છે માટે જ તો ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ પણ (કાયસ્થિતિકાળ) શાસ્ત્રમાં વ્યાવહારિકની અપેક્ષાએ જ કહેલો છે.

તે પાઠ આ પ્રમાણે છે - વનસ્પતિકાયિકો અંગેની પૃચ્છા (= વનસ્પતિકાયિકોની કેટલી કાયસ્થિતિ છે ?) એનો ઉત્તર આપે છે કે જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કર્ષથી અનંતકાળ. એટલે કે કાળની અપેક્ષાએ અનંત ઉત્સર્પિણી-અવસર્પિણી જેટલો કાળ અને ક્ષેત્રની અપેક્ષાએ અનંતા લોકો. (અર્થાત્ ચૌદરાજ લોકમય એક લોક જેવડા અનંતા લોક ભેગા કરવા. એ બધાયના જેટલા આકાશ પ્રદેશો થાય એટલા સમય પ્રમાણ વનસ્પતિકાયની કાયસ્થિતિ છે.) પુદ્ગલપરાવર્તની અપેક્ષાએ વિચારીએ તો અસંખ્યેય પુ. પ. થાય.

આ જ પાઠને અનુસરીને અમારા વડે પણ કહેવાયું છે કે જે વ્યવહારીઓનો ઉત્કૃષ્ટ સંસાર હોય છે તેઓને નિયમથી આવલિકાના અસંખ્યાતમા ભાગના સમયોની પ્રમાણ પુદ્ગલપરાવર્ત જેટલો હોય છે.

(જો વનસ્પતિનો કાળ વિચારીએ તો અવ્યવહારીવનસ્પતિઓની અપેક્ષાએ અનાદિ- અનંત, અનાદિ-સાંત ભાંગો પણ ઘટે. અર્થાત્ અનંત પુ. પ. ઘટે. છતાં ત્યાં અસંખ્ય પુ.પ. કાળ કહ્યા છે, તે વ્યવહારીવનસ્પતિની અપેક્ષાએ જ સમજવા પડે. એટલે આ બધા ઉપરથી નક્કી થાય છે કે વ્યવહારીઓનો કાળ અસંખ્ય પુ.પ. કાળ જ છે, વધારે <u>નથી અને એટલે અભવ્યો અનંત પુ.પ. રહેતા હોવાથી તેઓ અવ્યવહારી છે એ વાત</u>

સિદ્ધ થાય છે.) એટલે અમારો મત અદુષ્ટ છે.

**यशो० : नायमप्येकान्तः, अनन्तपुद्गलपरावर्त्तकालस्थायित्वेनाव्यवहारित्वासिद्धेः, व्यावहारिकाणामप्यावलिकाऽसंख्येयभागपुद्गलपरावर्त्तान्तरितभूयोभवभ्रमणेनानन्तपुद्गलपरावर्त्तावस्थानस्यापि संभवात् ।**

**चन्द्र० :** ग्रन्थकारः प्रत्युत्तरं ददाति - **नायमपि** = न "अभव्योऽव्यवहारी एव" इत्यपि **एकान्तः** । "अभव्यस्याव्यक्तमेव मिथ्यात्वम्" इति तावदेकान्तो नास्त्येवेति **अपिशब्दार्थः** । तत्र युक्तिमाह - **अनन्तपुद्गलपरावर्त्तकालस्थायित्वेन** = हेतुना **अव्यवहारित्वासिद्धेः** = अव्यवहारित्वरूपस्य साध्यस्यासिद्धेः ।

**ननु** — योऽनन्तपुद्गलपरावर्त्तकालस्थायी स अव्यवहार्येव, यस्तु व्यवहारी स उत्कर्षतोऽपि असंख्यपुद्गलपरावर्त्तकालस्थाय्येव, न त्वनन्तपुद्गलपरावर्त्तकालस्थायी — इति व्याप्तिबलादेवाभव्येषु अव्यवहारित्वसिद्धिर्निराबाधा इत्यत आह - **व्यावहारिकाणामपि** = न केवलमव्यावहारिकाणामि**त्यपि**शब्दार्थः । **आवलिकाऽसंख्येये**त्यादि । एतावत्प्रमाणपुद्गलपरावर्त्तैः अन्तरितं यद् भूयः = पुनः पुनर्भवभ्रमणं, तेन **अनन्तपुद्गलपरावर्त्तावस्थानस्यापि** = न केवलमसंख्येयपुद्गलपरावर्त्तावस्थानस्यैव संभव **इत्यपि**शब्दार्थः सम्भवात् ।

व्यावहारिका हि निगोदे गत्वाऽसंख्येयपुद्गलपरावर्त्तान् तत्र तिष्ठन्ति, पुनर्बहिर्निर्गत्य किञ्चिद् भवभ्रमणं कृत्वा पुनर्निगोदे गत्वाऽसंख्येयपुद्गलपरावर्त्तान् तत्र तिष्ठन्ति, पुनः बहिर्निर्गत्य किञ्चिद् भवभ्रमणं कुर्वन्तीत्येवंरीत्या तेषामनन्तपुद्गलपरावर्त्तावस्थानमपि घटत एव । ततश्च योऽनन्तपुद्गलपरावर्त्तस्थायी, स अव्यवहारी एव इति व्याप्तिः अनन्तपुद्गलपरावर्त्तस्थायिनि व्यवहारिणि व्यभिचारदोषदुष्टा भवतीति भावः ।

**ચન્દ્ર૦ : ઉત્તરપક્ષ :** "અભવ્ય અવ્યવહારી જ હોય" એ પણ એકાંત નથી. ("અભવ્યને અવ્યક્તમિથ્યાત્વ જ હોય" એ એકાંત તો નથી જ. પણ આ પણ એકાન્ત નથી એમ **"અપિ"** શબ્દનો અર્થ કરવો.) એમાં યુક્તિ એ છે કે અનંત પુ. પ. સ્થાયિત્વ રૂપી હેતુ દ્વારા તમે અવ્યવહારિત્વ રૂપ સાધ્યની સિદ્ધિ કરવા માંગો છો. પણ એ સિદ્ધિ થઈ શકતી નથી. કેમકે તમારી આ વ્યાપ્તિમાં વ્યભિચાર આવે છે. વ્યવહારીજીવોમાં પણ અસંખ્ય પુ.પ.કાળથી અંતરિત = આંતરાવાળું થયેલ એવું વારંવાર ભવભ્રમણ હોય છે. અને એના દ્વારા વ્યવહારીમાં અનંત પુ. પ. અવસ્થાન પણ સંભવી જ શકે છે.

(વ્યવહારીઓ નિગોદમાં જઈ અસંખ્ય પુ. પ. કાળ રહે, પાછા બહાર નીકળે, થોડું ભમે, વળી પાછા નિગોદમાં જઈ અસંખ્ય પુ. પ. કાળ ભમે. વળી બહાર નીકળી થોડું ભમે, વળી નિગોદમાં જઈ અસંખ્ય પુ. પ. ભમે. આ રીતે સંસાર ભ્રમણ વડે વ્યવહારીઓને પણ અસંખ્ય પુ. પ. કાળ ભ્રમણ થતા થતાં કુલ અનંત પુ.પ.કાળ પણ થઈ જાય. આવા વ્યવહારીઓમાં અનંત પુ. પ. અવસ્થાયિત્વ છે અને અવ્યવહારીત્વ સાધ્ય નથી એટલે સ્પષ્ટ વ્યભિચાર આવે જ છે.)

---

**यशो०** : **तदुक्तं संग्रहणीवृत्तौ** – 'एते च निगोदे वर्त्तमाना जीवा द्विधा–सांव्यवहारिका असांव्यवहारिकाश्च । तत्र ये सांव्यवहारिकास्ते निगोदेभ्य उद्वृत्य शेषजीवराशिमध्ये समुत्पद्यन्ते, तेभ्य उद्वृत्य केचिद् भूयोऽपि निगोदमध्ये समागच्छन्ति, तत्राप्युत्कर्षत आवलिकाऽसंख्येय-भागगतसमयप्रमाणान् पुद्गलपरावर्त्तान् स्थित्वा भूयोऽपि शेषजीवेषु मध्ये समागच्छन्ति। एवं भूयो भूयः सांव्यवहारिकजीवा गत्यागतीः कुर्वन्ति ।' **इति** ।

---

**चन्द्र०** : "व्यावहारिकाणां अनन्तपुद्गलपरावर्त्तस्थायित्वमपि सम्भवति" इतिप्रदर्शकं शास्त्रपाठमाह - **तदुक्तं** इत्यादि । शास्त्रपाठार्थः सुगमः । नवरम् - **उद्वृत्त्य** = निर्गत्य **शेषजीवराशिमध्ये** = निगोदभिन्ने जीवस्थाने **केचिद्** = न सर्वे, यतः केचिन्मोक्षं गच्छन्तीति। अत्र भूयो भूयोऽसंख्येयपुद्गलपरावर्त्तभ्रमणं उक्तम्। तन्मेलने भवत्यनन्तपुद्गलपरावर्त्तस्थायित्वमिति।

**ચન્દ્ર૦** : "વ્યાવાહરિકો અનંત પુ. પ. કાળ સ્થાયી પણ સંભવે છે" એ વાતને સિદ્ધ કરતો શાસ્ત્રપાઠ સંગ્રહણીની ટીકામાં છે. તે આ પ્રમાણે - આ નિગોદમાં રહેનારા જીવો બે પ્રકારે છે - (૧) સાંવ્યવહારિક (૨) અસાંવ્યવહારિક. તેમાં જે સાંવ્યવહારિકો = વ્યવહારીઓ છે, તેઓ નિગોદમાંથી નીકળીને નિગોદ સિવાયના બાકીની જીવરાશિની અંદર ઉત્પન્ન થાય છે. તેમાંથી નીકળીને કેટલાક વ્યવહારીઓ ફરીથી નિગોદની અંદર આવે છે. (બધા ન આવે, કેમકે કેટલાક મોક્ષે જતા રહે છે.) તે નિગોદમાં પણ ઉત્કર્ષથી = વધારેમાં વધારે આવલિકાના અસંખ્યભાગમાં રહેલા સમયો જેટલા પુ.પ.કાળ રહીને ફરીથી શેષજીવોને વિશે આવે છે. આ પ્રમાણે વારંવાર વ્યવહારી જીવો ગમન-આગમનોને કરે છે. (અહીં વારંવાર નિગોદમાં અસંખ્ય પુ.પ.કાળ ભ્રમણ બતાવેલું જ છે. વારંવાર અસંખ્ય પુ.પ. કાળ ભેગા કરતા અનંત પુ.પ.કાળ થઈ જાય.)

<u>यशो०</u> : यत्पुनरत्र – 'भूयोभूयः परिभ्रमणेऽप्युक्तासंख्येयपुद्गलपरावर्त्तानतिक्रम एव, आवलिकाऽसंख्येयभागपुद्गलपरावर्त्तानामसंख्यातगुणानामप्यसंख्याततत्वमेवेति प्रतीतौ कुतो 'भूयो-भूयः' शब्दाभ्यामानन्त्यकल्पनाया गन्धोऽपि, तेन भूयोभूयः परिभ्रमणेऽप्यसंख्याततत्वं तदवस्थमेव । अत एव तावता कालेन व्यावहारिकाणां सर्वेषामपि सिद्धिर्भणिता' इति परेण स्वमतं समाहितं,

---

<u>**चन्द्र०**</u> : **यत्** = एतत्पदस्य "समाहितम्" इतिपदेनान्वयः कर्त्तव्यः । **अत्र** = संग्रहणीवृत्तिपाठे । किं पूर्वपक्षेण तत्र समाधानं कृतम् ? इत्याह - **भूयोभूयः परिभ्रमणेऽपि** = न केवलमेकवारं परिभ्रमण इत्य**पि**शब्दार्थः । **उक्तासंख्येये**त्यादि । असंख्येयपुद्गलपरावर्तभ्रमणं यदुक्तं कायस्थितिस्तोत्रे, तस्योल्लङ्घनं नैव भवति इति ।

तत्र युक्तिमाह - **आवलिके**त्यादि । **असंख्यातगुणानामपि** = न केवलं एकस्य द्वयोर्वा इत्य**पि**शब्दार्थः, न त्वनन्तत्वमित्ये**व**कारार्थः । असंख्यं हि **असंख्येयप्रकारं** भवति । ततश्च एकस्मिन्भ्रमणेऽसंख्येयपुद्गलपरावर्त्ता भवन्ति, असंख्येयशो भ्रमणेऽसंख्यातगुणा असंख्येयपुद्गलपरावर्त्ता भवन्ति । असंख्यातगुणा असंख्येयपुद्गलपरावर्त्ताऽपि असंख्येय एव भवन्ति, न त्वनन्ताः । यथा हि दशात्मिका संख्यातसङ्ख्या द्वादशरूपया संख्यातसङ्ख्यया गुण्यमानाऽपि विंशत्यधिकशतरूपा सङ्ख्यातसङ्ख्या भवति, न त्वसंख्यातरूपा संख्या । एवं जघन्यासंख्येयाः पुद्गलपरावर्त्ता असंख्येयसंख्यया गुण्यमाना मध्यमासंख्येया एव भवन्ति, न त्वनन्ता इति । **"भूयोभूयः" शब्दाभ्यां** = संग्रहणीवृत्तिनिष्ठाभ्याम् । **गन्धोऽपि** = आनन्त्यकल्पना तावद् दूरे एव, तद् गन्धोऽपि नास्तीति भावः ।

**अत एव** = यतोऽसंख्येयशोऽसंख्यातपुद्गलपरावर्त्तपरिभ्रमणेऽपि असंख्याता एव पुद्गलपरावर्त्ता भवन्ति, तस्मादेव कारणात् **तावता कालेन** = असंख्येयपुद्गलपरावर्त्तप्रमाणकालेन **सर्वेषामपि** = न तु केषाञ्चिदेव व्यवहारिणामित्य**पि**शब्दार्थः ।

**परेण** = पूर्वपक्षेण **स्वमतं** = "व्यवहारिणामसंख्यपुद्गलपरावर्तप्रमाण एव उत्कृष्टः संसारः, नाधिकः" इतिरूपं **समाहितं** = शास्त्रबाधनिराकरणेन निर्दुष्टं साधितम् ।

<u>ચન્દ્ર૦</u> : (સંગ્રહણીના આ પાઠ દ્વારા વ્યવહારીઓનો પણ અનંત પુ.પ. સંસાર સિદ્ધ થવાથી પૂર્વપક્ષની માન્યતા તુટી જાય છે. પણ પૂર્વપક્ષ આ પાઠમાં એવું સમાધાન આપે છે કે) વારંવાર વ્યવહારીનું પરિભ્રમણ થાય તો પણ અમે કહેલ અસંખ્ય પુ.પ.કાળ

સંસારનું ઉલ્લંઘન તો થઈ શકતું જ નથી. આવલિકાના અસંખ્યાતમાં ભાગ પ્રમાણ પુ.પરાવર્તો અસંખ્યગુણ થાય તો પણ અસંખ્યાતા જ થાય. (જેમ ૧૦ સંખ્યા સંખ્યાતી છે. ૧૨ સંખ્યાતી છે. બે ને ગુણીએ તો ૧૨૦ નામની સંખ્યાતી સંખ્યા મળી શકે. અસંખ્યાતી સંખ્યા નહિ. એમ અસંખ્ય પુ.પ. અસંખ્યવાર થવાથી અસંખ્યસંખ્યા સાથે ગુણીએ તો પણ કુલ પુ.પ. અસંખ્યાતા સંભવી શકે છે, અનંતા થાય એમ ન કહેવાય.)

હવે આ પ્રમાણે પ્રતીતિ થતી હોય ત્યારે સંગ્રહણીવૃત્તિમાં રહેલા "ભૂયોભૂયઃ" બે શબ્દથી અનંત પુ.પ.ની કલ્પનાની ગંધ પણ કેવી રીતે હોઈ શકે ? (અર્થાત્ પુ.પ.ના આનન્ત્યની કલ્પના તો દૂરની વાત છે, તેની ગંધ પણ સંભવી શકતી નથી. અને એટલે વારંવાર પરિભ્રમણ થવા છતાં પુ.પ.ની અસંખ્યાતતા તે જ પ્રમાણે રહે છે.)

આમ સંગ્રહણીના પાઠ દ્વારા પણ વ્યવહારીઓનો ઉત્કૃષ્ટકાળ અસંખ્ય પુ.પ.કાળ જ થયા છે. માટે જ તો એટલા કાળ વડે તમામે તમામ વ્યવહારીઓની સિદ્ધિ કહેવાયેલી છે.

---

**यशो० : तदपि नैकान्तरमणीयं,** 'एवं विकलेन्द्रियैकेन्द्रियेषु गतागतैरनन्तान् पुद्गलपरावर्त्तान् निरुद्धोऽतिदुःखितः' **इत्यादिना** 'अन्यदा च कथमपि नीतोऽसावार्यदेशोद्भवमातङ्गेषु, तेभ्योऽप्यभक्ष्यभक्षणादिभिर्नरकपातादिक्रमेण रसगृद्ध्यकार्यप्रवर्त्तनाभ्यामेव लीलयैव व्यावृत्त्य विधृतोऽनन्तपुद्गलपरावर्त्तान्' **इत्यादिना च महता ग्रन्थेन भुवनभानुकेवलिचरित्रादौ व्यावहारिकत्वमुपेयुषाऽपि संसारिजीवस्य विचित्रभवान्तरिततयाऽनन्तपुद्गलपरावर्त्तभ्रमणस्य निगदसिद्धत्वात् ।**

---

**चन्द्र० : तदपि** = पूर्वपक्षेण समाहितं पूर्वपक्षमतमपि, असमाहितं पूर्वपक्षमतं तावद् एकान्तरमणीयं नास्त्येवेति **अपिशब्दार्थः, नैकान्तरमणीयं** = न सर्वथा मनोहरं, मुग्धानां तु रमणीयं भवत्यपि, किन्तु विदुषां न इति । पूर्वपक्षसमाधानस्य अयुक्तिकत्वसाधनार्थं व्यावहारिकाणामनन्तपुद्गलपरावर्त्तपरिभ्रमणप्रतिपादकान् शास्त्रपाठानाह – **एवं विकले**त्यादि । **गतागतैः** = गमनागमनैः **निरुद्धः** 'संसारे' इति शेषः ।

द्वितीयं शास्त्रपाठमाह - **अन्यदा च कथमपि** = केनापि प्रकारेण **असौ** = संसारिजीवः **आर्यदेशे**त्यादि, **मातङ्गाः** = चण्डालाः । **तेभ्यः** = चण्डालेभ्यः सकाशाद् **अभक्ष्यभक्षणादिभिः** = मांसभोजनादिभिः पापकर्मभिः । **अन्वयस्त्वेवम्** – रसगृद्ध्यकार्य-

प्रवर्त्तनाभ्यामेव अभक्ष्यभक्षणादिभिस्तेभ्योऽपि व्यावृत्य=निर्गत्य नरकपातादिक्रमेण विधृतोऽनन्त-पुद्गलपरावर्त्तान् – इति । भावार्थस्त्वेवम् - चण्डालभवेषु रसगृद्ध्यकार्यप्रवर्त्तनाभ्यां अनेन अभक्ष्यभक्षणपरस्त्रीगमनादिकं कृतं, ततश्च तादृशं पापकर्म बद्धं, येन चण्डालभवेभ्यो निर्गत्य नरके पतितः । एवं नरकपातादिक्रमेण अनन्तपुद्गलपरावर्त्तान् यावदस्मिन्संसारे रसगृद्ध्य-कार्यप्रवर्त्तनाभ्यां विधृत इति ।

**व्यावहारिकत्वमुपेयुषोऽपि** = न केवलमनुपेयुष एवेत्य**पि**शब्दार्थः । **विचित्र-भवान्तरिततया** = विचित्रैर्भवैः अन्तरितस्वरूपेण **निगदसिद्धत्वात्** = निगदेन = शब्देनैव सिद्धत्वात्, न त्वर्थापत्त्यादिभिरिति ।

**<u>ચન્દ્ર</u>૦ :** પૂર્વપક્ષનો સમાધાન વિનાનો મત તો નકામો હતો જ, પણ આ નવા સમાધાનથી સમાહિત બનેલો પૂર્વપક્ષ પણ એકાંતે રમણીય નથી. (અલબત, મુગ્ધ લોકોને તે રમણીય લાગશે પણ બુદ્ધિમાનોને નહિ. માટે જ તે એકાંતે રમણીય (કે અરમણીય) ન કહેવાય.)

("પૂર્વપક્ષ રમણીય નથી" એનું કારણ એના પદાર્થને ખોટા સાબિત કરનારા ચોક્ખા શાસ્ત્ર પાઠો છે.) તેમાં પ્રથમ પાઠ - (૧) આ પ્રમાણે વિકલેન્દ્રિય, એકેન્દ્રિયોમાં ગમન-આગમનો વડે અનંત પુદ્ગલ પરાવર્ત કાળ સુધી આ સંસારમાં રૂંધાયેલું, અતિ દુઃખી થયેલો...(અહીં વિક્લેન્દ્રિયનો ઉલ્લેખ હોવાથી વ્યવહારીજીવની જ વાત ચાલે છે. અને તે અનંત પુદ્ગલ પરાવર્ત ભમ્યો એ વાત છે. કદાચ એવી શંકા થાય કે "પૂર્વપક્ષ તો અભવ્યને અવ્યવહારી અને વિક્લેન્દ્રિયાદિમાં પરિભ્રમણ કરનાર તરીકે સ્વીકારે જ છે. તો અહીં એવા અભવ્યની જ વાત હોય તો ?" પણ એ શંકા અસ્થાને છે. કેમકે આ ગ્રંથમાં આ જીવનો આગળ મોક્ષ બતાવેલો છે. એટલે અહીં વ્યવહારી જ હોય એ વાત તો પૂર્વપક્ષ પણ માન્ય જ છે.)

**બીજો પાઠ :** "એકવાર કોઈપણ રીતે આ જીવ આર્યદેશમાં ઉત્પન્ન થયેલા ચંડાલોમાં લઈ જવાયો. ત્યાં પણ રસગૃદ્ધિ-અકાર્ય પ્રવર્તને મને અભક્ષ્યભક્ષણાદિ પાપો કરાવ્યા. અને એ ચંડાલોમાંથી બહાર કાઢીને એ પાપો દ્વારા બંધાયેલા કર્મોથી મને નરકમાં પાડ્યો. અને આમ નરકપાતાદિક્રમ વડે આ જીવ અનંતપુદ્ગલપરાવર્તકાળ સુધી આ સંસારમાં રસગૃદ્ધિ + અકાર્યપ્રવર્તન વડે ધારણ કરાયો." (અહીં પણ ભવિષ્યમાં મોક્ષે જનારા ભવ્યજીવની જ વાત છે અને એનો નરકાદિપાતાદિક્રમ વડે અનંત

પુદ્ગલપરાવર્તકાળ સંસાર બતાવેલો છે.) ઈત્યાદિ મોટા ગ્રન્થવડે ભુવનભાનુકેવલીચરિત્ર વિગેરેમાં વ્યવહારિપણાને પામેલા એવા પણ સંસારીજીવને વિચિત્ર ભવો વડે અન્તરિત તરીકે અનન્ત પુદ્ગલપરાવર્તનું ભ્રમણ એ સીધે-સીધું સિદ્ધ થાય છે (અર્થાપત્તિ આદિ અહીં કરવાની જરૂર જ પડતી નથી.)

---

**यशो० : तथा योगबिन्दुसूत्रवृत्तावपि नरनारकादिभावेनानादौ संसारेऽनन्तपुद्गलपरावर्त्तभ्रमणस्वाभाव्यमुक्तम् । तथाहि (योगबिन्दु-७४) –**

अनादिरेष संसारो नानागतिसमाश्रयः । पुद्गलानां परावर्त्ता अत्रानन्तास्तथा गताः ।।

**एतद्वृत्तिः**–'अनादिः=अविद्यमानमूलारंभः, एष=प्रत्यक्षतो दृश्यमानः संसारः=भवः । कीदृशः? इत्याह–नानागतिसमाश्रयः=नरनारकादिविचित्रपर्यायपात्रं वर्त्तते । ततश्च पुद्गलानां=औदारिकादिवर्गणारूपाणां सर्वेषां परावर्त्ताः=ग्रहणमोक्षात्मकाः, अत्र संसारे अनन्ताः=अनन्तवारस्वभावाः, तथा=तेन समयप्रसिद्धप्रकारेण, गताः= अतीताः ।।'

**केषाम्? इत्याह –**

सर्वेषामेव सत्त्वानां तत्स्वाभाव्यनियोगतः । नान्यथा संविदेतेषां सूक्ष्मबुद्ध्या विभाव्यताम्।।

**एतद्वृत्तिः**–'**सर्वेषामेव सत्त्वानां**=प्राणिनां, **तत्स्वाभाव्यं**=अनन्तपुद्गलपरावर्त्तपरिभ्रमणस्वभावता, तस्य **नियोगो**=व्यापारस्तस्माद् । अत्रैव व्यतिरेकमाह - **न**=नैव **अन्यथा**=तत्स्वाभाव्यनियोगमन्तरेण **संविद्**=अवबोधो घटते **एतेषां**=अनन्तपुद्गलपरावर्त्तानां **सूक्ष्मबुद्ध्या**=निपुणाभोगेन **विभाव्यतां**=अनुविचिन्त्यतामेतद् ।'

---

**चन्द्र० :** तृतीयं शास्त्रपाठमाह - **तथा योगबिन्दु** इत्यादि । **नरनारकादिभावेन** = न तु केवलमनादिनिगोदस्वरूपेण । तथा च व्यावहारिकाणामनन्तपुद्गलपरावर्त्तभ्रमणं प्रकृतपाठात्सिद्ध्यति ।

योगबिन्दुसूत्रवृत्तिद्वयं सुगमम् । नवरम् - प्रथमसूत्र औदारिकादिपुद्गलानां अनन्तवारस्वभाव उक्तः, द्वितीयश्लोके तु जीवानां अनन्तपुद्गलपरावर्त्तपरिभ्रमणः स्वभावः प्रदर्शितः । युक्तश्चैतत् । औदारिकादिपुद्गलानां एतादृश एव स्वभावो यदुत ते जीवेनानन्तवारं गृह्यन्ते । तथा जीवानामेतादृश एव स्वभावो यदुत ते तान्गृह्णन्ति, गृहीत्वा च तदनुसारेणानन्तपुद्गलपरावर्त्तान्परिभ्रमन्तीति ।

यदि हि जीवानामेतादृशस्वभावव्यापारो न मन्येत, तर्हि अनन्तपुद्गलपरावर्त्तानां ज्ञानं न

भवेत् । **ननु** यदि जीवानां अनन्तपुद्गलपरावर्त्तपरिभ्रमणस्वभावो नास्ति, तर्हि तस्यानन्तपुद्गलपरावर्त्ताः कथं भवेत् ? नहि स्वभावं विना एतद् भवितुमर्हति । न खलु शीतलस्वभावविरहितो वह्निः शीतलतां ददाति – इत्येवं तादृशस्वभावं विना जीवानामनन्तपुद्गलपरावर्त्तभ्रमणज्ञानं न भवेदित्यभिप्रायः ।

**चन्द्र०** : યોગબિન્દુની બે ગાથાની ટીકામાં પણ કહ્યું છે કે, "જીવનો મનુષ્ય, નરકાદિ ભાવો વડે અનાદિ સંસારમાં અનંતપુદ્ગલપરાવર્તભ્રમણ કરવાનો સ્વભાવ છે."

તે ગાથા અને ટીકા આ પ્રમાણે છે.

**ગાથાનો અર્થ :** અનાદિ આ સંસાર જુદી જુદી ગતિના આશ્રયવાળો છે. એ સંસારમાં પુદ્ગલોના અનંતાપરાવર્તો તે પ્રમાણે પસાર થયેલા છે.

**આ ગાથાની ટીકાનો અર્થ : અનાદિ** = જેનું મૂળ = પ્રથમ આરંભ નથી તે. **આ** = પ્રત્યક્ષથી જ જે દેખાય છે તે **સંસાર** = ભવ. તે કેવો છે ? તે કહે છે કે, **નાનાગતિસમાશ્રય** = મનુષ્ય, નારક વિગેરે વિચિત્રપર્યાયોનું પાત્ર છે. તેથી **પુદ્ગલો** = ઔદારિકાદિવર્ગણાઓ રૂપ તમામ પુદ્ગલોના **પરાવર્તો** = ગ્રહણ અને ત્યાગ રૂપ પરાવર્ત આ સંસારમાં **અનંતા** = અર્થાત્ અનંતવાર થવાના સ્વભાવવાળા શાસ્ત્રમાં પ્રસિદ્ધ પ્રકાર વડે પસાર થઈ ચૂકેલા છે. (**સાર** : જીવના ભૂતકાળમાં અનંતા પુદ્ગલપરાવર્તકાળો થઈ ચૂક્યા છે. અને એ પણ નર, નારકાદિભવોને આશ્રયીને થયા છે. માત્ર અનાદિ નિગોદાદિ અવ્યવહારીઓને થવાની વાત નથી. એટલે વ્યવહારીઓને પણ તે અનંતપુદ્ગલપરાવર્તકાળ સિદ્ધ થાય છે.)

આવા અનંતા પુદ્ગલપરાવર્તકાળો કોનાં થાય ? તે કહે છે કે-

**ગાથાનો અર્થ :** તમામે તમામ જીવો તેવા પ્રકારના સ્વભાવ વ્યાપારથી (તે અનંતા પુદ્ગલપરાવર્ત થયેલા છે.) પણ જીવોના તેવા પ્રકારના સ્વભાવ વિના આ પુદ્ગલપરાવર્તનો સંવિદ્ = બોધ થતો નથી. (આ પદાર્થ) સૂક્ષ્મબુદ્ધિ વડે વિચારવો.

**ગાથાની ટીકાનો અર્થ :** તમામ જીવોનો જે અનંતપુદ્ગલપરાવર્તપરિભ્રમણ કરવાનો સ્વભાવ છે, તેના નિયોગથી = વ્યાપારથી = પ્રવૃત્તિથી આ અનંતપુદ્ગલપરાવર્ત પસાર થાય છે. (અર્થાત્ જીવનો સ્વભાવ આમાં પ્રવૃત્તિ કરે છે, કામ કરે છે અને પરિણામે આ અનંતપુદ્ગલપરાવર્ત થાય છે.)

જીવના અનંતપુદ્ગલપરાવર્ત ભમવાના સ્વભાવ વિના તો આ અનંતપુદ્ગલપરાવર્તનો બોધ થતો નથી. (જો જીવનો તાદશસ્વભાવ ન માનીએ તો "જીવનું અનંતપુદ્ગલપરાવર્તકાળ પસાર થાય છે." એ પદાર્થ જ મનમાં ન બેસે, ન સમજાય. (જેમ પાણીનો ઠારવાનો સ્વભાવ જ ન માનો તો "પાણીથી ઠારવાનું કામ શી રીતે થતું હશે ?" એ ન જ સમજાય. સાપનો સ્વભાવ ક્રોધ છે ક્ષમા નહિ. અને આપને જ એવું જાણવા મળે કે કોઈક સાપ ગમે તેટલા પત્થરો લાકડીઓ મારીએ તો પણ સામે ફુંફાડો મારતો નથી, ભાગી જતો નથી...તો એ ન જ સમજાય. કેમકે ક્ષમાનો સ્વભાવ જ નથી તો ક્ષમાની ક્રિયા શી રીતે ઘટે ? એમ જો જીવનો સ્વભાવ અનંતપુદ્ગલપરાવર્ત ભમવાનો ન હોય તો આ પદાર્થ ન જ સમજાય કે "તાદશસ્વભાવ વિના જીવ અનંતપુદ્ગલપરાવર્ત ભમે જ શી રીતે ?")] સૂક્ષ્મ બુદ્ધિથી આ વાત વિચારવી.

---

**यशो० : इति व्यावहारिकत्वेऽप्यनन्तपुद्गलपरावर्त्तभ्रमणसंभवात्, तेनाभव्यानामव्यावहारिकत्वसाधनमसङ्गतमिति द्रष्टव्यम् ।**

---

**चन्द्र० : इति** = प्रतिपादितानां त्रयाणां पाठानामनुसारेण **व्यावहारिकत्वेऽपी**त्यादि, सुगमम्। **संभवात्** इत्यत्रपञ्चम्या अन्वयो "**नैकान्तरमणीयं**" इति पदेन सह कर्त्तव्यः । – यतः प्रतिपादितपाठानुसारेण व्यावहारिकाणामप्यनन्तसंसारपरिभ्रमणं सम्यग् घटते, ततः पूर्वपक्षस्य समाहितमपि स्वमतं नैकान्तरमणीयम् – इति अन्वयार्थः ।

**तेन** = यतोऽनन्तपुद्गलपरावर्त्तपरिभ्रमणं व्यावहारिकाणामपि भवति, तस्मात्कारणाद् **अभव्यानां अव्यावहारिकत्वसाधनं** = अनन्तपुद्गलपरावर्त्तकालस्थायित्वहेतुनेति शेषः, **असङ्गतं** व्यभिचारसद्भावादिति शेषः ।

**ચન્દ્ર૦ :** આમ બતાવેલા ત્રણ પાઠો મુજબ વ્યાવહારિકપણામાં પણ અનંતપુદ્ગલપરાવર્ત પરિભ્રમણનો સંભવ હોવાથી પૂર્વપક્ષનો સમાધાનવાળો સ્વમત એકાંતે રમણીય નથી એ સ્પષ્ટ છે. અને એટલે "અભવ્યોને અવ્યાવહારિક તરીકે સિદ્ધ કરવા માટે કરેલું અનુમાન અસંગત છે" એમ જાણવું. (કારણ કે જ્યાં અનંત પુદ્ગલ પરાવર્ત સ્થાયિત્વ હોય ત્યાં અવ્યવહારિત્વ હોય, આ વ્યાપ્તિ વ્યવહારીઓમાં વ્યભિચારવાળી બને જ છે. બતાવેલા પાઠ મુજબ તેઓમાં હેતુ છે, છતાં અવ્યવહારિત્વ સાધ્ય નથી.)

**चन्द्र० :** तर्हि कायस्थितिस्तोत्रे व्यावहारिकाणां या उत्कृष्टा कायस्थितिरसंख्येय-

पुद्गलपरावर्त्तकालप्रमाणा प्रतिपादिता, तस्य का गतिः ? इति शङ्कायाः समाधानं तु ग्रन्थकृदग्रे करिष्यति इत्यधुना धैर्यमवलम्बनीयम् ।

**चन्द्र०** : કાયસ્થિતિસ્તોત્રમાં તો વ્યવહારિકોની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ અસંખ્યાત-પુદ્ગલપરાવર્તકાળ જેટલી જ બતાવેલી છે, તો એનું શું ? આવી શંકાનું સમાધાન ગ્રન્થકાર આગળ કરશે એટલે હમણા ધીરજ ધરવી.

---

**यशो० : ननु प्रज्ञापनावृत्तौ व्यावहारिकाणामुत्कर्षतोऽप्यावलिकाऽसंख्येय-भागपुद्गलपरावर्त्तस्थितिः, तत ऊर्ध्वं चावश्यं सिद्धिरिति स्फुटं प्रतीयते ।**

---

**चन्द्र०** : पूर्वपक्षः पुनः शङ्कते - **ननु** इत्यादि स्पष्टम् ।

**ચન્દ્ર૦ : પૂર્વપક્ષ** : પ્રજ્ઞાપનાસૂત્રની ટીકામાં તો એ વાત સ્પષ્ટ જણાય છે કે, "વ્યાવહારિકોની ઉત્કર્ષથી પણ કાયસ્થિતિ આવલિકાના અસંખ્યેયભાગ જેટલા પુદ્ગલપરાવર્ત જેટલી હોય છે અને ત્યારબાદ અવશ્ય મોક્ષ થાય છે."

---

**यशो० : तथा च तद्ग्रन्थः** - 'ननु यदि वनस्पतिकालप्रमाणमसंख्येयाः पुद्गलपरावर्त्तास्ततो यद् गीयते सिद्धान्ते 'मरुदेवाजीवो यावज्जीवभावं वनस्पतिरासीद्' इति तत्कथं स्यात्? कथं वा वनस्पतीनामनादित्वम्? प्रतिनियतकालप्रमाणतया वनस्पतिभावस्यानादित्वविरोधात् । तथाहि-असंख्येयाः पुद्गलपरावर्त्तास्तेषामवस्थानमानं; तत एतावति कालेऽतिक्रान्ते नियमात्सर्वेऽपि कायपरावर्त्तं कुर्वते, यथा स्वस्थितिकाले सुरादयः ।

---

**चन्द्र० : तथा च तद्ग्रन्थः** = प्रज्ञापनासूत्रवृत्तिपाठः । **तत्कथं स्यात् ?** = मरुदेवाजीवस्य **यावज्जीवभावं** = अनादिकालतो वनस्पतित्वं कथं भवेत् ? यतोऽनादिकालतस्तस्य वनस्पतित्वसद्भावे तस्य वनस्पतौ अनन्ता पुद्गलपरावर्त्ता अतीताः स्युः, वनस्पतिकायस्थिति-श्चासंख्येया एव पुद्गलपरावर्त्ता इति स्पष्टं विरोध इति ।

शङ्कान्तरमाह - **कथं वा** इत्यादि । तत्र कारणमाह - **प्रतिनियतकालप्रमाणतया** = असंख्येयपुद्गलपरावर्त्तात्मकः परिमितः काल एव प्रमाणं येषां ते, तेषां भावः, प्रतिनियतकालप्रमाणता, तया । **अनादित्वविरोधात्** = अनादित्वस्यासम्भवात् । तथा च - **वनस्पतयः, न अनादयः, प्रतिनियतकालप्रमाणत्वात्, देवादिभववत्**-इत्यनुमानं फलितम् ।

एतदेव स्पष्टयति - **तथाहि** इत्यादि, स्पष्टम् । **स्वस्थितिकाले** समाप्ते सति ।

**<u>ચન્દ્ર</u>૦ :** પ્રજ્ઞાપનાનો પાઠ આ પ્રમાણે છે. (અહીંથી માંડીને પ્રજ્ઞાપનાનો ઘણો મોટો પાઠ અત્રે આપવામાં આવ્યો છે. એટલે એમાં જે પૂર્વપક્ષ ઉત્તરપક્ષ આવે, તે આ પ્રસ્તુત ગ્રન્થના ન સમજવા. પરંતુ પ્રજ્ઞાપનાની ટીકાના સમજવા. એ ટીકામાં જ આ પદાર્થ અંગે લાંબી ચર્ચા છે.)

**પ્રશ્ન :** જો વનસ્પતિકાળનું પ્રમાણ અસંખ્યપુદ્ગલપરાવર્ત હોય, તો પછી સિદ્ધાન્તમાં જે કહેવાય છે કે "મરૂદેવાનુ જીવ યાવજ્જીવભાવ = અનાદિકાળથી છેલ્લા ભવ સુધી (છેલ્લો એક ભવ ન ગણવો) વનસ્પતિ હતો." એ શી રીતે ઘટે ? (કેમકે વનસ્પતિનો કાળ તો અસંખ્યપુદ્ગલપરાવર્ત જ છે. એટલે મરૂદેવા એટલા કાળમાં તો વનસ્પતિમાંથી બહાર નીકળી જ જાય. હવે ભૂતકાળમાં તો અનંતાપુદ્ગલપરાવર્ત થઈ ગયા છે. એટલે મરૂદેવાજીવ પણ અનંતીવાર વનસ્પતિમાં બહાર નીકળ્યો હશે અને પાછો એમાં ગયો હશે. તો પછી મરૂદેવાજીવ છેલ્લા ભવ સુધી વનસ્પતિ હતો એ વાત સત્ય ન બને. એ વાત માનીએ તો વનસ્પતિમાં જ તેઓ અનંતપુદ્ગલપરાવર્ત રહ્યા એમ માનવું પડે અને તો પછી વનસ્પતિની સ્થિતિ અસંખ્યપુદ્ગલપરાવર્ત નહિ, પણ અનંતપુદ્ગલપરાવર્ત જ માનવી પડે.)

વળી મારો બીજો પ્રશ્ન એ છે કે તમે વનસ્પતિને અનાદિ માનો છો એટલે કે કોઈપણ જીવ સૌ પ્રથમ તો અનાદિકાળથી નિગોદમાં જ હતો એમ તમે માનો છો. પણ આ વાત પણ સંગત ન થાય કેમકે વનસ્પતિ તો ચોક્કસકાળ જેટલા પ્રમાણવાળી જ છે એટલે કે અસંખ્યપુદ્ગલપરાવર્ત કાળ પ્રમાણવાળી જ છે. અને એટલે વનસ્પતિમાં અનાદિત્વ માનીએ તો વિરોધ આવે.

તે આ પ્રમાણે - અસંખ્યપુદ્ગલપરાવર્ત વનસ્પતિઓની કાયસ્થિતિ છે. અને એટલે આટલો કાળ પસાર થયે છતેં અવશ્ય તમામે તમામ વનસ્પતિજીવો વનસ્પતિકાય છોડીને બીજી કાયમાં જાય જ. (**દા.ત.** દેવ વિગેરેની કાયસ્થિતિ ૩૩ સાગરો. વિગેરે છે તો એટલા કાળ પસાર થાય એટલે દેવજીવો દેવકાય છોડીને અન્ય કાયમાં જાય જ છે. એમ અહીં પણ સમજવું.)

---

**<u>यशो०</u>** : उक्तं च (विशेषणवति-४६/४७/४८) –

जइ पुग्गलपरिअट्टा संखाईआ वणस्सइकालो । तो अच्चंतवणस्सइ जीवो कह नाम मरुदेवी ? ।।

हुज्ज व वणस्सईणं अणाइअत्तमत एव हेऊओ । जमसंखेज्जा पोग्गलपरिअट्टा तत्थवत्थाणं।।

कालेणेवइएणं तम्हा कुव्वंति कायपल्लट्टं । सव्वे वि वणस्सइणो ठिइकालंते जह सुराई।।

---

<u>चन्द्र</u>० : प्रज्ञापनावृत्तिगतपूर्वपक्षः स्वमतपोषणार्थं शास्त्रपाठमाह - **उक्तं च** - इत्यादि। विशेषणवति ग्रन्थगतगाथासंक्षेपार्थस्त्वयम् – (१) यदि वनस्पितकालः संख्यातीताः = असंख्याः पुद्गलपरावर्त्ताः, तर्हि मरुदेवी जीवः कथं नाम अत्यन्तवनस्पतिः = अन्तिमभवपर्यन्तं वनस्पतिः ? (२) वनस्पतीनां वा अनादित्वं **अत एव हेतुतः** = वनस्पतिकालस्याऽसंख्यपुद्गलपरावर्त्तप्रमाणत्वाद्धेतोः कथं भवेत् ? यतोऽसंख्येयाः पुद्गलपरावर्त्ताः **तत्र** - वनस्पतौ अवस्थानं भवति । (३) तस्माद् एतावता कालेन सर्वेऽपि वनस्पतयः कायपरावर्तं कुर्वन्ति, यथा स्थितिकालान्ते सुरादयः । – इति । भावार्थस्तु पूर्वमेव प्रतिपादितः ।

<u>ચન્દ્ર</u>૦ : (પ્રજ્ઞાપનાની વૃત્તિમાં જે પૂર્વપક્ષ છે, તે પોતાના મતના પોષણ માટે વિશેષણવતિનો શાસ્ત્રપાઠ આપે છે કે) (૧) જો વનસ્પતિકાળ અસંખ્યપુદ્ગલપરાવર્ત હોય તો મરૂદેવી જીવ કેવી રીતે અત્યંત વનસ્પતિ = છેલ્લા ભવ સુધી અનાદિ વનસ્પતિ હોઈ શકે ? (૨) વળી વનસ્પતિકાળ અસંખ્યપુદ્ગલપરાવર્ત હોવાના કારણસર જ વનસ્પતિનું અનાદિપણું પણ શી રીતે ઘટે ? (પહેલી ગાથામાં રહેલો "કથં" શબ્દ બીજી ગાથામાં પણ લેવો) જે કારણથી અસંખ્યપુદ્ગલપરાવર્ત તે વનસ્પતિમાં અવસ્થાન હોય છે. (૩) તે કારણથી આટલા કાળ વડે તો તમામે તમામ વનસ્પતિઓ કાયપરાવર્તને કરે જ. જેમ પોતાના સ્થિતિકાળનો અંત થાય એટલે દેવો કાયપરાવર્ત કરે છે. (આનો ભાવાર્થ તો અમે પહેલા જ બતાવી ગયા છીએ.)

---

**<u>यशो</u>०** : किञ्च, एवं यद्वनस्पतीनां निर्लेपनमागमे प्रतिषिद्धं तदपीदानीं प्रसक्तम् । कथम्? इति चेत्, उच्यते–इह प्रतिसमयमसंख्येया वनस्पतिभ्यो जीवा उद्वर्त्तन्ते, वनस्पतीनां च कायस्थितिपरिमाणमसंख्येयाः पुद्गलपरावर्त्ताः। ततो यावन्तोऽसंख्येयेषु पुद्गलपरावर्त्तेषु समयास्तैरभ्यस्ता एकसमयोद्वृत्ता जीवा यावन्तो भवन्ति तावत्परिमाणमागतं वनस्पतीनाम् । ततः प्रतिनियतपरिमाणतया सिद्धं निर्लेपनं, प्रतिनियतपरिमाणत्वात्।

**चन्द्र० :** पूर्वपक्षस्तृतीयां शङ्कां करोति - **किञ्च एवं** = वनस्पतीनामसंख्यपुद्गलपरावर्त्तप्रमाणकायस्थितिसत्त्वे **यद्** = "प्रतिषिद्धम्" सहास्यान्वयः **निर्लेपनं** = जीवमात्रशून्यत्वं **तदपि** = न केवलं पूर्वोक्ता आपत्तयः, किन्तु इदं निर्लेपनमपि **इत्यपि**शब्दार्थः, **इदानीं** = अधुना, वनस्पतीनां असंख्यपुद्गलपरावर्त्तप्रमाणकायस्थितिनिरूपणकाले, तत्पूर्वं तु निर्लेपनापत्तिर्नासीदिति भावः । कश्चित्पूर्वपक्षं प्रश्नयति - **कथं ?** = केन प्रकारेण निर्लेपनापत्तिः सम्भवेत् ? इति । पूर्वपक्षो निर्लेपनप्रसङ्गमेव स्पष्टयति - **उच्यते** इत्यादि । **उद्वर्तन्ते** = बहिर्निर्गच्छन्ति । **अभ्यस्ताः** = गुणिताः **एकसमयोद्वृत्ताः** = एकस्मिन्समये वनस्पतिभ्यो निर्गताः । **आगतं** = सिद्धम् ।

अत्र मन्दमत्युपकाराय दृष्टान्तं प्रतिपादयामि । अत्रासत्कल्पनातः कल्प्यते यदुत असंख्येयपुद्गलपरावर्त्तसमया दश लक्षाणि । प्रतिसमयं वनस्पतिभ्यो निर्गच्छन्तो जीवा दशशतानि । ततश्च दशशतानि दशलक्षैर्गुणितानि कोटिशतकं भवन्ति, एतावत्प्रमाणं वनस्पतीनामिति । **ततः** = यत एकसमयोद्वृत्तजीवा असंख्यपुद्गलपरावर्त्तसमयैर्गुणिता एव वनस्पतिजीवप्रमाणं, तस्मात्कारणात् **प्रतिनियतपरिमाणतया** = निश्चितप्रमाणत्वेन **सिद्धं निर्लेपनम्** । प्रतिनियतपरिमाणतया इति पदेन निर्लेपनकारण उक्तेऽपि पुनः स्पष्टतार्थं तत्कारणमाह- **प्रतिनियतप्रमाणत्वात्** ।

**ચન્દ્ર૦ :** અમારી ત્રીજી શંકા એ છે કે "આગમમાં વનસ્પતિઓનું જે નિર્લેપન (= સંપૂર્ણ ખાલી થઈ જવું, એક પણ જીવ વનસ્પતિમાં ન રહેવો) નિષેધ કરાયેલું છે કે વનસ્પતિઓનું નિર્લેપન થતું જ નથી, તે નિર્લેપન પણ હવે આવી પડશે. (અત્યાર સુધી વનસ્પતિની કાયસ્થિતિની વાત થઈ ન હતી એટલે નિર્લેપનનો પ્રસંગ ઉપસ્થિત થયો ન હતો, પરંતુ હવે કાયસ્થિતિ અસંખ્યપુદ્ગલપરાવર્ત બતાવી એટલે આ પ્રસંગ ઉપસ્થિત થયો.")

તે આપત્તિ શી રીતે આવે ? તે કહે છે કે "અહીં દરેક સમયે અસંખ્ય જીવો વનસ્પતિમાંથી બહાર નીકળે છે. વનસ્પતિઓની કાયસ્થિતિનું પરિમાણ અસંખ્યપુદ્ગલપરાવર્ત છે. તેથી અસંખ્યપુદ્ગલપરાવર્તમાં જેટલા સમયો છે, તેના વડે ગુણાકાર કરાયેલા એકસમયમાં વનસ્પતિમાંથી નીકળેલા જીવો જેટલા થાય, વનસ્પતિઓનું એટલું પરિમાણ નક્કી થયું. (અસત્કલ્પનાએ વિચારીએ કે અસંખ્યપુદ્ગલપરાવર્ત એટલે ૧૦ લાખ સમય અને વનસ્પતિમાંથી એક સમયે બહાર નીકળતા જીવો ૧૦૦૦ છે. તો ૧૦ લાખ x ૧૦૦૦ = ૧૦૦ કરોડ જીવો વનસ્પતિમાં છે એમ નક્કી થાય.)

વનસ્પતિ આટલા જ પ્રમાણજીવોવાળી હોવાથી એ પ્રતિનિયત = ચોક્કસ પ્રમાણવાળી બની. અને માટે તેનું નિર્લેપન = ખાલી થવું સિદ્ધ થાય છે. કેમકે પ્રતિનિયત પ્રમાણવાળી છે.

(**પ્રતિનિયતપરિમાણતયા** એ શબ્દ નિર્લેપન થવાનું કારણ દર્શાવવા માટે છે જ એટલે ફરી **પ્રતિનિયતપ્રમાણત્વાત્** પદ લખવાની જરૂર નથી. છતાં સ્પષ્ટતા માટે એ શબ્દ લખ્યો છે એમ જાણવું.)

---

**यशो०** : एवं च गच्छता कालेन सिद्धिरपि सर्वेषां भव्यानां प्रसक्ता। तत्प्रसक्तौ च मोक्षपथव्यवच्छेदोऽपि प्रसक्तः, सर्वभव्यसिद्धिगमनानन्तरमन्यस्य सिद्धिगमनायोगात् । आह च (विशेषणवति-५०/४९) -

कायठिइकालेणं तेसिमसंखिज्जयावहारेणं । णिल्लेवणमावण्णं सिद्धी वि य सव्वभव्वाणं।।

पइसमयमसंखिज्जा जेणुव्वट्टंति तो तदब्भत्था । कायठिईए समया वणस्सइणं च परिमाणं।।

---

**चन्द्र०** : **एवं च** = वनस्पतीनां प्रतिनियतपरिमाणत्वे च **गच्छता कालेन सिद्धिरपि** = न केवलं वनस्पतीनां निर्लेपनमिति **अपि**शब्दार्थः । **सर्वेषां भव्यानां** = भव्या हि अपरिमितप्रमाणाः सन्ति, ततो जघन्यतोऽपि प्रतिषड्मासं एकजीवस्य मोक्षगमनेऽपि नानन्तेनापि कालेन सर्वेषां भव्यानां सिद्धिः । किन्तु यदि वनस्पतय एव प्रतिनियतप्रमाणाः, तर्हि तदन्तर्गता भव्यास्तु सुतरां तथा, ततश्च प्रतिनियतप्रमाणत्वात्क्रमशो मोक्षं गन्तारो भव्याः सर्वेऽपि मोक्षं प्राप्स्यन्तीति । **तत्प्रसक्तौ च** = सर्वेषां भव्यानां सिद्धिप्रसक्तौ च **मोक्षपथव्यवच्छेदोऽपि** = न केवलं सर्वभव्यमोक्षप्रसङ्ग इत्य**पि**शब्दार्थः, **प्रसक्तः** । तत्र कारणमाह - **सर्वभव्ये**त्यादि। **अन्यस्य** = अभव्यस्याजीवादेश्च **सिद्धिगमनायोगात्** ।

अत्रार्थे शास्त्रपाठमाह - **आह चे**त्यादि । विशेषणवतिगाथासंक्षेपार्थस्त्वयम् — (१) **तेषां** = वनस्पतीनां **असंख्येयतापहारेण** = प्रतिसमयमसंख्यजीवनिर्गमनेन **कायस्थितिकालेन** = असंख्यपुद्गलपरावर्त्तकालेन **निर्लेपनं** = सर्वजीवशून्यत्वं **आपन्नम्** । **सिद्धिरपि च सर्वभव्यानाम्** । (२) **येन प्रतिसमयं असंख्येया उद्वर्तन्ते**, ततस्त**दभ्यस्ताः** = असंख्येयजीवगुणिता **कायस्थितेः समया वनस्पतीनां च परिमाणम्** । — इति । भावार्थस्तु प्रतिपादितपदार्थानुसारेण सुगमः ।

**ચન્દ્ર૦** : આ રીતે જો પ્રતિનિયતપરિમાણવાળી જ વનસ્પતિ હોય તો અમુક કાળ પસાર થયા બાદ તમામ ભવ્યોનો મોક્ષ થઈ જવાની આપત્તિ પણ આવશે. (વનસ્પતિ ખાલી થવાની આપત્તિ તો આવે જ, પણ આ આપત્તિ પણ આવે) (ભવ્યો બધા વનસ્પતિમાં છે (કે હતા.) અને વનસ્પતિમાં જો નિયતપરિમાણવાળા જીવો હોય તો ભવ્યો તો સુતરાં ચોક્કસપ્રમાણવાળા જ હોવાના, અપરિમિત નહિ અને દર છ મહિને ઓછામાં ઓછો એક જીવ તો મોક્ષે જાય જ છે. એટલે પરિમિતપ્રમાણવાળા ભવ્યો મોક્ષે જતા જ રહે, નવા ભવ્યો આવે નહિ એટલે એવો એક કાળ આવે કે જ્યારે બધા ભવ્યોનો મોક્ષ થઈ જાય.)

અને જો બધાય ભવ્યોનો મોક્ષ થવાની આપત્તિ આવે તો પછી મોક્ષમાર્ગનો વ્યવચ્છેદ થવાની આપત્તિ પણ આવે. કેમકે સર્વભવ્યજીવોનું સિદ્ધિમાં ગમન થયા બાદ બીજા અભવ્ય જીવ કે અજીવોનું સિદ્ધિમાં ગમન થવાનું જ નથી.

વિશેષ-નવતિમાં આજ વાત કરી છે કે - (૧) તે વનસ્પતિઓના અસંખ્યાતના અપહાર વડે તેમની કાયસ્થિતિના કાળ વડે તેઓનું નિર્લેપન થઈ જાય. તથા સર્વભવ્યોની સિદ્ધિ પણ થાય. (૨) જે કારણથી પ્રત્યેક સમયે અસંખ્ય જીવો વનસ્પતિમાંથી બહાર નીકળે છે તે કારણથી તે જીવોની સંખ્યા સાથે ગુણાયેલા કાયસ્થિતિના સમયો વનસ્પતિજીવોનું પરિમાણ બને. (ભાવાર્થ તો પૂર્વે બતાવેલા અર્થ મુજબ સરળ જ છે.)

---

**यशो०** : न चैतदस्ति, वनस्पतीनामनादित्वस्यनिर्लेपनप्रतिषेधस्यसर्वभव्यासिद्धेः मोक्षपथाऽव्यवच्छेदस्य च तत्र तत्र प्रदेशे सिद्धान्तेऽभिधानात् ।

---

**चन्द्र०** : एवं चतस्रः शङ्काः प्रदर्श्याधुना पूर्वपक्षो निष्कर्षमाह - **न च एतद्** = वनस्पतीनां आदित्वं निर्लेपनं सर्वभव्यसिद्धिर्मोक्षपथव्यवच्छेदश्चेत्येतच्चतुष्टयं **अस्ति** । तत्र कारणमाह- **वनस्पतीनामनादित्वस्य "तत्र तत्र प्रदेशे सिद्धान्तेऽभिधानात्"** इत्यनेन सहास्यान्वयः कर्त्तव्यः, **निर्लेपनप्रतिषेधस्य** = "वनस्पतीनाम्" इति पदमत्रापि संयोज्यम् । तथा "तत्र तत्र" इत्यनेन सहान्वयोऽस्य कर्त्तव्यः, **सर्वभव्यासिद्धेः** = "तत्र तत्र" इत्यनेन सहास्यान्वयः, **मोक्षपथाव्यवच्छेदस्य चे**त्यादि स्पष्टम् । अत्र प्रज्ञापनावृत्तौ पूर्वपक्षः समाप्तः ।

**ચન્દ્ર૦** : (આમ વનસ્પતિનો ઉત્કૃષ્ટ કાયસ્થિતિકાળ અસંખ્ય પુદ્ગલપરાવર્ત માનવામાં વનસ્પતિના અનાદિત્વની, વનસ્પતિના નિર્લેપનની, સર્વભવ્યોની સિદ્ધિ થવાની અને

મોક્ષમાર્ગનો વ્યવચ્છેદ થવાની આપત્તિ આવે છે પણ આ ચારેય પદાર્થ ખરેખર તો ખોટા જ છે.) કેમકે સિદ્ધાન્તમાં તે તે સ્થાને વનસ્પતિઓની અનાદિતાનું, વનસ્પતિના નિર્લેપનના પ્રતિષેધનું, સર્વભવ્યોની સિદ્ધિના અભાવનું અને મોક્ષમાર્ગના વ્યવચ્છેદના અભાવનું નિરૂપણ કરેલું જ છે. (અહીં પ્રજ્ઞાપનાની ટીકામાં પૂર્વપક્ષ પૂર્ણ થયો.)

**यशो०** : उच्यते – इह द्विविधा जीवाः–सांव्यावहारिका असांव्यावहारिकाश्च। तत्र ये निगोदावस्थात उद्वृत्त्य पृथिवीकायिकादिभवेषु वर्त्तन्ते ते लोकेषु दृष्टिपथमागताः सन्तः पृथिवीकायिकादिव्यवहारमनुपतन्तीति सांव्यावहारिका उच्यन्ते। ते च यद्यपि भूयोऽपि निगोदावस्थामुपयान्ति तथाऽपि ते सांव्यावहारिका एव, संव्यवहारे पतितत्वात्।

**चन्द्र०** : प्रज्ञापनाटीकाकारो मलयगिरिपूज्याः पूर्वपक्षं प्रति समाधानमाह - **उच्यते** इत्यादि। **निगोदावस्थातः** = अनादिनिगोदावस्थानाद् **उद्वृत्त्य** = बहिर्निर्गत्य । **पृथिवीकायिकादि-व्यवहारं** = "अयं पृथिवीकायः, अयमप्कायः" इत्यादि व्यवहारं **अनुपतन्ति** = अनुसरन्ति, तादृशव्यवहारविषया भवन्तीति यावत् । **इति** = तादृशव्यवहारानुपतनरूपात्कारणात् **सांव्यावहारिका उच्यन्ते** ।

**ननु** ते जीवा यदि पुनर्निगोदेषु गच्छन्ति, तदा पृथिवीकायिकादिव्यवहारविषया न भवन्तीति तदा ते किं पुनरसांव्यावहारिका भवन्ति ? इत्याशङ्कायामाह - **ते च यद्यपि** इत्यादि । **संव्यवहारे** = पृथिवीकायिकादिव्यवहारे **पतितत्वात्** = प्राक्काले तादृशव्यवहारविषयभूतत्वाद् इति भावः ।

**ચન્દ્ર૦** : (પ્રજ્ઞાપનાટીકાકાર પૂજ્ય મલયગિરિજી મહારાજ પૂર્વપક્ષ પ્રત્યે સમાધાન આપે છે કે)

**ઉત્તર** : આ સંસારમાં બે પ્રકારના જીવો છે - સાંવ્યાવહારિક અને અસાંવ્યાવહારિક. તેમાં જે જીવો અનાદિ નિગોદ અવસ્થામાંથી બહાર નીકળીને પૃથ્વીકાયાદિ ભેદોમાં (કે ભવોમાં) વર્તે છે, તે જીવો લોકોને વિશે દૃષ્ટિમાર્ગમાં આવતા છતાં = ચક્ષુથી દેખાતા છતાં "આ પૃથ્વી છે, પાણી છે" એ વિગેરે વ્યવહારમાં પડે છે એટલે કે એ વ્યવહારનો વિષય બને છે અને માટે તેઓ સાંવ્યાવહારિક કહેવાય છે.

(**પ્રશ્ન** : આ જીવો પાછા નિગોદમાં જાય, ત્યારે "આ પૃથ્વી છે" ઈત્યાદિ વ્યવહારનો વિષય ન બને. તો શું ત્યારે તેઓ પાછા અવ્યવહારી બની જાય ?)

**ઉત્તર :** આ જીવો જો કે ફરીથી પાછા નિગોદાવસ્થાને પામે છે ખરા, તો પણ તેઓ વ્યવહારી જ કહેવાય. કેમકે પૂર્વકાળમાં તેઓ વ્યવહારમાં પડેલા છે, અર્થાત્ "આ પૃથ્વી છે..." ઈત્યાદિ વ્યવહારનો વિષય બનેલા છે.

---

**यशो०** : ये पुनरनादिकालादारभ्य निगोदावस्थामुपगता एवावतिष्ठन्ते ते व्यवहारपथातीतत्वादसांव्यवहारिकाः । कथमेतदवसीयते द्विविधा जीवाः - सांव्यवहारिका असांव्यवहारिकाश्चेति?

---

**चन्द्र०** : एवं सांव्यावहारिकान्निरूप्याधुनाऽव्यावहारिकान् निरूपयति - **ये पुनः** इत्यादि। **निगोदावस्थामुपगता एव** = न तु कदाचिदपि तस्माद् बहिर्निर्गता अपि इत्ये**व**कारार्थः । **व्यवहारपथातीतत्वात्** = "अयं पृथिवीकायः" इत्यादि व्यवहाररूपो यो मार्गः, तदविषयत्वादिति भावः ।

प्रज्ञापनावृत्तिसम्बन्धी पूर्वपक्षः शङ्कते - **कथं** = केन प्रकारेण **एतद्** = वक्ष्यमाणं **अवसीयते ?** "एतद्"पदप्रतिपाद्यमेवाह - **द्विविधा** इत्यादि ।

**ચન્દ્ર૦ :** (આ પ્રમાણે વ્યવહારીઓનું નિરૂપણ કરીને હવે અવ્યવહારીઓનું નિરૂપણ કરે છે) જે વળી અનાદિકાળથી માંડીને નિગોદાવસ્થાને જ પામેલા છે. પણ તેમાંથી બહાર નીકળેલા નથી. તેઓ "આ પૃથ્વી છે" ઈત્યાદિ વ્યવહારમાર્ગનો વિષય ન હોવાથી અવ્યવહારી કહેવાય.

(પ્રજ્ઞાપનાટીકામાં બતાવેલો **પૂર્વપક્ષ :)** આ વાત કેવી રીતે જાણી શકાય કે બે પ્રકારના જીવો છે - (૧) વ્યવહારી (૨) અવ્યવહારી. (કેમકે શાસ્ત્રોમાં તો આવા પાઠો મળતા નથી.)

---

**यशो०** : उच्यते - युक्तिवशात् । इह प्रत्युत्पन्नवनस्पतीनामपि निर्लेपनमागमे प्रतिषिद्धं, किं पुनः सकलवनस्पतीनां तथा भव्यानामपि? तच्च यद्यसांव्यवहारिकराशिनिपतिता अत्यन्तवनस्पतयो न स्युस्ततः कथमुपपद्यते ? तस्मादवसीयते अस्त्यसांव्यवहारिकराशिरिति यद्गतानां वनस्पतीनामनादिता ।

---

**चन्द्र०** : मलयगिरिपूज्याः समाधानमाह - **उच्यते** इत्यादि । तत्र मूलागमपाठाभावादाह-

**युक्तिवशात्** । युक्तिमेवाह - **इह** = संसारे **प्रत्युत्पन्नवनस्पतीनापमपि** = एकस्मिन्समये वनस्पतौ उत्पद्यमाना जीवाः प्रत्युत्पन्ना उच्यन्ते, तेषां वर्तमानसमयोत्पन्नवनस्पतीनामपि, किं पुनः सकलवनस्पतीनाम् ? इत्य**पि**शब्दार्थः । **तथा भव्यानामपि** = न केवलं प्रत्युत्पन्नवनस्पतीनां सकलवनस्पतीनां च इत्य**पि**शब्दार्थः ।

**तच्च** = प्रत्युत्पन्नवनस्पत्यादीनां निर्लेपननिषेधवचनं **यदि असांव्यवहारिकराशि-निपतिताः** = अव्यवहारिणः **अत्यन्तवनस्पतयः** = अनादिवनस्पतयः **ततः कथमुपपद्यते ?** = अव्यवहार्यनादिवनस्पत्यभावे हि भवदुक्तरीत्याऽसंख्येयपुद्गलपरावर्त्तकाले गते सकल-वनस्पत्यादीनां निर्लेपनप्रसङ्गो दुर्निवारः, ततश्च तेषां निर्लेपननिषेधवचनं न घटत एवेति । न च सर्वज्ञवचनं अनुपपन्नं भवति । ततश्च तत्र किञ्चित्समाधानं शास्त्रानुसारि गवेषणीयम् । **तस्मात्** = असांव्यवहारिकराशि-अस्वीकारे सकलवनस्पतिनिर्लेपनाद्यापत्तिसम्भवाद् **अवसीयते** = ज्ञायते यदुत **अस्त्ये**त्यादि । **यद्गतानां** = अव्यवहारराशिगतानाम् ।

**ચન્દ્ર૦** : (મલયગિરિ મહારાજ સમાધાન આપે છે કે જો કે આ બે પ્રકારના જીવો અંગે ચોક્ખો શાસ્ત્રપાઠ તો નથી મળતો.) પરંતુ યુક્તિના બલથી આ પદાર્થ સિદ્ધ થાય છે. તે યુક્તિ આ પ્રમાણે છે. આ સંસારને વિશે પ્રત્યુત્પન્ન વનસ્પતિઓનું પણ નિર્લેપન આગમમાં નિષેધાયેલું છે. પ્રત્યુત્પન્નવનસ્પતિ એટલે એક સમયે વનસ્પતિમાં જેટલા જીવો ઉત્પન્ન થાય તે જીવો. તે જીવો પણ વનસ્પતિમાંથી ક્યારેય સંપૂર્ણ ખાલી થતા નથી. તો પછી સકલ વનસ્પતિની તો વાત જ શું કરવી ?

એમ ભવ્યોનું પણ નિર્લેપન આગમમાં નિષિદ્ધ છે.

હવે આ જે પ્રત્યુત્પન્નવનસ્પતિ વિગેરેના નિર્લેપનનો નિષેધ કરનાર વચન છે એ જો અવ્યવહારરાશિમાં પડેલા અત્યંતવનસ્પતિઓ = અનાદિવનસ્પતિઓ ન હોય તો શી રીતે સંગત થાય ? કેમકે તમારા કહ્યા પ્રમાણે અસંખ્ય પુદ્ગલપરાવર્તકાળમાં સકલવનસ્પતિનું નિર્લેપન થઈ જવાનું. પણ નિર્લેપનનો નિષેધ કરનાર વચન સર્વજ્ઞવચન હોવાથી એ ખોટું તો ન જ હોય એટલે અહીં કોઈ શાસ્ત્રાનુસારી સમાધાન શોધવું જોઈએ.

આમ અવ્યવહારરાશિ ન માનવામાં ઘણી બધી આપત્તિઓનો સંભવ હોવાથી એમ જણાય છે કે અવ્યવહારરાશિ છે કે જેમાં રહેલા વનસ્પતિજીવો અનાદિ છે.

**चन्द्र०** : अत्र प्रत्युत्पन्नवनस्पतयो न केवलं वर्तमानसमये वनस्पतिभिन्नस्थानेभ्य एव

वनस्पतौ उत्पन्ना जीवा गृह्यन्ते, किन्तु येऽनादिवनस्पतयः सादिवनस्पतयश्च वर्तमानसमये पुनर्वनस्पतौ उत्पद्यन्ते, तेऽपि प्रत्युत्पन्नवनस्पतिमध्य एव गण्यन्ते। ते चापरिमिताः, अतस्तेषामपि निर्लेपनमागमे प्रतिषिद्धम्।

**ચન્દ્ર૦** : (અહીં પ્રત્યુત્પન્નવનસ્પતિ એટલે માત્ર વર્તમાન સમયે વનસ્પતિભિન્નસ્થાનોથી જ વનસ્પતિમાં ઉત્પન્ન થનારા જીવો નથી લેવાના. પરંતુ જે અનાદિ વનસ્પતિ જીવો અને સાદિવનસ્પતિ જીવો વર્તમાન સમયે ફરીથી વનસ્પતિમાં ઉત્પન્ન થાય, તેઓ પણ પ્રત્યુત્પન્નવનસ્પતિની અંદર જ ગણાય. અને તેઓની સંખ્યા અપરિમિત છે આથી તેમનું પણ નિર્લેપન આગમમાં નિષેધાયેલું છે.)

---

**यशो०** : किञ्च, इयमपि गाथा गुरूपदेशादागता समये प्रसिद्धा (विशेषणवति ५३) –

अत्थि अणंता जीवा जेहिं ण पत्तो तसाइपरिणामो । तेवि अणंताणंता णिगोअवासं अणुहवंति ।।

तत इतोऽप्यसांव्यवहारिकराशिसिद्धिः । उक्तं च (विशेषणवति ५१/५२) –

ण य पच्चुप्पन्नवणस्सईणं णिल्लेवणं न भव्वाणं । जुत्तं होइ ण तं जइ अच्चंतवणस्सई नत्थि ।।

एवं चाणाइवणस्सईणमत्थित्तमत्थओ सिद्धं । भण्णइ इमा वि गाहा गुरूवएसागया समए।।

अत्थि अणंता जीवा इत्यादि' **१८ पदे** ।

---

**चन्द्र०** : एवं युक्तिं प्रतिपाद्याधुना परम्परां पुरस्करोति – **किञ्च इयमपि** = न केवलं भवदुक्ता एव गाथाः, किन्तु वक्ष्यमाणाऽपि, अथवा '**अपि**'पदं गाथापदानन्तरं योज्यम्। तथा च **इयं गाथाऽपि**, न केवलं अनन्तरोदिता युक्तिरेव प्रसिद्धा। **गुरूपदेशादागता** इत्यादि।

विशेषणवतिगाथासंक्षेपार्थस्त्वयम् – अस्ति अनन्ता जीवाः, यैर्न त्रसादिपरिणामः प्राप्तः। **तेऽपि** = त्रसादिपरिणाममप्राप्ता अपि अनन्तानन्ता निगोदवासमनुभवन्ति। **ततः** = तस्मात्कारणात् **इतोऽपि** = गुरूपदेशादागताया गाथायाः सकाशादपि **असांव्यवहारिकराशिसिद्धिः** ।

एतदेव शास्त्रपाठेन प्रदर्शयति – **उक्तं च** इति।

विशेष-णवति गाथासंक्षेपार्थस्त्वयम् – (१) न च प्रत्युत्पन्नवनस्पतीनां निर्लेपनं युक्तं न

भवति, न च भव्यानां निर्लेपनं युक्तं न भवति, यदि अत्यन्तवनस्पतिर्नास्ति (यदि अत्यन्तवनस्पतिर्न भवेत्, तर्हि प्रत्युत्पन्नवनस्पत्यादीनां निर्लेपनं युक्तं भवेदिति भावः ।) (२) **एवं च** = अत्यन्तवनस्पतिसिद्धौ अर्थतोऽनादिवनस्पतीनामस्तित्वं सिद्धम् । इयमपि गुरूपदेशादागता गाथा समये भण्यते ॥ (३) "अस्ति अनन्ता जीवाः" इत्यादि, इयं च तृतीया गाथाऽनन्तरमेवोक्ता ।

अत्र प्रज्ञापनावृत्त्यन्तर्गतः साक्षिपाठः समाप्तः ।

**ચન્દ્ર૦ :** (આ પ્રમાણે યુક્તિને બતાવીને હવે પરંપરાને આગળ કરે છે કે) વળી માત્ર તમે કહેલી ગાથાઓ જ શાસ્ત્રોમાં દેખાય છે એવું નથી, પરંતુ કહેવાશે એ પણ ગાથા ગુરુના ઉપદેશથી આવેલી (ગુરુપરંપરાથી આવેલી) આપણા શાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે. (અથવા તો **अपि** પદ 'ગાથા' પદની પછી જોડીએ તો આ પ્રમાણે અર્થ થાય કે માત્ર ઉપર બતાવેલી યુક્તિ જ મળે છે એટલું નહિ, પણ ગુરુના ઉપદેશથી આવેલી આ ગાથા પણ શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે.)

વિશેષ-નવતિ ગ્રન્થમાં કહ્યું છે કે 'એવા અનંતા જીવો છે કે જેઓ વડે ત્રસાદિપરિણામ પ્રાપ્ત કરાયો નથી. તેઓ પણ અનંતાનંત સંખ્યાવાળા છતાં નિગોદવાસને અનુભવે છે.'

તેથી આ ગાથા દ્વારા પણ અસાંવ્યવહારિકરાશિની સિદ્ધિ થાય છે. વિશેષ-નવતિમાં કહ્યું છે કે '(૧) પ્રત્યુત્પન્ન (વર્તમાન સમયે વનસ્પતિ તરીકે ઉત્પન્ન થયેલા તમામે તમામ જીવો) વનસ્પતિઓનો નિર્લેપન યુક્ત નથી તેવું નથી, તેમ ભવ્યોનું નિર્લેપન યુક્ત નથી તેવું નથી, અર્થાત્ બેય યુક્ત = યોગ્ય જ બની રહે જો અત્યંત વનસ્પતિ ન હોય તો અને આ પ્રમાણે અર્થથી અનાદિ વનસ્પતિઓનું અસ્તિત્વ સિદ્ધ થયું. તથા ગુરૂપદેશથી આવેલી આ ય ગાથા (અથવા આ ગાથા પણ) શાસ્ત્રમાં કહેવાય છે (૩) અનંતા જીવો છે...(આ ગાથા હમણા જ આગળ આવી ગઈ છે.)

(અહીં પ્રજ્ઞાપનાનો પાઠ સંપૂર્ણ થયો.)

---

**यशो० : ततोऽभव्या अव्यावहारिका एव, अन्यथाऽसंख्येयपुद्गलपरावर्त्तकालातिक्रमे तेषां सिद्धिगमनस्याव्यवहारित्वभवनस्य वा प्रसङ्गात् ।**

---

**चन्द्र० :** एवं प्रज्ञापनापाठमभिधायाधुना प्रकृतग्रन्थसम्बन्धी पूर्वपक्षो निष्कर्षमाह - **ततः**

= प्रज्ञापनापाठानुसारात् **अभव्या अव्यावहारिका एव** = न तु निगोदान्निर्गता अपि ते व्यावहारिका **इत्येव**कारार्थः । **अन्यथा** = अभव्यानां व्यावहारिकत्वस्वीकारे **असंख्येये**त्यादि । **तेषां** = अभव्यानां **सिद्धिगमनस्य** = व्यवहारराशिस्थितिकालसम्पूर्तौ अवश्यं व्यवहारराशित्यागस्यावश्यकत्वेन मोक्षप्राप्तेः **'प्रसङ्गात्'** इत्यनेन सहास्यान्वयः कर्त्तव्यः ।

यदि च 'अभव्यानां मोक्षप्राप्तिर्न स्वीकर्तुं योग्याः' इत्युच्यते तर्हि **अव्यवहारित्वभवनस्य वा** = व्यवहारराशिस्थितिकालसम्पूर्तौ तेषामव्यवहारराशिप्रवेशस्य **प्रसङ्गात्** ।

प्रज्ञापनावृत्तिबलाद् व्यवहारिणमुत्कृष्टः कालोऽसंख्येयपुद्गलपरावर्त्तप्रमाणो ज्ञायते । ततश्च यदि अभव्या व्यवहारिणो भवेयुः, तर्हि स्वोत्कृष्टकालानन्तरं ते सिद्धिमाप्नुयुः, अव्यवहारराशिं वा प्रविशेयुः । न तेषां तृतीयः पन्थाः, यदि च असंख्येयपुद्गलपरावर्त्तकालानन्तरमपि ते व्यवहारिण एव मन्येरन्, तर्हि व्यवहारराशेरुत्कृष्टः कालोऽसंख्येयपुद्गलपरावर्त्तकालादधिकः स्यात् । तथा च प्रज्ञापनादिमूलपाठविरोधः स्पष्टः, तत्र वनस्पतीनां असंख्येयपुद्गल-परावर्त्तकालप्रमाणायाः कायस्थितेर्व्यवहारराशिगताञ्जीवानाश्रित्येवोक्तत्वादिति पूर्वपक्षगूढाभिप्रायः ।

**ચન્દ્ર૦** : (પ્રજ્ઞાપનાના પાઠને કહીને હવે ધર્મપરીક્ષાગ્રન્થ સંબંધી પૂર્વપક્ષ નિષ્કર્ષ બતાવે છે કે) પ્રજ્ઞાપનાના પાઠને અનુસારે અભવ્યો અવ્યવહારી જ મનાય, વ્યવહારી નહિ. જો વ્યવહારી માનીએ તો વ્યવહારીઓનો ઉત્કૃષ્ટ કાળ અસંખ્યપુદ્ગલપરાવર્ત જ છે. એટલે એટલા કાળનું ઉલ્લંઘન થાય ત્યારે તે અભવ્યોને કાં તો સિદ્ધિની પ્રાપ્તિ માનવી પડે, અથવા તો તેઓ પાછા અવ્યવહારી બની જાય એમ માનવું પડે. કેમકે જો આટલા કાળ બાદ પણ તેઓ વ્યવહારી જ રહે તો વ્યવહારીનો જે કાળ બતાવેલો છે એ ખોટો પડે. આ અભવ્યો જ એના કરતા વધુ કાળ વ્યવહારી તરીકે રહેનારા બની ગયા.)

**चन्द्र०** : इदमत्र चिन्तनीयम् । प्रज्ञापनायां व्यवहारराशेरुत्कृष्टा स्थितिः असंख्यपुद्गल-परावर्त्तकालप्रमाणा नैवोक्ता, किन्तु वनस्पतीनामुक्ता । "वनस्पतीनां तादृशस्थितिसत्त्वेऽनादित्वं न घटेत, वनस्पतीनां निर्लेपनं स्यात्" इत्येवमाद्यापत्तिदर्शनात् तत्र मलयगिरिपूज्यैः अव्यवहारव्यवहारनामकं राशिद्वयं प्रतिपादितम् । ततश्च तेषामयमाशयो ज्ञायते यदुत अव्यवहारराशिः अनादिनिगोदरूपा इति असंख्येयपुद्गलपरावर्त्तप्रमाणा स्थितिस्तस्य न घटते, किन्तु यो व्यवहारराशिवनस्पतिः, तस्यैवेयं स्थितिर्मन्तव्या ।

अत्र हि मलयगिरिपूज्यैर्व्यवहारराशिमात्रस्यैतावती स्थितिर्न अभिप्रेता, किन्तु व्यवहारराशिवनस्पतीनामेतावती स्थितिरभिप्रेता । यतः प्रज्ञापनासूत्रे वनस्पतीनामेव सा स्थितिः

प्रतिपादिता, ततश्च राशिद्वयकल्पनानुसारेण व्यवहारराशिवनस्पतीनामेव सा स्थितिः अवशिष्टा भवति, न तु व्यवहारराशिमात्रस्य ।

एवं च न पूर्वपक्षापत्तिर्युक्तिसहा । तथाहि – यदि अभव्या व्यवहारिणो भवेयुः, तर्हि असंख्येयपुद्गलपरावर्त्तकालान्तरं तेषां मुक्तिगमनं अव्यवहारित्वं वा स्यात् – इति हि पूर्वपक्षवचनम् । तच्च न घटते । यतोऽसंख्येयपुद्गलपरावर्त्तप्रमाणा स्थितिर्व्यवहार-राशिवनस्पतीनामस्ति, न तु व्यवहारराशिमात्रस्य । ततश्च व्यवहारराशौ आगत्य पुनर्निगोदे गता अभव्या असंख्येयपुद्गलपरावर्त्तकालान्तरं व्यवहारराशिवनस्पतीन् परित्यज्य पृथिव्यादिषु समागच्छन्ति, न च तत्र व्यवहारराशित्वं परित्यजन्ति । तत्र ते व्यवहारिण एव । एवं पृथिव्यादिषु भ्रान्त्वा यदा पुनर्निगोदं समागच्छन्ति, तदा भूयो व्यवहारराशिवनस्पतिषु असंख्येयपुद्गलपरावर्तकालं स्थित्वा पुनर्व्यवहारराशिवनस्पतीन् परित्यज्य पृथिव्यादिषु समागच्छन्तीत्येवं क्रमेण सर्वदैव व्यवहारिणः संसारवर्तिनश्च सम्भवन्ति । न तु तेषां मोक्षगमनापत्तिः अव्यवहारित्वापत्तिर्वा ।

संक्षेपतस्त्वेतावदेव चिन्तनीयं यदुत प्रज्ञापनावृत्तिबलाद् "व्यवहारराशेः सा स्थितिः मलयगिरिपूज्यानामभिप्रेता" इति न पूर्वपक्षाभिप्रायो युक्तः, किन्तु व्यवहारराशिवनस्पतीनामेव सा स्थितिस्तेषामभिप्रेता इत्येव पूर्वापरपदार्थविमर्शाज्ज्ञायते ।

तथापि पूर्वपक्षेण कथमापत्तिप्रदानं कृतम् ? कथं च महोपाध्यायैः अस्मत् प्रदर्शितरीत्या तत्समाधानं न कृतम् ? इति तु वयमपि संशयामहे । एतत्तु सम्भावयामो यदुत प्राक्प्रतिपादिते कायस्थितिस्तोत्रपाठे व्यवहारिणां असंज्ञितिर्यग्वनस्पत्यादिषु असंख्यपुद्गलपरावर्त्तकालो निगदितः। ततश्च स कालो न व्यवहारिवनस्पतेः, किन्तु व्यवहारिसामान्यस्यैवेति कायस्थितिस्तोत्राभिप्रायः प्रतीयते । एवं चात्र "व्यवहारिवनस्पतेरयं कालः" इति समाधानदानेऽपि कायस्थिति-स्तोत्राभिप्रायसमाधानं तु अवश्यं दातव्यमेवेति उपाध्यायैः अग्रे तत्समाधानं दास्यत इति ।

युक्तं चैतद् । पूर्वपक्षेण प्राक्कायस्थितिस्तोत्रपाठानुसारेण व्यवहारिणामसंख्यपुद्गल-परावर्त्तप्रमाणा स्थितिः साधिता, तदनन्तरं च "तदनुसारेण वनस्पतीनामसंख्यपुद्गलपरावर्त्तप्रमाणा स्थितिरपि व्यावहारिकानपेक्ष्यैव" इति पूर्वपक्षेणैव निगदितम् । इत्थं च प्रज्ञापनापाठाद् व्यवहारवनस्पतीनामेवासंख्यपुद्गलपरावर्त्तप्रमाणा स्थितिः पूर्वपक्षस्यापीष्टैव । न पूर्वपक्षः प्रज्ञापनापाठाद् व्यवहारिमात्रस्य तां स्थितिं मन्यते, किन्तु कायस्थितिस्तोत्रपाठमवलम्ब्यैव तेन व्यवहारिमात्रस्य सा स्थितिर्निगद्यते, प्रज्ञापनापाठस्तु स्वाभिप्रायपोषणार्थमेव । ततश्च महोपाध्यायैः

कायस्थितिस्तोत्रपाठस्यैव समाधानं कर्तुं उचितम् । अत एव महोपाध्यायैरग्रे तत्समाधानं दास्यत इति सूक्ष्ममीक्षणीयम् ।

**ચન્દ્ર૦** : [આ પદાર્થ અહીં વિચારણીય બને છે કે પૂર્વપક્ષે જે એમ કહ્યું કે "પ્રજ્ઞાપનાના પાઠ અનુસારે વ્યવહારીઓની સ્થિતિ અસંખ્યપુદ્ગલપરાવર્ત સિદ્ધ થાય છે. અને એટલે અભવ્યોને જો વ્યવહારી માનો તો તેઓનો એટલા કાળ પછી મોક્ષ અથવા અવ્યવહારીપણું થવાની આપત્તિ આવે." એ એમણે કઈ અપેક્ષાએ કહ્યું હશે ?

પ્રજ્ઞાપનાનો મૂળ પાઠ વનસ્પતિની અસંખ્યપુદ્ગલપરાવર્તકાળ સ્થિતિ બતાવે છે. અને એ મુજબ માનવામાં નિગોદની અનાદિતા ન ઘટવાની, વનસ્પતિનું નિર્લેપન થવાની આપત્તિ આવે છે. આ આપત્તિ દૂર કરવા માટે મલયગિરિજીએ વ્યવહાર અને અવ્યવહારરાશિ એમ બે ભેદ પાડ્યા છે. એનાથી તેઓશ્રીનો આશય એ જણાય છે કે વનસ્પતિની જે કાયસ્થિતિ બતાવી છે, તે વ્યવહારરાશિવનસ્પતિની છે. અવ્યવહારરાશિવનસ્પતિ અનાદિ છે. આ રીતે માનવાથી વનસ્પતિનું નિર્લેપન થઈ જવા વિગેરે રૂપ બધી આપત્તિઓનું ખંડન થઈ જાય છે. (એ સ્પષ્ટ હોવાથી અત્રે લખતો નથી.)

પૂર્વપક્ષ પ્રજ્ઞાપનાટીકાના પાઠ પ્રમાણે "વ્યવહારરાશિની અસંખ્યપુદ્ગલપરાવર્તકાળ સ્થિતિ છે એમ માને છે, જ્યારે એ ટીકાથી એ અર્થ નીકળે છે કે વ્યવહારરાશિમાત્રની નહિ, પણ **વ્યવહારરાશિ વનસ્પતિની** અસંખ્યપુદ્ગલપરાવર્તકાળ સ્થિતિ છે."

પ્રજ્ઞાપનાટીકામાં ક્યાંય આવું તો લખ્યું જ નથી કે, વ્યવહારરાશિની સ્થિતિ અસંખ્યપુદ્ગલપરાવર્તકાળ માનવી. ઉલ્ટું વનસ્પતિની સ્થિતિની જ વિચારણા ચાલે છે અને એમાં આ વ્યવહારી-અવ્યવહારી બે ભેદો પાડ્યા છે એટલે એનાથી આ જ અર્થ પ્રાપ્ત થાય કે, "વ્યવહારીવનસ્પતિની સ્થિતિ અસંખ્યપુદ્ગલપરાવર્તકાળ છે."

અને એમાં તો પૂર્વપક્ષે આપેલી અભવ્યોનો એટલા કાળ બાદ મોક્ષ કે અવ્યવહારિત્વ થઈ જવાની આપત્તિ આવતી જ નથી.

તે આ પ્રમાણે - અભવ્યો નિગોદમાંથી બહાર નીકળી પૃથ્વ્યાદિમાં આવે એટલે તેઓ વ્યવહારી બને. પછી તેઓ પાછા નિગોદમાં જાય ત્યારે વ્યવહારરાશિ વનસ્પતિ = વ્યવહાર વનસ્પતિ કહેવાય. ત્યાં અભવ્યો = વ્યવહારીઓ અસંખ્યપુદ્ગલપરાવર્તકાળ

રહે. પોતાની કાયસ્થિતિ પુરી થવાથી પૃથ્વી વિગેરેમાં જાય. ત્યાં કેટલાક કાળ ભમી પાછા વ્યવહારી-વનસ્પતિમાં આવે, પાછા અસંખ્યપુદ્ગલપરાવર્તકાલ રહે, પાછા વ્યવહારીવનસ્પતિની કાયસ્થિતિ પુરી થવાથી બહાર નીકાળે...આ રીતે તેઓ અનંતાનંતકાળ સંસારમાં રહે. હવે આમાં પ્રજ્ઞાપનાસૂત્ર-ટીકા સાથેય કોઈ વિરોધ આવતો નથી, કે જો અભવ્યોને વ્યવહારી માનો તો તેઓનો તેટલા કાળ બાદ મોક્ષ થવાની આપત્તિ આવશે.

એટલે પૂર્વપક્ષે શી રીતે આવો આર્થ કાઢ્યો કે, "વ્યવહારીઓની અપેક્ષાએ આ કાય સ્થિતિ છે" એ અમને સમજાતું નથી. તો મહોપાધ્યાયજીએ પણ અમારા કહ્યા પ્રમાણે સમાધાન કેમ ન આપ્યું ? એ પણ અમને સમજાતું નથી.

આમા મહોપાધ્યાયજીના મનમાં કોઈ ગૂઢ તાત્પર્ય પડેલું હશે ? કે જે અમે જાણી નથી શકતા ? કે તેઓશ્રીની છદ્મસ્થતાને લીધે આ બાબતમાં ઉપયોગ નહિ ગયો હોય? એ તો મહાગીતાર્થો જ કહી શકે. એકલા મોઢે એ મહાપુરુષની ક્ષતિ થઈ હોવાની વાત કરવાની અમારી કોઈ લાયકાત નથી. અમને એમ લાગે છે કે આગળ કહેવાયેલા કાયસ્થિતિસ્તોત્રપાઠમાં તો વ્યવહારીઓનો જ નિગોદ, તિર્યંચ વનસ્પતિ, અસંજ્ઞી વિગેરેને અસંખ્યપુદ્ગલપરાવર્તકાળ (ભ્રમણ) કહેવાયો છે. તેથી આ કાળ વ્યવહારિ-વનસ્પતિનો નહિ, પણ વ્યવહારીસામાન્યનો છે. એ જ કાયસ્થિતિસ્તોત્રનો અભિપ્રાય પ્રતીત થાય છે. અને એટલે પન્નવણાનાં પાઠમાં "વ્યવહારિવનસ્પતિનો આ કાળ છે. માત્ર વ્યવહારીનો નહિ" એવું સમાધાન આપીએ તો પણ કાયસ્થિતિસ્તોત્રના પાઠનું સમાધાન તો અવશ્ય આપવું જ પડે. એટલે ઉપાધ્યાજીએ આગળ જ તેનું સમાધાન આપવાનું રાખ્યું છે. કાયસ્થિતિ...અંગેનું સમાધાન અહીં પન્નવણામાં તો સુતરાં લાગુ પડી જ જવાનું છે.

વળી આ કલ્પના યોગ્ય જ છે. જુઓ, પૂર્વપક્ષે પહેલા તો કાયસ્થિતિસ્તોત્રનો જ પાઠ દર્શાવ્યો છે. તેમાં તો ચોક્ખા વ્યવહારીજીવોનો જ અસંખ્યપુદ્ગલપરાવર્ત બતાવ્યો છે. એટલે પૂર્વપક્ષ માટે મુખ્ય સાક્ષિપાઠ એ જ છે. એ પછી તરત જ પૂર્વપક્ષે કહ્યું છે કે, "વ્યવહારીનો આટલો સ્થિતિકાળ છે, માટે જ વનસ્પતિની સ્થિતિ પણ વ્યવહારીને આશ્રયીને જ છે" એમ કહી પૂર્વપક્ષે ત્યાં પ્રજ્ઞાપનાનો મૂળપાઠ આપ્યો છે. (એની ટીકાનો પાઠ પછી આપ્યો છે.) એટલે પૂર્વપક્ષ પણ આ તો માને જ છે કે પ્રજ્ઞાપના પાઠ વ્યવહારીવનસ્પતિની સ્થિતિ દર્શાવે છે, માત્ર વ્યવહારીની નહિ. એટલે પ્રજ્ઞાપનાપાઠ

પૂર્વપક્ષ માટે મુખ્યપાઠ નથી. મુખ્યપાઠ કાયસ્થિતિસ્તોત્રનો જ છે. પ્રજ્ઞાપનાપાઠ તો માત્ર એને પુષ્ટ કરવા પુરતો જ છે. એટલે ઉપાધ્યાયજીએ પ્રજ્ઞાપનાપાઠનો જવાબ આપવાની જરૂર નથી. કેમકે એ આપણને વિરોધી નથી. જો કાયસ્થિતિ પાઠનું સમાધાન આપી દેવાય તો પ્રજ્ઞાપનાપાઠનું સમાધાન તો એની મેળે જ થઈ જાય. એટલે ઉપાધ્યાયજી છેલ્લે કાયસ્થિતિપાઠનું સમાધાન આપશે.]

---

**यशो० : अत एव बादरनिगोदजीवा अप्यव्यावहारिकराशावभ्युपगन्तव्याः, अन्यथा बादरनिगोदजीवेभ्यः सिद्धानामनन्तगुणत्वप्रसङ्गात् । यावन्तो हि सांव्यावहारिकराशितः सिध्यन्ति, तावन्त एव जीवा असांव्यवहारिकराशेर्विनिर्गत्य सांव्यावहारिकराशावागच्छन्ति । यत उक्तं (विशेषणवति-६०) –**

सिज्झंति जत्तिया किर इह संववहारजीवरासीओ । इंति अणाइवणस्सइमज्झाओ तत्तिया चेव ।।

**एवं च व्यवहारराशितः सिद्धा अनंतगुणा एवोक्ताः ।**

---

**चन्द्र० : अत एव** = आगमबाधाप्रसङ्गात्मककारणादेव, वक्ष्यमाणकारणादेव वा **बादरनिगोदजीवा अपि** = न केवलं सूक्ष्मनिगोदजीवा एवेत्य**पि**शब्दार्थः । **अन्यथा** = बादरनिगोदजीवानां व्यावहारिकत्वाभ्युपगमे ।

सिद्धानां बादरनिगोदजीवेभ्योऽनन्तगुणत्वमेव साधयति – **यावन्तो हि** इत्यादि । **तावन्त एव** = न त्वधिकाः, न्यूना वा इत्ये**व**कारार्थः ।

उक्तार्थे शास्त्रपाठमाह - **यत उक्तं** इत्यादि । विशेष-णवतिगाथा संक्षेपार्थस्त्वयम् – **इह** = संसारे यावन्तः किल संव्यवहारजीवराशितः सिद्ध्यन्ति, तावन्त एव अनादि वनस्पतिमध्यादागच्छन्ति – इति ।

**एवं च** = सिद्धिपदगन्तृजीवसदृशसंख्यकानामव्यवहारराशिजीवानां व्यवहारराशौ आगमने प्रतिपादिते सति **व्यवहारराशितः** इत्यादि । **अनन्तगुणा एवोक्ताः** = व्यवहारराशि-जीवसंख्यायाः स्थिरत्वात् सिद्धसंख्यायाश्च प्रवर्धमानत्वाद् भवत्येव सिद्धानां व्यवहार-राशिभ्योऽनन्तगुणत्वमिति भावः ।

असत्कल्पनया अव्यवहारराशौ कोटिशतप्रमाणा जीवाः, व्यवहारराशौ लक्षदशप्रमाणा

जीवाः, सिद्धौ च लक्षनवकप्रमाणा जीवा वर्तमानकाले विद्यन्ते । कालक्रमतो व्यवहारराशेः सकाशात् लक्षनवप्रमाणजीवाः सिद्धौ गताः, ततस्तावन्तो जीवाः स्वाव्यवहारराशितो व्यवहारराशौ समागताः । एवं च अव्यवहारराशौ जीवप्रमाणं लक्षनवकन्यूनं कोटिशतं, व्यवहारराशौ लक्षदशकमेव, सिद्धौ च लक्षाष्टादशकमिति सिद्धजीवसंख्या व्यवहारराशिसंख्यातः प्रवृद्धा सञ्जाता । एवं च कालक्रमतः सिद्धजीवा व्यवहारराशिजीवसंख्यातोऽनन्तगुणाः सम्भवन्त्येव। एतच्च मन्दमतिबोधार्थं असत्कल्पनात उक्तमिति बोध्यम् ।

<u>ચન્દ્ર</u>૦ : જેમ આગમ સાથે વિરોધ આવતો હોવાને લીધે અભવ્યો અવ્યવહારી માનવા પડે છે, તેમ આગમ સાથે વિરોધ આવતો હોવાને લીધે જ અથવા તો આગળ કહેવાતા કારણસર બાદરનિગોદ જીવો પણ અવ્યવહારિકરાશિમાં સ્વીકારવા જોઈએ. જો એમને વ્યવહારરાશિમાં માનશો તો બાદરનિગોદજીવો કરતા સિદ્ધો અનંતગુણ થઈ જવાની આપત્તિ આવે.

તે આ પ્રમાણે જેટલા જીવો વ્યવહારરાશિની અંદરથી મોક્ષ પામે, એટલા જ જીવો (ઓછા પણ નહિ કે વધારે પણ નહિ) અસંવ્યવહારરાશિમાંથી નિકળીને વ્યવહારરાશિમાં આવે છે. કેમકે કહ્યું છે કે ખરેખર આ સંસારમાં જેટલા જીવો વ્યવહારરાશિમાંથી સિદ્ધ થાય છે તેટલા જ જીવો અનાદિવનસ્પતિની અંદરથી (અત્રે) આવે છે.

આમ મોક્ષમાં જનારા જીવોની સંખ્યા જેટલા જ જીવો અવ્યવહારમાંથી વ્યવહારમાં આવવાની વાત કરવા દ્વારા અહીં સિદ્ધો વ્યવહારરાશિ કરતા અનંતગુણા જ કહેવાયા છે.

(વ્યવહારરાશિની સંખ્યા સ્થિર રહે, વધ-ઘટ ન થાય અને સિદ્ધોની સંખ્યા વધતી રહે એટલે સિદ્ધો વ્યવહારરાશિ કરતા અનંતગુણ થાય એ સ્વાભાવિક છે. **દા.ત.** અવ્યવહારરાશિમાં ૧૦૦ કરોડ જીવો છે. વ્યવહારરાશિમાં ૧૦ લાખ છે. અને સિદ્ધિમાં વર્તમાનકાળે ૯ લાખ છે. કાળ પસાર થતા બીજા ૯ લાખ જીવો સિદ્ધ થાય એટલે વ્યવહારરાશિમાંથી ૯ લાખ મોક્ષમાં ગયા. અવ્યવહારરાશિમાંથી નવ લાખ વ્યવહારરાશિમાં આવ્યા અને સિદ્ધિમાં ૯ લાખ વધ્યા એટલે અવ્યવહારરાશિમાં ૯૯ કરોડ ૯૧ લાખ થયા. વ્યવહારરાશિમાં ૧૦ લાખ જ રહે. સિદ્ધિમાં ૧૮ લાખ થાય. આમ સિદ્ધો વ્યવહારરાશિથી વધી જાય. એમ વધતા વધતા અનંતગુણ થાય.

આ તો દૃષ્ટાન્ત બતાવ્યું. હકીકતમાં કાયમ માટે સિદ્ધો વ્યવહારરાશિથી અનંતગુણ

જ છે. "ઓછા હતા અને પછી વધ્યા" એમ નહિ.)

**यशो० : तत्र यदि बादरनिगोदजीवानां व्यावहारिकत्वं भवति (?भवेत्) तर्हि बादरनिगोदजीवेभ्यः सिद्धा अनंतगुणाः संपद्येरन्, सन्ति च सिद्धेभ्यो बादरनिगोदजीवा अनंतगुणाः, तेभ्यः सूक्ष्मजीवा असंख्येयगुणाः ।**

**चन्द्र०** : एवं व्यवहारराशितः सिद्धानामनन्तगुणत्वं कथयित्वा प्रकृतमाह - **तत्र** = एवं सिद्धे सति । **अनंतगुणाः संपद्येरन्** । सिद्धा हि व्यवहारराशितोऽनन्तगुणाः **सिज्झंति जतिया** इति गाथार्थतः सिद्धाः । बादरनिगोदजीवाश्च यदि व्यवहारराशिमध्यगताः, तर्हि सिद्धाः सुतरां व्यवहारराशिगतबादरनिगोदजीवेभ्योऽनन्तगुणाः सिद्ध्येयुरिति भावः ।

ननु भवतु नाम सिद्धा बादरनिगोदजीवेभ्योऽनन्तगुणाः, को दोषः ? इत्यत आह -**सन्ति च** इत्यादि, **स्पष्टम्** ।

अत्र बादरनिगोदपदं बादरनिगोदशरीरवाचकं, बादरनिगोदशरीराणि चासंख्यातान्येव, ततश्च तेभ्यः सकाशात्सिद्धा अनन्तगुणाः सन्त्येव । न तत्र कश्चिद् बाधः, अतो बादरनिगोद**जीव**-पदं सर्वत्रोपात्तमिति सूक्ष्मधिया भावनीयम् । बादरनिगोदैकशरीर एव सिद्धानन्तगुणा जीवा भवन्तीति बादरनिगोदजीवेभ्यः सिद्धानामनन्तगुणत्वप्रसङ्गो महती आपत्तिः ।

**सूक्ष्मजीवाः** = सूक्ष्मनिगोदगतजीवाः सूक्ष्मपृथ्व्यादिजीवाश्चेति ।

**ચન્દ્ર૦** : આમ વ્યવહારરાશિ કરતા સિદ્ધો અનંતગુણા છે એ વાત તો સાબિત થઈ ગઈ. હવે આ સાબિત થયું એટલે જો બાદરનિગોદના જીવોને વ્યવહારી માનો, તો સિદ્ધો બાદરનિગોદ કરતા અનંતગુણા માનવા પડે. કેમકે સિદ્ધો વ્યવહારરાશિથી જ અનંતગુણા છે, તો વ્યવહારરાશિના એક ભાગરૂપ બાદરનિગોદ જીવોથી સુતરાં અનંતગુણા હોય જ.

(**પ્રશ્ન** : ભલે ત્યારે, એમ માની લઈએ વાંધો શું છે ?)

**ઉત્તર** : એમ ન મનાય. કેમકે હકીકત તો એ છે કે સિદ્ધો કરતા બાદરનિગોદ જીવો અનંતગુણા છે. તેના કરતા સૂક્ષ્મજીવો અસંખ્યગુણા છે. ("બાદરનિગોદ" શબ્દ બાદરનિગોદના શરીરને જણાવનારો છે. અને બાદરનિગોદના શરીરો અસંખ્ય જ હોવાથી એના કરતા સિદ્ધો અનંતગુણા હોય જ. એમાં વાંધો નથી. એટલે વાંધો આપવા માટે

જ "બાદરનિગોદ **જીવ**" શબ્દ વાપર્યો છે. બાદરનિગોદના એક જ શરીરમાં જીવો તો અનંતા છે...

તથા સૂક્ષ્મજીવો એટલે સૂક્ષ્મનિગોદો અને સૂક્ષ્મપૃથ્વી વિગેરે પણ સમજી જ લેવા.)

---

**यशो० : यदागमः (पन्नवणा ३ पदे)** -'एएसिं णं भंते! जीवाणं सुहुमाणं बायराणं णोसुहुमाणं णोबायराणं कयरे कयरेहिंतो अप्पा वा बहुआ वा तुल्ला वा विसेसाहिआ वा? गोयमा! सव्वथोवा जीवा णोसुहुमा णोबायरा, बायरा अणंतगुणा, सुहुमा असंखेज्जगुणा ।' **इति । एतद्वृत्तिर्यथा** – 'एएसिं णं भंते! जीवाणं सुहुमाण'मित्यादि । सर्वस्तोका जीवा णोसुहुमा णोबायरा सिद्धा इत्यर्थः, तेषां सूक्ष्मजीवराशेर्बादरजीवराशेश्चानन्ततमभागकल्पत्वात् । तेभ्यो बादरा अनंतगुणाः, बादरनिगोदजीवानां सिद्धेभ्योऽनंतगुणत्वात् । तेभ्यश्च सूक्ष्मा असंख्येयगुणाः, बादरनिगोदजीवेभ्यः सूक्ष्मनिगोदजीवानामसंख्येयगुणत्वाद्' **इति ।**

---

**चन्द्र० : ननु** "सिद्धेभ्यो बादरनिगोदजीवा अनन्तगुणाः" इति कुत्रोक्तम् ? इत्यतः पूर्वपक्षः शास्त्रपाठमाह - **यत्** = यस्मात्कारणात् **आगमः** अस्ति । तस्मादेतदनन्तरोक्तमभ्युपेयमिति भावः ।

आगमसंक्षेपार्थस्त्वयम् – भदन्त ! एतेषां सूक्ष्माणां बादराणां नोसूक्ष्माणां नोबादराणां जीवानां (मध्ये) कतरे कतरेभ्योऽल्पा वा बहवो वा तुल्या वा विशेषाधिका वा ? गौतम ! सर्वस्तोका जीवा नोसूक्ष्मा नोबादराः, बादरा अनन्तगुणाः, सूक्ष्मा असंख्येयगुणाः – इति । **तेषां** = सिद्धानाम् । **बादरा अनंतगुणाः** इति । **ननु** बादरपृथ्व्यादयो जीवाः सर्वे मीलिता अपि असंख्याता एव, ततः कथं तेषां सिद्धेभ्योऽनन्तगुणत्वम् ? इत्यत आह - **बादरनिगोदजीवाना**मित्यादि । तथा च बादरजीवभेदे बादरपृथ्व्यादिवद् बादरनिगोदजीवा अपि सन्ति, ते च सिद्धेभ्योऽनन्तगुणाः, इति तानाश्रित्य सिद्धेभ्यो बादरजीवानामनन्तगुणत्वं युक्तम् ।

**सूक्ष्मा असंख्येयगुणाः** इति । **ननु** सूक्ष्मपृथ्व्यादयो जीवाः सर्वे मीलिता अपि असंख्याता एव भवन्ति, ततश्च कथं सूक्ष्मजीवा अनन्तेभ्यो बादरनिगोदजीवेभ्योऽसंख्येयगुणाः सम्भवन्ति? इत्यत आह - **बादरनिगो**देत्यादि । तथा च सूक्ष्मजीवभेदे सूक्ष्मनिगोदजीवा अपि भवन्ति, ते च बादरनिगोदजीवेभ्योऽसंख्येयगुणा इति तानपेक्ष्य बादरजीवेभ्यः सूक्ष्मजीवानामसंख्येयगुणत्वं युक्तम् । अत्र प्रज्ञापनाटीकाया अंशः समाप्तः ।

**ચન્દ્ર૦** : પ્રજ્ઞાપનાસૂત્રમાં કહ્યું છે કે, હે ભગવન ! આ (૧) સૂક્ષ્મ (૨) બાદર અને (૩) નોસૂક્ષ્મ-નોબાદરજીવોના (જીવોમાં) કોણ કોના કરતા ઓછા છે, કે વધારે છે, કે સમાન છે કે વિશેષાધિક છે ? (બમણા સુધી અધિક સંખ્યા વિશેષાધિક કહેવાય.)

ગૌતમ ! સૌથી થોડા જીવો નોસૂક્ષ્મ-નોબાદર છે. બાદર અનંતગુણ છે. સૂક્ષ્મ અસંખ્યગુણા છે.

આની ટીકા આ પ્રમાણે છે. સૌથી થોડા જીવો નોસૂક્ષ્મ-નોબાદર એટલે કે સિદ્ધો છે. કેમકે તેઓ સૂક્ષ્મજીવરાશિ અને બાદરજીવરાશિના અનંતમા ભાગ સમાન છે.

તેના કરતા બાદરજીવો અનંતગુણ છે. (બાદરપૃથ્વી વિગેરે તો બધા ભેગા થાય તો ય કુલ અસંખ્યાત જ છે. એટલે એ બાદરજીવો તો સિદ્ધોના અનંતમા ભાગે જ આવે. એટલે ખુલાસો આપે છે કે) **બાદરનિગોદના જીવો સિદ્ધો કરતા અનંતગુણ હોવાથી બાદરજીવો સિદ્ધોથી અનંતગુણ કહેવાય.**

તે બાદરજીવો કરતા સૂક્ષ્મજીવો અસંખ્યગુણા છે. (અહીં પણ સૂક્ષ્મપૃથ્વી વિગેરે બધા ભેગા થાય તો પણ અસંખ્યાતા જ થાય. તે નોબાદર કરતા અનંતમા ભાગે થાય એટલે ખુલાસો કરે છે કે) **બાદરનિગોદના જીવો કરતા સૂક્ષ્મનિગોદના જીવો અસંખ્યગુણ હોવાથી સૂક્ષ્મજીવો બાદરજીવો કરતા અસંખ્યગુણ કહી શકાય.** (અહીં પન્નવણાની ટીકાનો અંશ પૂર્ણ થયો.)

---

**यशो०** : **तत एवमागमबाधापरिहारार्थं बादरनिगोदजीवा अव्यावहारिकाः स्वीकर्त्तव्याः । प्रयोगाश्चात्र (१) बादरनिगोदजीवा न व्यवहारिणः, तेषां सिद्धेभ्योऽनन्तगुणत्वात्, यथा सूक्ष्मनिगोदजीवाः; तथा (२) अनादिमन्तः सूक्ष्मा बादराश्च निगोदजीवा अव्यवहारिण एव, अन्यथा व्यवहारित्वभवनसिद्धिगमनयोरपर्यवसितत्वानुपपत्तेः ।**

---

**चन्द्र०** : पूर्वपक्षो निष्कर्षमाह - **ततः** = यतः "सिज्झंति जत्तिया किर" इत्यादिपाठात् सिद्धानां व्यवहारराशितः सकाशादनन्तगुणत्वं, प्रज्ञापनापाठाच्च बादरनिगोदजीवानां सिद्धेभ्यः सकाशादनन्तगुणत्वं प्रतीयते, तस्मात्कारणात्, **एवं** = अनन्तरोदितरीत्या **आगमबाधापरिहारार्थं** = या द्वयोरागमपाठयोः **बाधा** = विरोधः, तन्निराकरणार्थं **बादरनिगोदजीवा** इत्यादि ।

यदि बादरनिगोदजीवा अव्यवहारिणः स्वीक्रियन्ते, तदा न कोऽपि दोषः, यतः "सिज्झंति जत्तिया..." इति पाठाद् व्यवहारिजीवेभ्यः सिद्धानामनन्तगुणत्वं सिद्धम् । बादरनिगोदजीवाश्च

न व्यवहारिण इति सिद्धानां बादरनिगोदजीवेभ्योऽनन्तगुणत्वं न सिद्ध्यति । एवं च प्रज्ञापनापाठाद् बादरनिगोदजीवानां सिद्धेभ्योऽनन्तगुणत्वे सिद्धेऽपि न परस्परं विरोधः । एतच्च स्पष्टत्वान्न प्रतन्यते ।

बादरनिगोदजीवानामव्यवहारित्वमेवानुमानद्वारा साधयति - **प्रयोगश्चात्रे**त्यादि । प्रथममनुमानं स्पष्टम् । **अनादिमन्त सूक्ष्मा** इत्यादि । "अनादिमन्तः" इति विशेषणोपादानेन सादिनिगोदजीवानां व्यवहारित्वं सूचितम् । "विशेषणानुपादाने सादिनिगोदजीवानामपि अव्यवहारित्वं स्यात्", तच्च बाधितमेवेति । **अन्यथा** = तादृशनिगोदजीवानां व्यवहारित्वे **व्यवहारित्वे**त्यादि, व्यवहारित्वभवनस्य सिद्धिगमनस्य च यद् **अपर्यवसितत्वं** = अन्तरहित्वं, तदनुपपत्तेः । व्यवहारिण उत्कर्षतोऽपि असंख्यपुद्गलपरावर्तप्रमाणस्थितिमन्तः, ततस्तदनन्तरं तेषां सर्वेषां मोक्षः, ततश्च सर्वेषां मोक्षगमनात् तत्पश्चात्कस्यापि मोक्षो न स्यात् । एवं च सिद्धिगमनं अपर्यवसितं न स्यात् । सिद्धिगमनाभावे च कस्यापि व्यवहारित्वं न भवेत्, यतः "सिज्झन्ति..." इति पाठाद् मोक्षगन्तृसंख्यानुसारेण अव्यवहारिणो व्यवहारिणो भवन्ति । मोक्षगमनस्यैवाभावे तु अव्यवहारिणो व्यवहारित्वभवनं विच्छिद्येतैवेति ।

<u>ચન્દ્ર૦</u> : આમ "**सिज्झंति जत्तिया**" એ પાઠ દ્વારા સિદ્ધો વ્યવહારરાશિ કરતા અનંતગુણ સિદ્ધ થાય. અને પ્રજ્ઞાપનાના પાઠથી બાદરનિગોદજીવો સિદ્ધો કરતા અનંતગુણ સિદ્ધ થાય છે. એટલે જો બાદરનિગોદને વ્યવહારી માનો તો આ બે આગમપાઠોનો સ્પષ્ટ વિરોધ આવે, એનો પરિહાર કરવા માટે બાદર નિગોદ જીવો અવ્યવહારી સ્વીકારવા.

આ જ પદાર્થ સિદ્ધ કરવા માટે અનુમાનો પણ આપી શકાય.

(૧) પક્ષ - બાદરનિગોદ જીવો, સાધ્ય-વ્યવહારી નથી, હેતુ - તેઓ સિદ્ધો કરતા અનંતગુણા હોવાથી, દૃષ્ટાંત જેમકે સૂક્ષ્મનિગોદજીવો.

(૨) પક્ષ - અનાદિવાળા સૂક્ષ્મ અને બાદર નિગોદજીવો, સાધ્ય - **અવ્યવહારી જ છે,** હેતુ - તેમને વ્યવહારી માનવામાં વ્યવહારિત્વભવન અને સિદ્ધગમનની અનન્તતા ન ઘટતી હોવાથી.

(જો આ નિગોદજીવોને વ્યવહારી માનો, તો વ્યવહારીનો ઉત્કૃષ્ટકાળ અસંખ્યપુદ્ગલપરાવર્તકાળ છે. એટલે એટલા કાળમાં બધા જ વ્યવહારીઓ મોક્ષે જતા રહેવાથી પછી સિદ્ધિગમનનો અંત આવી જાય. અને સિદ્ધિગમનબંધ થાય એટલે જીવોનું <u>અવ્યવહારી મટીને વ્યવહારી થવું એ પણ બંધ થઈ જાય. કેમકે જેટલા સિદ્ધો થયા એટલા</u>

જીવો અવ્યવહારરાશિમાંથી બહાર નીકળી વ્યવહારરાશિમાં આવે. પણ સિદ્ધિગમન જ બંધ થવાથી હવે કોઈપણ જીવ વ્યવહારી ન બને.)

**यशो० : अपर्यवसितत्वं च** 'सिज्झंति जत्तिया किर....' **इत्यादिना सिद्धम् । तथा (३) सांव्यवहारिका जीवाः सिध्यन्त्येव आवलिकाऽसंख्येयभागपुद्गलपरावर्त्तसमयपरिमाणत्वेन परिमितत्वाद् । व्यतिरेके सिद्धा निगोदजीवाश्च दृष्टान्ततया वाच्या इति ।**

**चन्द्र० : अपर्यवसितत्वं च** = व्यवहारित्वभवनस्य सिद्धिगमनस्य च "**सिज्झंति...**" इत्यादि, स्पष्टम् । अनादिवनस्पतयोऽपरिमिताः, ततस्तन्मूलो व्यवहारराशिर्न कदाऽपि अन्तं गच्छेत्, ततश्च व्यवहारराशिमूलको मोक्षोऽपि न कदाचिदन्तं गच्छेदित्याशयः ।

तृतीयमनुमानमाह - (३) **सांव्यवहारिका** इत्यादि, स्पष्टम् । नवरं यदि बादरनिगोदजीवाः सांव्यवहारिका भवेयुः, तर्हि तेषां सर्वेषां मोक्षो भवेत् । तच्च न घटत इति तेषामव्यवहारित्वमिति ।

**ચન્દ્ર૦ :** જીવોનું વ્યવહારિ થવું અને સિદ્ધિમાં ગમન એ બેય અનંત = અંત વિનાના છે એ વાત "**सिज्झंति...**" એ પાઠ દ્વારા થાય છે. (અનાદિવનસ્પતિ અપરિમિત છે. તેથી તેના આધારે થનાર વ્યવહારરાશિ પણ ક્યારેય અન્ત ન પામે અને એટલે વ્યવહારરાશિના આધારે ટકેલો મોક્ષ પણ ક્યારેય અંત ન પામે એ અહીં ભાવ છે.)

ત્રીજું અનુમાન કહે છે કે - (૩) પક્ષ-વ્યવહારી જીવો, સાધ્ય-મોક્ષમાં જાય. હેતુ - આવલિકાના અસંખ્યાતમા ભાગ જેટલા પુદ્ગલપરાવર્તના કાળ જેટલા પરિમાણવાળા હોવાને લીધે પરિમિત હોવાથી (જેઓ સિદ્ધ નથી બનતા તેઓ પરિમિત નથી હોતા.) દૃષ્ટાંત **દા.ત.** સિદ્ધો અને નિગોદજીવો.

(એટલે જો સૂક્ષ્મ + બાદરનિગોદને વ્યવહારી માનો તો તે બધાનો મોક્ષ માનવો પડે, પરિમિત માનવા પડે. આ તો યોગ્ય નથી માટે સૂક્ષ્મ + બાદરનિગોદને અવ્યવહારી જ માનવા.)

**यशो० : ननु** 'सर्वे जीवा व्यवहार्यव्यवहारितया द्विधा, सूक्ष्मा निगोदा एवान्त्याः, तेभ्योऽन्ये व्यवहारिणः' **इति योगशास्त्रवृत्तिवचनाद् बादरनिगोदजीवानां व्यवहारित्वसिद्धेः कथमव्यवहारित्वमिति चेत् ?**

**चन्द्र०** : अत्र कश्चित्पूर्वपक्षं प्रति प्रश्नं करोति - **ननु** इत्यादि, **सूक्ष्मा निगोदा एव** = निगोदजीवा एव इति । **अन्त्याः** = अव्यवहारिणः, **तेभ्यः** = सूक्ष्मनिगोदेभ्यः **अन्ये** = बादरनिगोदजीवाः पृथिव्यादयश्चेति । शेषं स्पष्टम् ।

**ચન્દ્ર૦ : પ્રશ્ન :** પૂર્વપક્ષ ! તું બાદરનિગોદજીવોને વ્યવહારી માનવાની વાત કરે છે. પરંતુ યોગશાસ્ત્રની ટીકામાં આ પ્રમાણે પાઠ છે કે "બધા જીવો વ્યવહારી અને અવ્યવહારી એ રીતે બે પ્રકારે છે. અર્થાત્ બે પ્રકારમાં જ સઘળા જીવો વહેંચાઈ જાય છે. તેમાં સૂક્ષ્મ એવા જે નિગોદો = નિગોદજીવો છે, એ જ અન્ત્ય = અવ્યવહારી છે." (व्यवहार्यव्यवहारितया શબ્દમાં અવ્યવહારી શબ્દ અન્તે છે. એટલે "અન્ત્ય" પદથી તેનું ગ્રહણ થાય છે.) એ સિવાયના બાકીના બધા જીવો (બાદર નિગોદજીવો વિગેરે) વ્યવહારી છે.

હવે આ પાઠ પ્રમાણે તો બાદરનિગોદજીવોની વ્યવહારી તરીકે સિદ્ધિ થાય છે. અને તો પછી તેઓને અવ્યવહારી શી રીતે માની શકાય ?

---

**यशो०** : **न, तत्र** 'सूक्ष्मनिगोदा एवान्त्याः' **इति पाठस्यापि दर्शनात् तत्र सूक्ष्माश्च निगोदाश्चेतीतरेतरद्वन्द्वकरणेऽसंगतिगन्धस्याप्यभावात्**

---

**चन्द्र०** : पूर्वपक्षः समाधानमाह - **सूक्ष्मनिगोदा...** इत्यादि । **पाठस्यापि** = योगशास्त्रवृत्तौ पाठान्तरस्यापि दर्शनात्, **तत्र** = पाठान्तरे **सूक्ष्माश्चे**त्यादि । **असंगतिगन्धस्यापि** = असंगतिस्तावद् दूरे एव, तस्य गन्धस्यापि इत्य**पि**शब्दार्थः । पाठान्तरानुसारेण सूक्ष्मजीवानां निगोदजीवानां चाव्यवहारित्वं सिद्ध्यति, निगोदजीवाश्च सूक्ष्मनिगोदजीवा बादरनिगोद-जीवाश्चोभयेऽपि । एवं च प्रकृतपाठान्तरबलाद् बादरनिगोदजीवानां अव्यवहारित्वमेव सिद्ध्यति इति न कश्चिद् विरोधः ।

**ચન્દ્ર૦ : પૂર્વપક્ષ :** અરે ભાઈ ! યોગશાસ્ત્રની ટીકામાં જેમ "**सूक्ष्मा निगोदा एवान्त्याः**" પાઠ દેખાય છે ને ? એમ ક્યાંક "**सूक्ष्मनिगोदा एवान्त्याः**" એવો બીજો પાઠ = પાઠાન્તર પણ દેખાય છે. એમાં તમારા પાઠમાં તો સૂક્ષ્મશબ્દ નિગોદનું વિશેષણ જ બનવાથી સૂક્ષ્મનિગોદ જ અવ્યવહારી તરીકે સિદ્ધ થાય. પણ બીજા પાઠાન્તરમાં તો "સૂક્ષ્મનિગોદ" એમ સમાસ બનેલો છે. અને તેમાં કર્મધારય કરવાને બદલે દ્વન્દ્વસમાસ કરી શકાય છે. એટલે "સૂક્ષ્માશ્ચ નિગોદાશ્ચ" એમ સમાસ થાય. અર્થાત્

"સૂક્ષ્મો=સૂક્ષ્મજીવો અને નિગોદો = સૂક્ષ્મનિગોદજીવો અને બાદરનિગોદજીવો = બધા નિગોદજીવો અવ્યવહારી છે." એમ અર્થ નીકળે.

આમ હવે તો એ ટીકા પણ બાદરનિગોદજીવોને અવ્યવહારી જ બતાવે છે એટલે આમાં અસંગતિ તો નથી જ, પણ અસંગતિની ગંધનો પણ અભાવ છે.

---

**यशो० : सूक्ष्मपृथिव्यादिजीवानां चाव्यवहारित्वं प्रज्ञापनावृत्त्यभिप्रायेण स्फुटमेव प्रतीयते, लोकदृष्टिपथमागतानामेव पृथिव्यादिजीवानां व्यवहारित्वभणनाद्, अन्यथा** 'प्रत्येकशरीरिणो व्यावहारिकाः' **इत्येव वृत्तिकृदवक्ष्यत्।**

---

**चन्द्र० :** पुनः कश्चित्पूर्वपक्षं प्रति प्रश्नं करोति - **ननु** एवं सर्वे सूक्ष्मजीवा अव्यवहारिणः सिध्येयुः, तथा च सूक्ष्मपृथ्व्यात्तेजोवायूनामप्यव्यवहारित्वं स्याद् इति । पूर्वपक्ष इष्टापत्तिमाह- **सूक्ष्मपृथिव्यादीनां** = आदिपदात्सूक्ष्माप्कायादीनां संग्रहः । **स्फुटमेव प्रतीयते** इति । **ननु** कथं प्रज्ञापनावृत्तिबलात्तेषां सूक्ष्मपृथ्व्यादीनामव्यवहारित्वम् ? इत्यत आह - **लोकदृष्टिपथ**-मित्यादि । – ते लोकेषु दृष्टिपथमागताः सन्तः पृथिवीकायिकादिव्यवहारमनुपतन्ति – इति हि प्रज्ञापनापाठः । ततश्च लोकदृष्टिपथमागतानामेव जीवानां व्यवहारित्वमिति मलयगिरि-पूज्यानामभिप्रायः । सूक्ष्मपृथ्व्यादयश्च चक्षुरग्राह्यत्वादेव न लोकदृष्टिपथमागच्छन्तीति तेषामव्यवहारित्वं प्रज्ञापनावृत्त्यभिप्रायेण सिध्यत्येवेति ।

**अन्यथा** = यदि हि सूक्ष्मपृथ्व्यादीनामव्यवहारित्वं मलयगिरिपूज्यानामभिप्रेतं न स्यात् तर्हि "**प्रत्येकशरीरिणो व्यावहारिकाः**" इत्येव = न तु – **ते लोकेषु दृष्टिपथमागता सन्तः** – इत्यादि **इत्येव**कारार्थः, अवक्ष्यत्। यदि हि निगोदजीवानामेवाव्यवहारित्वं तेषामभिप्रेतं स्यात्, तर्हि ते निगोदभिन्नानां प्रत्येकशरीरिणामेव व्यवहारिजीवत्वेनोल्लेखं स्पष्टं अकरिष्यत्। न च तथा तैः कृतम्। ततश्च तत्पाठबलात्तेषामस्मदुक्तोऽभिप्राय एव प्रतीयत इति पूर्वपक्षाभिप्रायः।

**ચન્દ્ર૦ : (પ્રશ્ન :** તમારા કહેવા મુજબ તો બધા સૂક્ષ્મજીવો પણ અવ્યવહારી બની ગયા અને તો પછી સૂક્ષ્મપૃથ્વી વિગેરે પણ અવ્યવહારી ગણવાની આપત્તિ આવે.)

**પૂર્વપક્ષ :** એ અમને ઈષ્ટ જ છે. સૂક્ષ્મપૃથ્વી વિગેરે જીવોનું અવ્યવહારિત્વ પ્રજ્ઞાપનાવૃત્તિના અભિપ્રાયથી સ્પષ્ટ જ જણાય છે. તે આ પ્રમાણે- પ્રજ્ઞાપનાનો પાઠ આપણે જોઈ ગયા છીએ કે, **ते च लोकेषु दृष्टिपथमागताः सन्तः पृथिवीकायिकादिव्यवहारमनुपतन्ति** આ પાઠથી સ્પષ્ટ થાય છે કે લોકમાં દષ્ટિપથમાં

આવેલા જીવો જ ટીકાકારને વ્યવહારી તરીકે માન્ય છે. સૂક્ષ્મપૃથ્વી વિગેરે તો ચક્ષુથી ગ્રાહ્ય જ ન હોવાથી તેઓ અવ્યવહારી તરીકે જ ટીકાકારને માન્ય છે.

બાકી જો ટીકાકારનો આવો અભિપ્રાય હોત કે માત્ર નિગોદજીવો જ અવ્યવહારી છે. તો તેઓ સીધું એમ જ કહી દેત ને ? કે प्रत्येकशरीरिणो व्यवहारिणः. આવું લાંબુ લાંબુ શા માટે લખત ? પણ એમ તો એમણે કહ્યું નથી. માટે માનવું જ જોઈએ કે અમે જે અભિપ્રાય સૂચવ્યો છે એ જ તેઓનો અભિપ્રાય હતો.

**यशो० : यच्च केवलं निगोदेभ्य उद्वृत्त्य पृथिवीकायिकादिभवेषु वर्त्तन्त इत्यादि भणितं, तत्सूक्ष्मपृथिव्यादिजीवानामसंख्येयत्वेनाल्पत्वाद्, अवश्यभाविव्यवहारित्वाद्वाऽविवक्षणादिति सम्भाव्यते, सम्यग्निश्चयस्तु बहुश्रुतगम्य इति ।**

**चन्द्र०** : पुनः कश्चित्पूर्वपक्षं प्रति प्रश्नं करोति - **ननु** सूक्ष्मपृथ्व्यादीनामव्यवहारित्वमेव प्रज्ञापनाटीकाकर्तुरभिप्रेतं यदि स्यात् तर्हि — निगोदेभ्य उद्वृत्त्य पृथिवीकायिकादिभवेषु वर्त्तन्ते — इति व्यवहारिनिरूपणावसरे तैर्निगदितं वचनं कथं घटेत ? "पृथिवीकायिकादिभवेषु" पदेन सूक्ष्मपृथिवीकायिकादिभवा अपि ग्रहीतुं शक्यन्त एव । यदि च तेषां पूज्यानामयमभिप्रायो न स्यात्, तर्हि स्पष्टमेव ते अलिखन् यदुत (१) निगोदजीवेभ्यः सूक्ष्मपृथ्व्यादिभ्यश्च उद्वृत्त्य पृथिवीकायिकादिभवेषु वर्त्तन्ते । यद्वा (२) निगोदजीवेभ्य उद्धृत्य बादरपृथ्व्यादिभवेषु वर्त्तन्ते इति । न च तैस्तथोक्तम् । ततश्च न भवत्परिकल्पना सम्यगित्यतः पूर्वपक्षः प्राह - **यच्च केवलं** = अन्यद् भणितं तु निश्चितमेव, किन्तु एतावन्मात्रं "**भणितम्**" इत्यनेन सहास्यान्वयः। यद् भणितं तदेवाह - **निगोदेभ्यः** इत्यादि ।

**तत्** = भणितं वचनं **सूक्ष्मपृथिव्यादि** इत्यादि । **अल्पत्वाद्** "**अविवक्षणात्**" इत्यनेन सहास्य अन्वयः कर्त्तव्यः । तत्र च "सूक्ष्मपृथ्व्यादीनाम्" इति पदमध्याहार्यम् । द्वितीयं कारणमाह- **अवश्यमित्यादि** । **सम्भाव्यते** = कल्प्यते, निश्चयस्तु कर्तुं न पार्यते, मलयगिरिपूज्याभिप्रायस्यास्माभिः स्थूलप्रज्ञैश्छद्मस्थैः साक्षाज्ज्ञातुमशक्यत्वादिति ।

व्यवहारित्वनिरूपणे यद्यपि तैः "निगोदेभ्यः सूक्ष्मजीवेभ्यश्च उद्वृत्त्य ये पृथिवीकायिकादिभवेषु वर्त्तन्ते" इत्येव भणितुमुचितं, येन सूक्ष्मजीवानामव्यवहारित्वं स्पष्टं प्रतीयेत। किन्तु अव्यवहारिमध्ये निगोदजीवा अनन्तानन्ताः, सूक्ष्मपृथ्व्यादयश्च असंख्येया एव, ततश्च तेषामल्पत्वात्पूज्यैस्तेषां विवक्षाऽत्र न कृतेति प्रथमाऽस्माकं सम्भावना ।

अथवा सूक्ष्मपृथ्व्यादिषु समागता जीवा अवश्यं बादरपृथ्व्यादिषु गमिष्यन्त्येवेति तेऽवश्यं व्यवहारिणो भविष्यन्तीति अव्यवहारिणामपि तेषां भविष्यत्कालेऽवश्यं व्यवहारित्वभवनात् तेषामत्राव्यवहारिमध्ये गणना न कृतेति द्वितीयाऽस्माकं सम्भावना ।

**सम्यग्निश्चयस्तु** इत्यादिना पूर्वपक्षः स्वमाध्यस्थ्यं प्रदर्शयितुं प्रयतते ।

**ચન્દ્ર૦ : (પ્રશ્ન :** મલયગિરિજી જે સૂક્ષ્મપૃથ્વ્યાદિને અવ્યવહારી માનતા હોત તો તેઓની આ પંક્તિ અસંગત થાય. "**निगोदेभ्य उद्वृत्त्य पृथिवीकायिकादिभेदेषु वर्त्तन्ते**" અહીં વ્યવહારીનું નિરૂપણ કરવાનું છે. એમાં તેઓ લખે છે કે, નિગોદમાંથી નીકળીને પૃથ્વીકાયાદિભવોમાં વર્તે, આનો અર્થ એ જ કે સૂક્ષ્મ કે બાદર કોઈપણ પૃથ્વીમાં વર્તતો જીવ વ્યવહારી તરીકે તેમને માન્ય છે. બાકી તો તેઓ એમ જ લખત કે (૧) નિગોદ અને **સૂક્ષ્મપૃથ્વ્યાદિમાંથી** નીકળીને જેઓ પૃથ્વ્યાદિભેદોમાં વર્તે છે, તેઓ...વ્યવહારી છે. **અથવા** (૨) નિગોદમાંથી નીકળીને જેઓ **બાદર**પૃથ્વ્યાદિભેદોમાં વર્તે છે, તેઓ...વ્યવહારી છે.

આવું લખવાથી એમનો સ્પષ્ટ અભિપ્રાય જણાય કે "તેઓ સૂક્ષ્મપૃથ્વ્યાદિને અવ્યવહારી માને છે" પણ આવું તો લખ્યું નથી. એટલે જ એમનો અભિપ્રાય શું હતો ? એ બાબતમાં તમારૂં ગણિત વાસ્તવિક નથી લાગતું.)

**પૂર્વપક્ષ :** જુઓ "ते लोकेषु दृष्टिपथमागताः" આ બધી પંક્તિઓ તો અમે બતાવેલા અર્થનું જ પોષણ કરનારી છે. એક માત્ર આ પંક્તિ જે એમણે લખી છે કે निगोदभ्यः...એ જ અમારા મતમાં અડચણ ઉભી કરે છે. પણ આ બાબતમાં અમને એમ લાગે છે કે (૧) મલયગિરિજી "નિગોદજીવો અને સૂક્ષ્મપૃથ્વ્યાદિજીવો" એ બેયને અવ્યવહારી માને છે ખરા. પરંતુ સૂક્ષ્મપૃથ્વ્યાદિજીવો અસંખ્યાતા જ છે, નિગોદજીવોની અપેક્ષાએ તો અનંતમાં ભાગે જ છે. એટલે તેઓ ઘણા જ ઓછા હોવાથી મલયગિરિજીએ એમની અવ્યવહારી તરીકેની વિવક્ષા ન કરી હોય અને એટલે **निगोदेभ्यः सूक्ष्मपृथ्व्यादिभ्यश्च**...એમ ન લખ્યું હોય એવું સંભવિત છે.

(૨) **અથવા** એવું પણ સંભવિત છે કે સૂક્ષ્મપૃથ્વ્યાદિમાં આવેલા જીવો અવ્યવહારી હોવા છતાં તેઓ અવશ્ય ભવિષ્યમાં વ્યવહારી બનવાના જ હોય છે. એટલે વર્તમાનમાં તેઓ અવ્યવહારી હોવા છતાં એમની અવ્યવહારી તરીકે વિવક્ષા ન કરી હોય અને માટે તેમણે અવ્યવહારી નિગોદની સાથે ઉલ્લેખ ન કર્યો હોય.

આમાં એમનો અભિપ્રાય શું હતો ? એ અંગેનો સમ્યગ્ નિશ્ચય તો બહુશ્રુતો જ જાણી શકે, કરી શકે.

**यशो० : एवं चासांव्यवहारिका जीवाः सूक्ष्मपृथिव्यादिषु निगोदेषु च सर्वकालं गत्यागतीः कुर्वन्तीति सम्पन्नम्, इत्थं च तत्र येऽनादिसूक्ष्मनिगोदेभ्य उद्वृत्त्य शेषजीवेषूत्पद्यन्ते (ते) पृथिव्यादिविविधव्यवहारयोगात्सांव्यवहारिकाः, ये पुनरनादिकालादारभ्य सूक्ष्मनिगोदेष्वेवावतिष्ठन्ते (ते) तथाविधव्यवहारातीतत्वादसांव्यवहारिका इति ।**

**चन्द्र० :** पूर्वपक्षो निष्कर्षमाह - **एवं च** इत्यादि । **गत्यागतीः कुर्वन्तीति** = "न तु अनादिकालात्सूक्ष्मनिगोदेषु वर्तमाना एवाव्यवहारिणः" इति भावः । प्रतिपादितरीत्या सूक्ष्मपृथ्व्यादयोऽप्यव्यवहारिणः सिद्धाः । ततः "अव्यवहारिणः स्वस्थानेषु गत्यागतीः कुर्वन्ति" इति स्वीकारे न कोऽपि दोषः ।

**इत्थं च तत्र** = अव्यावहारिकजीवेषु मध्ये **ये** = जीवाः **अनादिसूक्ष्मनिगोदेभ्यः** इत्यादि । **सूक्ष्मनिगोदेष्वेव** = सूक्ष्माश्च निगोदाश्च इति सूक्ष्मनिगोदाः, तेषु एव ।

**ચન્દ્ર૦ : પૂર્વપક્ષ :** આમ હવે આ વાત નક્કી થઈ કે અવ્યવહારી જીવો સૂક્ષ્મપૃથ્વી વિગેરેમાં અને નિગોદોમાં સર્વકાળ ગમનાગમન કરે છે.

અને એટલે તે જીવોમાં જે જીવો અનાદિ એવા સૂક્ષ્મજીવો અને નિગોદમાંથી નીકળીને બાકીના જીવોમાં ઉત્પન્ન થાય, તેઓ પૃથ્વી વિગેરે વિવિધ વ્યવહારનો યોગ થવાથી વ્યવહારી કહેવાય. જેઓ વળી અનાદિકાળથી માંડીને સૂક્ષ્મજીવોમાં અને નિગોદમાં જ રહે છે તેઓ તેવા પ્રકારના વ્યવહારથી દૂર હોવાથી અવ્યવહારી કહેવાય.

**यशो० : प्रवचनसारोद्धारवृत्तावपि** 'अनादिसूक्ष्मनिगोदजीवा अव्यवहारिणः' **इत्यत्र सूक्ष्मा पृथिव्यादयश्चत्वारो, निगोदाश्च ( ?सूक्ष्म)बादरसाधारणवनस्पतयः, न विद्यते आदिर्येषां तेऽनादयः अप्राप्तव्यवहारराशय इत्यर्थः । तथा च सूक्ष्माश्च निगोदजीवाश्चेति द्वन्द्वः, अनादयश्च ते सूक्ष्मनिगोदजीवाश्चेति कर्मधारय इति समासविधिर्द्रष्टव्यः, सर्वत्रापि कर्मधारयकरणे बादरनिगोदजीवानां व्यवहारित्वसम्पत्तावुक्तागमबाधप्रसङ्गादिति चेत्?**

**चन्द्र० :** पुनः कश्चित्पूर्वपक्षं प्रतिप्रश्नं करोति - **ननु** "अनादिसूक्ष्मनिगोदजीवा

अव्यवहारिणः" इति प्रवचनसारोद्धारवृत्तौ उक्तम् । ततश्च सूक्ष्मपृथ्व्यादीनामव्यवहारित्वं नास्त्येवेति प्रतीयत इति । पूर्वपक्षः प्राह - **प्रवचने**त्यादि, न केवलं योगशास्त्रवृत्तौ इति **अपि**शब्दार्थः । **समासविधिर्द्रष्टव्य** इति ।

**ननु** सूक्ष्माश्चामी निगोदजीवाश्च इत्येवं कर्मधारयसमासोऽत्र कुतो नाङ्गीक्रियते ? इत्यत आह - **सर्वत्रापि** = न केवलं योगशास्त्रवृत्तौ कर्मधारयकरण आगमबाधप्रसङ्गः, किन्तु प्रवचनसारोद्धारवृत्त्यादौ सर्वत्रापि तत्करणे तत्प्रसङ्ग इत्य**पि**शब्दार्थः । अथवा "अनादयश्च ते सूक्ष्मनिगोदजीवाश्चेति अत्र भवतु कर्मधारयः, किन्तु सूक्ष्मनिगोदपदयोः अपि कर्मधारयकरण आगमबाधप्रसङ्गः" इत्य**पि**शब्दार्थः । **बादरनिगोदजीवानां व्यवहारित्वसम्पत्तौ** इति । कर्मधारयकरणे हि सूक्ष्मनिगोदजीवानामेवाव्यवहारित्वं भवेत्, ततश्च बादरनिगोदजीवानां व्यवहारित्वं स्यात्, एवं सति **उक्तागमबाधप्रसङ्गात्** = सिद्धानां व्यवहारराशितोऽनन्तगुणत्वप्रतिपादकस्य "सिज्झंति जत्तिया..." इत्याद्यागमस्य बादरनिगोदजीवानां सिद्धेभ्योऽनन्तगुणत्वप्रतिपादकस्य प्रज्ञापनाऽऽगमस्य च परस्परं विरोधप्रसङ्गात् । विरोधश्च प्रागेव प्रपञ्चित इति किं पिष्टपेषणेन ? ।

अत्र पूर्वपक्षः समाप्तः ।

<u>**ચન્દ્ર**</u>૦ : (**પ્રશ્ન :** પ્રવચનસારોદ્ધારની ટીકામાં કહ્યું છે કે, **अनादिसूक्ष्मनिगोदजीवा अव्यवहारिणः**. આ પાઠ પ્રમાણે તો અનાદિ સૂક્ષ્મનિગોદજીવો જ અવ્યવહારી સિદ્ધ થાય છે. બાદરનિગોદજીવો વ્યવહારી સિદ્ધ થાય છે.)

**પૂર્વપક્ષ :** યોગશાસ્ત્રની ટીકાની જેમ પ્રવચનસારોદ્ધારની ટીકામાં પણ **સૂક્ષ્મ** શબ્દ અને **નિગોદજીવ** શબ્દનો ઈતરેતરદ્વન્દ્વ સમાસ જ કરવાનો છે. **सूक्ष्माश्च निगोदजीवाश्चः** એમાં સૂક્ષ્મ એટલે સૂક્ષ્મપૃથ્વી, અપ, તેઉ, વાયુ એ ચાર લેવાના. અને નિગોદજીવ શબ્દથી સૂક્ષ્મનિગોદ અને બાદરનિગોદના જીવો લેવાના. અને પછી અનાદિ અને સૂક્ષ્મનિગોદજીવ પદ વચ્ચે કર્મધારય સમાસ કરવો. અનાદિ એટલે જેણે વ્યવહારરાશિ પ્રાપ્ત કરી નથી તેવા જીવો.

આવું કરવાનું કારણ એ કે જેમ યોગશાસ્ત્રવૃત્તિમાં કર્મધારય સમાસ કરવામાં બાદરનિગોદજીવો વ્યવહારી બની જવાની આપત્તિ આવતી હતી. તેમ બધેય આ કર્મધારય કરવામાં આ આપત્તિ આવે છે.

(**અથવા** અનાદિ અને સૂક્ષ્મનિગોદજીવ શબ્દ વચ્ચે ભલે કર્મધારય કરો, બાકી એની જેમ સૂક્ષ્મ અને નિગોદજીવ એ શબ્દોમાંય કર્મધારય કરો, તો બાદરનિગોદજીવો વ્યવહારી સિદ્ધ થતા કહેલા આગમો વચ્ચે વિરોધનો પ્રસંગ ઉભો થાય.)

"સૂક્ષ્મ એવા નિગોદજીવો અવ્યવહારી છે" એમ કર્મધારય મુજબ અર્થ કરીએ તો એ સિવાયના બાદરનિગોદજીવાદિ વ્યવહારી બને. અને તો પછી સિદ્ધો વ્યવહારરાશિ કરતા અનંતગુણ છે. એવું જણાવનાર **सिज्झंति जत्तिया किर** શાસ્ત્રપાઠ અને બાદરનિગોદજીવો સિદ્ધોથી અનંતગુણ છે એવું બતાવનાર પ્રજ્ઞાપના પાઠ એ બે આગમ વચ્ચે વિરોધ આવે. કેમકે બાદરનિગોદજીવો જો વ્યવહારરાશિમાં હોય તો સિદ્ધો વ્યવહારરાશિ (બાદરનિગોદજીવ) કરતા અનંતગુણ છે એવા પ્રથમ આગમપાઠનો અર્થ થાય અને બીજો આગમપાઠ તો એનાથી ઉંધુ જ સૂચવે છે.

એટલે બાદરનિગોદ અવ્યવહારી માનવા.

(અહીં પૂર્વપક્ષ સમાપ્ત થયો.)

**चन्द्र०** : अत्रेदं स्मर्त्तव्यम् - पूर्वपक्षस्य मुख्ये द्वे मते इमे - (१) अभव्या अव्यवहारिण एव (२) बादरनिगोदजीवा अव्यवहारिण एव ।

**ચન્દ્ર૦** : (અહીં આ વાત યાદ કરવી કે પૂર્વપક્ષના મુખ્ય બે મત છે - (૧) અભવ્યો અવ્યવહારી જ છે. (૨) બાદરનિગોદજીવો અવ્યવહારી જ છે.)

---

**यशो०** : **उच्यते–यदेवं प्रज्ञापनावृत्त्यभिप्रायमनुसृत्याभव्यानामव्यावहारिकत्वं व्यवस्थाप्यते तत्किं व्यावहारिकलक्षणायोगादुत परिभाषान्तराश्रयणात्?**

---

**चन्द्र०** : अत्र महामहोपाध्यायाः समाधानं ददति - **उच्यते** । **यद्** इत्यस्य "**अव्यावहारिकत्वम्**" पदेन सह अन्वयः कर्त्तव्यः, **एवं** = प्रतिपादितरीत्या, **तत्** = अभव्यानां अव्यावहारिकत्वं **व्यावहारिकलक्षणायोगात्** = व्यावहारिकस्य यद् लक्षणं, तस्यायोगात् ? **परिभाषान्तराश्रयणात् ?** = व्यावहारिकलक्षणयोगेऽपि प्रसिद्धाया व्यावहारिकत्वस्य शास्त्रीयपरिभाषायाः सकाशादन्यस्याः परिभाषायाः स्वीकारात् ? व्याकरणानुसारेणार्थं उपेक्ष्य स्वविवक्षानुसारेण तत्तत्पदार्थपरिकल्पनं **परिभाषा** । यथा–शास्त्रकारैश्छेदग्रन्थे सागारिकपदस्य "अगारसहितो गृहस्थः" इति व्याकरणानुसारिणमर्थं उपेक्ष्य स्वविवक्षानुसारेण "मैथुनम्"

इति पदार्थः परिकल्पित इति । प्रकृते तु यत्प्रसिद्धं व्यावहारिकलक्षणं, तद् एका परिभाषा, तस्मादन्या परिभाषा किं भवता स्वीक्रियते, यदयोगादभव्यानामव्यावहारिकत्वं स्थाप्यते ? इति । अयं भावः - सम्यक्त्वं नाम तत्त्वार्थश्रद्धानं इति एका शास्त्रीया परिभाषा, तदनुसारेण चतुर्थगुणस्थानादारभ्य सम्यक्त्विनो भवन्ति । किन्तु चारित्रं एव सम्यक्त्वं इति परिभाषान्तरानुसारेण तु चतुर्थगुणस्थायिनो मिथ्यात्विनो भवन्ति । एवं प्रसिद्धाया व्यावहारिक-परिभाषाया अनुसारेण अभव्या व्यावहारिका भवन्ति । किन्तु पूर्वपक्षपरिकल्पितया द्वितीयपरिभाषया अभव्या अव्यवहारिणो भवन्त्यपि । ततश्चात्र महोपाध्यायाः पूर्वपक्षं पृच्छन्ति – किं काचिद् अन्या परिभाषा भवता तादृशी परिकल्पिता, या अभव्येषु अघटमाना तान् अव्यवहारिणो व्यवस्थापयन्ति ? – इति ।

**<u>ચન્દ્ર</u>૦ : મહોપાધ્યાજી :** પ્રજ્ઞાપનાવૃત્તિના અભિપ્રાયને અનુસરીને તમે અભવ્યોનું જે અવ્યવહારીત્વ સિદ્ધ કરો છો, તે અવ્યવહારીત્વ અભવ્યોમાં વ્યાવહારિકજીવોનું લક્ષણ ન ઘટવાના લીધે સિદ્ધ કરો છો ? કે પછી તમે કોઈ બીજી પરિભાષાનો આશ્રય કરેલો હોવાથી સિદ્ધ કરો છો ?

(આશય એ છે કે તમે કોઈપણ હિસાબે અભવ્યોને અવ્યવહારી સાબિત કરવા પ્રયત્ન કરો છો ? પણ એ શા માટે ? વ્યવહારીજીવનું લક્ષણ અભવ્યોમાં ઘટતું નથી, તે માટે ? કે પછી વ્યવહારીની જે પરિભાષા પ્રસિદ્ધ છે, એ સિવાયની તમે કોઈ નવી જ પરિભાષા સ્વીકારી હોય અને એ પરિભાષાને અનુસારે એ અભવ્યોને અવ્યવહારી કહો છો ?

વ્યાકરણ પ્રમાણે શબ્દનો અર્થ કરવો એને બદલે પોતાની વિવક્ષા પ્રમાણે શબ્દનો અર્થ નક્કી કરવો એ એક પરિભાષા કહેવાય. **દા.ત.** સાગારિક એટલે "ઘરવાળો ગૃહસ્થ" એ સંસ્કૃતવ્યાકરણ પ્રમાણેનો અર્થ છે. છેદગ્રન્થકારો પોતાની વિવક્ષા પ્રમાણે એનો "મૈથુન" એવો અર્થ કરે છે. આ એક પરિભાષા કહેવાય. એમ સમ્યક્ત્વ એટલે સાચાપણું એ વ્યુત્પત્તિ-અર્થ ગણાય. અને જૈનશાસ્ત્રકારો સમ્યક્ત્વ એટલે ભગવાનના વચન ઉપર અવિહડ શ્રદ્ધા...એ વિગેરે અર્થો કરે છે એ એક પરિભાષા છે.

આ પરિભાષા પ્રમાણે ૪થા ગુણસ્થાનકથી માંડીને બધા સમ્યક્ત્વી કહેવાય છે. પણ હવે કોઈ એવી નવી પરિભાષા બનાવે કે ચારિત્ર એ જ સમ્યક્ત્વ. તો એ પરિભાષા મુજબ તો ચોથાગુણસ્થાનવાળાઓ પણ મિથ્યાત્વી જ કહેવાય. નિશ્ચયનય આવી જ

માન્યતા ધરાવે છે.

એમ પ્રસ્તુતમાં પણ વ્યવહારી શબ્દનો વ્યુત્પત્તિ અર્થ તો **વ્યવહારવાળા** એમ થાય. પણ અહીં શાસ્ત્રકારો પોતાની વિવક્ષા પ્રમાણે નવો જ અર્થ કલ્પે છે. હવે પૂર્વપક્ષ એ પ્રસિદ્ધ પરિભાષાને છોડીને નવી જ પરિભાષા સ્વીકારતો હોય તો શક્ય છે કે અભવ્યો પ્રથમપરિભાષા પ્રમાણે વ્યવહારી હોવા છતાં બીજી પરિભાષા પ્રમાણે અવ્યવહારી સિદ્ધ થાય.

એટલે ઉપાધ્યાયજીએ પૂર્વપક્ષ સામે બે વિકલ્પો રજુ કર્યા છે.)

---

**यशो० : नाद्यो, लोकव्यवहारविषयप्रत्येकशरीरवत्त्वादितल्लक्षणस्याभव्येष्वपि सत्त्वात्,**

---

**चन्द्र० :** महोपाध्यायाः स्वयं प्रथमविकल्पं खण्डयन्ति-**नाद्यः** = न "व्यावहारिकलक्षणा-योगादभव्यानामव्यावहारिकत्वमिति" विकल्पो युक्त इति अध्याहार्यम् । तत्र कारणमाह - **लोकव्यवहारे**त्यादि, "अयं पृथिवी" इत्यादिरूपो यो लोकव्यवहारः, तद्विषयभूतं यत्प्रत्येकशरीरं, तद्वत्त्वं एव आदि यस्य तल्लोकव्यवहारविषयप्रत्येकशरीरवत्त्वादिः, तादृशं च **तल्लक्षणं च** = अव्यवहारिलक्षणं च इति लोकव्यवहारविषयप्रत्येकशरीरवत्त्वादितल्लक्षणं, तस्य । **अभव्येष्वपि** = न केवलं भव्येषु **इत्यपि**शब्दार्थः, **सत्त्वात्** ।

तथा च "अभव्याः अव्यवहारिणः व्यावहारिकलक्षणायोगाद् इति पूर्वपक्षानुमानं पक्षे हेत्वभावात्मकस्वरूपासिद्धिदोषदुष्टं, अभव्येषु व्यावहारिकलक्षणयोगात्" इति अभिप्रायः ।

**ચન્દ્ર૦ : મહોપાધ્યાયજી :** એમાં પ્રથમ વિકલ્પ તો યોગ્ય નથી. કેમકે અભવ્યોમાં તો વ્યવહારીનું લક્ષણ ઘટે જ છે. તમે જ બોલો ? શું એનું લક્ષણ છે ? પ્રજ્ઞાપનામાં કહ્યું છે કે "**लोकेषु दृष्टिपथमागताः सन्त...**" એ પ્રમાણે વ્યવહારીનું લક્ષણ આવું બને કે, "આ પૃથ્વી છે" ઈત્યાદિ જે લોકવ્યવહારો થાય છે, તેના વિષય બનનારા જે પ્રત્યેક શરીરો હોય તે પ્રત્યેક શરીરવાળાપણું આવું કે આવા પ્રકારનું બીજું કોઈ લક્ષણ તમારે કહેવું પડશે. પણ આ લક્ષણ તો અભવ્યોમાં પણ ઘટે જ છે. એટલે વ્યવહારીનું લક્ષણ ન ઘટતું હોવાથી અભવ્યો અવ્યવહારી છે એ પ્રથમ વિકલ્પ બરાબર નથી.

(**પૂર્વપક્ષનું અનુમાન :** પક્ષ - અભવ્યો, સાધ્ય - અવ્યવહારી છે, હેતુ - વ્યવહારીનું લક્ષણ ન ઘટતું હોવાથી. એમાં ઉપાધ્યાયજીએ સ્વરૂપાસિદ્ધિ દોષ બતાવ્યો. પક્ષમાં હેતુનું ન રહેવું એ સ્વરૂપાસિદ્ધિ દોષ.)

**यशो० : अनन्तद्रव्यक्रियाग्रहणपरित्यागवतां तेषामव्यावहारिकराशिविनिर्गतत्वेन व्यावहारिकत्वस्योपदेशपदप्रसिद्धत्वाच्च ।**

**चन्द्र० : ननु** अव्यवहारराशिविनिर्गतत्वमेव व्यवहारित्वलक्षणम् । तच्चाभव्येषु नास्ति इति तेषामव्यवहारित्वमिति पूर्वपक्षाशङ्कां महोपाध्यायाः खण्डयन्ति - **अनंते**त्यादि, ग्रहणानि च परित्यागाश्चेति ग्रहणपरित्यागाः, अनन्ता द्रव्यक्रियाणां ग्रहणपरित्यागा इति अनन्तद्रव्यक्रियाग्रहणपरित्यागाः, तद्वतामिति समासः, **तेषां** = अभव्यानां **अव्यावहारिकराशिविनिर्गतत्वेन व्यावहारिकत्वस्य** = येन कारणेन तेऽभव्या अव्यवहारराशिविनिर्गताः, तेन कारणेन तेषां यद् व्यावहारिकत्वं, तस्येति भावः, **उपदेशपदप्रसिद्धत्वाच्च** । तथा च अव्यावहारिकराशिविनिर्गतत्वमपि तेषां अभव्यानां शास्त्रसिद्धमेवेति तदघटनात्तेषामव्यवहारित्वकथनं न युक्तमिति भावः ।

अत्र "अनन्तद्रव्यक्रियाग्रहणपरित्यागवताम्" इति "तेषाम्" पदविशेषणं हेतुगर्भितम् । यतस्तेऽनन्तद्रव्यक्रियाग्रहणपरित्यागवन्तः, तत एव तेषां अव्यावहारिकराशिविनिर्गतत्वम् । न हि अव्यवहारराशिगता जीवा द्रव्यक्रियाग्रहणपरित्यागौ प्राप्नुवन्तीति ।

"अव्यावहारिकराशिविनिर्गतत्वेन" इतिपदं "व्यावहारिकत्वस्य" इतिपदेन सहान्वितम् । यतोऽभव्या अव्यावहारिकराशिविनिर्गताः, ततस्ते व्यवहारिण इति भावः ।

यतोऽभव्या अनन्तद्रव्यक्रियाग्रहणपरित्यागवन्तः, ततस्तेऽव्यावहारिकराशिविनिर्गताः सिद्ध्यन्ति, यतश्च तेऽव्यवहारराशिविनिर्गताः सिद्ध्यन्ति, ततस्ते व्यावहारिकाः सिद्ध्यन्ति । एतच्च सर्वं उपदेशपदे प्रसिद्धम् – इति तु सम्पूर्णोऽर्थः ।

**ચન્દ્ર૰ : (પૂર્વપક્ષ :** અવ્યવહારરાશિમાંથી નીકળેલા હોવું એ જ વ્યવહારીનું લક્ષણ છે. અને એ લક્ષણ અભવ્યોમાં નથી ઘટતું માટે તેઓ અવ્યવહારી છે.)

**ઉપાધ્યાયજી :** "દ્રવ્ય ક્રિયાઓના અનંતા ગ્રહણ અને ત્યાગવાળા એ અભવ્યો અવ્યવહારરાશિમાંથી નીકળેલા હોવાથી વ્યવહારી છે" એ વાત ઉપદેશપદમાં પ્રસિદ્ધ જ છે.

(આશય એ છે કે ઉપદેશપદમાં આ પદાર્થ અપાયેલો છે કે અભવ્યોએ અનંતીવાર દ્રવ્યચારિત્ર લીધું છે અને મરણાદિ દ્વારા છોડ્યું છે. હવે દ્રવ્યક્રિયાના ગ્રહણાદિ તો

અવ્યવહારરાશિમાંથી નીકળેલાને જ ઘટે છે. એટલે અભવ્યો અવ્યવહારરાશિમાંથી નિકળેલા સાબિત થઈ જાય છે. અને અવ્યવહારરાશિમાંથી નિકળેલાઓ વ્યવહારી કહેવાય જ. એટલે અભવ્યો વ્યવહારી છે જ.)

**यशो० : तथा च तद्ग्रन्थः –(२३३)**

जं दव्वलिंगकिरियाणंतातीया भवंमि सगला वि । सव्वेसिं पाएणं ण य तत्थ वि जायमेअं ति।।

**एतद्वृत्तिः**–'जमि'त्यादि। **यद्**=यस्माद् **द्रव्यलिङ्गक्रिया**=पूजाद्यभिलाषेणाव्यावृत्त-मिथ्यात्वादिमोहमलतया द्रव्यलिङ्गप्रधानाः शुद्धश्रमणभावयोग्याः प्रत्युपेक्षणाप्रमार्जनादि-काश्चेष्टाः, किम्? इत्याह-**अनन्ताः**=अनन्तनामकसंख्याविशेषानुगताः, **अतीताः**= व्यतिक्रान्ताः, **भवे**=संसारे, **सकला अपि**=तथाविधसामग्रीवशात्परिपूर्णा अपि, **सर्वेषां**=भवभाजां **प्रायेण** अव्यावहारिकराशिगतानल्पकालतन्निर्गतांश्च मुक्त्वेत्यर्थः । ततोऽपि किम्? इत्याह-**न च**=नैव **तत्रापि**=तास्वपि सकलासु द्रव्यलिङ्गक्रियासु **जातमेतद्**=धर्मबीजमित्यादि ।'

**चन्द्र० :** उपदेशपदपाठमेवाह – **तथा चे**त्यादि । उपदेशपदगाथासंक्षेपार्थस्त्वयम् – **यत्** = यस्मात्कारणात् सकलाऽपि द्रव्यलिङ्गक्रिया **सर्वेषां** = जीवानां प्रायेण भवेऽतीता, न च **तत्रापि** = द्रव्यलिंगक्रियास्वपि जातमेतदिति ।

"**पूजाद्यभिलाषेण**" इति पदं मिथ्यात्वादिमोहमलस्याव्यावृत्तेः साधको हेतुरस्ति । तथा च पूजाद्यभिलाषरूपेण हेतुना अव्यावृत्तो मिथ्यात्वादिमोहमलो यासु ताः, तासां भावः, तत्ता, तया । अनुमानञ्चेत्थम् – द्रव्यलिंगक्रियाः अव्यावृत्तमिथ्यात्वादिमोहमलाः पूजाद्यभिलाषाद् इति । **शुद्धश्रमणे**त्यादि, शुद्धो यः श्रमणभावः, तस्य योग्याः = उचिताः, **तथाविधसामग्रीवशात्** = वज्रर्षभनाराचसंहननादिवशात् **परिपूर्णा अपि** = न केवलं न्यूना एवे**त्यपि**शब्दार्थः ।

**अव्यावहारिकराशिगतान्** = अव्यवहारिण इत्यर्थः । **अल्पकालतन्निर्गतांश्च** = समयावलिकादिनवर्षादिरूपेण अल्पकालेनैव तस्मात् = अव्यवहारराशितो निर्गतांश्चेति । तेषां हि अनन्ता द्रव्यलिंगक्रिया न सम्भवन्ति, अल्पकालेनैव व्यवहारराशौ समागमनात् । अत्र हि "अव्यावहारिकराशिगता अनन्ता द्रव्यक्रिया न प्राप्नुवन्ति" इत्युक्तम् । ततश्चार्थादापन्नं, येऽनन्ता द्रव्यक्रिया प्राप्तास्ते अव्यवहारराशिविनिर्गता एव । अभव्याश्च द्रव्यक्रियावन्तो भवतामपि सम्मता इति तेषां व्यावहारिकत्वं सिद्धम् ।

**ननु** भवतु नाम सर्वेषां प्रायोऽनन्ता द्रव्यक्रियाः **ततोऽपि** = तस्मादपि **किं ?** = किं तेन भवान् कथयितुमिच्छतीति ? **तास्वपि** = न केवलं असकलासु, इत्यपिशब्दार्थः ।

**चन्द्र०** : ઉપદેશપદનો પાઠ આ પ્રમાણે છે. જે કારણથી પ્રાયઃ તમામ જીવોને આખી ય દ્રવ્યલિંગક્રિયા અનંતી પસાર થયેલી છે. પણ ત્યાંય આ ઉત્પન્ન થયું નથી. (તે કારણથી શું ? એ તે ગ્રન્થમાંથી જાણવું.)

**આની ટીકાનો અર્થ :** દ્રવ્યલિંગ = સાધુવેષ એજ જેમાં પ્રધાન છે તેવી સાધુક્રિયા દ્રવ્યલિંગક્રિયા કહેવાય. શુદ્ધસાધુપણામાં જ જે ઘટે એવી પ્રતિલેખન, પ્રમાર્જનાદિ ચેષ્ટાઓ અહીં દ્રવ્યલિંગક્રિયા સમજવી. આ ક્રિયાઓ દ્રવ્યલિંગપ્રધાન હોવાનું કારણ એ કે મિથ્યાત્વાદિમોહ રૂપી મેલ એમાંથી દૂર થયો નથી અને એ મેલ દૂર નથી થયો એનું કારણ એ કે તેમાં પૂજા-સત્કારાદિની અભિલાષા પડેલી છે.

(ટુંકમાં પૂજાદિની અભિલાષા છે માટે માનવું જ પડે કે આ ક્રિયાઓમાં મિથ્યાત્વાદિમોહ રૂપી મલ દૂર થયો નથી. અને એમ હોવાથી એ ક્રિયાઓ દ્રવ્યલિંગપ્રધાન કહેવાય.)

આવી ક્રિયાઓ આ સંસારમાં સર્વજીવોને અનંતી = અનંત નામની સંખ્યાવિશેષવાળી પસાર થઈ ચૂકી છે. તે પણ પાછી ઓછી નહિ, પરંતુ તેવા પ્રકારની સામગ્રી મળવાથી સંપૂર્ણ ક્રિયાઓ પણ મળી છે.

પ્રાયઃ એટલા માટે લખ્યું છે કે જે જીવો હજી અવ્યવહારરાશિમાં રહેલા હોય, તથા જે જીવો અવ્યવહારરાશિમાંથી થોડાક કાળ પૂર્વે જ બહાર નીકળ્યા છે તેવા જીવોને તો અનંતી દ્રવ્યક્રિયા સંભવી જ ન શકે. એટલે એ સિવાયના બાકીના જીવોની અપેક્ષાએ આ વાત સમજવી.

**પ્રશ્ન :** ભલે. પણ એનાથી તમે શું કહેવા માંગો છો ?

(અમે એમ કહેવા માંગીએ છીએ કે) આવી સંપૂર્ણ એવી પણ અનંત દ્રવ્યલિંગક્રિયાઓમાં આ ધર્મબીજ ઉત્પન્ન થયું નથી.

(અહીં અવ્યવહારરાશિમાં રહેલાઓ અનંત દ્રવ્યક્રિયા ન પામે. એમ કહ્યું એટલે અર્થાપત્તિથી એ સિદ્ધ થઈ ગયું કે જે અનંત દ્રવ્યક્રિયા પામેલા હોય તે અવ્યવહારરાશિમાં ન જ હોય. તેમાંથી બહાર નીકળેલા હોય. હવે "અભવ્યો અનંતી દ્રવ્યક્રિયા પામ્યા છે"

એ તો તમે ય માનો જ છો એટલે તેઓ વ્યવહારી તરીકે સિદ્ધ થાય છે.)

**यशो० : अथ 'पृथिव्यादिव्यवहारयोगेन तेषां व्यावहारिकत्वेऽप्यावलिका-ऽसंख्येयभागपुद्गलपरावर्त्ताधिकसंसारवत्त्वेन न व्यावहारिकत्वमिति परिभाषान्तरमाश्रीयते' इति द्वितीयः पक्षः परिगृह्यते इति चेत्?**

**चन्द्र०** : इत्थं च – व्यावहारिकलक्षणायोगादभव्यानामव्यवहारित्वम् – इति प्रथमो विकल्पो न ज्यायान् इति साधितम् । ततः पूर्वपक्षः परिभाषान्तराश्रयणात्मकं द्वितीयं विकल्पं स्वीकृत्याह - **अथ पृथिव्यादी**त्यादि **परिभाषान्तरमि**ति । तथा च पृथिव्यादिव्यवहारयोगित्वेन व्यवहारित्वं, किन्तु आवलिकाऽसंख्येयभागपुद्गलपरावर्त्तसंसारित्वं व्यवहारित्वं इति अन्या परिभाषाऽस्माभिः स्वीक्रियते । **इति** = एवं प्रतिपादितरीत्या **द्वितीयः पक्षः** = अनन्तरमुक्तः परिभाषान्तराश्रयणरूपः **परिगृह्यते**ऽस्माभिः इति तदनुसारेणाभव्या अव्यवहारिण इति ।

**ચન્દ્ર૦** : (**પૂર્વપક્ષ** : આ રીતે પહેલો વિકલ્પ તો ખોટો પડી ગયો કે "વ્યવહારીના લક્ષણનો યોગ ન થવાથી અભવ્યો અવ્યવહારી છે.")

પણ અમે પરિભાષાન્તરના સ્વીકારરૂપી બીજો વિકલ્પ સ્વીકારીએ છીએ. અર્થાત્ પૃથ્વી વિગેરે વ્યવહારનો યોગ અભવ્યમાં થતો હોવાથી એ રીતે તેઓ વ્યવહારી જ છે. તેમ છતાં આવલિકાના અસંખ્યાતમાં ભાગ જેટલા પુદ્ગલપરાવર્તસંસારવાળો જે હોય તે વ્યવહારી અને બીજા બધા અવ્યવહારી. આવી વ્યાખ્યા બાંધી દઈએ. આ અમારી બીજી પરિભાષા પ્રમાણે તો અભવ્યો એ અવ્યવહારી જ બને.

આમ અમે બીજી પરિભાષા સ્વીકારવા રૂપ બીજો પક્ષ સ્વીકારશું.

**यशो० : परिगृह्यतां यदि बहुश्रुताः प्रमाणयन्ति। नैवमस्माकं कापि क्षतिः, मुख्यव्यावहारिकलक्षणपरित्यागेन तेषामव्यक्तमिथ्यात्वनियमाभ्युपगमादिविरुद्धप्रक्रियाया असिद्धेः। न हि परिभाषा वस्तुस्वरूपं त्याजयतीति ।**

**चन्द्र०** : महोपाध्यायाः समादधति - **परिगृह्यतां** = स्वीक्रीयतां परिभाषान्तरं, **यदि बहुश्रुताः प्रमाणयन्ति,** यदि ते न प्रमाणयन्ति, तदा परिभाषान्तरकल्पनमप्यन्याय्यम् । **न एवं** = न परिभाषान्तरस्वीकारे । **मुख्यव्यावहारिके**त्यादि, पृथिव्यादिव्यवहारयोगित्वं

व्यावहारिकत्वमिति यत् प्रधानं व्यवहारिकलक्षणं, **तत्परित्यागेन तेषां** = अभव्यानां **अव्यक्ते**त्यादि, अभव्यानामव्यक्तमिथ्यात्वमेवेति य एकान्तः, तत्स्वीकारादिरूपा या विरूद्धा = शास्त्रविपरीता प्रक्रिया, तस्याः **असिद्धेः** ।

इदमत्र तात्पर्यम् - सास्नावत्त्वं मुख्यं गोलक्षणम् । अत्र यदि कश्चिद् द्विपादवत्त्वं गोत्वं इति परिभाषां आश्रयति, तर्हि तन्मतेन मनुष्यादयो गावः स्युः, न पारमार्थिका गावः । एवं च अत्र परिभाषान्तराश्रयणेन यद्यपि गवामगोत्वं सिद्ध्यति । तथापि तावन्मात्रेण तात्त्विकगवां सास्नावत्त्वदुग्धदातृत्वादिकं नापगच्छति । अत्र च स परिभाषान्तराश्रयिता यदि ब्रूयात् "ननु मत्परिभाषान्तरापेक्षया इमा न गावः, ततश्च न ताः सास्नावत्यः, दुग्धदात्र्यो वा" तर्हि न लोकविरूद्धा इयं प्रक्रिया सिद्धिमाप्नोति ।

एवमत्रापि परिभाषान्तराश्रयणेन अभव्यानां अव्यवहारित्वं भवतु, किन्तु मुख्यलक्षणानुसारेण तु ते व्यवहारिण एव । ततश्च व्यक्तादिमिथ्यात्ववन्तोऽपि भवन्ति । अत्र यदि पूर्वपक्षो ब्रूयात् – अस्मत्परिभाषान्तरापेक्षयाऽभव्या अव्यवहारिणः, ततश्च न ते व्यक्तमिथ्यात्विनः – इति, तर्हि न एषा शास्त्रविरूद्धा प्रक्रिया सिद्धिमाप्नोति ।

एतदेवाह - **न हि परिभाषा** = स्वकीया नूतना विवक्षा **वस्तुस्वरूपं त्याजयति** = विनाशयति । न हि "रक्तरूपवत्त्वं जलत्वम्" इति परिभाषा रक्तरूपवन्तमग्निं उष्णस्पर्शं त्याजयित्वा जलस्य शीतस्पर्शं प्रापयतीति प्रकटमेव ।

**<u>ચન્દ્ર</u>० : ઉપાધ્યાયજી :** જો બહુશ્રુતો તમારી નવી પરિભાષાને પ્રમાણભૂત માનતા હોય, તો ભલે ને તમે એ બીજી પરિભાષા સ્વીકારો. (આનો અર્થ એમ કે બહુશ્રુતો જો એ પરિભાષાને પ્રમાણભૂત ન ગણે તો તો એ પરિભાષા ન જ સ્વીકારાય.)

પણ તમે એ સ્વીકારો તો એમાં અમને કોઈ વાંધો નથી. કેમકે અભવ્યોમાં મુખ્ય = પ્રધાન વ્યવહારીલક્ષણનો ત્યાગ કરવા દ્વારા તેઓમાં અવ્યક્તમિથ્યાત્વનો એકાંત સ્વીકારવાદિ રૂપ શાસ્ત્રવિરૂદ્ધ પ્રક્રિયા સિદ્ધ = સાચી = માન્ય થઈ શકતી જ નથી.

(જેમ "सास्नावत्त्वं" એ ગાયનું લક્ષણ છે. હવે કોઈ આ લક્ષણ છોડીને "બે પગવાળાપણું" ને ગાયનું લક્ષણ બનાવે, નવી પરિભાષા બનાવે, તો એ પરિભાષા પ્રમાણે મનુષ્યાદિ જ ગાય કહેવાય. સાચી ગાય ગાય ન કહેવાય.

પણ આમ કહીને પેલો એમ કહે કે "મારી પરિભાષા પ્રમાણે આ ખરી ગાયો ગાય

નથી. માટે તે સાસ્નાવાળી, દૂધ આપનારી પણ ન જ બને. કેમકે ગાય હોય તો તે સાસ્નાવાળી...બને." તો આ તેની વાત લોકવિરૂદ્ધ છે. એણે કલ્પેલી નવી પરિભાષા પ્રમાણે ખરી ગાયને ગાય ન કહેવી એ તો હજી બરાબર, પણ એટલા માત્રથી ખરી ગાયનું સ્વરૂપ = સાસ્નાવત્ત્વાદિ કંઈ દૂર ભાગી ન જાય.

પ્રસ્તુતમાં "પૃથ્વ્યાદિવ્યવહારયોગવાળા હોવું" એ વ્યવહારીનું લક્ષણ છે. હવે એ લક્ષણ અભવ્યમાં જાય જ છે. પૂર્વપક્ષ નવી પરિભાષા બનાવીને કહે કે, "મારી પરિભાષા પ્રમાણે અભવ્યો અવ્યવહારી છે" તો એ હજી સ્વીકારાય. પણ એ એમ કહે કે "અભવ્યો મારી પરિભાષા પ્રમાણે અવ્યવહારી છે." એટલે અવ્યવહારી પ્રમાણે તેને "અવ્યક્તમિથ્યાત્વ જ હોય" તો એ તો શાસ્ત્રવિરૂદ્ધ વાત થઈ. મુખ્યલક્ષણથી તે વ્યવહારી હોવાથી વ્યવહારી પ્રમાણે તેમાં વ્યક્તમિથ્યાત્વાદિ હોઈ જ શેક છે.)

(આ જ વાત કહે છે કે) પરિભાષા વસ્તુના સ્વરૂપને ત્યજાવતી નથી અર્થાત્ વસ્તુના સ્વરૂપને બદલી શકતી નથી. (માત્ર તેને ઓળખવાદિ અંગેનો વ્યવહાર જ બદલાય છે.)

(આ જ પદાર્થ સ્પષ્ટ કરવા બીજા દૃષ્ટાન્ત વિચારીએ કોઈ એમ કહે કે જે "લાલવર્ણવાળું હોય તે જલ કહેવાય" તો આની આ પરિભાષા પ્રમાણે તે અગ્નિને પણ જળ કહેશે. પણ એટલા માત્રથી અગ્નિ ઉષ્ણસ્પર્શ રૂપી પોતાના સ્વરૂપને ન છોડી દે. એ કંઈ જલની જેમ શીતસ્પર્શવાળો ન બને.

શાસ્ત્રીયદૃષ્ટાન્ત વિચારીએ તો ચોથાગુણસ્થાનથી બધા જીવો સમ્યક્ત્વી કહેવાય છે. હવે નિશ્ચયનય એવી પરિભાષા માને છે કે "ચારિત્ર એ જ સમ્યક્ત્વ." આ પરિભાષાને બહુશ્રુતોએ પણ પ્રમાણ તરીકે સ્વીકારી છે. એટલે એ પરિભાષા માન્ય છે. એ પરિભાષા પ્રમાણે ચોથે ગુણઠાણે રહેલાઓ મિથ્યાત્વી શબ્દથી ઓળખાય છે એ પણ માન્ય છે. નિશ્ચય એમ કહે કે મારી પરિભાષા પ્રમાણે ચોથાગુણઠાણવાળાઓ મિથ્યાત્વી છે, એટલે એમને મિ.મોહ બંધાય, નરકગતિ પણ બંધાય... તો એ તો યોગ્ય ન જ બને. આ જ વાત અહીં સમજવી.

અહીં કોઈ એમ પરિભાષા બનાવે કે કેવલજ્ઞાનીઓ હોય તે મિથ્યાત્વી કહેવાય. તો એ પરિભાષા તો શાસ્ત્રકારો પણ માન્ય નથી કરતા. માટે એવી ગમે તેવી પરિભાષાઓ કલ્પી ન શકાય. એ માટે "यदि बहुश्रुताः प्रमाणयन्ति" એમ લખેલ છે.)

**यशो० : एतेन बादरनिगोदजीवानां व्यावहारिकत्वनिषेधोऽपि प्रत्युक्तः, परिभाषामात्रेण लक्षणसिद्धस्य व्यावहारिकत्वस्य निषेद्धुमशक्यत्वात्,**

**चन्द्र० : एतेन** = "परिभाषा वस्तुस्वरूपं न त्याजयति" इति प्रतिपादनेन । **बादरनिगोदजीवानां व्यावहारिकत्वनिषेधोऽपि** = न केवलमभव्यानां व्यवहारिकत्वनिषेध एव प्रत्युक्त इत्य**पि**शब्दार्थः । **प्रत्युक्तः** = खण्डितः ।

**परिभाषामात्रेण** = न तु मुख्यलक्षणयुक्तपरिभाषयेति मात्रशब्दार्थः, **लक्षणसिद्धस्य** = व्यवहारिणो यन्मुख्यं लक्षणं, तेन सिद्धस्य **व्यावहारिकत्वस्य निषेद्धुमशक्यत्वात्** ।

अभव्यानामव्यवहारित्वं चाभिर्युक्तिभिः खण्डितं, बादरनिगोदजीवानामव्यवहारित्वमपि ताभिरेव युक्तिभिः खण्डनीयमिति भावः ।

**ચન્દ્ર૦ :** "પરિભાષા વસ્તુના સ્વરૂપને બદલી શકતી નથી" એવું જે પ્રતિપાદન કર્યું તેના દ્વારા પૂર્વપક્ષની બીજી માન્યતા પણ ખંડિત થઈ ગઈ કે "બાદરનિગોદજીવો અવ્યવહારી છે."

તેમની આ માન્યતાને તોડવા માટે પૂર્વની જેમ જ બધી યુક્તિઓ લગાડવી (તે લેશથી આ પ્રમાણે છે. હે પૂર્વપક્ષ ! બાદરનિગોદજીવો તમે કલ્પેલી કોઈ નવી પરિભાષા પ્રમાણે અવ્યવહારી છે ?) જો એમ હોય તોય એ પરિભાષામાત્રથી એમનું વાસ્તવિક સ્વરૂપ વ્યવહારીત્વ એ દૂર થઈ શકતું નથી. એનો નિષેધ કરી શકાતું નથી. (આ વાત અભવ્યોમાં જે રીતે સમજી છે, એ જ રીતે અત્રે પણ સમજવી.)

**यशो० : पृथिव्यादिविविधव्यवहारयोगित्वलक्षणस्य तस्य प्राप्तसूक्ष्मनिगोदेतरत्वपर्यवसितस्यानुगतस्यानादिसूक्ष्मनिगोदेतरसर्वजीववृत्तित्वात् ।**

**चन्द्र० : ननु** पृथिव्यादिव्यवहारयोगित्वं व्यावहारिकस्य मुख्यं लक्षणम् । तच्च बादरनिगोदे न घटत इत्यत आह - **पृथिव्यादि** इत्यादि । पृथिव्यादिरूपो यो विविधो व्यवहारः, तद्योगित्वलक्षणस्य **तस्य** = व्यवहारित्वस्य **प्राप्तसूक्ष्मनिगोदेतरत्वपर्यवसितस्य** = प्राप्तं यत् सूक्ष्मनिगोदभिन्नत्वं, तद्रूपेण सिद्धस्य **अनुगतस्य** = सर्वेषु व्यवहारिषु स्थितस्य । **अनादि** इत्यादि, अनादिर्यः सूक्ष्मनिगोदः, तदितरे ये सर्वे जीवाः, तन्निष्ठत्वात् ।

अयं भावः-पृथिव्यादिविविधव्यवहारयोगित्वं नाम प्राप्तसूक्ष्मनिगोदेतरत्वमेव, नत्वन्यत् । तच्च बादरनिगोदेषु वर्त्तत इति ते व्यवहारिण एवेति ।

**ચન્દ્ર૦ : (પૂર્વપક્ષ :** પૃથ્વ્યાદિવિવિધવ્યવહારયોગિત્વ એ વ્યવહારીનું મુખ્ય લક્ષણ છે. અને તે બાદરનિગોદમાં ઘટતું નથી માટે તે અવ્યવહારી છે.)

**ઉપાધ્યાયજી :** પૃથ્વ્યાદિવિવિધવ્યવહારયોગિત્વ એટલે શું ? પ્રાપ્ત કરાયેલું જે સૂક્ષ્મનિગોદભિન્નત્વ એ જ તેનો અર્થ છે અને એ તમામ વ્યવહારીમાં રહેલું છે અર્થાત્ તમામ લક્ષ્યોમાં અનુગત છે. આવું તે વ્યવહારીત્વ સૂક્ષ્મનિગોદ સિવાયના સર્વજીવોમાં વિદ્યમાન છે. માટે બાદરનિગોદ પણ વ્યવહારી જ કહેવાય.

**चन्द्र० :** अत्र सूक्ष्मनिगोदेतरत्वं यदि व्यवहारित्वं उच्यते, तदा अजीवेष्वपि लक्षणगमनात्तेऽपि व्यवहारिणः स्युः । अतः "प्राप्त"पदमुपात्तम् । अजीवेषु सूक्ष्मनिगोदेतरत्वं प्राप्तं नास्ति, किन्तु अनादि अस्ति, ततश्च न तत्र व्यवहारित्वापत्तिः ।

**अथवा** सूक्ष्मनिगोदेतरत्वं लक्षणं सूक्ष्मनिगोदाद्बहिर्निर्गत्य पुनः सूक्ष्मनिगोदेषु गत्वा तिष्ठन्तां व्यवहारिणामपि विद्यत इति अव्याप्तिः स्यात्, तस्मात्प्राप्तपदमुपातम् । एतैश्च सूक्ष्मनिगोदेतरत्वं प्राप्तमेवेति तत्र लक्षणगमनान्नाव्याप्तिः । "अनुगत"पदञ्च " इदं लक्षणं सर्वेषु लक्ष्येषु वर्त्तत इति नाव्याप्तमस्ति" इति ज्ञापनार्थम् ।

**ચન્દ્ર૦ :** (અહીં જો માત્ર સૂક્ષ્મનિગોદભિન્નત્વ જ વ્યવહારિત્વ કહેવાય, તો અજીવોમાં પણ આ લક્ષણ જવાથી તેઓ પણ વ્યવહારી બની જાત. અજીવો પણ સૂક્ષ્મનિગોદથી ભિન્ન તો છે જ. આથી જ "પ્રાપ્ત" પદ મૂકેલ છે. અજીવોએ સૂક્ષ્મનિગોદભિન્નત્વ પ્રાપ્ત કર્યું નથી. એમને તો અનાદિથી જ છે. એટલે તેઓમાં અતિવ્યાપ્તિ ન આવે.

**અથવા** જો પ્રાપ્ત પદ ન મૂકે તો વ્યવહારરાશિમાં આવ્યા બાદ જેઓ પાછા સૂક્ષ્મનિગોદમાં ગયા હોય, તેઓમાં સૂક્ષ્મનિગોદભિન્નત્વ નથી. છતાં તેઓ વ્યવહારી તો છે જ. આમ તેઓમાં આ લક્ષણ અવ્યાપ્ત બને. જ્યારે પ્રાપ્ત પદથી આ આપત્તિ નીકળી જાય. કેમકે તેઓ તો સૂક્ષ્મનિગોદભિન્નત્વને પ્રાપ્ત કરી ચૂકેલા જ છે એટલે તેમાં અવ્યાપ્તિ ન આવે.

"અનુગત" પદ જે લખેલ છે, તે એવું જણાવવા માટે છે કે આ લક્ષણ બધા લક્ષ્યોમાં વ્યાપેલું છે.)

**यशो० : चक्षुर्ग्राह्यशरीरत्वं तूपलक्षणं न तु लक्षणमित्यावयोः समानं, अन्यथाऽस्माकं सूक्ष्मपृथिवीकायिकादिष्वव्याप्तेरिव तव मते बादरनिगोदेऽतिव्याप्तेरपि प्रसङ्गात् ।**

**चन्द्र० : ननु** पृथ्व्यादिविविधव्यवहारयोगित्वं यदि प्राप्तसूक्ष्मनिगोदभिन्नत्वमेव, तर्हि प्रज्ञापनावृत्तिकृता किमर्थमेवमुक्तम् – ते लोकेषु दृष्टिपथमागताः सन्तः पृथिवीकायिकादि-व्यवहारमनुपतन्ति – इत्यादि । एतत्पाठबलात्तु चक्षुर्ग्राह्यशरीरत्वमेव व्यवहारिलक्षणं प्रज्ञापनावृत्तिकृतोऽभिप्रेतमिति ज्ञायते, न तु प्राप्तसूक्ष्मनिगोदभिन्नत्वम् । तथा च सूक्ष्मपृथ्व्यादिषु प्रज्ञापनावृत्तिकृदभिप्रेतं लक्षणं भवन्मतेऽव्याप्तं स्यात् । यतो भवान् सूक्ष्मपृथ्व्यादीन् व्यवहारिणो मन्यते, तत्र च लक्षणं न समन्वेतीति । अस्माकन्तु सूक्ष्मपृथ्व्यादयोऽव्यवहारिण एवेति तत्र लक्षणसमन्वयाभाव इष्टापत्तिरेवेत्यत आह - रे मुग्ध ! पूर्वपक्ष ! **चक्षुर्ग्राह्यशरीरत्वं तु** = प्रज्ञापनावृत्तिकृदुक्तं **उपलक्षणं** = स्वज्ञापकं सत् स्वेतरज्ञापकम् । चक्षुर्ग्राह्यशरीरत्वं स्वबोधकं सत् प्राप्तसूक्ष्मनिगोदभिन्नत्वमपि ज्ञापयतीति तदुपलक्षणम् ।

**न तु लक्षणं** = अव्याप्त्यतिव्याप्त्यसम्भवदोषरहितं, सकललक्ष्यवृत्तिः सद् लक्ष्येतरावृत्तिः इति यावत् । लक्षणं हि सर्वेषु लक्ष्येषु व्याप्तं भवति, अतोऽव्याप्तिदोषरहितं भवति । यथा सास्ना सर्वासु गोसु । तथा लक्षणं लक्ष्यभिन्ने कदापि न वर्तत इति अतिव्याप्तिदोषरहितं भवति । यथा सास्ना गोभिन्नेषु न वर्तते । तथा लक्षणं 'लक्ष्यमात्रे न वर्तते' इति न भवति, अतस्तद् असम्भवदोषरहितं भवति । यथा सास्ना 'गोमात्रे न वर्तते' इति न भवति ।

**आवयोः** = हे पूर्वपक्ष ! तव मम च **समानम्** । **ननु** वयं तु चक्षुर्ग्राह्यशरीरत्वं लक्षणमेव मन्यामहे, न तूपलक्षणम् । ततश्च कथमेतदावयोः समानम् ? इत्यत आह - **अन्यथा** = यदि हि चक्षुर्ग्राह्यशरीरत्वं लक्षणं स्यात्तर्हि । **अव्याप्तेरिव** = सूक्ष्मपृथिवीकायिकादीनां चक्षुर्ग्राह्यशरीरत्वाभावात् तत्राव्याप्तिर्यथाऽस्माकं भवति तथैवेति भावः, **तव** = पूर्वपक्षस्य, **अतिव्याप्तेरपि** = न केवलमस्माकमव्याप्ति एव, किन्तु तत्र बादरनिगोदेषु चक्षुर्ग्राह्यशरीरत्व-लक्षणं वर्तते इति युष्माकमपि भवत्येवातिव्याप्तिः । ततश्च तद्वारणाय भवताऽपि प्रज्ञापनावृत्तिकृदुक्तं चक्षुर्ग्राह्यशरीरत्वमुपलक्षणमेव मन्तव्यम् ।

**ચન્દ્ર૦ : (પૂર્વપક્ષ :** પૃથ્વ્યાદિ વિવિધ વ્યવહારના યોગવાળા હોવું એનો અર્થ જો પ્રાપ્તસૂક્ષ્મનિગોદભિન્નત્વ થતો હોય તો પ્રજ્ઞાપનાવૃત્તિકારે આવું શા માટે લખ્યું કે "તે જીવો લોકોને વિશે દૃષ્ટિમાર્ગમાં આવેલા છતાં પૃથ્વ્યાદિવ્યવહારના વિષય બને છે, માટે તેઓ વ્યવહારી છે."

આ વચન તો એમ સૂચવે છે કે ચક્ષુગ્રાહ્યશરીરત્વ એ જ વ્યવહારિત્વ છે. નહિ કે પ્રાપ્તસૂક્ષ્મનિગોદભિન્નત્વ. અને આ લક્ષણ તો સૂક્ષ્મપૃથ્વી વિગેરેમાં અવ્યાપ્ત છે.

અમે તો સૂક્ષ્મપૃથ્વી વિગેરેને અવ્યવહારી જ માનીએ છીએ એટલે તેમાં લક્ષણ ન જાય એ અમને ઈષ્ટ જ છે.)

**ઉપાધ્યાયજી :** ચક્ષુગ્રાહ્યશરીરત્વ એ તો ઉપલક્ષણ છે, પણ લક્ષણ નથી. (જો એ લક્ષણ હોય તો અવ્યાપ્તિ અતિવ્યાપ્તિ અને અસંભવ દોષથી રહિત હોય. એટલે કે તમામે તમામ લક્ષ્યમાં રહેવા ઉપરાંત લક્ષ્ય સિવાયનામાં ન રહેનાર હોય. **દા.ત.** સાસ્ના તમામે તમામ ગાય રૂપી લક્ષ્યમાં રહે છે અને એ લક્ષ્ય સિવાયના ભેંસ વિગેરેમાં રહેતી નથી. એટલે એ ગાયનું લક્ષણ છે.

એટલે એને લક્ષણ ન માનતા ઉપલક્ષણ જ માનવું. ઉપલક્ષણ એટલે જે પોતાને પણ જણાવે અને પોતાના સિવાયના બીજા પદાર્થને પણ જણાવે. ચક્ષુગ્રાહ્યશરીરત્વ એ પોતાને તો વ્યવહારિત્વ તરીકે જણાવે જ છે, ઉપરાંત પ્રાપ્તસૂક્ષ્મનિગોદભિન્નત્વને પણ એ વ્યવહારી તરીકે જણાવે છે. અને એટલે સૂક્ષ્મપૃથ્વ્યાદિક પણ વ્યવહારી જ ગણાય.

ઉપલક્ષણમાં "અવ્યાપ્તિ વિગેરે દોષોનો અભાવ હોવો..." ઈત્યાદિ આવશ્યકતા નથી.)

વળી આ ચક્ષુગ્રાહ્યશરીરત્વને ઉપલક્ષણ તરીકે માત્ર અમે જ નથી માનતા, તમારે ય માનવાનું જ છે. એટલે તે દૃષ્ટિએ આપણે સમાન છીએ.

(**પૂર્વપક્ષ :** અમે તો એને વ્યવહારિત્વનું **લક્ષણ** જ માનશું.)

**ઉપાધ્યાયજી :** જો એને લક્ષણ માનશો તો એને લક્ષણ માનવામાં જેમ એ લક્ષણ સૂક્ષ્મપૃથ્વ્યાદિમાં ન ઘટવાથી અમને અવ્યાપ્તિદોષ આવે, તેમ એ લક્ષણ બાદરનિગોદજીવોમાં ઘટી જવાથી તમને અતિવ્યાપ્તિદોષ આવે. (બાદરનિગોદને તમે અવ્યહારી માનો છો, જયારે એ જીવો ચક્ષુગ્રાહ્યશરીરવાળા તો છે જ.

એટલે તમારે પણ ચક્ષુગ્રાહ્યશરીરત્વને ઉપલક્ષણ જ માનવાનું છે. અને એ રીતે અમે પણ એને ઉપલક્ષણ માની લઈએ છીએ એટલે પછી બાદરનિગોદજીવોને વ્યવહારી માનવામાં પ્રજ્ઞાપનાટીકાનો પાઠ અમને બાધક બની શકે તેમ નથી.)

**यशो० : किञ्च प्रज्ञापनावृत्त्यभिप्रायेणापि बादरनिगोदजीवानां व्यवहारित्वमेव प्रतीयते, 'ये पुनरनादिकालादारभ्य निगोदावस्थामुपगता एवावतिष्ठन्ते ते व्यवहारपथातीतत्वाद-सांव्यवहारिका' इति वचनादनादिवनस्पतीनामेवाव्यावहारिकत्वाभिधानात्,**

---

**चन्द्र०** : इत्थं तावत् प्रज्ञापनावृत्तिपाठो "बादरनिगोदजीवानां व्यावहारिकत्वस्वीकारे न बाधकः" इति प्रतिपादितम् । अधुना तु — प्रज्ञापनावृत्तिपाठो बादरनिगोदजीवानां व्यवहारित्वस्य साधकः — इति दर्शयति - **किञ्च प्रज्ञापनावृत्त्यभिप्रायेणापि** = न केवलं योगशास्त्र-वृत्त्याभिप्रायेणैवे**त्यपि**शब्दार्थः । **व्यवहारित्वमेव** = न त्वव्यवहारित्वमित्ये**व**कारार्थः । कथं प्रतीयते ? इत्याह - **ये पुनरनादि** इत्यादि । **वचनात्** = प्रज्ञापनावृत्तिपाठात् । **अनादिवनस्पतीनामेव** = न तु सादिवनस्पतीनामित्ये**व**कारार्थः । बादरनिगोदजीवाश्च सादिवनस्पतय इति न तेषामव्यवहारित्वमिति भावः ।

**ચન્દ્ર૦** : (આગળ એ બતાવી દીધું કે "પ્રજ્ઞાપનાવૃત્તિનો પાઠ બાદરનિગોદજીવોને વ્યવહારી માનવામાં બાધક બનતો નથી." હવે તો એ બતાવે છે કે "પ્રજ્ઞાપનાવૃત્તિનો પાઠ બાદરનિગોદજીવોને વ્યવહારી માનવામાં સાધક, ઉપયોગી બને છે." તે આ પ્રમાણે-

વળી હે પૂર્વપક્ષ ! આગળ બતાવેલ યોગશાસ્ત્રટીકાદિના અભિપ્રાયની વાત તો જવા દો, પણ આ જે પ્રજ્ઞાપનાવૃત્તિના અભિપ્રાયથી બાદરનિગોદજીવોની અવ્યવહારિતા સિદ્ધ કરવા તમે મહેનત કરો છો, એ) પ્રજ્ઞાપનાવૃત્તિના અભિપ્રાયથી પણ બાદરનિગોદજીવોનું વ્યવહારિત્વ જ પ્રતીત થાય છે, અવ્યવહારિત્વ નહિ.

તમે આગળ બતાવેલો એ પાઠ ફરી યાદ કરો. "જે જીવો વળી **અનાદિકાળથી માંડીને** નિગોદાવસ્થાને પામેલા જ રહે છે. તેઓ વ્યવહારમાર્ગથી અતીત = દૂર હોવાથી અવ્યવહારી કહેવાય છે."

આ વચન પ્રમાણે અનાદિ વનસ્પતિઓને જ અવ્યવહારી કહ્યા છે (સાદિ વનસ્પતિઓને નહિ. અને બાદરનિગોદજીવો સાદિ વનસ્પતિ હોવાથી તે વ્યવહારી તરીકે જ જણાય છે.)

---

**यशो० : 'तत्रेदं सूत्रं सांव्यावहारिकानधिकृत्यावसेयं, न चासांव्यवहारिकान्, विशेषविषयत्वात्सूत्रस्य । न चैतत्स्वमनीषिकाविजृम्भितं, यत आहुर्जिनभद्रगणि-**

**क्षमाश्रमणपूज्यपादाः (विशेषणवति ५९) -**

तह कायठिईकालादओ वि सेसे पडुच्च किर जीवे । नाणाइवणस्सइणो जे संववहारबाहिरिया।।

**अत्रादिशब्दात्सर्वैरपि जीवैः श्रुतमनन्तशः स्पृष्टमित्यादि, यदस्यामेव=प्रज्ञापनायामेव वक्ष्यते, प्रागुक्तं च तत्परिग्रहस्ततो न कश्चिद्दोषः' इत्यग्रे व्यक्तमेवानादिवनस्पत्यतिरिक्तानां व्यावहारिकत्वाभिधानाच्च ।**

---

**चन्द्र०** : बादरनिगोदजीवानां व्यवहारित्वं साधयन्तं द्वितीयं प्रज्ञापनावृत्तिपाठं दर्शयन्नाह- **तत्रे**त्यादि, **इदं सूत्रं** = "वनस्पतीनामुत्कृष्टः कायस्थितिकालोऽसंख्यपुद्गलपरावर्त्तपरिमाणः" इति प्रतिपादकं सूत्रम् । **सांव्यावहारिकानधिकृत्ये**त्यादि ।

**ननु** सूत्रे तु "सांव्यावहारिकवनस्पतीनामेष कालः........" इत्यादि नोक्तं, ततः सूत्रानुसारेण वनस्पतिसामान्यस्यैव स कायस्थितिकालो मन्तव्यः ? इत्यत आह - **विशेषविषयत्वात्** = सांव्यावहारिकवनस्पतिरूपो यो विशेषः, स एव विषयो यस्य सूत्रस्य, तद् विशेषविषयं, तत्त्वात् । तथा च प्रकृतसूत्रं न वनस्पतिसामान्यविषयं, किन्तु वनस्पतिविशेषविषयं इति न दोषः । युक्तश्चैतत्, तत्तत्सूत्राणां विशेषविषयत्वस्य भद्रबाहुस्वामिप्रभृतिभिः अनेकत्र स्वीकारात् ।

**ननु** भवतु अन्यानि सूत्राणि विशेषविषयाणि, यतस्तानि पूर्वधरैर्विशेषविषयाणि स्वीकृतानि। भवांस्तु न किञ्चिदपि सूत्रं स्वमत्या विशेषविषयं कल्पयितुं योग्य इत्यत आह - **न च एतत्** = प्रकृतसूत्रस्य विशेषविषयत्वं **स्वमनीषिकाविजृम्भितम्** । तर्हि किं केनचित्प्रामाणिक-पुरुषेणैतत्कथितम् ? इत्यत आह - **यत आहुर्जिनभद्रे**त्यादि ।

विशेष-णवतिगाथासंक्षेपार्थस्त्वयम् – तथा कायस्थितिकालादयोऽपि किल शेषान् जीवान् प्रतीत्य (अवसेयाः), न तु अनादिवनस्पतीन् (प्रतीत्य), ये (अनादिवनस्पतयः) संव्यवहारबाह्याः।

**अत्र** = प्रतिपादितायां विशेषणवतिगाथायां **आदिशब्दात्** = "कायठिईकालादओऽवि" इत्यत्र विद्यमानात् "तत्परिग्रहः" इत्यनेन सहास्यान्वयः कर्त्तव्यः । आदिशब्दाद् येषां परिग्रहः कर्त्तव्यः, तदेवाह - **सर्वैरपि जीवैः श्रुतमि**त्यादि । **प्रागुक्तं च** = कायस्थितिप्रतिपादनादपि अर्वाग् यदुक्तम् । **न कश्चिद् दोषः** = न "स्वमनीषिकाविजृम्भितमेतद्" इत्यादिरूपो दोषः – इति ।

"तत्रेदं सूत्रं........ इत्यारभ्य न कश्चिद् दोषः" इत्यन्तं यावत् प्रज्ञापनावृत्तिपाठः । अधुना

महोपाध्यायाः प्राहुः - **अग्रे** = ये वनस्पतीनामुत्कृष्टस्थितिप्रतिपादकसूत्रवृत्ती तत्पश्चाद्विशेषणवत्यां **व्यक्तमेव** = स्पष्टमेव **अनादिवनस्पत्यतिरिक्तानां** = बादरनिगोदजीवादीनां, इत्थञ्च प्रज्ञापनावृत्तिर्द्वाभ्यां पाठाभ्यां बादरनिगोदजीवानां व्यवहारित्वं सिद्धमिति।

<u>**ચન્દ્ર૦**</u> : ("બાદરનિગોદના જીવો વ્યવહારી છે" એ સિદ્ધ કરતા પ્રજ્ઞાપનાવૃત્તિના બીજા પાઠને દેખાડે છે કે) તેમાં આ "વનસ્પતિનો ઉત્કૃષ્ટ કાયસ્થિતિકાળ અસંખ્યપુદ્ગલપરાવર્તકાળ છે" એવું પ્રતિપાદન કરનાર સૂત્ર વ્યવહારીજીવોને આશ્રયીને સમજવું. પણ અવ્યવહારીઓને આશ્રયીને નહિ.

(**પ્રશ્ન** : સૂત્રમાં તે આવો કોઈ ભેદ પાડ્યો નથી માત્ર એમ જ લખ્યું છે કે "વનસ્પતિઓનો આ ઉત્કૃષ્ટ કાયસ્થિતિકાળ છે" એમાં "વ્યવહારી વનસ્પતિનો આ કાળ છે" એમ લખ્યું નથી તો એવો અર્થ શી રીતે કઢાય ?)

**ઉત્તર** : આ સૂત્ર વિશેષવિષયવાળું હોવાથી ઉપર્યુક્ત અર્થ કાઢી શકાય. (અને આ યોગ્ય છે. શ્રીભદ્રબાહુસ્વામી વિગેરે પૂર્વપુરુષોએ ઘણા બધા મૂળસૂત્રો વિશેષવિષયવાળા બનાવ્યા છે. અર્થાત્ મૂળસૂત્રોમાં જેનો ઉલ્લેખ ન હોય, તેનો પણ આ પૂર્વપુરુષોએ સ્વીકાર કરીને અર્થ બતાવ્યો છે.)

(**પ્રશ્ન** : પૂર્વપુરુષો સૂત્રોને વિશેષવિષયવાળું બનાવવાની લાયકાત ધરાવે છે. પણ તમે તમારી બુદ્ધિથી કોઈ સૂત્રને વિશેષવિષયવાળું શી રીતે કહી શકો ?)

**ઉત્તર** : અરે ભાઈ ! આ મેં જે વિશેષવિષયત્વ બતાવ્યું છે એ કઈ મારી બુદ્ધિથી કલ્પેલું નથી. પણ પૂર્વપુરુષોએ જ આ વાત કરી છે. સાંભળો શ્રીજિનભદ્રગણિ-ક્ષમાશ્રમણજીએ વિશેષ-નવતિગ્રન્થમાં કહ્યું છે કે "તથા કાયસ્થિતિકાળ વિગેરે પણ બાકીના જીવોને આશ્રયીને જાણવા. પણ અનાદિવનસ્પતિને આશ્રયીને નહિ. કે જે **અનાદિવનસ્પતિ સંવ્યવહારથી બાહ્ય છે.**"

અહીં "કાયસ્થિતિકાલાદિ" માં જે **આદિ** શબ્દ છે તેના દ્વારા આટલી વસ્તુઓનો પણ અહીં સ્વીકાર કરવો કે (૧) તમામે ય જીવો વડે શ્રુત અનંતીવાર સ્પર્શાયુ છે એ વિગેરે જે આ જ પ્રજ્ઞાપનામાં જ આગળ કહેવાના છે. તેનો **આદિ** પદથી સ્વીકાર કરવો. અર્થાત્ આ વાત પણ અનાદિવનસ્પતિ સિવાયના જીવોને આશ્રયીને જ છે. તથા (૨) વનસ્પતિના કાયસ્થિતિકાળનું નિરૂપણ કરતા પહેલા પણ જે કેટલીક બાબતો કહી

છે (એ પ્રજ્ઞાપનામાંથી જ જાણી લેવી.) તેનો સ્વીકાર કરવો. અર્થાત્ એ બધી બાબતો પણ અનાદિ નિગોદ સિવાયનાની અપેક્ષાએ જ જાણવી.

આમ પૂર્વપુરુષોએ જ પ્રસ્તુતસૂત્રને વિશેષવિષયક કહેલ છે એટલે "મારી બુદ્ધિથી કલ્પેલી આ વાત છે" ઈત્યાદિ દોષ મને લાગતો નથી. (અહીં પ્રજ્ઞાપનાના પાઠનો અર્થ પૂર્ણ થયો. હવે ઉપાધ્યાયજી શું કહે છે ? તે જોઈએ.)

ઉપર જે વિશેષવૃત્તિનો પાઠ બતાવ્યો, તે પ્રજ્ઞાપનાની ટીકામાં આગળ = વનસ્પતિના ઉત્કૃષ્ટકાયસ્થિતિની નિરૂપણ બાદ આવે છે. અને એમાં સ્પષ્ટ પણે અનાદિવનસ્પતિ સિવાયનાઓને વ્યવહારી તરીકે કહ્યા છે. બાદરનિગોદ એ સાદિ છે માટે તે વ્યવહારી તરીકે પ્રજ્ઞાપનાના પાઠથી જ સિદ્ધ થાય છે.

---

**यशो० : अनादिवनस्पतय इति च सूक्ष्मनिगोदानामेवाभिधानं, न तु बादरनिगोदानामिति। ग्रन्थान्तरेऽप्ययमेवाभिप्रायो ज्ञायते ।**

**उक्तं च लघूपमितभवप्रपञ्चग्रन्थे श्रीचन्द्रसूरिशिष्यश्रीदेवेन्द्रसूरिभिः (६७-७४) -**

अस्त्यत्र लोके विख्यातमनन्तजनसंकुलम् । यथार्थनामकमसंव्यवहाराभिधं पुरम् ।।

तत्रानादिवनस्पतिनामानः कुलपुत्रकाः । वसन्ति च तत्र कर्मपरिणाममहीभुजा ।।

नियुक्तौ तीव्रमोहोदयात्यन्ताबोधनामकौ । महत्तमबलाध्यक्षौ तिष्ठतः स्थायिनौ सदा ।।

ताभ्यां कर्मपरिणाममहाराजस्य शासनात् । निगोदाख्यापवरकेष्वसंख्येयेषु दिवानिशम् ।।

क्षिप्त्वा संपिण्ड्य धार्यन्ते सर्वेऽपि कुलपुत्रकाः । प्रसुप्तवन्मूर्छितवन्मत्तवन्मृतवच्च ते ।। युग्मम् ।।

ते स्पष्टचेष्टाचैतन्यभाषादिगुणवर्जिताः । छेदभेदप्रतिघातदाहादीन्नाप्नुवन्ति च ।।

अपरस्थानगमनप्रमुखो नापि कश्चन । क्रियतेऽन्योऽपि तैर्लोकव्यवहारः कदाचन ।।

संसारिजीवसंज्ञेन वास्तव्येन कुटुंबिना । कालो निर्गमितः पूर्वं तत्रानन्तो मयापि हि ।।

---

**चन्द्र० : ननु** विशेष-णवतिपाठे सूक्ष्मनिगोदपदं न दृश्यते, किन्तु 'अनादिवनस्पतिः' इति अभिधानं दृश्यते। अनादिवनस्पतिश्च बादरनिगोदोऽप्यस्त्येवेति तस्याव्यवहारित्वं स्फुटमेवेत्यत आह - **अनादिवनस्पतय इति च सूक्ष्मनिगोदानामेव** = न तु बादरनिगोदादीनामित्येव**कारार्थः**।

एतदेवाह - **न तु** इत्यादि ।

एवं प्रज्ञापनावृत्तिपाठं दर्शयित्वाऽधुनाऽन्यान् पाठान् दर्शयितुमारभते । **ग्रन्थान्तरेऽपि** = न केवलं प्रज्ञापनावृत्तौ **इत्यपि**शब्दार्थः । **अयमेव** = "अनादिवनस्पतय एवाव्यवहारिणः" इत्येव, न त्वन्य **इत्येव**कारार्थः ।

ग्रन्थान्तरपाठानेव दर्शयति - **उक्तं च लघूपमितभवप्रपञ्चग्रन्थे** = श्रीसिद्धर्षिगणि-विरचितोपमितभवप्रपञ्चापेक्षया लघुर्य उपमितिभवप्रपञ्चनामा ग्रन्थः, तस्मिन् । **अस्त्यत्र लोके** इत्यादि सुगमम् ।

**चन्द्र०** : (**પૂર્વપક્ષ** : વિશેષણવતિના પાઠમાં સૂક્ષ્મનિગોદ એ પદ દેખાતું નથી, પરન્તુ અનાદિવનસ્પતિ આ પ્રમાણેનું (પદ)નામ દેખાય છે. અનાદિ વનસ્પતિ એ બાદરનિગોદ પણ છે જ. એટલે બાદરનિગોદનું અવ્યવહારિત્વ સ્પષ્ટ જ છે.

એનો ઉત્તર આપતા કહે છે :-)

**મહોપાધ્યાય** : "અનાદિવનસ્પતિ" આ પ્રમાણેનું નામ તો સૂક્ષ્મનિગોદનું જ છે, નહીં કે બાદર નિગોદનું.

(આમ પ્રજ્ઞાપનાવૃત્તિના પાઠને બતાવીને હવે બીજા પાઠો બતાવવાનો પ્રારંભ કરે છે કે) માત્ર પ્રજ્ઞાપનાવૃત્તિમાં જ નહિ, પણ અન્ય ગ્રન્થોમાં પણ આ જ અભિપ્રાય દેખાય છે કે "અનાદિવનસ્પતિ જ અવ્યવહારી છે."

નાના ઉપમિતભવપ્રપંચગ્રન્થમાં શ્રી<u>ચન્દ્ર</u>સૂરિના શિષ્ય શ્રી દેવેન્દ્રસૂરિએ કહ્યું છે કે (૧) અનંતજનથી વ્યાપ્ત, પ્રસિદ્ધ, યથાર્થ = સાર્થક નામવાળું અસંવ્યવહારનામનું નગર આ લોકમાં છે. (૨) ત્યાં અનાદિવનસ્પતિ નામના કુલપુત્રકો રહે છે. તે નગરમાં કર્મપરિણામનામના રાજા વડે (૩) સ્થાપિત કરાયેલા, જોડાયેલા તીવ્રમોહોદય અને અત્યંત અબોધ નામના કાયમી રહેનારા મહત્તમ અને બલાધ્યક્ષ રહે છે. (મહત્તમ, બલાધ્યક્ષ એક પ્રકારના સત્તાધીશના સ્થાનો છે. **દા.ત.** મંત્રી, સેનાપતિ વિગેરે) (૪) આ બે જણ વડે કર્મપરિણામ મહારાજાની આજ્ઞાથી નિગોદ નામના અસંખ્ય ઓરડાઓમાં ફેંકીને, ભેગા કરીને રાત-દિવસ (૫) તે તમામ કુલપુત્રકો ઉંઘેલા જેવા, મુર્છા પામેલા જેવા, ગાંડા થયેલા જેવા, મરેલા જેવા ધારણ કરાય છે. (રખાય છે) (૬) તેઓ સ્પષ્ટચેષ્ટા, સ્પષ્ટ ચૈતન્ય, ભાષા વિગેરે ગુણોથી રહિત હોય છે. અને છેદ, ભેદ, પ્રતિઘાત, દાહ

વિગેરેને પામતા નથી. (જનારાને કશીક વસ્તુથી અટકવાનું થાય તે પ્રતિઘાત) (૭) બીજાસ્થાનમાં જવા વિગેરે રૂપ બીજો પણ કોઈ લોકવ્યવહાર તેમના વડે ક્યારેય કરાતો નથી. (૮)"સંસારીજીવ" નામવાળા, ત્યાનાં રહેવાસી, કુટુંબપરિવારવાળા એવા મારા વડે પણ ત્યાં અનંતો કાળ પસાર કરાયો.

("અહીં અનાદિવનસ્પતિને જ અવ્યવહારી કહ્યા છે" એ સ્પષ્ટ છે.)

---

**यशो० : तथा अत्रैव कियदन्तरे-(२६-३३)**

तत्रैकाक्षनिवासाख्ये नगरे प्रथमं खलु । अमीभिरस्ति गन्तव्यमर्थनं युवयोश्च तत् ।।

ताभ्यामपि तथेत्युक्ते ते सर्वे तत्पुरं ययुः । तस्मिंश्च नगरे सन्ति महान्तः पञ्चपाटकाः ।।

एकं पाटकमङ्गुल्या दर्शयन्नग्रतः स्थितम् । मामेवमथ तन्वङ्गी तीव्रमोहोदयोऽब्रवीत् ।।

त्वमत्र पाटके तिष्ठ भद्र! विश्वस्तमानसः । पाश्चात्यपुरतुल्यत्वाद् भाव्येष धृतिदस्तव।।

यथाहि तत्र प्रासादगर्भागारस्थिता जनाः । सन्त्यनन्ताः पिण्डिताङ्गास्तथैवात्रापि पाटके।।

वर्त्तन्ते किन्तु ते लोकव्यवहारपराङ्मुखाः । मनीषिभिः समाम्नातास्तेनाऽसांव्यवहारिकाः।।

गमागमादिकं लोकव्यवहारममी पुनः । कुर्वन्ति सर्वदा तेन प्रोक्ताः सांव्यवहारिकाः ।।

अनादिवनस्पतय इति तेषां समाभिधा । एषां तु वनस्पतय इति भेदो यथापरः ।।

---

**चन्द्र० : अत्रैव** = लघूपमितभवप्रपञ्चग्रन्थ एव **कियदन्तरे** = अनन्तरमेव प्रतिपादितात्पाठात् कियति अन्तरे गते सति । **तत्रैकाक्षे**त्यादि, सुगमम् । नवरम् - **एकाक्षनिवासाख्यं** = एकेन्द्रियनामकं, **अर्थनं** = इष्टं, **तन्वङ्गि !** = शोभनशरीरवति ! संसारिजीवस्य भवितव्यताभिधानायाः स्वपत्न्या इदमामन्त्रणम् । **पाश्चात्यपुरं** = अनादिवनस्पतिरूपम् ।

**ચન્દ્ર૦ :** વળી એ જ લઘૂપમિતભવપ્રપંચગ્રન્થમાં ઉપર બતાવેલા પાઠની પછી કેટલાંક અંતરે નીચે પ્રમાણે લખ્યું છે કે, (૧) ત્યાં સૌ પ્રથમ એકાક્ષનિવાસ (એકેન્દ્રિય) નામના નગરમાં આ બધાએ જવાનું છે. અને તમને બે જણને (તીવ્રમોહોદય અને અત્યન્તઅબોધને) તે નગર ઈષ્ટ છે. (૨) તે બે જણ વડે પણ "સારૂં" એ પ્રમાણે કહેવાયે છતે તે બે જણ અને બાકીના સંસારી જીવો બધા તે નગરમાં ગયા. તે નગરમાં મોટા પાંચ પાટકો = શેરીઓ = વાડાઓ હતા. (૩) હે સુંદર અંગવાળી ! આગળ રહેલા એક

પાટકને આંગળી વડે દેખાડતા તીવ્રમોહોદયે મને આ પ્રમાણે કહ્યું કે (૪) હે ભદ્ર ! તું આ પાટકમાં વિશ્વાસયુક્ત મનવાળો (છતોં) રહે. આ પાટક તારા જુના નગરના જેવો હોવાથી તને ધીરજને આપનારો થશે. (૫) જેમ જુના નગરમાં પ્રાસાદના ભોંયરામાં અનંતા લોકો પિંડિત થયેલા શરીરવાળા છે. તેમ આ ય પાટકમાં છે. (અનંતા લોકો પિંડિત થયેલા શરીરવાળા છે. આનાથી સ્પષ્ટ થાય છે કે આ પાટક નિગોદરૂપ જ છે.) (૬) પરંતુ જુનાનગરના તે લોકો લોકવ્યવહારથી પરાઙ્મુખ વર્તે છે. માટે બુદ્ધિમાનો વડે અવ્યવહારી કહેવાયેલા છે. (૭) આ પાટકના લોકો તો વળી ગમન, આગમન વિગેરે લોકવ્યવહારને હંમેશા કરે છે. તે કારણથી તે વ્યવહારી કહેવાયેલા છે. (૮) (તે જુના નગરના લોકો અને આ પાટકના લોકોનો) બીજો ભેદ આ છે કે તેઓનું = જુના નગરના લોકોનું **"અનાદિવનસ્પતિ"** એ પ્રમાણે નામ છે. જ્યારે આ પાટકના લોકોનું "વનસ્પતિ" એ પ્રમાણે નામ છે.

(અહીં સૂક્ષ્મનિગોદ કે બાકીના એકેન્દ્રિયોમાં તીવ્રમોહોદય અને અત્યંત અબોધ હોય જ છે. એટલે આ બે દોષને એકાક્ષનિવાસનગર = એકેન્દ્રિયો ઈષ્ટ છે એમ કહ્યું છે. તથા "पिण्डितांग" નો અર્થ એ છે કે એક શરીર અને તેમાં જીવો અનંતા.)

---

**यशो०** : **वृद्धोपमितभवप्रपञ्चग्रन्थेप्येवमेवोक्तमस्ति, तथाहि** - 'अस्तीह लोके आकालप्रतिष्ठमनन्तजनसंकुलमसंव्यवहारं नाम नगरम्। तत्र सर्वस्मिन्नगरेऽनादिवनस्पतिनामानः कुलपुत्रकाः प्रतिवसन्ति' **इत्यादि** ।

---

**चन्द्र० : वृद्धोपमिते**त्यादि, वृद्धः = महान् य उपमितभवप्रपञ्चनामा ग्रन्थः, तस्मिन्नपि, न केवलं लघूपमितभवप्रपञ्च एव **इत्यपिशब्दार्थः । आकालप्रतिष्ठं =** कालमभिव्याप्य प्रतिष्ठा यस्य तत्, सर्वकालीनमिति भावः ।

**ચન્દ્ર०** : મોટા ઉપમિતભવપ્રપંચગ્રન્થમાં પણ આ જ પ્રમાણે કહેલું છે. તે આ પ્રમાણે "આ લોકમાં કાળને વ્યાપીને પ્રતિષ્ઠાવાળો = સર્વકાળ રહેનાર, અનંતજનથી વ્યાપ્ત અસંવ્યવહાર નામનું નગર છે. તે આખાય નગરમાં અનાદિવનસ્પતિ નામવાળા કુલપુત્રકો વસે છે.

---

**यशो०** : 'उक्तौ च भवितव्यतया महत्तमबलाधिकृतौ यदुत- 'मया युवाभ्यां चामीभिः

सह यातव्यं यतो भर्तृदेवता नारीति न मोक्तव्यो मया संसारी जीवः, यच्चास्ति युवयोरपि प्रतिजागरणीयमेकाक्षनिवासं नाम नगरं, तत्रामीभिर्लोकैः प्रथमं गन्तव्यम् । ततो युज्यते युवाभ्यां सह चामीषां तत्रासितुं नान्यथा'। ततो यद्भवती जानातीत्यभिधाय प्रतिपन्नं तद्वचनं महत्तम-बलाधिकृताभ्याम् । प्रवृत्ताः सर्वेऽपि, समागतास्तदेकाक्षनिवासं नगरम् । तत्र नगरे महान्तः पञ्च पाटका विद्यन्ते, ततोऽहमेकं पाटकं कराग्रेण दर्शयता तीव्रमोहोदयेनाऽभिहितः--'भद्र! संसारिजीव! तिष्ठ त्वमत्र पाटके, यतोऽयं पाटकोऽसंव्यवहारनगरेण बहुतरं तुल्यो वर्त्तते । भविष्यत्यत्र तिष्ठतो धृतिरित्यादि ।'

---

**चन्द्र०** : वृद्धोपमितभवप्रपञ्चगतमेव अन्यं पाठमाह – **उक्तौ च** इत्यादि । प्रतिजागरणीयं = संरक्षणीयम् । शेषं सुगमम् ।

**ચન્દ્ર૦** : ભવિતવ્યતા વડે મહત્તમ અને બલાધિકૃત કહેવાયા કે, મારે અને તમારે બે જણે આ સંસારીજીવોની સાથે જવાનું છે. કેમકે નારી તો ભર્તૃદેવતા હોય છે. (પતિ એ જ દેવતા છે જેનો તેવી) એટલે મારાથી આ સંસારી જીવ (મારો પતિ) ન છોડાય. વળી તમારે બે જણને પણ જે એકાક્ષનિવાસ નગર સાચવવાનું છે. ત્યાં આ લોકોએ પહેલીવાર જવાનું છે. તેથી તમારા બેની સાથે આ બધાને ત્યાં એકાક્ષનિવાસનગરમાં રહેવું યોગ્ય છે, એ વિના નહિ.

ત્યારબાદ "જે આપ જાણો તેમ" એમ કહીને મહત્તમ અને બલાધિકૃત વડે તે વચન સ્વીકારાયું. બધાય લોકો (ત્યાં જવા) પ્રવૃત્ત થયા. તે એકાક્ષનિવાસ નગરમાં આવ્યા. તે નગરમાં પાંચ પાટકો = શેરીઓ = વાડાઓ છે. તેમાંથી આંગળી દ્વારા એક પાટકને દેખાડતા તીવ્રમોહોદય વડે હું કહેવાયો કે "ભદ્ર ! સંસારીજીવ ! તું આ પાટકમાં રહે. કેમકે આ પાટક અસંવ્યવહારનગરની સાથે ઘણો ખરો સમાન છે. અહીં રહેતા તને ધીરજ = શાંતિ થશે...વિગેરે.

---

**यशो०** : ततोऽहं यदा तत्रासंव्यवहारनगरेऽभूवं, तदा मम जीर्णायां जीर्णायामपरां गुटिकां दत्तवती, केवलं सूक्ष्ममेव मे रूपमेकाकारं सर्वदा तत्प्रयोगेण विहितवती । तत्र पुनरेकाक्षनिवासनगरे समागता तीव्रमोहात्यन्ताबोधयोः कुतूहलमिव दर्शयन्ती तेन गुटिकाप्रयोगेण ममानेकाकारं स्वरूपं प्रकटयति स्मेत्यादि ।'

**चन्द्र०** : वृद्धोपमितभवप्रपञ्चगतमेव तृतीयं पाठमाह – **ततोऽहं यदा** इत्यादि, सुगमम्।

**ચન્દ્ર૦** : તેથી હું જ્યારે તે અસંવ્યવહારનગરમાં હતો, ત્યારે મને જુની ગુટિકા જીર્ણ થાય એટલે મને (મારી પત્ની ભવિતવ્યતા) નવી ગુટિકા આપતી. (અહીં ગુટિકા એટલે આયુષ્યકર્માદિ) તે ગુટિકાના પ્રયોગ વડે મારૂં એક આકારવાળું માત્ર સૂક્ષ્મ જ રૂપ કરતી. તે એકાક્ષનિવાસ નગરમાં આવેલી તેણી જાણે કે તીવ્રમોહોદય અને અત્યંત અબોધને કુતૂહલ દેખાડતી ન હોય ! એમ તે ગુટિકાના પ્રયોગ વડે મારા અનેક આકારવાળા સ્વરૂપને પ્રકટ કરતી હતી.

(આ બધા પાઠોમાં સૂક્ષ્મ નિગોદને જ અવ્યવહારી ગણવાની વાત સ્પષ્ટ દેખાય છે.)

---

**यशो०** : **समयसारसूत्रवृत्त्योरप्युक्तं**-'अहवा संववहारिया य असंववहारिया य ।'

**तद्वृत्तिः**—अथवेति द्वैविध्यस्यैव प्रकारान्तरोद्द्योतने । एतदेव स्पष्टयन्नाह-'तत्थ जे अणाइकालाओ आरब्भ सुहुमणिगोएसु चिट्ठंति न कयाइ तसाइभावं पत्ता ते असंववहारिया। जे पुण सुहुमणिगोएहिंतो निग्गया सेसजीवेसु उप्पन्ना ते संववहारिआ । ते अ पुणो वि सुहुमणिगोअत्तं पत्ता वि संववहारिअच्चिय भण्णंति ।।' इदमत्र हृदयम्—सर्वसंसारिणां प्रथममनादिकालादारभ्य सूक्ष्मनिगोदेष्वेवावस्थानम्। तेभ्यश्च निर्गताः शेषजीवेषूत्पन्नाः पृथिव्यादिव्यवहारयोगात्सांव्यवहारिकाः। ते च यद्यपि कदाचिद् भूयोऽपि तेष्वेव निगोदेषु गच्छन्ति, परं तत्रापि सांव्यवहारिका एव, व्यवहारपतितत्वात्। ये न कदाचित्तेभ्यो निर्गताः,

अत्थि अणंता जीवा जेहिं ण पत्तो तसाइपरिणामो । तेवि अणंताणंता णिगोअवासं अणुहवंति ।।

इति (विशेषणवति) वचनात्तत्रैवोत्पत्तिव्ययभाजस्ते तथाविधव्यवहारातीतत्वादसांव्यवहारिका इति ।

---

**चन्द्र०** : पाठान्तरमाह – **समयसारेत्यादि । द्वैविध्यस्यैव प्रकारान्तरोद्द्योतने ।** जीवानां द्वैविध्यं प्रागेकेन प्रकारेण दर्शयित्वाऽधुना द्वितीयेन प्रकारेण तद् दर्शयितुं प्रकारान्तरसूचकं "अथवा"पदमाह सूत्रकार इति भावार्थः । **एतदेव** = संव्यवहारिका-संव्यवहारिकरूपं द्वैविध्यमेव।

समयसारसूत्रसंस्कृतपरिच्छाया त्वियम् - तत्र येऽनादिकालत आरभ्य सूक्ष्मनिगोदेषु तिष्ठन्ति, न कदाऽपि त्रसादिभावं प्राप्ताः, तेऽसंव्यवहारिणः । ये पुनः सूक्ष्मनिगोदेभ्यो निर्गताः शेषजीवेषूत्पन्नाः, ते संव्यवहारिणः । ते च पुनरपि सूक्ष्मनिगोदत्वं प्राप्ता अपि संव्यवहारिण एव भण्यन्त इति । तट्टीकायां सूत्रभावार्थमाह - **इदमत्र हृदयं** इत्यादि, स्पष्टम्।

**चन्द्र०** : સમયસારસૂત્ર અને તેની ટીકામાં પણ કહ્યું છે કે

**સૂત્ર** : અથવા સંવ્યવહારિક અને અસંવ્યાવહારિક...

**તેની ટીકા : અથવા** શબ્દ દ્વિવિધતાનો જ બીજો પ્રકાર દર્શાવવા માટે છે. (અર્થાત્ પૂર્વે જીવોની દ્વિવિધતા એક પ્રકારની (ત્રસ અને સ્થાવર ઈત્યાદિ) બતાવી દીધી છે. હવે બીજા પ્રકારથી દ્વિવિધતા બતાવે છે. એ માટે **અથવા** શબ્દનો પ્રયોગ કર્યો છે.)

આ બીજાપ્રકારની દ્વિવિધતાને જ સ્પષ્ટ કરતા કહે છે.

**સૂત્ર** : તેમાં જે જીવો અનાદિકાળથી માંડીને સૂક્ષ્મનિગોદોમાં રહે છે, ક્યારેય ત્રસાદિપણાને પામ્યા નથી, તે અસંવ્યવહારી કહેવાય. જેઓ વળી સૂક્ષ્મનિગોદમાંથી નીકળેલા શેષજીવોમાં ઉત્પન્ન થયેલા છે. તેઓ ફરીથી પણ સૂક્ષ્મનિગોદને પામેલા હોય તો ય સંવ્યવહારી જ કહેવાય છે.

**સમયસારની ટીકા** : અહીં આ સાર છે કે - અનાદિકાળથી માંડીને સર્વસંસારીઓનું સૌ પ્રથમ તો સૂક્ષ્મનિગોદોમાં જ અવસ્થાન હોય છે. તેમાંથી નીકળેલા, શેષ જીવોમાં ઉત્પન્ન થયેલાઓ પૃથ્વ્યાદિવ્યવહારના યોગથી સાંવ્યાવહારિક કહેવાય છે. તેઓ જો કે ક્યારેક ફરીથી પણ તે જ નિગોદમાં (સૂક્ષ્મનિગોદમાં) જાય છે, પરંતુ ત્યાં ય પણ તેઓ સાંવ્યવહારિક જ કહેવાય છે. કેમકે તેઓ વ્યવહારમાં પડી ચૂકેલા છે.

એવા અનંતા જીવો છે કે જેઓ વડે ત્રસાદિપરિણામ પમાયો નથી. આવા પણ અનંતાનંતા જીવો નિગોદવાસને અનુભવે છે. આવા વિશેષ-ણવતિના વચન અનુસારે જે જીવો ત્યાં જ (= સૂક્ષ્મનિગોદમાં) ઉત્પત્તિ અને વિનાશને ભજનારા છે, તેઓ તેવા પ્રકારના વ્યવહારથી અતીત હોવાથી અસાંવ્યવહારિક છે.

---

**यशो० : तत्रैवाग्रेऽप्युक्तं** - तेरसविहा जीवा जहा एगे सुहुमणिगोअरूवे असंववहारभेए। बारस संववहारिआ ते अ इमे-पुढवी-आऊ-तेउ-वाउ-णिगोआ, सुहुमबायरत्तेण दुदु भेआ

पत्तेअवणस्सई तसा य ।।' सांव्यवहारिकाऽसांव्यवहारिकत्वेन जीवानां द्वैविध्यं प्राग् दर्शितम्। तत्राऽसांव्यवहारिको राशिरेक एव, सूक्ष्मनिगोदानामेवाऽसांव्यवहारिकत्वात्, सांव्यवहारिकभेदास्तु द्वादश, ते च इमे पृथिव्यादयः पञ्च, सूक्ष्म-बादरतया द्विभेदाः, प्रत्येकवनस्पतयः त्रसाश्चेति।।

---

**चन्द्र०** : **तत्रैव** = समयसारसूत्रवृत्त्योः एव **अग्रेऽपि** = न केवलं प्रागेवेत्यपिशब्दार्थः। **तेरसविह...** इत्यादि समयसारसूत्रं तद्विवेचनं च स्पष्टमेव ।

**ચન્દ્ર૦** : સમયસાર સૂત્ર અને તેની ટીકામાં જ આગળ પણ આ વાત કરી છે કે જીવો ૧૩ પ્રકારના છે. તે આ પ્રમાણે એક સૂક્ષ્મનિગોદરૂપ અસંવ્યવહારીભેદ. અને બાર સંવ્યવહારીઓ. તે બાર આ છે. પૃથ્વી, અપ્, તેજ, વાયુ, નિગોદ (બાદર અને સૂક્ષ્મમાં પણ જે સંવ્યવહારિ થઈને ફરીથી સૂક્ષ્મમાં ગયા હોય તે. કેમકે અસંવ્યવહારિ સૂક્ષ્મનિગોદનો ભેદ જુદો બતાવી દીધો છે.) સૂક્ષ્મ અને બાદર એમ બે બે ભેદવાળા છે. પ્રત્યેકવનસ્પતિ અને ત્રસ."

**તેની ટીકા** : સાંવ્યવહારિક અને અસાંવ્યાવહારિક એ રીતે જીવોની દ્વિવિધતા પૂર્વે બતાવી હતી. એમાં અસાંવ્યવહારિક જીવરાશિ એક જ છે. કેમકે સૂક્ષ્મનિગોદો જ અસાંવ્યાવહારિક છે. સાંવ્યાવહારિકભેદો બાર છે. તે આ છે. પૃથ્વી વિગેરે પાંચ સૂક્ષ્મ અને બાદર તરીકે બે બે ભેદવાળા છે. (એટેલ ૧૦ થાય.) પ્રત્યેક વનસ્પતિ અને ત્રસ.

---

**यशो०** : **तथा भवभावनावृत्तावप्युक्तं**–'अणाइमं एस भवे, अणाइमं च जीवे, अणाई अ सामन्नेण तस्स नाणावरणाइकम्मसंजोगो, अपज्जवसिओ अभव्वाणं, सपज्जवसिओ उण भव्वाणं। विसेसओ उण मिच्छत्ताविरइ-पमाय-कसायजोगेहिं कम्मसंजोगो जायइ त्ति सव्वेसिं पि जीवाणं साईओ चेव। एसो जाओ अकामणिज्जराबालतवोकम्मसम्मत्तनाणविरइगुणेहिं अवस्समेव विहडइ त्ति सव्वेसिं सपज्जवसिओ चेव। तेण य कम्मपोग्गलसंजोअणाणुभावेणं वसंति सव्वे वि पाणिणो पुव्विं ताव अणंताणंतपोग्गलपरिअट्टे अणाइवणस्सइणिगोएसु, पीडिज्जंति तत्थेगणिगोअसरीरे अणंता, परिणमंति असंखणिगोअसमुदयणिप्फण्णगोलयभावेणं, समगमणंता जीवा ऊससंति, समगं णीससंति, समगं आहारेंति, समगं परिणामयंति, समगं उप्पज्जंति, समगं विपज्जन्ति, थीणद्धीमहाणिद्दागाढनाणावरणाइकम्मपोग्गलोदएणं न वेअंति अप्पाणं, न मुणंति परं, न सुणंति सद्दं, न पेच्छंति सरूवं, न अग्घायंति गंधं, न बुज्झंति रसं, न विंदंति फासं, न सरंति कयाकयं, मइपुव्वं न चलंति, न फंदंति, ण सीयमणुसरंति,

नायवमुवगच्छंति, केवलं तिव्वविसयवेयणाभिभूअमज्जपाणमत्तमुच्छियपुरिसव्व जहुत्तरकालं तेसु वसिऊण कहम वि तहाभव्वत्तभविअव्वयाणिओगेणं किंपि तहाविहडिअकम्मपोग्गलसंजोगा तेहिंतो णिग्गंतुमुववज्जंति केइ साहारणवणस्सइसु अल्लय-सूरण-गज्जर-वज्जकंदाइरूवेण **इत्यादि** ।

---

**चन्द्र०** : पाठान्तरमाह - **भवभावने**त्यादि । "अनादिमानेष भवः, अनादिमांश्च जीवः, अनादिश्च सामान्येन तस्य = जीवस्य ज्ञानावरणादिकर्मसंयोगः । **अपर्यवसितः** = अनन्तोऽभव्यानां, सपर्यवसितः पुनर्भव्यानाम् । विशेषतः पुनर्मिथ्यात्वाविरतिप्रमादकषाययोगैः कर्मसंयोगो जायत इति सर्वेषामपि जीवानां **सादिकः** = आदियुक्त एव । **एषः** = कर्मबन्धो जातः सन् अकामनिर्जराबालतपोकर्मसम्यक्त्वज्ञानविरतिगुणैः अवश्यमेव विघटत इति सर्वेषां सपर्यवसित एव । तेन च कर्मपुद्गलसंयोजनानुभावेन सर्वेऽपि प्राणिनः पूर्वं तावद् अनादि-वनस्पतिनिगोदेषु अनन्तानन्तपुद्गलपरावर्त्तान् वसन्ति । तत्र एकनिगोदशरीरेऽनन्ताः पीड्यन्ते । असंख्यनिगोदसमुदयनिष्पन्नगोलकभावेन परिणमन्ति, अनंता जीवाः समकमुच्छ्वसति, समकं निश्वसति, समकमाहारयन्ति, समकं (आहारं) परिणामयन्ति, समकं उत्पद्यन्ते, समकं विपद्यन्ते । स्त्यानर्द्धिमहानिद्रागाढज्ञानावरणीयादिकर्मपुद्गलोदयेन न वेदयन्त्यात्मानं, न जानन्ति परं, न शृण्वन्ति शब्दं, न पश्यन्ति स्वरूपं, नाजिघ्रन्ति गन्धं, न बुद्ध्यन्ते रसं, न वेदयन्ति स्पर्शं न स्मरन्ति कृताकृतं, मतिपूर्वं न चलन्ति, न स्पन्दन्ति, न शीतमनुसरन्ति, नातपमुपगच्छन्ति । केवलं तीव्रविषयवेदनाभिभूतमद्यपानमत्तमुर्च्छितपुरुष इव यथोतरकालं तेषु उषित्वा कथमपि तथाभव्यत्वभवितव्यतानियोगेन किमपि तथाविघटितकर्मपुद्गलसंयोगाः **तेभ्यः** (= अनादिसूक्ष्मनिगोदेभ्यः) निर्गत्योपपद्यन्ते केचित् साधारणवनस्पतिषु आर्द्रक-सूरण-गर्जर-वज्रकन्दादिरूपेण" इति भवभावनाप्राकृतपाठस्य संस्कृता छाया ।

**ચન્દ્ર૦** : વળી ભવભાવનાની ટીકામાં પણ કહ્યું છે કે, "આ સંસાર અનાદિ છે, અને જીવ અનાદિ છે. સામાન્યથી તે જીવનો જ્ઞાનાવરણાદિ કર્મો સાથેનો સંયોગ પણ અનાદિ છે. એ સંયોગ અભવ્યોને અનંત છે. જ્યારે ભવ્યોને અંતવાળો છે. વિશેષથી વિચારીએ તો મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ વડે કર્મ સંયોગ થાય છે, એટલે તમામે તમામ જીવોને તે સંયોગ સાદિ જ છે. ઉત્પન્ન થયેલો આ સંયોગ અકામનિર્જરા, બાલતપોકર્મ, સમ્યક્ત્વ, જ્ઞાન, વિરતિ ગુણો વડે અવશ્ય નષ્ટ થાય છે અને એટલે બધાયને તે કર્મસંયોગ અંતવાળો જ છે. તે કર્મપુદ્ગલ સંયોજનાના પ્રભાવથી બધાય જીવો પહેલા તો અનાદિવનસ્પતિ નિગોદમાં અનંતાનંતપુદ્ગલપરાવર્તકાળ સુધી વસે

છે. ત્યાં નિગોદના એક શરીરમાં અનંતા પીડાય છે. અસંખ્યનિગોદશરીરના સમૂહથી બનેલ નિગોદના ગોળા તરીકે પરિણમે છે. અનંતા જીવો એક સાથે ઉચ્છ્વાસ લે છે, એક સાથે નિશ્વાસ કરે છે, એક સાથે આહાર કરે છે, એક સાથે આહારને પરિણમાવે છે, એક સાથે ઉત્પન્ન થાય છે, એક સાથે મરે છે, થિણદ્ધિ નામની મહાનિદ્રા અને ગાઢજ્ઞાનાવરણ વિગેરે કર્મપુદ્ગલોના ઉદયને લીધે આત્માને અનુભવતા નથી. બીજાને જાણતા નથી. શબ્દને સાંભળતા નથી, પોતાના રૂપને જોતા નથી, ગન્ધને સુંઘતા નથી, રસને જાણી શકતા નથી, સ્પર્શને વેદતા નથી, કરાયેલી-નહી કરાયેલી વસ્તુને સ્મરતા નથી, બુદ્ધિપૂર્વક ચાલતા નથી, (બુદ્ધિપૂર્વક) સ્પંદન કરતા નથી, (બુદ્ધિપૂર્વક) ઠંડીને અનુસરતા નથી, બુદ્ધિપૂર્વક આતપ = તડકાને પામતા નથી. (તડકા પાસે જતા નથી)

માત્ર તીવ્ર એવી વિષયની વેદનાથી પરેશાન થયેલા, દારૂના પાણ વડે મત્ત બનેલા મૂર્છા પામેલા, પુરુષની માફક ઉપર કહેલા કાળ સુધી ત્યાં રહીને કોઈપણ રીતે તથાભવ્યત્વ અને ભવિતવ્યતાના નિયોગથી = જોડાણથી = વ્યાપારથી = પરિપાકથી કંઈક તેવા પ્રકારે વિઘટિત થયેલા છે કર્મપુદ્ગલના સંયોગો જેના એવા એ અનાદિવનસ્પતિમાંથી નીકળીને સાધારણવનસ્પતિમાં આદુ-સુરણ-ગાજર-વજ્રકન્દ વિગેરે રૂપે ઉત્પન્ન થાય છે. (અહીં પણ અનાદિવનસ્પતિને અવ્યવહારી બતાવી અને આર્દ્રકાદિ બાદરનિગોદમાં વ્યવહારી તરીકે ઉત્પત્તિ બતાવી છે.)

<u>चन्द्र०</u> : अत्र पाठे किञ्चित्स्पष्टीकर्त्तव्यम् - **सामान्येन =** प्रवाहतः सर्वेषां कर्मसंयोगो-ऽनादिरेव । न हि कस्यचिदपि जीवस्य प्राक्सर्वथा कोऽपि कर्मबन्धो नाभवत्, पश्चात्तयोत्पन्न इति । **विशेषतः =** प्रत्येकं कर्मबन्धमपेक्ष्य । न हि कोऽपि एकः कर्मबन्धोऽनादिरासीत्, किन्तु मिथ्यात्वादिहेतुजन्यत्वात् कश्चिदपि कर्मबन्धः सादिरेव ।

मिथ्यात्वादिभिः कर्मसंयोगो जायते **इति** = एतस्मात्कारणादित्येवं "**इति**" शब्दार्थः । हेतुजन्यं किमपि सादि एवेति । अकामनिर्जरादिभिः अवश्यमेव विघटते **इति** = एत - स्मात्कारणाद् इत्येवं "**इति**"शब्दार्थः । न हि विनश्यत्किमपि वस्तु अपर्यवसितं भवितुमर्हतीति ।

<u>ચન્દ્ર૦</u> : (આ પાઠમાં આટલું સ્પષ્ટ કરવું કે **સામાન્યથી =** પ્રવાહથી બધાય જીવોને કર્મસંયોગ અનાદિ જ છે. કોઈપણ જીવને પહેલા કોઈપણ પ્રકારનો કર્મબંધ ન હતો અને પછી ઉત્પન્ન થયો. એવું તો છે જ નહિ. **વિશેષતઃ =** વ્યક્તિગત્ દરેકે દરેક કર્મબંધની અપેક્ષાએ કોઈપણ એક કર્મબંધ અનાદિ નથી. પરંતુ મિથ્યાત્વાદિ હેતુઓથી જન્ય હોવાથી

આદિ જ છે.

मिथ्यात्वाविरतिकषाययोगैः कर्मसंयोगो जायत इति । આ પાઠમાં इति = આ કારણસર એમ અર્થ કરવો. હેતુથી જન્ય કોઈપણ વસ્તુ સાદિ જ છે. એમ अकामनिर्जरादिभिः...विघटत इति = તે પાઠમાં પણ इति = શબ્દનો "તે કારણસર..." એમ અર્થ કરવો. નાશ પામતી કોઈપણ વસ્તુ અનંત ન કહેવાય. उच्छ्वसति એ ત્રીજા પુરુષ બહુવચન રૂપ છે. બીજા ગણનો ધાતુ છે માટે 'ન' નો લોપ થયો છે. માટે अन्ति ને બદલે "अति" પ્રત્યય લાગ્યો છે. એ ધ્યાનમાં રાખવું.)

---

**यशो० : तथा तत्रैव प्रदेशान्तरे प्रोक्तं –** ततो बलिनरेन्द्रेणोक्तं 'स्वामिन्! तर्हीदमेव श्रोतुमिच्छामि, प्रसादं विधाय निवेदयन्तु भगवन्तः ।' ततः केवलिना प्रोक्तं-'महाराज! सर्वायुषाऽप्येतत्कथयितुं न शक्यते, केवलं यदि भवतां कुतूहलं तर्हि समाकर्णयत, संक्षिप्य किंचित्कथ्यते–इतोऽनन्तकालात्परतो भवान् किल चारित्रसैन्यसहायो भूत्वा मोहारिबलक्षयं करिष्यतीति कर्मपरिणामेनासंव्यवहारपुरान्निष्काश्य समानीतो व्यवहारनिगोदेषु। ततो विज्ञातैतद्व्यतिकरैर्मोहारिभिः प्रकुपितैर्विधृतस्तेष्वेव त्वमनन्तं कालम्। ततः पृथिव्यप्तेजोवायुवनस्पतिद्वित्रिचतुष्पञ्चेन्द्रियतिर्यक्षु नरकेष्वनार्यमनुष्येषु चानीतस्त्वं कर्मपरिणामेन, पुनः पुनरनन्तवाराः कुपितैर्मोहादिभिर्व्यावर्त्त्य नीतोऽसि पश्चान्मुखो निगोदादिषु। एवं तावद् यावद् भावितोऽतिदुःखितस्तैरनन्तानन्तपुद्गलपरावर्त्तान् । ततश्चार्यक्षेत्रेऽपि लब्धं मनुष्यत्वमनन्तवाराः, किन्तु हारितं क्वचित् कुजातिभावेन, क्वापि कुलदोषेण, क्वचिज्जात्यन्धबधिरखञ्जत्वादिवैरूप्येण, क्वापि कुष्ठादिरोगैः, क्वचिदल्पायुष्कत्वेन, एवमनन्तवाराः(रम्), किन्तु धर्मस्य नामाप्यज्ञात्वा भ्रान्तस्तथैव(स्तेष्वेव) पराङ्मुखो व्यावृत्त्यानन्तपुद्गलपरावर्त्तानेकेन्द्रियादिषु। ततोऽन्यदा श्रीनिलयनगरे धनतिलकश्रेष्ठिनो जातस्त्वं वैश्रमणनामा पुत्रः। तत्र च 'स्वजनधनभवनयौवनवनितातत्त्वाद्यनित्यमिदमखिलं ज्ञात्वाऽऽपत्त्राणसहं धर्मं शरणं भजत लोकाः' इति वचनश्रवणाज्जाता धर्मकरणबुद्धिः। केवलं साऽपि कुदृष्टिसंभवा महापापबुद्धिरेव परमार्थतः सञ्जाता। तद्वशीकृतेन च स्वयंभूनाम्नस्त्रिदण्डिनः शिष्यत्वं प्रतिपन्नम्। ततस्तदपि मानुषत्वं हारयित्वा व्यावर्त्तितो भ्रामितः संसारेऽनन्तपुद्गलपरावर्त्तानिति । ततोऽनन्तकालात्पुनरप्यन्तराऽन्तरा लब्धं मानुषत्वं, परं न निवृत्ताऽसौ कुधर्मबुद्धिः, शुद्धधर्मश्रवणाभावात्। तदभावोऽपि क्वापि सद्गुरुयोगाभावात्क्वचिदालस्यमोहादिहेतुकलापात्, क्वचिच्छुद्धधर्मश्रवणेऽपि न निवृत्ताऽसौ, शून्यतया तदर्थानवधारणात्, क्वचित्तत्त्वाश्रद्धानेन।

ततः कुधर्मबुद्ध्युपदेशाद्धर्मच्छलेन पशुवधादिमहापापानि कृत्वा भ्रान्तस्तथैवा-(स्तेष्वेवा)नन्तपुद्गलपरावर्त्तानिति ।।'

**चन्द्र०** : **तत्रैव** = भवभावनावृत्तौ एव **प्रदेशान्तरे** = अनन्तरमेव प्रतिपादितो यः पाठः, तत्प्रदेशाद्भिन्ने प्रदेशे । **ततो बलिनरेन्द्रेणे**त्यादि सम्पूर्णः पाठः स्पष्टः ।

**ચન્દ્ર૦** : વળી તે ભવભાવનાવૃત્તિમાં જ હમણાં જ બતાવેલા પાઠના સ્થાન કરતા બીજા સ્થાને કહ્યું છે કે, "ત્યારબાદ બલિરાજા વડે કહેવાયું કે "સ્વામિન્ ! તો આ જ સાંભળવાને ઈચ્છું છું, કૃપા કરીને ભગવાન મને કહો." ત્યારબાદ કેવલી વડે કહેવાયું કે "મહારાજ ! આખા આયુષ્ય વડે પણ આ (તમારૂં નુકશાન) કહેવાને માટે શક્ય નથી. છતાં જો તમને કુતૂહલ છે, તો સાંભળો ! સંક્ષેપ કરીને કંઈક કહેવાય છે. આ કાળથી અનંતકાળ પહેલા - તું ચારિત્ર સૈન્યની સહાયવાળો થઈને મોહશત્રુના સૈન્યના ક્ષયને કરશે. એમ (વિચારી) કર્મપરિણામ રાજાએ **અવ્યવહારનગરમાંથી કાઢીને તું વ્યવહારનિગોદમાં લવાયો.** ત્યારબાદ તારી બહાર નીકળવાની વાતને જાણી ચૂકેલા, ગુસ્સે થયેલા મોહશત્રુઓ વડે તું તે વ્યવહારનિગોદમાં જ અનંતકાળ ધારણ કરાયો. ત્યારબાદ પૃથ્વી-પાણી-અગ્નિ-વાયુ-વનસ્પતિ-બેઈન્દ્રિય-તેઈન્દ્રિય-ચઉરિન્દ્રિય-પંચેન્દ્રિયતિર્યંચોમાં, નરકોમાં અનાર્ય મનુષ્યોમાં તું કર્મપરિણામરાજા વડે લવાયો. ગુસ્સે થયેલા મોહાદિ વડે પાછો વાળીને નિગોદાદિમાં પાછો = પશ્ચાન્મુખ અનંતવાર લઈ જવાયો. (કર્મ પરિણામ જીવને બહાર કાઢે અને મોહાદિ જીવને અંદર ઘુસાડે એમ અનંતવાર થયું.)

આ બધું ત્યાં સુધી ચાલ્યું, જ્યાં સુધી અનંતાનંતપુદ્ગલપરાવર્તકાળ સુધી અતિદુઃખિત થયેલો તુ તે મોહાદિથી ભાવિત થયો. ત્યાર પછી આર્યક્ષેત્રમાં પણ અનંતવાર મનુષ્યપણું મેળવાયું. પરંતુ ક્યાંક ખરાબ જાતિપણાના લીધે તે માનવભવ હારી જવાયો, ક્યાંક કુલદોષથી, ક્યાંક જાત્યન્ધતા-બધિરતા-ખંજનાદિ, વિરૂપતા = કદરૂપતાને લીધે ક્યાંક કોઢાદિ રોગો વડે, ક્યાંક આયુષ્યની અલ્પતાને લીધે, એમ અનંતવાર મનુષ્યપણું હારી જવાયું.

પરંતુ ધર્મનું નામ પણ જાણ્યા વિના તે જ પ્રમાણે પરાઙ્મુખ વળીને અનંતપુદ્ગલ પરાવર્તકાળ એકેન્દ્રિયાદિમાં ભમ્યો. (મોહાદિ વડે ભમાડાયો.)

ત્યારબાદ ક્યારેક શ્રીનિલયનગરમાં તું ધનતિલક શેઠનો વૈશ્રમણનામનો પુત્ર થયો. ત્યાં "હે લોકો ! સ્વજન, ધન, ભવન, યૌવન, સ્ત્રી તત્ત્વો આ બધું અનિત્ય છે...એમ જાણીને આપત્તિમાં રક્ષણ કરવા માટે સમર્થ ધર્મનું શરણ ભજો." એવા વચનના શ્રવણથી ધર્મ કરવાની બુદ્ધિ થઈ. માત્ર તે બુદ્ધિ પણ કુદૃષ્ટિથી ઉત્પન્ન થયેલી હતી માટે પરમાર્થથી તો મહાપાપબુદ્ધિ જ થઈ. (ઉપરનો ઉપદેશ મિથ્યાત્વી બાવા વિગેરેએ આપેલો હોવાથી એનાથી ઉત્પન્ન થયેલી બુદ્ધિ "કુદૃષ્ટિસંભવ" કહેવાય.)

તે બુદ્ધિથી વશ કરાયેલા એવા તારા વડે સ્વયંભૂ નામના ત્રિદંડીનું શિષ્યત્વ સ્વીકારાયું. ત્યારબાદ તે માનવપણું પણ હારીને પાછો ફરેલો તું સંસારમાં અનંતપુદ્ગલપરાવર્તકાળ ભમાડાયો.

ત્યારબાદ અનંતકાળ પછી ફરીથી પણ વચ્ચે વચ્ચે મનુષ્યપણું મેળવાયું. પરંતુ આ કુધર્મની બુદ્ધિ દૂર ન થઈ. કેમકે શુદ્ધધર્મના શ્રવણનો અભાવ હતો.

શુદ્ધધર્મશ્રવણનો અભાવ પણ ક્યાંક સદ્ગુરુના યોગનો અભાવ હોવાથી, ક્યાંક આળસ, મોહાદિ કારણોના સમૂહથી થયો. ક્યાંક શુદ્ધધર્મનું શ્રવણ થવા છતાં પણ તું શૂન્ય મન વાળો હોવાથી તે તેના અર્થોનો નિશ્ચય ન કર્યો અને માટે આ કુબુદ્ધિ દૂર ન થઈ. ક્યાંક વળી (અર્થોનું અવધારણ થયું, પણ) તત્ત્વોમાં શ્રદ્ધા ન થવાના લીધે કુબુદ્ધિ દૂર ન થઈ. તેથી કુધર્મવાળી બુદ્ધિના ઉપદેશથી (અથવા કુધર્મવાળી બુદ્ધિ જેઓની છે તેવાઓના ઉપદેશથી) ધર્મના બહાને પશુવધાદિ મહાપાપોને કરીને તે જ પ્રમાણે અનંતપુદ્ગલપરાવર્ત ભમ્યો. (ભમાડાયો)"

---

**यशो० : तथा श्रावकदिनकृत्यवृत्तावप्युक्तं**–'इह हि सदैव लोकाकाशप्रतिष्ठितानाद्यपर्यवसितभवचक्राख्यपुरोदरविपरिवर्त्ती जन्तुरनादिवनस्पतिषु सूक्ष्मनिगोदापरपर्यायेष्वनन्तानन्तपुद्गलपरावर्त्तान्समकाहारोच्छ्वासनिःश्वासोऽन्तर्मुहूर्त्तान्तर्जन्ममरणादिवेदनाव्रातमनुभवति' **इत्यादि** ।

---

**चन्द्र० : लोकाकाशे**त्यादि, लोकाकाशे प्रतिष्ठितं अनादि अपर्यवसितं च भवचक्राख्यं यत्पुरं, **तदुदरविपरिवर्त्ती** = तन्मध्ये परिभ्रमणशील इति । **अन्तर्मुहूर्तान्तः** = अन्तर्मुहूर्तमध्ये एव । शेषं स्पष्टम् ।

**ચન્દ્ર૦ :** શ્રાવકદિનકૃત્યની ટીકામાં પણ કહ્યું છે કે, "આ સંસારમાં લોકાકાશમાં

રહેલા અનાદિ + અનંત એવા ભવચક્રનામના નગરની અંદર કાયમ માટે ભમવાના સ્વભાવવાળો જીવ **સૂક્ષ્મનિગોદ એ બીજું નામ છે જેનું એવી અનાદિવનસ્પતિઓમાં** અનંતાનંતપુદ્ગલપરાવર્તકાળ સુધી (બાકીના જીવો સાથે) એક સાથે આહાર, ઉચ્છ્વાસ, નિશ્વાસવાળો છતોં એક અન્તર્મુહૂર્તની અંદર જ જન્મ, મરણ વિગેરે વેદનાના સમૂહને અનુભવે છે."

---

**यशो० : तथा** 'एवं च तथाविधभव्यजन्तुरप्यनन्तकालमव्यवहारराशौ स्थित्वा कर्मपरिणाम-नृपादेशात्तथाविधभवितव्यतानियोगेन व्यवहारराशिप्रवेशत उत्कर्षेण बादरनिगोदपृथिव्यप्तेजोवायुषु प्रत्येकं सप्तति(कोटा)कोटिसागरोपमाणि तिष्ठन्ति । एषा च क्रिया सर्वत्र योज्या। एतेष्वेव सूक्ष्मेष्वसंख्यलोकाकाशप्रदेशसमा उत्सर्पिण्यवसर्पिण्यः' **इत्यादि ।**

---

**चन्द्र० : एवं चे**त्यादि, श्रावकदिनकृत्यवृत्तिपाठः सुगमः । **नवरं एतेष्वेव** = सूक्ष्मपृथ्व्यप्तेजोवायुषु, न तु सूक्ष्मनिगोदेषु इत्ये**व**कारार्थः । तत्रासंख्यपुद्गलपरिमाणाया अनन्तोत्सर्पिण्यवसर्पिणीस्वरूपायाः कायस्थितेः प्रतिपादनात् । एतस्यानन्तरमेव पुष्पमालाबृहद्-वृत्तिपाठदर्शनात्स्पष्टीभविष्यति ।

**ચન્દ્ર૦ :** (ઉપરનો પાઠ પૂર્ણ થયા બાદ કેટલાક લખાણ પછી જે જરૂરી પાઠ છે તે બતાવે છે.) આ પ્રમાણે તેવા પ્રકારનો ભવ્યજન્તુ, પણ અનંતકાળ સુધી અવ્યવહારરાશિમાં રહીને કર્મપરિણામ રૂપી રાજાના આદેશથી તેવા પ્રકારની ભવિતવ્યતાના નિયોગ = દબાણ = પ્રેરણાને લીધે વ્યવહારરાશિમાં પ્રવેશ લીધા બાદ ઉત્કૃષ્ટથી બાદરનિગોદ, પૃથ્વી-અપ્-તેજ-વાયુમાં દરેકમાં ૭૦ કો.કો.સાગરોપમ સુધી રહે છે. આ ક્રિયા બધે જ જોડવી. આ જ સૂક્ષ્મોમાં = સૂક્ષ્મ પૃથ્વી વિગેરેમાં અસંખ્યલોકાકાશપ્રદેશ જેટલી ઉત્સર્પિણી, અવસર્પિણી ઉત્કૃષ્ટથી રહે છે. ("ઉત્કૃષ્ટથી રહે છે એ ક્રિયા સર્વત્ર જોડવાનું કહ્યું છે, એટલે એ અહીં જોડી દેવી. જોડવાના આશયથી જ એ વિધાન કરાયેલું લાગે છે.)

---

**यशो० : पुष्पमालाबृहद्वृत्तावप्युक्तं–**'ननु कथमित्थं मनुष्यजन्म दुर्लभं प्रतिपाद्यते? उच्यते- –समाकर्णय कारणम् -

अव्ववहारनिगोएसु ताव चिट्ठंति जंतुणो सव्वे । पढमं अणंतपोग्गलपरिअट्टे थावरत्तेणं ।।

तत्तो विणिग्गया वि हु ववहारवणस्सइंमि णिवसंति । कालमणंतपमाणं अणंतकायाइभावेणं।।

तत्तो वि समुव्वट्टा पुढविजलानलसमीरमज्झंमि । अस्संखोसप्पिणिसप्पिणीओ णिवसंति पत्तेयं ।।

संखेज्जं पुण कालं वसंति विगलिंदिएसु पत्तेयं । एवं पुणो पुणो वि य भमंति ववहाररासिंमि ।।

**चन्द्र० : पुष्पमालाबृहद्वृत्तावपि** = उपदेशमालापराभिधानायाः पुष्पमालाया या महती वृत्तिस्तस्यामपि इत्यर्थः । **ननु कथमित्थ**मित्यादि, सुगमम् । नवरम् - प्राकृतगाथानां सान्वया संस्कृतछाया त्वित्थम् - (१) प्रथमं अव्यवहारनिगोदेषु तावत् सर्वे जन्तवः स्थावरत्वेन अनन्तपुद्गलपरावर्त्तान् तिष्ठन्ति । (२) ततो विनिर्गता अपि अनन्तप्रमाणं कालं अनन्तकायादिभावेन व्यवहारवनस्पतौ निवसन्ति । (३) तस्मादपि समुद्वृत्ताः (बहिर्निर्गताः) पृथ्वीजलानलसमीरमध्ये प्रत्येकं असंख्योत्सर्पिण्यवसर्पिणीर्निवसन्ति (४) विकलेन्द्रियेषु पुनः प्रत्येकं संख्यातं कालं वसन्ति । एवं पुनः पुनश्चापि व्यवहारराशौ भ्रमन्ति ।

**ચન્દ્ર૦ :** પુષ્પમાલાની મોટી ટીકામાં પણ કહ્યું છે કે "**પ્રશ્ન :** આ પ્રમાણે મનુષ્યજન્મ શા માટે દુર્લભ પ્રતિપાદન કરાય છે ? **ઉત્તર :** કારણ સાંભળ.

(૧) સૌ પ્રથમ તો સર્વજીવો અવ્યવહારનિગોદોમાં સ્થાવર તરીકે અનંતપુદ્ગલપરાવર્ત કાળ રહે છે. (૨) ત્યાંથી બહાર નીકળેલાઓ પણ વ્યવહારવનસ્પતિમાં અનંતપ્રમાણ કાળ સુધી અનંતકાયાદિ તરીકે વસે છે. (૩) ત્યાંથી પણ બહાર નીકળેલાઓ પૃથ્વી-જલ-અગ્નિ-વાયુ દરેકમાં અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણી વસે છે. (૪) વિકલેન્દ્રિયોમાં તો વળી દરેકમાં સંખ્યાતો કાળ વસે છે. આમ વારંવાર વ્યવહારરાશિમાં ભમે છે."

**यशो० : तल्लघुवृत्तावप्युक्तम् –**

आदौ सूक्ष्मनिगोदे जीवस्यानन्तपुद्गलविवर्त्तान् । तस्मात्कालमनन्तं व्यवहारवनस्पतौ वासः ।।

उत्सर्पिणीरसंख्याः प्रत्येकं भूजलाग्निपवनेषु । विकलेषु च संख्येयं कालं भूयो भ्रमणमेव ।।

तिर्यक्पञ्चेन्द्रियतां कथमपि मानुष्यकं ततोऽपीह । क्षेत्रकुलारोग्यायुर्बुद्ध्यादि यथोत्तरं तु दुरवापम् ।।

**चन्द्र० : तल्लघुवृत्तावपि** = पुष्पमालाया लघुटीकायामपि न केवलं बृहद्वृत्तौ

इत्यपिशब्दार्थः। शेषं स्पष्टम् । नवरम् - **भ्रमणमेव** = न त्वन्यत्किञ्चिच्छोभनम् ।

**ચન્દ્ર૦** : પુષ્પમાલાની નાની ટીકામાં પણ કહ્યું છે કે "(૧) શરૂઆતમાં જીવનો સૂક્ષ્મનિગોદમાં અનંતપુદ્ગલપરાવર્ત સુધી વાસ હોય છે. ત્યારબાદ અનંતકાળ સુધી વ્યવહારવનસ્પતિમાં વાસ હોય છે. (૨) પૃથ્વી-જલ-અગ્નિ-પવન દરેકમાં અસંખ્ય ઉત્સર્પિણી સુધી વાસ હોય છે. વિકલોમાં સંખ્યાતકાળ સુધી વારંવાર ભ્રમણ જ થયું છે. (કંઈ સિદ્ધિ મળી નથી) (૩) તિર્યંચપંચેન્દ્રિયતા, તે પછી કોઈપણ રીતે મનુષ્યપણું, ત્યાર પછી પણ એ મનુષ્યપણામાં આર્યક્ષેત્ર, જૈનકુળ, આરોગ્ય, આયુષ્ય, બુદ્ધિ વિગેરે ઉત્તરોત્તર વધુ દુર્લભ છે."

---

**यशो० : धर्मरत्नप्रकरणवृत्तावप्युक्तम् –**

इभ्यस्तन्नमनार्थं प्रययौ नत्वा गुरून् समयविधिना । निषसाद यथास्थानकमथ सूरिर्देशनां चक्रे ।।

अव्यवहारिकराशौ भ्रमयित्वाऽनन्तपुद्गलविवर्त्तान् । व्यवहृतिराशौ कथमपि जीवोऽयं विशति तत्रापि ।।

बादरनिगोदपृथिवीजलदहनसमीरणेषु जलधीनाम् । सप्ततिकोटाकोट्यः कायस्थितिकाल उत्कृष्टः ।।

सूक्ष्मेष्वमीषु पञ्चस्ववसर्पिण्यो ह्यसंख्यलोकसमाः । सामान्यबादरेऽङ्गुलगणनातीतांशमानास्ताः ।। **इत्यादि** ।

---

**चन्द्र० : धर्मरत्ने**त्यादि, स्पष्टम् । नवरम् - **सामान्यबादरे** = बादरनिगोदपृथ्व्यप्तेजोवायुषु विकलेन्द्रिषु पञ्चेन्द्रियेषु चेति । **अङ्गुले**त्यादि । गणनातीतः = असंख्येयः, ततश्च अङ्गुलस्य असंख्येयोंऽश एव मानं यासां ता अवसर्पिण्य इति भावः ।

**ચન્દ્ર૦** : ધર્મરત્નપ્રકરણની ટીકામાં પણ કહ્યું છે કે, "(૧) શેઠ તે આચાર્યને વંદન કરવા માટે નીકળ્યો. શાસ્ત્રીયવિધિથી ગુરુને નમીને યોગ્ય સ્થાને બેઠો. હવે આચાર્યે દેશના કરી. (૨) અવ્યવહારરાશિમાં અનંતપુદ્ગલપરાવર્તકાળ ભમીને આ જીવ કોઈપણ રીતે વ્યવહારરાશિમાં પ્રવેશે છે. ત્યાં પણ (૩) બારદનિગોદ, પૃથ્વી, જલ, અગ્નિ, પવનમાં ૭૦ કોટીકોટી ઉત્કૃષ્ટ કાયસ્થિતિકાળ છે. (૪) સૂક્ષ્મ એવા આ પાંચમા અસંખ્ય

લોક સમાન ઉત્સર્પિણી અવસર્પિણી ઉત્કૃષ્ટ કાયસ્થિતિકાળ છે. સામાન્યબાદરમાં (જેમાં તમામ પ્રકારના બાદર જીવો ગણાય.) અંગુલના અસંખ્યાતમાં ભાગમાં આવતા આકાશપ્રદેશની સંખ્યા જેટલા પ્રમાણવાળી અવસર્પિણીઓ ઉત્કૃષ્ટ કાયસ્થિતિકાળ છે."

**यशो० : संस्कृतनवतत्त्वसूत्रेऽप्युक्तम् –**

निगोदा एव गदिता जिनैरव्यवहारिणः । सूक्ष्मास्तदितरे जीवास्तेऽन्येऽपि व्यवहारिणः ।।

**चन्द्र० : संस्कृते**त्यादि । **तदितरे** = सूक्ष्मनिगोदादितरे बादरनिगोदाः, **अन्येऽपि** = पृथ्व्यादयोऽपि । शेषं स्पष्टम् ।

**ચન્દ્ર૦ :** સંસ્કૃત નવતત્ત્વના સૂત્રમાં કહેલું છે કે "જિનેશ્વરો વડે સૂક્ષ્મનિગોદો જ અવ્યવહારી કહેવાયા છે. તે સૂક્ષ્મનિગોદ સિવાયની બીજી બાદરનિગોદો અને બીજા પણ પૃથ્વી વિગેરે જીવો વ્યવહારી છે."

**यशो० : तदेवंविधवचनैरनादिसूक्ष्मनिगोदस्यैवासांव्यवरहारिकत्वं, अन्येषां च व्यावहारिकत्वमिति स्थितौ परोक्ता युक्तिरेकावतिष्ठते, तत्र** 'सिज्झंति जत्तिया किर' **इत्यादिना व्यवहारराशितः सिद्धानामनन्तगुणत्वं व्यवस्थाप्य तदनन्तगुणत्वेन बादरनिगोदजीवानामव्यावहारिकत्वं च व्यवस्थापितम्,**

**चन्द्र० :** प्रभूतान्पाठान् दर्शयित्वाऽधुना निष्कर्षमाह – **तत्** = तस्मात् **एवंविधवचनैः** = अनन्तरमेव प्रतिपादितैः **अनादिसूक्ष्मे**त्यादि, स्पष्टम् । **एका** = एकैव, शेषास्तु शास्त्रपाठादिभिः खण्डीकृताः । **तत्र** = युक्तौ **तदनन्तगुणत्वेन बादरनिगोदजीवानां** = यतो बादरनिगोदजीवाः सिद्धेभ्योऽनन्तगुणाः, ततस्तेषां अव्यावहारिकत्वमिति भावः । यदि ते व्यवहारिणो भवेयुस्तर्हि सिद्धा व्यवहारिभ्योऽनन्तगुणाः "सिज्झंति..." इतिपाठात्सिद्धाः । एवं च सिद्धा व्यवहार्यन्तर्गतेभ्यो बादरनिगोदजीवेभ्योऽप्यनन्तगुणा एव स्युः । इतश्च बादरनिगोदजीवानां सिद्धेभ्योऽनन्तगुणत्वं प्रज्ञापनायां स्पष्टं प्रतिपादितमेवेति परस्परं विरोधः । एतच्च प्राक्प्रपञ्चतः प्रतिपादितमेव । एतदापत्तिवारणाय बादरनिगोदजीवानां अव्यवहारित्वं अभ्युपेयमिति ।

**ચન્દ્ર૦ :** (પુષ્કળ શાસ્ત્રપાઠો દેખાડીને હવે ઉપાધ્યાયજી નિષ્કર્ષ કાઢે છે કે) આમ આવા પ્રકારના શાસ્ત્ર વચનો વડે એ વાત સિદ્ધ થઈ કે અનાદિસૂક્ષ્મનિગોદ જ અવ્યવહારી છે. બીજા બધા વ્યવહારી છે. આમ સિદ્ધ થયે છતેં પૂર્વપક્ષે બતાવેલી એક યુક્તિ બાકી

રહે છે. તે યુક્તિમાં પૂર્વપક્ષે "सिज्झंति जत्तिया" એ વિગેરે પાઠ દ્વારા વ્યવહારરાશિથી સિદ્ધોની અનંતગુણતાને વ્યવસ્થાપિત કરીને તેનાથી અનંતગુણ તરીકે બાદરનિગોદજીવોની અવ્યવહારિતા સિદ્ધ કરેલી. (પૂર્વપક્ષે કહેલું કે सिज्झंति... પાઠથી સિદ્ધો વ્યવહારરાશિથી અનંતગુણ સિદ્ધ થાય છે. હવે જો બાદરનિગોદજીવોને વ્યવહારરાશિમાં માનો, તો સિદ્ધો તેમનાથી પણ અનંતગુણ સિદ્ધ થાય. જ્યારે ખરેખર તો બાદરનિગોદજીવો સિદ્ધોથી અનંતગુણ છે. એટલે આ આપત્તિ દૂર કરવા બાદરનિગોદ અવ્યવહારી માનવા જોઈએ.)

---

**<u>यशो०</u> : तदसत्, ततः सिद्ध्यवच्छिन्नव्यवहारराश्यपेक्षया सिद्धानामनन्तगुणसिद्धावपि सामान्यापेक्षया तदसिद्धेः,**

---

**<u>चन्द्र०</u> :** महोपाध्यायाः प्राहुः - **तदसत्** = पूर्वपक्षैर्व्यवस्थापितं बादरनिगोद-जीवानामव्यवहारित्वं न सम्यक् । तत्र कारणमाह - **ततः** = "सिज्झंति जत्तिया किर" इति शास्त्रपाठात् **सिद्ध्यवच्छिन्ने**त्यादि, मोक्षावच्छिन्ना या व्यवहारराशिः, तदपेक्षया **सिद्धानामनन्तगुणसिद्धावपि सामान्यापेक्षया** व्यवहारराशिमात्रापेक्षया **तदसिद्धेः** = सिद्धानां अनन्तगुणत्वासिद्धेः । तथा च प्रकृतपाठबलात् सिद्धाः सिद्ध्यवच्छिन्नव्यवहारराशित एवानन्तगुणाः सम्पन्नाः, न तु सामान्यव्यवहारराशितोऽनन्तगुणा इति सामान्यव्यवहारराश्यन्तर्गतानां बादरनिगोदजीवानां सिद्धेभ्योऽनन्तगुणत्वं युक्तमेव । न तत्र परस्परं कश्चिद् विरोधः । जीवानां सिद्धिगमनात्कारणाद् ये जीवा अव्यवहारराशितो विनिर्गत्य व्यवहारराशौ समागताः, मोक्षं चानधिगतास्तिष्ठन्ति ते सिद्ध्यवच्छिन्नो व्यवहारराशिः कथ्यत इति बोध्यम् ।

**<u>ચન્દ્ર૦</u> : મહોપાધ્યાયજી :** પૂર્વપક્ષે બાદરનિગોદજીવોનું અવ્યવહારિત્વ જે વ્યવસ્થાપિત કર્યું તે બરાબર નથી. કેમકે सिज्झंति... એ પાઠ દ્વારા એટલું સિદ્ધ થાય કે સિદ્ધિથી અવચ્છિન્ન જે વ્યવહારરાશિ છે, તેના કરતા સિદ્ધો અનંતગુણ છે. (જીવોના મોક્ષગમન રૂપી કારણને લઈને જે જીવો અવ્યવહારરાશિમાંથી બહાર નીકળેલા હોય અને હજી મોક્ષ ન પામ્યા હોય તે બધા સિદ્ધિથી અવચ્છિન્ન વ્યવહારરાશિ ગણાય છે.) પણ એ પાઠ દ્વારા વ્યવહારરાશિસામાન્યની અપેક્ષાએ તો સિદ્ધોની અનંતગુણતા સિદ્ધ ન જ થાય. અર્થાત્ "સિદ્ધો સિદ્ધ્યવચ્છિન્ન વ્યવહારરાશિથી અનંતગુણ છે." એમ એ પાઠથી કહી શકાય. પરંતુ "સિદ્ધો વ્યવહારરાશિથી અનંતગુણ છે" એમ એ પાઠથી ન કહી શકાય. અને એટલે નીચેના બેય વાક્યો વચ્ચે વિરોધ રહેતો નથી. (બાદર નિગોદને વ્યવહારી માનવા છતાં પણ.)

(૧) સિદ્ધો સિદ્ધિથી અવચ્છિન્ન એવી વ્યવહારરાશિથી અનંતગુણ છે. (सिज्झंति... પાઠ)

(૨) (વ્યવહારરાશિના એક ભાગ રૂપ) બાદરનિગોદ સિદ્ધો કરતા અનંતગુણ છે. (પ્રજ્ઞાપના...પાઠ)

**चन्द्र० : ननु** बादरनिगोदजीवाः सिद्ध्यवच्छिन्नव्यवहारराशौ सन्ति न वा ? इति द्वौ विकल्पौ । यदि 'न सन्ति' इति द्वितीयो विकल्पः स्वीक्रियते, तर्हि बादरनिगोदजीवाः (१) सूक्ष्मनिगोदरूपाद् अनादिवनस्पतेः **कस्यचिज्जीवस्य सिद्धिगमनरूपं कारणं विनैव** विनिर्गता इति अर्थादापन्नम् । ततश्च यावन्तः सिद्धिं गच्छन्ति, तावन्त एव अव्यवहारराशेर्निर्गच्छन्ति इति वचनेन सह स्पष्टं विरोधः ।

यदि च प्रथमो विकल्पः स्वीक्रियते, तर्हि बादरनिगोदजीवानां सिद्ध्यवच्छिन्नव्यवहारराशौ सत्त्वात् सिद्धाः सिद्ध्यवच्छिन्नव्यवहारिराशितोऽनन्तगुणाः कथं स्युः ? इति । एवं च न महोपाध्यायसमाधानं मनोहरमिति **चेत्,** अत एव "अनादिर्बादरनिगोदोऽस्ति" इति सूरिचक्रवर्तिजगद्गुरुहीरसूरीश्वरशिष्याणां श्रीसेनसूरीश्वराणां सेनप्रश्नग्रन्थे वचनं श्रूयते । एवं च मन्यमाने न कोऽपि दोषः । तथाहि - अनादिबादरनिगोदजीवा व्यवहारिण एव । तथापि तेषामनादित्वादेव न ते सिद्धिगमनसंख्यानुसारेण सूक्ष्मनिगोदाद् विनिर्गताः, ततश्च ते सिद्ध्यवच्छिन्नव्यवहारराशौ गण्यन्ते । एवं च यावन्तः सिद्ध्यन्ति, तावन्त एव अव्यवहारराशेः मध्याद् व्यवहारराशौ समागच्छन्तीति वचनेन सह न विरोधः । तथा सिद्धाः सिद्ध्यवच्छिन्नव्यवहारराशेः सकाशाद् अनन्तगुणाः सिद्ध्यनवच्छिन्नव्यवहारराशिस्तु अनादिबादरनिगोदरूपः सिद्धेभ्यः सकाशादनन्तगुणा इति सर्वं सुस्थम् ।

**ननु** तर्हि "अनादिवनस्पतय इति अनादिसूक्ष्मनिगोदानामेवाभिधानं, न तु बादरनिगोदानाम् ।" इत्यादिशास्त्रवचनानां महोपाध्यायैरेव प्रदर्शितानां का गतिः ? इति **चेत्,** किमत्र गूढं रहस्यमिति न वयं सम्यग्ज्ञातुं पारयामः । सम्भावयामो यदुत "अनादिवनस्पतय इति च सूक्ष्मनिगोदानामेवाभिधानम्" इति शास्त्रपाठस्येदं तात्पर्यम् । जिनागमेषु सर्वत्र अनादिवनस्पतिपदं सूक्ष्मनिगोदस्यैव वाचकं भवति इति । न तु "अन्योऽनादिवनस्पतिर्नास्ति" इति प्रतिपादकमिदं शास्त्रवचनम् । न हि अनादिवनस्पतय इति च सूक्ष्मनिगोदा एव, न तु बादरनिगोदा इति शास्त्रवचनम् । किन्तु अनादिवनस्पतय इति च सूक्ष्मनिगोदानामेवाभिधानं, न बादरनिगोदानां इति शास्त्रवचनम् । सूक्ष्मधियैतद् विभावनीयम् । बहुश्रुता एवात्र प्रमाणमित्यलं विस्तरेण ।

**ચન્દ્ર૦ : [પૂર્વપક્ષ :** બાદરનિગોદજીવો સિદ્ધિ-અવચ્છિન્નવ્યવહારરાશિમાં છે કે નથી ? એમ બે વિકલ્પો છે. જો "નથી" એમ બીજો વિકલ્પ સ્વીકારશો, તો બાદરનિગોદ જીવો કોઈક જીવના સિદ્ધિગમન રૂપ કારણ વિના જ સૂક્ષ્મનિગોદરૂપ અનાદિ વનસ્પતિમાંથી બહાર નીકળ્યા એમ અર્થાપત્તિથી સિદ્ધ થયું. (તો જ 'સિદ્ધિ-અવચ્છિન્ન નથી' એમ કહેવાય ને ?) અને તો પછી જેટલા જીવો સિદ્ધિને પામે એટલા જ જીવો અવ્યવહારરાશિમાંથી બહાર નિકળે એ શાસ્ત્રવચન સાથે વિરોધ આવે. કેમકે આ સિદ્ધિ-અનવચ્છિન્ન બાદરનિગોદજીવો તો એમને એમ જ અવ્યવહારરાશિમાંથી નીકળી ગયા ને ?

જો પહેલો વિકલ્પ માનો કે "બાદરનિગોદજીવો સિદ્ધિ-અવચ્છિન્ન વ્યવહારરાશિમાં છે." તો એ તો વધારે મુશ્કેલી કરે. કેમકે "સિદ્ધો સિદ્ધિ-અવચ્છિન્નવ્યવહારરાશિથી અનંતગુણ છે" એવી વાત તો ઉપાધ્યાયજીએ સ્વીકારી છે. એટલે હવે સિદ્ધો બાદરનિગોદજીવોથી અનંતગુણ છે એ પણ સિદ્ધ થાય. આ તો માન્ય બને એમ જ નથી.

આમ બેય વિકલ્પ ઘટતા નથી.

**સમાધાન :** માટે જ સૂરિ ચક્રવર્તિ શ્રી હીરસૂરીશ્વરજી મ. સા. ના શિષ્ય શ્રીસેનસૂરીશ્વરજીએ સેનપ્રશ્નમાં કહ્યું છે કે "બાદરનિગોદ અનાદિ પણ છે" આમ માનવાથી કોઈ જ વિરોધ ન આવે. અનાદિ બાદરનિગોદ સિદ્ધિગમનની સંખ્યા પ્રમાણે અવ્યવહારરાશિમાંથી નથી આવી. એ તો અનાદિકાળથી બાદરનિગોદ જ છે. વ્યવહારરાશિ જ છે. એટલે તે સિદ્ધિ-અનવચ્છિન્ન વ્યવહારરાશિ બને. આ સિદ્ધો કરતા પણ અનંતગુણ છે. જ્યારે સિદ્ધો સિદ્ધિ-અવચ્છિન્ન વ્યવહારરાશિથી અનંતગુણ છે એ પણ ઘટી શકે.

**શંકા :** પણ ઉપાધ્યાયજીએ જ શાસ્ત્રપાઠો બતાવ્યા છે ને ? કે "અનાદિવનસ્પતિ" એ સૂક્ષ્મનિગોદનું જ નામ છે. બાદરનિગોદનું નહિ. હવે તમે તો બાદરનિગોદને પણ અનાદિ માની ને ?

**સમાધાન :** આનું શું સમાધાન હોઈ શકે ? એ અમારા ખ્યાલમાં આવતું નથી. એવો આશય માનવો જોઈએ કે, શાસ્ત્રમાં જ્યાં જ્યાં "અનાદિવનસ્પતિ" શબ્દ વપરાયો છે, ત્યાં ત્યાં સૂક્ષ્મનિગોદની જ વિવક્ષા કરી છે એનો અર્થ એવો નથી કે બાદરનિગોદ અનાદિ ન જ હોય.

શાસ્ત્રોમાં વપરાતો અનાદિવનસ્પતિ શબ્દ સૂક્ષ્મનિગોદને જ દર્શાવે છે. પરંતુ "સૂક્ષ્મનિગોદ જ અનાદિવનસ્પતિ હોય" એવું તો કહ્યું નથી.

ફરીથી શાસ્ત્રપંક્તિ ધ્યાનથી જુઓ "**अनादिवनस्पतय इति सूक्ष्मनिगोदा एव**" એમ નથી કહ્યું. પરંતુ "**अनादिवनस्पतय इति च सूक्ष्मनिगोदानामेवाभिधानम्**" એમ કહેલ છે.

આ પ્રમાણેનું સમાધાન અમને ભાસે છે. છતાં બહુશ્રુતોને પૂછીને આ પદાર્થનો નિર્ણય કરવો.]

---

**यशो० : व्यवहारित्वभवनसिद्धिगमनयोरपर्यवसितत्वं चानादिसूक्ष्मनिगोदान्नियत-व्यवहारित्वाभिमुखजीवानां निर्गमान्नानुपन्नम् ।**

---

**चन्द्र० :** यत्तु पूर्वपक्षेण शङ्कितं "सूक्ष्मा बादराश्च निगोदजीवा अव्यवहारिण एव, अन्यथा तेषां व्यवहारित्वे व्यवहारराशेरुत्कृष्टकालोऽसंख्यपुद्गलपरिमाणकायस्थितित्वात् तावता कालेन सर्वेषामपि व्यवहारिणां मोक्षः, ततश्च मोक्षाभावः, मोक्षाभावे च कस्यापि अव्यवहारराशेर्विनिर्गत्य व्यवहारराशौ प्रवेशाभावः । एवं च व्यवहारित्वभवनस्य सिद्धगमनस्य च यदपर्यवसितत्वं शास्त्रे प्रसिद्धं, तदनुपपन्नम्" इति । तस्य समाधानं महोपाध्यायाः कथयन्ति – **व्यवहारित्वे**त्यादि । **नियतव्यवहारित्वे**त्यादि । **नियताः** =नियतपरिमाणा ये व्यवहारित्वाभि-मुखा जीवाः, तेषाम् । तथा सूक्ष्मनिगोदजीवेभ्यो व्यवहारित्वसंख्यानुसारेण जीवा निर्गच्छन्तीत्येव-मनन्तानन्तकालेऽपि नानादिसूक्ष्मनिगोदानां शून्यता, न वा सिद्धिगमनाद्यनुपपतिरिति ।

सिद्धिगमनव्यवहारित्वभवनयोरपर्यवसितत्वसंगत्यर्थं पूर्वपक्षैः सूक्ष्मा बादराश्च सर्वेऽपि निगोदजीवा अव्यवहारिणः परिकल्पिताः । किन्तु सूक्ष्मनिगोदजीवानामेवाव्यवहारित्वेऽपि प्रकृतसंगतिसम्भवाद् बादरनिगोदजीवानामव्यवहारित्वं न युक्तमिति तात्पर्यम् ।

**ચન્દ્ર૦ :** (પૂર્વપક્ષે બીજા નંબરનું અનુમાન કરેલ કે, "સૂક્ષ્મ અને બાદર નિગોદજીવો અવ્યવહારિ જ છે. જો તેમને વ્યવહારી માનો તો વ્યવહારીઓનો ઉત્કૃષ્ટ સ્થિતિકાળ અસંખ્યપુદ્ગલપરાવર્ત જ છે. અને એટલા કાળમાં તો બધાનો મોક્ષ થઈ જાય એટલે પછી તો કોઈપણ જીવ બાકી ન રહેતા કોઈનો મોક્ષ ન થાય. અને જો મોક્ષ બંધ પડે તો અવ્યવહારમાંથી વ્યવહારી થવાનું પણ બંધ પડે. કેમકે મોક્ષગમનની સંખ્યા પ્રમાણે જ અવ્યવહારીમાંથી વ્યવહારી થવાય છે. આમ સિદ્ધિગમન અને વ્યવહારિત્વભવન

અંતવાળા = પર્યવસિત બની જવાની આપત્તિ આવે. એ ન આવે તે માટે આ જીવોને અવ્યવહારી માનવા."

આનું સમાધાન મહોપાધ્યાયજી આપે છે કે, ભાઈ ! આ બે આપત્તિ દૂર કરવા માટે સૂક્ષ્મ અને બાદર બેય નિગોદજીવને અવ્યવહારી માનવાની શી જરૂર ? માત્ર સૂક્ષ્મનિગોદને જ અવ્યવહારી માનવાની. બાદરનિગોદને વ્યવહારી માનીએ તો કોઈ જ વાંધો નથી. તે આ પ્રમાણે -) જેટલા જીવો મોક્ષે જાય, બરાબર એટલી જ સંખ્યાવાળા અવ્યવહારીજીવો સૂક્ષ્મનિગોદમાંથી બહાર નીકળીને વ્યવહારી બને. સૂક્ષ્મનિગોદ તો એટલી બધી મોટી છે કે અનંતાનંતાનંત કાળે પણ એ ખાલી થવાની જ નથી. અને એટલે જ સિદ્ધિગમન અને વ્યવહારિત્વભવન પણ કદિ અટકવાનું નથી.

આમ બાદરનિગોદજીવોને વ્યવહારી જ માનીએ તો પણ સિદ્ધિગમનાદિનો અંત આવી જવાની આપત્તિ દૂર થઈ જતી હોવાથી કોઈ દોષ નથી.

---

**यशो० : आवलिकाऽसंख्येयभागपुद्गलपरावर्त्तमानत्वेन व्यावहारिकाणां सर्वेषां सिद्ध्यापत्तिस्तु स्यात्, तत्राभव्यस्य व्यावहारिकत्वानुरोधेन निगोदत्वेन तिर्यक्त्वनपुंसकत्वादिना च कायस्थितिप्रतिपादकानां सूत्राणां व्यावहारिकविशेषविषयत्वं वा कल्पनीयम्, अन्यो वा कश्चित् सूत्राभिप्राय इत्यत्र बहुश्रुता एव प्रमाणम्।**

---

**चन्द्र०** : तृतीयेऽनुमाने पूर्वपक्षेण कथितम् - सांव्यवहारिकाः सिद्ध्यन्त्येव आवलिकाऽसंख्येयभागप्रमाणपुद्गलपरावर्त्तस्थितिवत्त्वात् । ततश्च यदि अभव्या अपि सांव्यावहारिकाः स्युः, तर्हि तेषामपि सिद्धिः स्यात् । न चैतदिष्टम् । तस्मात् अभव्या अव्यवहारिण एव मन्तव्याः-इति । तत्र महोपाध्यायाः समादधति-**आवलिकाऽसंख्ययेये**त्यादि । **स्यात्** = यद्यपि इयमापत्तिः सम्भवत्येव **तत्र** = सर्वेषां व्यावहारिकाणां सिद्धिगमनापत्तौ सत्यां **अभव्यस्ये**त्यादि ।

अयं भावः - व्यवहारिणां या स्थितिः प्रतिपादिता, तदनुसारेण तावत्स्थितेः पश्चात् सर्वेषां व्यवहारिणां सिद्धगमनं भवेदेव । किन्तु प्रभूतशास्त्रपाठैरेतदपि सिद्धं यदुत अभव्या व्यवहारिण इति । ततश्च यदि व्यवहारिणां स्वस्थितिपूर्णतायां सिद्धगमनं यदि मन्यते तर्हि अभव्यानामपि मोक्षो मन्तव्यः स्यात् । स च न युक्तः । एतदापत्तिवारणार्थं पूर्वपक्षैः अभव्यानामव्यवहारित्वं परिकल्पितं, किन्तु तत्र अभव्यानां व्यवहारित्वप्रतिपादकानां प्रभूतशास्त्रपाठानां का गतिः ?

ततश्चान्यत्कि ञ्चित्समाधानमन्वेषणीयम् । तच्चेदम् -**निगोदत्वेने**त्यादि । अभव्यस्य **व्यावहारिकत्वानुरोधेन =** व्यवहारित्वमनुसृत्य, कायस्थितिप्रतिपादकानां सूत्राणां निगोदत्वेन तिर्यक्त्वनपुंसक त्वादिना च **व्यावहारिकविशेष-विषयत्वं वा =** अग्रिमविकल्पापक्षेयाऽयं 'वा' पदप्रयोगः, **कल्पनीयम् ।** तथा च सूत्रे या व्यवहारिणामसंख्यपुद्गलपरावर्त्तप्रमाणस्थितिः प्रतिपादिता, सा निगोदरूपाणां व्यवहारिणां तिर्यग्रूपाणां व्यवहारिणां नपुंसक रूपाणां च व्यवहारिणां यथायोगमवगन्तव्या । एवं च न कश्चिद् दोषः ।

यदि हि व्यवहारिणां सा स्थितिर्भवेत्, तर्हि तदनन्तरं व्यवहारिणामव्यवहारित्वासम्भवाद् मोक्ष एव मन्तव्यो भवेत् । किन्तु यदि निगोदादिनां सा स्थितिर्भवेत्, तर्हि तदनन्तरं निगोदादयः प्रत्येक ादिजीवेषु गत्वा पुनर्निगोदादिषु आगच्छेत्, एवं सर्वदा सम्भवेत्, ततश्च व्यवहारिणां अभव्यानां सिद्धिगमनापत्तिर्न स्यात् ।

उपाध्यायाः स्वाभिप्राये कदाग्रहाभावं दर्शयन्ति - **अन्यो वा कश्चित् =** केवलिगम्यः **सूत्राभिप्रायः ? =** "व्यवहारिक ाणां क ायस्थितिः असंख्यपुद्गलपरावर्त्तप्रमाणः" इति प्रतिपादकस्य कायस्थितिस्तोत्रादिरूपस्य सूत्रस्याभिप्रायः ? **इत्यत्र =** मत्कथितसमाधानं अन्यद् वा समाधानमिति विकल्परूपे **बहुश्रुता एव =** परिज्ञातजिनवचनरहस्या एव, न तु अहं वा यूयं वा इत्येवकारार्थः, **प्रमाणम् ।**

**<u>चन्द्र</u>०** : (પૂર્વપક્ષે ત્રીજા અનુમાનમાં આ પ્રમાણે કહેલું કે, "સાંવ્યવહારિકો મોક્ષ પામે જ. આવલિકાના અસંખ્યાતમા ભાગ પ્રમાણ પુદ્ગલપરાવર્ત જેટલી સ્થિતિવાળા હોવાથી અને એટલે જો અભવ્યો પણ વ્યવહારી હોય, તો તેઓનો પણ મોક્ષ થાય. એ તો ઈષ્ટ નથી. તેથી અભવ્યો અવ્યવહારી જ માનવા જોઈએ.

તેમાં મહોપાધ્યાયજી સમાધાન આપે છે કે,) આવલિકાના અસંખ્યાતમા ભાગ જેટલા પુદ્ગલપરાવર્ત જેટલી જ કાયસ્થિતિ હોવાને લીધે તમામે તમામ વ્યવહારીઓની સિદ્ધિ થવાની આપત્તિ જો કે આવે છે. પણ પુષ્કળ શાસ્ત્રપાઠોથી એક વાત તો નક્કી જ છે કે અભવ્યો વ્યવહારી છે. એટલે હવે જો બધા વ્યવહારીઓનો મોક્ષ માનીએ તો અભવ્યોનો ય મોક્ષ માનવો પડે. આ મુશ્કેલી દૂર કરવા માટે આ પ્રમાણે માનવું જોઈએ કે વ્યવહારીની કાયસ્થિતિનું નિરૂપણ કરનારા જે સૂત્રો છે. એ શુદ્ધવ્યવહારીની કાયસ્થિતિને જણાવનારા નથી, પણ યથાયોગ (જ્યાં જે રીતે સંભવે તેમ) નિગોદરૂપ વ્યવહારી, તિર્યંચરૂપ વ્યવહારી અને નપુંસકરૂપ વ્યવહારીની કાયસ્થિતિ નિરૂપણ કરનારા છે.

(અર્થાત્ - વ્યવહારીઓની કાયસ્થિતિ અસંખ્યપુદ્ગલપરાવર્તકાળ છે. આવા સૂત્રનો અર્થ આ પ્રમાણે કરવો કે, નિગોદરૂપ વ્યવહારીઓની-તિર્યંચરૂપ વ્યવહારીની-નપુંસકરૂપ વ્યવહારીની કાયસ્થિતિ અસંખ્યપુદ્ગલપરાવર્ત છે.)

આમ સૂત્રો વિશેષવ્યવહારીવિષયક છે એમ માની લેવાથી બધી આપત્તિ દૂર થશે. (તે આ પ્રમાણે - અભવ્યો વ્યવહારી બની શકે છે એ નક્કી છે. હવે જો વ્યવહારીની કાયસ્થિતિ અસંખ્યપુદ્ગલપરાવર્ત માનીએ તો એ પૂર્ણ થયા બાદ વ્યવહારી જીવ વ્યવહારિત્વ છોડીને કાં તો અવ્યવહારી બને (પણ એ તો માન્ય નથી.) કાં તો મોક્ષ પામે. હવે અભવ્યોના તો મોક્ષ ન જ થાય. પરંતુ નિગોદાદિરૂપ વ્યવહારીની એ કાયસ્થિતિ છે. એમ માની લેવાથી આપત્તિ દૂર થાય. અભવ્ય નિગોદાદિરૂપ વ્યવહારીમાં એટલી સ્થિતિ પુરી કરી પૃથ્વ્યાદિમાં જાય, વળી પાછા નિગોદાદિરૂપ વ્યવહારી બને, વળી ત્યાંની કાયસ્થિતિ પૂર્ણ કરી વળી પાછો પૃથ્વ્યાદિમાં જાય, આમ અનંત અનંતપુદ્ગલપરાવર્તકાળ કાઢે અને તેનો મોક્ષ થવાની આપત્તિ ન આવે.)

"આ કે બીજો કોઈક આ સૂત્રનો અભિપ્રાય છે?" એ બાબતમાં બહુશ્રુતો જ પ્રમાણ છે. માત્ર તમે કે હું નહિ. (કાયસ્થિતિ સ્તોત્રાદિમાં જે વ્ય.રાશિની અસંખ્યપુદ્ગલપરાવર્તકાળ સ્થિતિ બતાવી છે તે નિગોદ, તિર્યંચ, નપુસંકરૂપ વ્યવહારીની જાણવી. એટલે કોઈ વાંધો ન આવે. આ જ વાત અન્યત્ર સમજી લેવી. આમ ઉપાધ્યાયજીએ કાયસ્થિતિસ્તોત્રાદિ અંગેનું સમાધાન અત્રે આપી દીધું.)

---

**यशो० : अवश्यं च सूत्राभिप्रायः कोऽपि मृग्यः, अन्यथा बहवो भव्यास्तावदेतावतः कालात्सिध्यन्ति, अन्ये तु स्वल्पात्, अपरे तु स्वल्पतरात् यावत्केचिन्मरुदेवीस्वामिनीवत् स्वल्पेनैव कालेन सिध्यन्ति, अभव्यास्तु कदाचिदपि न सिध्यन्तीति भवभावनावृत्त्यादि-वचनादभव्यानां भव्यानां च यदुक्ताधिकसंसारभेदभणनं तन्नोपपद्येत ।**

---

**चन्द्र० : ननु** किमिति मिथ्याप्रयासः सूत्राभिप्रायगवेषणे क्रियते ? यत्सूत्र उक्तं तदेव मन्तव्यं, किं गूढार्थचिन्तनेनेत्यत आह - **अवश्यं च** इत्यादि । **कोऽपि** = शास्त्रवचनानामविरोधसाधकः **मृग्यः** = गवेषणीयः । **अन्यथा** = सूत्रोक्तमात्रस्वीकारे **बहवो भव्याः** इत्यादि, **अभव्यास्तु कदाचिदपि न सिध्यन्ति** इत्यन्तं यदुक्तं तन्न घटते, यतोऽभव्या व्यवहारिणः सूत्रोक्तमात्रस्वीकारेऽवश्यं असंख्यपुद्गलपरावर्त्तानन्तरं मोक्षं गच्छेयुरिति । तस्मात्

सूत्राभिप्रायोऽवश्यं गवेषणीयः ।

तथा **भवभावने**त्यादि, प्राक्प्रदर्शितभवभावनावृत्तिपाठे भव्यानामभव्यानां च अनन्तपुद्गलपरावर्त्तकालपरिभ्रमणं प्रतिपादितम् । यदि च व्यवहारिणामसंख्यपुद्गलपरावर्त्तमानैव स्थितिः स्यात्, तर्हि एते भव्या अभव्याश्च व्यवहारिणोऽपि कथं अनन्तपुद्गलपरावर्त्तान् परिभ्रमेयुरिति ।

**ચન્દ્ર૦ : (પૂર્વપક્ષ :** આ બધી સૂત્રાભિપ્રાયોની ગવેષણા કરવાની શી જરૂર છે ? જે સૂત્રમાં કહ્યું છે તે સીધુ જ માની લેવાનું. નાહકની પેટ ચોળીને શૂળ ઉભી કરવાની પદ્ધતિ બરાબર નથી.)

**ઉપાધ્યાયજી :** શાસ્ત્રપાઠો વચ્ચેના વિરોધને દૂર કરી આપે એવો કોઈક સૂત્રાભિપ્રાય શોધવો જ જોઈએ. જો સૂત્રાભિપ્રાય ન શોધીએ અને સૂત્રમાં જેમ લખ્યું છે, એમ સીધે સીધું માની લઈએ તો મોટી મુશ્કેલી ઉભી થાય. કેમકે ઘણા ભવ્યો આટલા કાળમાં (અસંખ્યપુદ્ગલપુરાવર્ત) સિદ્ધ થાય છે. બીજા ભવ્યો તેનાથી ઓછા કાળમાં, બીજાઓ વળી તેનાથી પણ ઓછા કાળમાં...એમ કેટલાક મેરૂદેવીસ્વામિનીની જેમ અત્યંત ઓછા કાળ વડે સિદ્ધ થાય છે. અભવ્યો તો ક્યારેય સિદ્ધ થતા નથી. આ વચન શી રીતે ઘટે? સૂત્રોક્તમાત્રનો સ્વીકાર કરવામાં તો અભવ્યોનો મોક્ષ થવાની આપત્તિ સ્પષ્ટ જ છે.

તથા ભવભાવનાની ટીકા વિગેરેના વચન અનુસારે ભવ્યો અને અભવ્યો (વ્યવહારી)નું જે અસંખ્યપુદ્ગલપરાવર્ત કરતા વધારે કાળના સંસારનું કથન કર્યું છે, તે પણ ન ઘટે. કેમકે વ્યવહારી તો અસંખ્યપુદ્ગલપરાવર્તમાં મોક્ષ પામે જ. આ ભવ્યો અભવ્યો તો વ્યવહારી હોવા છતાં અસંખ્યપુદ્ગલપરાવર્તથી પણ વધુ એવા સંસારભેદને (જુદાજુદા પ્રકારના સંસારો એ સંસારભેદો કહેવાય.) પામેલા જ છે. તો એ ઘટે નહિ.

---

**यशो० : यत्तु परेणोक्तं**-'यत्तु क्वचिदाधुनिकप्रकरणादौ प्रज्ञापनाद्यागमविरुद्धानि वचनानि भवन्ति, तत्र तीर्थान्तर्वर्त्तिनामसद्ग्रहाभावादनाभोग एव कारणम्।' तथा 'अभव्या न व्यवहारिणो नाप्यव्यवहारिणः, किन्तु व्यवहारित्वादिव्यपदेशबाह्या इति ते व्यावहारिकमध्ये न विवक्षितास्तेषां सम्यक्त्वप्रतिपतितानामनन्तभागवर्त्तित्वेनाल्पत्वादि'**ति,**

---

**चन्द्र० : यत्तु** = अनन्तरमेव दर्शयिष्यमाणं **परेण** = पूर्वपक्षेण **उक्तं** निजग्रन्थे । यदुक्तं तदेवाह - **यत्तु** इत्यादि, **क्वचित्** = कुत्रचिद् **आधुनिकप्रकरणादौ** = भवभावनावृत्त्यादौ

**प्रज्ञापनाद्यागमविरूद्धानि वचनानि** = व्यवहारिणामपि अनन्तपुद्गलपरावर्त्तपरिभ्रमणादि-प्रतिपादकानि । **तत्र** = तेषु वचनेषु **तीर्थान्तर्वर्त्तिनां** = तपागच्छमध्यवर्त्तिनां भवभावना-वृत्त्यादिरचयितृणां **असद्ग्रहाभावात्** =ते हि महात्मानः, ततस्तेषां कदाग्रहो न सम्भवति, ततश्च कदाग्रहाभावात् **अनाभोग एव** = अनुपयोग एव **कारणं** = जिनागमविरूद्धेषु वचनेषु कार्यरूपेषु इति । **तत्र**पदस्य **कारण**पदेन सहान्वयः ।

पूर्वपक्ष एव आह - **तथा अभव्या न व्यवहारिणः** = अन्यथा मोक्षापत्तेः, **नाप्यव्यवहारिणः** = पृथ्व्यादिव्यवहारविषयत्वात् । **व्यवहारित्वादिव्यपदेशबाह्याः** = आदिशब्दादव्यवहारित्वपरिग्रहः । **इति** = व्यवहारित्वादिव्यपदेशबाह्यत्वात् कारणात् **ते** = अभव्याः । **ननु** व्यवहारिकमध्ये तेषां गणनं कथं न क्रियते ? इत्यत्र कारणमाह -**तेषां** = अभव्यानां **सम्यक्त्वे**त्यादि, व्यवहारिणां मध्ये अनादिमिथ्यात्विनः, सम्यग्दृष्टयः, सम्यक्त्वपरिभ्रष्टादयश्चापि भवन्ति । तत्र सम्यक्त्वप्रतिपतिताः, तेषामपि अनन्तभागवर्त्तिनोऽभव्याः, ततश्च तेषां **अल्पत्वात्** न ते व्यावहारिकमध्ये विवक्षिताः ।

**ચન્દ્ર૦** : પૂર્વપક્ષે પોતાના ગ્રન્થમાં જે કહ્યું છે કે, "ક્યાંક આધુનિક = નવા પ્રકરણાદિમાં (ભવભાવના વિગેરેમાં) પ્રજ્ઞાપના વિગેરે આગમોથી વિરૂદ્ધ એવા વચનો છે. ત્યાં એમ સમજવું કે તે મહાત્માઓ તપાગચ્છ રૂપ તીર્થની અંદર રહેલા હોવાથી તેઓને કદાગ્રહ હોઈ ન શકે. અને તેથી કદાગ્રહનો અભાવ હોવાને લીધે તેઓનો અનાભોગ = અનુપયોગ જ છે. (આગમવિરૂદ્ધવચનોમાં કદાગ્રહ નથી, માટે અનાભોગ જ માનવો પડે.)

વળી અભવ્યો વ્યવહારી નથી, અવ્યવહારી પણ નથી, પરંતુ વ્યવહારિત્વ વિગેરે વ્યપદેશ = વ્યવહાર (આ વ્યવહારી છે એવો વ્યવહાર) થી બાહ્ય છે. અને એટલે તેઓ વ્યવહારીઓની અંદર વિવક્ષા કરાયેલા નથી. તેનું કારણ એ છે કે અભવ્યો (વ્યવહારીના એક ભાગરૂપ એવા) સમ્યક્ત્વભ્રષ્ટજીવોના પણ અનંતમાં ભાગ જેટલા જ છે. એટલે તે ઘણા ઓછા છે અને માટે તેમની વ્યવહારી તરીકે ગણના કરી નથી."

---

**यशो० : तदतिसाहसविजृम्भितम्, अभिप्रायमज्ञात्वा प्राचीनप्रकरणविलोपे महाऽऽशातनाप्रसङ्गात् । अभव्यानामपि व्यावहारिकबहिर्भावे नियतकायस्थितिरूप-संसारपरिभ्रमणानुपपत्तेः**

---

**चन्द्र०** : महोपाध्यायाः प्रत्युत्तरयन्ति - **तत्** = अनन्तरोदितं पूर्वपक्षवचनं **अतिसाहस-**

**विजृम्भितं =** महाशातनाभयाभावजन्यमिति भावः । तत्र कारणमाह - **अभिप्रायं =** आधुनिकप्रकरणादिकर्तुर्महात्मन इति शेषः**प्राचीने**त्यादि ।

एवं तावत् - "अनाभोग एव कारणम्" इत्यन्तं यावत्पूर्वपक्षवचनं खण्डितम् । अधुना "तथा अभव्या न" इत्यादिपूर्वपक्षवचनं खण्डयन्नाह - **अभव्यानामपि =** अस्तु तावदनादिनिगोदानां व्यवहारिकबर्हिभाव **इत्यपि**शब्दार्थः । **नियते**त्यादि । नियता = असंख्यपुद्गलपरावर्त्तअसंख्योत्सर्पिण्यवसर्पिणी-सप्ततिकोटाकोटिसागरोपमादिरूपा या **कायस्थितिः =** वनस्पतिपृथिव्यादिरूपाणां कायानां स्थितिः, तद्रूपं यत् संसारपरिभ्रमणं, तद**नुपपत्तेः** सर्वा अपि कायस्थितयो व्यवहारिपृथ्व्यप्तेजोवायुवनस्पतिद्वीन्दियत्रीन्द्रिय-चतुरिन्द्रियपञ्चेन्द्रियादीनाश्रित्यैवोक्ताः, न हि व्यवहारिराशिबाह्यस्य नियता कायस्थितिरस्ति । एवं च अभव्या व्यवहारिणो न स्युः, तर्हि व्यवहारिजीवसम्बन्धिन्यः कायस्थितयस्तेषां न भवेयुः । किन्तु अभव्यास्तु ताः कायस्थितीः आश्रित्यैव परिभ्रमणं कुर्वन्ति, न हि पृथ्व्यादिषु तत्कायस्थितीरुल्लङ्घ्य तिष्ठन्ति । एतच्चाभव्यानां व्यवहारित्व एव सङ्गच्छेत्, नान्यथेति ।

<u>**ચન્દ્ર૦**</u> **: ઉપાધ્યાયજી :** "ભવભાવનાદિગ્રન્થોનું નિરૂપણ આગમવિરૂદ્ધ છે" એવું પૂર્વપક્ષનું વચન અતિસાહસનું જ કાર્ય છે. એમનામાં મોટી આશાતનાનો ભય નહિ હોય માટે જ આવું બોલી શકે. કેમકે આધુનિક પ્રકરણાદિના રચનારા મહાત્માઓને તે તે વચનો લખવા પાછળનો શું અભિપ્રાય છે ? ઈત્યાદિ જાણ્યા વિના "એ પ્રાચીનપ્રકરણો તો શાસ્ત્રવિરૂદ્ધ છે" એમ કહી તેમનો વિલોપ કરવામાં મોટી આશાતના લાગે. (પૂર્વપક્ષે એ ગ્રન્થોને "આધુનિક" કહેલો, એ આગમોની અપેક્ષાએ જાણવું. આગમો ઘણા જુના હોવાથી ભવભાવનાદિ ગ્રન્થો આધુનિક કહેવાય. જ્યારે ઉપાધ્યાયજીએ એ જ ગ્રન્થોને પ્રાચીન કહ્યા છે. તે વર્તમાનકાળની અપેક્ષાએ ઉપાધ્યાયજીના કાળની અપેક્ષાએ તે ગ્રન્થો પ્રાચીન કહેવાય.)

(આમ "अनाभोग एव कारणम्" ત્યાં સુધીના પૂર્વપક્ષનું ખંડન કરી "હવે तथा अभव्या..." એ પૂર્વપક્ષનું ખંડન કરવાની શરૂઆત કરે છે.)

અનાદિસૂક્ષ્મનિગોદ તો વ્યવહારિથી બાહ્ય છે જ, પણ અભવ્યને પણ જો વ્યવહારીઓથી બહાર ગણશો તો તેઓનું નિયત = ચોક્કસ કાયસ્થિતિ રૂપ જે સંસારપરિભ્રમણ થાય છે, તે ન ઘટે. (આશય એ છે કે પૃથ્વી, જલાદિ કાયોની જે સ્થિતિ બતાવી છે, તે બધી વ્યવહારીજીવોને જ ઘટે છે. અવ્યવહારીઓની કાયસ્થિતિ નિયત

= ચોક્કસ નથી હોતી. જ્યારે ૭૦ કો.કો. સાગરોપમ, અસંખ્ય ઉત્સર્પિણી... ઇત્યાદિ નિયત = ચોક્કસ કાયસ્થિતિઓ વ્યવહારીઓમાં જ હોય છે.

હવે જો અભવ્યો અવ્યવહારી હોય તો તેઓ વ્યવહારીની નિયત કાયસ્થિતિ પ્રમાણે જ પરિભ્રમણ શા માટે કરે ? શા માટે અભવ્યો પૃથ્વી વિગેરેમાં એની કાયસ્થિતિ કરતા પણ વધુ કાળ ન રહે ? પણ અભવ્યો બરાબર એ કાયસ્થિતિ પ્રમાણે જ પરિભ્રમણ કરે છે. માટે તેઓને વ્યવહારી જ ગણવા જોઈએ.)

**यशो० : यादृच्छिककल्पनयाऽसमञ्जसत्वप्रसंगात्,**

**चन्द्र० : ननु** अभव्या मा भवतु व्यवहारिणः, किन्तु तेऽव्यवहारिणोऽपि न सन्ति । किन्तु नोव्यवहारिणो नो-अव्यवहारिणश्च सन्ति । अव्यवहारिणां एव च नियतकायस्थितिरूपं संसारपरिभ्रमणं न सम्भवति, नोव्यवहारि-नो-अव्यवहारिणां तु तादृशसंसारपरिभ्रमणं सम्भवतीति न दोष इत्यत आह - **यादृच्छिककल्पनया** = शास्त्रे कुत्राऽप्यदृश्यमाना, अत एव स्वच्छन्दमतिपरिकल्पिता या "नोव्यवहारि-नोअव्यवहारिणोऽभव्याः" इति कल्पना, तया **असमञ्जसत्वप्रसंगात्** = व्यवस्थाविलोपप्रसङ्गात् । "व्यवहारिणामेव नियतकायस्थितिस्वरूपं संसारपरिभ्रमणम्" इति हि व्यवस्था । भवदुक्तकल्पनया तु नोव्यवहारि-नोअव्यवहारिणामपि तत्स्यात् । एवं च अन्येन क्रियमाणया अन्ययाऽपि कयाचित्कल्पनया अन्यदपि किञ्चिन्नूतनं स्यात् । न चेदं युक्तमिति ।

**ચન્દ્ર૦ : (પૂર્વપક્ષ :** અભવ્યો ભલે વ્યવહારી નથી, પણ તેઓ અવ્યવહારી પણ નથી. પરંતુ તેઓ નો-વ્યવહારિ નો-અવ્યવહારી છે. અવ્યવહારીઓને જ નિયતકાયસ્થિતિરૂપ સંસારપરિભ્રમણ ન સંભવે નો-વ્યવહારી નો-અવ્યવહારીને તો તાદૃશ સંસારપરિભ્રમણ સંભવે એટલે કોઈ દોષ નથી.)

**ઉપાધ્યાયજી :** આ રીતે શાસ્ત્રમાં ક્યાંય ન દેખાતી અને માટે જ સ્વચ્છંમતિથી ઉભી કરાયેલી જે "અભવ્યો નોવ્યવહારી-નોઅવ્યવહારી છે" ઈત્યાદિ કલ્પના છે, તેના દ્વારા તો મોટી ગરબડ થઈ જાય. વ્યવસ્થા ભાંગી પડે.

(આશય એ કે "વ્યવહારીઓને જ નિયતકાયસ્થિતિરૂપ સંસારભ્રમણ હોય" એવી વ્યવસ્થા છે. પણ તમે કહેલી કલ્પના પ્રમાણે તો નોવ્યવહારી-નો-અવ્યવહારીને પણ તે થાય. અને આ રીતે તો કોઈ વળી બીજો વ્યક્તિ બીજી કલ્પના કરશે તો એના વડે બીજું પણ કંઈક નવું સિદ્ધ થશે. આ બધું યોગ્ય નથી.)

**यशो० : नोव्यवहारित्वनोअव्यवहारित्वपरिभाषामात्रस्य चाभव्येष्विवोक्ताधिक-संसारिजीवेष्वपि कल्पयितुं वा शक्यत्वाच्च न किंचिदेतदिति दिग् ।।९।।**

**चन्द्र०** : महोपाध्याया अन्यत्समाधानमाह - **नोव्यवहारित्वे**त्यादि । इदं तात्पर्यम् । यथा अभव्येषु नोव्यवहारित्व-नोअव्यवहारित्वरूपां परिभाषां परिगृह्य तेषां नियतकायस्थितिरूपं संसारपरिभ्रमणं व्यवस्थापितम् । तथैव भवभावनावृत्त्यादौ अव्यवहारिणामपि यद् असंख्यपुद्गलपरावर्त्तेभ्योऽप्यधिकः संसारः प्रतिपादितः, तादृशाधिकसंसारवत्स्वपि जीवेषु नोव्यवहारित्व-नोअव्यवहारित्वपरिभाषा कल्पयित्वेदं वक्तुं शक्यते यदुत "न ते जीवा व्यवहारिणः, किन्तु नोव्यवहारि-नोअव्यवहारिणः । ततश्च तेषां व्यवहारिसम्बन्धि-कायस्थितत्वाऽधिकोऽपि संसारः सम्भवेत्" इति ।

तस्मान्नेयं भवतां परिभाषा न्याय्या ।

**दिग्** = अद्यापि बहु प्रदर्शनीयं अवशिष्टं, तत्तु "**दिग्**" इतिपदेन सूचितम् ।

।। इति धर्मपरिक्षाग्रन्थे चन्द्रशेखरीयाटीकासमलङ्कृतो द्वितीयविभागः सम्पूर्णः ।।

**ચન્દ્ર૦** ઉપાધ્યાયજી બીજો ઉત્તર આપે છે કે "તમે જેમ અભવ્યોમાં નોવ્યવહારિ...ની પરિભાષાનો સ્વીકાર કરી લઈને અભવ્યોમાં નિયત એવું સંસારભ્રમણ સંગત કરી દીધું. એમ અમે પણ ભવભાવનાદિગ્રન્થોમાં જે પ્રસિદ્ધકાયસ્થિતિ કરતા પણ અધિક સંસારવાળા જીવો બતાવ્યા છે, તેઓમાં પણ અમે નોવ્યવહારિત્વ...ની પરિભાષાનો સ્વીકાર કરીને કહેશું કે તેઓ વ્યવહારી નથી. પરંતુ નોવ્યવહારિ...છે. માટે તેઓમાં અધિક સંસાર સંભવી શકે.

આમ માત્ર પરિભાષાઓ બનાવીને જ સમાધાનો શોધવાના હોય, તો અમે પણ આ રીતે શોધી શકીએ છીએ. માટે તમારી વાત બરાબર નથી."

આ વિષયમાં હજી ઘણી બધી બાબતો જણાવવા જેવી છે માટે જ ઉપાધ્યાયજીએ **દિગ્** શબ્દનો પ્રયોગ કરીને આ વિષય છોડી દે છે.

**यदीय सम्यक्त्वबलात्प्रतीमो, भवादृशानां परमस्वभावम् ।**
**कुवासनापाशविनाशनाय, नमोऽस्तु तस्मै तव शासनाय ।।**

# परिशिष्ट

**(१) 'जइआ होही पुच्छा, जिणाणमग्गम्मि उत्तरं तइया । इक्कस्स निगोयस्स अणंतभागो य सिद्धिगओ ॥'** इत्येतद्वचः किं बादरनिगोदापेक्षिकमुत सूक्ष्मनिगोदापेक्षिकम् ? सूक्ष्मनिगोदापेक्षायामपि संव्यावहारिकसूक्ष्मनिगोदापेक्षिकत्वे व्यवहारराशिमनुप्राप्ता अपि केचन जीवा न मुक्तिं कदाचिद् यास्यन्ति इति महत्यनुपपत्तिः क निरस्यति ?

अत्रोत्तरं - एकस्य निगोदस्यानन्ततमो भागो मोक्षं गत इति सामान्येनोक्तमस्ति, न तु सूक्ष्मनिगोदस्य बादरनिगोदस्य वेति विवेकेन । परमुभयथाऽपि न कश्चिद् विरोधः, यतो व्यवहारराशिं प्राप्ताः सर्वे जीवा मोक्षे यान्ति इति नियमो नास्ति, तथा च श्रीमदुद्भाविताऽनुपपत्तिरप्यनवकाशेति । **सेनप्रश्न प्रथमोल्लास ७४**

(२) सिज्झंति जत्तिआ किर इह संववहारजीवरासिओ । जंति अणाइवणस्सइ राशिओ तत्तिआ तंमि ॥ इति वचनानुसारेण यावन्तः सिध्यन्ति तावन्त एव जीवा अनादिनिगोदाद् व्यवहारराशौ यान्ति, एवं सति अनादिसंसारमाश्रित्य विचारे यावन्तः सिद्धाः, तावन्त एव सदैव व्यवहारिणोऽपि मृग्यन्ते, नाधिकाः । परं, 'जइआ होइ पुच्छा...' एतदनुसारेण एकस्य सूक्ष्मबादरान्यतरनिगोदस्यानन्ततमो भागः सिद्धि-गतः, तथैव व्यवहारिणोऽप्येकस्य निगोदस्य अनन्ततम एव भागः युज्यते । दृश्यन्ते च 'जीवाः सर्वे व्यवहार्यव्यवहारितया द्विधा । सूक्ष्मनिगोदा एवान्त्यास्तेऽन्येऽपि व्यवहारिणः ॥' इत्येतद्व्यवहारिलक्षणानुसारेण बादरनिगोदादौ सिद्धेभ्योऽनन्तानन्तगुणाः, तस्मान्न ज्ञायन्ते सिद्धेभ्यो व्यवहारिजीवा अधिका वा तुल्या वेति सम्यक् प्रसाद्यम् । इति प्रश्नः,

अत्रोत्तरम् - सिद्धा निगोदस्यानन्ततमे भागे उक्ताः, निगोदाश्च द्विधा-सूक्ष्मा बादराश्च, यावन्तः सिध्यन्ति, तावन्तः सूक्ष्मनिगोदेभ्यो व्यवहारराशौ समायान्ति, तथा च कथं सिद्धजीवानां व्यवहारराशिजीवानां च तुल्यता, 'सिज्झंति जत्तिया' इत्यादिगाथार्थोऽपि व्यवहारराशेस्तत्तद्ग्रन्थानुसारेणानादितया प्रतिभासात्तदनुरोधेनैव भावनीयः, **सेनप्रश्न द्वितीयोल्लासः २१०**

(१) પાઠ નં. ૧ માં જણાવેલું છે કે વ્યવહારરાશિમાં આવેલા બધા જ જીવો

મોક્ષમાં જાય, એવો નિયમ નથી. (અર્થાત્ અભવ્યો તો મોક્ષમાં ન જ જાય, પણ વ્યવહારરાશિમાં આવેલા ભવ્યો પણ મોક્ષમાં ન જાય એવું બની શકે.)

(૨) આમાં સૌથી છેલ્લે જે લખેલું છે કે **व्यवहारराशेस्तत्तद्ग्रन्थानुसारेणा-नादितया प्रतिभासात्...** એનો અર્થ આ પ્રમાણે છે કે તે તે ગ્રન્થના અનુસારે વ્યવહારરાશિ અનાદિ જણાય છે.

આમ સેનપ્રશ્નની આ પંક્તિ પ્રમાણે વ્યવહારરાશિ અનાદિ તરીકે પણ સ્વીકારવામાં આવી છે. એ સ્પષ્ટ થાય છે.

એટલે સાદિ વ્યવહારરાશિ કરતા સિદ્ધો અનંતગુણા ! એ વાત **सिज्झंति** પાઠના આધારે માનવાની. જ્યારે અનાદિ વ્યવહારરાશિ સિદ્ધો કરતા અનંતગુણી ! ત્યાં આ **जइया य होइ पुच्छा...** એ પાઠ લગાડવાનો.

સાર :

→ અવ્યવહારરાશિથી સિદ્ધો અનંતમાં ભાગે. [जइया य होइ पुच्छा...]

→ અનાદિ વ્યવહારાશિથી સિદ્ધો અનંતમાં ભાગે. [जइया य होइ पुच्छा...]

→ સાદિ વ્યવહારરાશિથી સિદ્ધો અનંતગુણા. [सिज्झंति जत्तिया किर...]

આ રીતે અર્થ સંગત ભાસે છે.

# સ્વાધ્યાયોપયોગી પુસ્તકો

## સાધન ગ્રન્થો

(૧) કલ્યાણ મંદિર (૨) રઘુવંશ (૧-૨ સર્ગ) (૩) કીરાતાર્જુનીય (૧-૨ સર્ગ) (૪) શિશુપાલવધ (૧-૨ સર્ગ)
(૫) નૈષધીયચરિતમ્ (૧-૨ સર્ગ) શ્લોક, અર્થ, સમાસ, અન્વય, ભાવાર્થ સહિત.
ન્યાય સિદ્ધાંત મુક્તાવલિ (ભાગ ૧-૨) ગુજરાતી વિવેચન સહિત.
વ્યાપ્તિપંચક... ચન્દ્રશેખરીયાવૃત્તિ સહિત • સિદ્ધાન્ત લક્ષણ (ભાગ ૧-૨)... ચન્દ્રશેખરીયાવૃત્તિ સહિત
સામાન્યનિરુક્તિ (ગુજરાતી વિવેચન) • અવચ્છેદકત્વનિરુક્તિ (ગુજરાતી વિવેચન)

## આગમ ગ્રન્થો

| | |
|---|---|
| ઓઘનિર્યુક્તિ (ભાગ ૧-૨) | દ્રોણાચાર્ય વૃત્તિ + ગુજરાતી ભાષાંતર (પ્રતાકારે) |
| ઓ.નિ. સારોદ્ધાર (ભાગ ૧-૨) | વિશિષ્ટ પંક્તિઓ ઉપર વિવેચન (પ્રતાકારે) |
| દસવૈકાલિક સૂત્ર (ભાગ ૧ થી ૪) | હારિભદ્રીવૃત્તિ + ગુજરાતી ભાષાંતર |
| આવશ્યક નિર્યુક્તિ | (હારિભદ્રી વૃત્તિ - ગુજરાતી ભાષાંતર સહિત ભાગ ૧ થી ૮) |
| ઉત્તરાધ્યયન સૂત્ર | (શાંતિસૂરિવૃત્તિ - ગુજરાતી ભાષાંતર સહિત અધ્યયન-૧) |
| ઉપદેશમાળા-સિદ્ધર્ષિગણિવૃત્તિ | (૫૪ ગાથા) (ગુજરાતી ભાષાંતર સહિત) |

सिद्धान्तरहस्यबिन्दुः (ઓઘનિર્યુક્તિની વિશિષ્ટ પંક્તિઓનું રહસ્ય ખોલતી નવી ચન્દ્રશેખરીયા સંસ્કૃત વૃત્તિ)

## સંયમ-અધ્યાત્મ-પરિણતિપોષક ગ્રન્થો

સામાચારી પ્રકરણ (ભાગ ૧-૨) ચન્દ્રશેખરીયાવૃત્તિ ગુજરાતી ભાષાંતર સહિત (દસવિધ સામાચારી)
યોગવિંશિકા ચન્દ્રશેખરીયા વૃત્તિ સહિત

## સ્વાધ્યાયીઓ ખાસ વાંચે

સ્વાધ્યાય માર્ગદર્શિકા (સિલેબસ) • શાસ્ત્રાભ્યાસની કળા (શી રીતે ગ્રન્થો ભણવા?' એની પદ્ધતિ)

## મુમુક્ષુઓને-નૂતન દીક્ષિતોને-સંયમીઓને અત્યંત ઉપયોગી પુસ્તકો

• મુનિજીવનની બાળપોથી (ભાગ ૧-૨-૩) • સંવિગ્ન સંયમીઓને નિયમાવલી
• હવે તો માત્ર ને માત્ર સર્વવિરતિ.

ગુરૂમાતા • વંદના • શરણાગતિ • મહાપંથના અજવાળા
વિરાટ જાગે છે ત્યારે • ત્રિભુવનપ્રકાશ મહાવીર દેવ
મહાભિનિષ્ક્રમણ • ઉંડા અંધારેથી • વિરાગની મસ્તી
} આ નવેક પુસ્તકો ને પ્રત્યેક આત્માર્થીએ અવશ્ય વાંચવા જેવા છે.

* ધન તે મુનિવરા રે...(દસવિધ શ્રમણધર્મ પર ૧૦૮ કડી + વિસ્તૃત વિવેચન)
* વિશ્વની આધ્યાત્મિક અજાયબી (ભાગ ૧-૨-૩-૪)...(૪૫૦ આસપાસ શ્રેષ્ઠ પ્રસંગો)
* અષ્ટપ્રવચન માતા... (આઠ માતા ઉપર વિસ્તૃત વિવેચન)
* મહાવ્રતો...(પાંચ મહાવ્રતો ઉપર વિસ્તૃત વિવેચન) * જૈનશાસ્ત્રોના ચૂંટેલા શ્લોકો ભાગ ૧-૨ (અર્થસહિત)
* આત્મસંપ્રેક્ષણ... (આત્માના દોષો કેવી રીતે જોવા ? પકડવા ? એનું વિરાટ વર્ણન)
* મુમુક્ષુઓને માર્ગદર્શન... (દીક્ષા લેવામાં નડરતભૂત બનતા અનેક પ્રશ્નોનું સમાધાન)
* ૩૫૦ ગાથાનું સ્તવન (ભાગ ૧-૨-૩)... પાચ ઢાળ ઉપર વિસ્તૃત વિવેચન સહિત
* સુપાત્રદાન વિવેક (શ્રાવિકાઓને ભેટમાં આપવા-સાચી સમજ આપવા મંગાવી શકશો)
* આત્મકથા (વિરતિદૂતની ૧૧ આત્મકથાઓનો સંગ્રહ) * દસવૈકાલિકચૂલિકાનું વિવેચન
* શલ્યોદ્ધાર (આલોચના કરવા માટે ઉપયોગી સૂક્ષ્મતમ અતિચાર સ્થાનોનો સંગ્રહ)

**વિરતિદૂત માસિક** ૧ થી ૧૨૦ અંકનો આખો સેટ જેને પણ જોઈએ, તે મેળવી શકે છે.

# ભણવા માટેના પુસ્તકો


આરાધક વિરાધક
ચતુર્ભંગી
યુગપ્રધાન આચાર્યસમ પૂ.પં. ચંદ્રશેખરવિજયજી મ.સા.


ધર્મ પરીક્ષા


कूपदृष्टान्तविशदीकरणम्


શ્રી ધર્મદાસગણિ વિરચિતા
ઉપદેશમાળા


શાસ્ત્રાભ્યાસની કળા


સિદ્ધાંત રહસ્ય બિંદુ


શ્રી ઉત્તરાધ્યયનસૂત્રમ્
(અધ્યયન - ૧)

# ભણવા માટેના પુસ્તકો


श्री ओघनिर्युक्तिः
भाग-२


ઓઘનિર્યુક્તિ
સારોદ્ધાર
ભાગ-૧


ન્યાયસિદ્ધાન્તમુક્તાવલી
ભાગ-૨
ગુજરાતી વિવેચન સહિત
વિવેચનકાર
પં. ચન્દ્રશેખરવિજયજી મ. સાહેબ


મહામહોપાધ્યાય યશોવિજયજી વિરચિત
સામાચારી પ્રકરણ (ભાગ-૨)
સંયમરથ


|| नमोऽस्तु तस्मै जिनशासनाय ||
श्रुतकेवलीश्रीशय्यंभवसूरिकृतं
श्रीभद्रबाहुस्वामिकृतनिर्युक्तियुतं
श्रीहरिभद्रसूरिकृतवृत्तियुतं
श्री दशवैकालिक सूत्रम्
ગુર્જરભાષાન્તરસહિતમ્
(ભાગ-૧)
પ્રેરક : પૂ.પં.શ્રી ચન્દ્રશેખરવિજયજી મ.
: પ્રકાશક :
(શ્રી શ્રમણપ્રધાન જૈન સંઘ)
કમલ પ્રકાશન ટ્રસ્ટ


योगविंशिका

# વાંચવા માટેના પુસ્તકો


ગુરુત્વમ્ પ્રણિદ્ધમહે
યુગપ્રધાન આચાર્યસમ પૂ.પં.શ્રી ચંદ્રશેખરવિજયજી મ.સા.


સાધુ-સાધ્વીજીઓની
આવી અજોડ
ભક્તિ
શું તમે કરી
છે ?
યુગપ્રધાન આચાર્યસમ પૂ.પં.ચંદ્રશેખરવિજયજી મ.સા.


ઉવવૂહ
યુગપ્રધાન આચાર્યસમ પૂ.પં.શ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સા.


...ધન
ધન્નો
અણગાર રે...


થિરીકરણે
એક
સુંદર
મજાની
HOSPITAL
CARE
એટલે જ...
થિરીકરણે
O.P.D
પવિત્ર ભાવના
Please ! Listen Me
Please ! Help Me
કુપથ્ય ત્યાગ
સુપથ્ય સેવન
Sugar Coated Tablet
ઇન્જેક્શન
OPERATION
DEAD BODY
મડદું જીવતું થાય છે ખરું
સરદાર વલ્લભભાઈ પટેલ
अब तुम्हारे हवाले वतन साथीयों
યુગપ્રધાન આચાર્યસમ પૂ.પં.ચંદ્રશેખરવિજયજી મ.સા.


યશોદા
યુગપ્રધાન આચાર્યસમ પૂ.પં.શ્રી ચંદ્રશેખરવિજયજી મ.સા.


મને
વેષ
શ્રમણનો
મળજો રે...
યુગપ્રધાન આચાર્યસમ પૂ.પં.શ્રી ચંદ્રશેખરવિજયજી મ.સા.


MIRACLE
OF
AURA
CIRCLE
યુગપ્રધાન આચાર્યસમ પૂ.પં.ચંદ્રશેખરવિજયજી મ.સા.


આત્મકથા
યુગપ્રધાન આચાર્યસમ પૂ.પં.શ્રી ચંદ્રશેખરવિજયજી મ.સા.

# વાંચવા માટેની પુસ્તકો


અષ્ટ પ્રવચન માતા
પ્રેરક
પં. ચન્દ્રશેખરવિજયજી


ભાગ-૨
અર્થ સહિત
પં. ચન્દ્રશેખરવિજયજી


મહાવ્રતો




આત્મ-સંપ્રેક્ષણ


મુનિજીવનની બાળપોથી


શ્રમણ આલોચના સ્થાન સંગ્રહ એટલે જ
શલ્યોદ્ધાર
યુગપ્રધાન આચાર્યસમ પંન્યાસ પ્રવર
શ્રી ચંદ્રશેખરવિજયજી મ.સા.


સ્તવન


મા
એટલે
મા
એટલે
મા
યુગપ્રધાન આચાર્યસમ પૂ.પં.શ્રી ચંદ્રશેખરવિજયજી મ.સા.


સંવિગ્ન સંયમીઓની નિયમાવલિ
પં. ચન્દ્રશેખરવિજય


ધન તે મુનિવરા

PUBLISHED & POSTED ON 15TH OF EVERY MONTH



કિંમત-રુ.૨

coming soon... PSYCHOLOGY

# विरतिदूत

માસિક

સર્વવિરતિના પંથે ડગ માંડી ચૂકેલા સાધુ સાધ્વીજી ભગવંતોના
વિશુદ્ધ સંયમધર્મને ઉત્તરોત્તર વિશિષ્ટ શુદ્ધિ તરફ દોરી જતું માસિક

coming soon... वच्छल्ल



સંવત-૨૦૭૧
અંક-૧૩૫ વર્ષ-૧૧ માસ-ઓગસ્ટ

પ્રેરક-યુગપ્રધાન આચાર્યસમ પૂ.પં.ચંદ્રશેખરવિજયજી મ.સા.

## धर्म परीक्षा भाग-२

જૂના જમાનામાં બે વિરોધી પક્ષો વચ્ચે પોત-પોતાની માન્યતાને સાચી પાડવા માટે વાદ થતા, છેલ્લે તત્ત્વનો નિર્ણય થતો અને તત્ત્વજિજ્ઞાસુઓ સાચું તત્ત્વ પામતા.

એ વાદ કેવો થતો હશે ?

એક બીજા સામે કેવા તર્કો-શાસ્ત્રપાઠો રજૂ કરવામાં આવતા હશે ?

એ આ ભાગ-૨ માં બરાબર જોવા-જાણવા મળશે. સૌ ખૂબ ધ્યાનપૂર્વક અભ્યાસ કરજો.